Samaj Foundation Chen

કાળજાનો ઘા

ain. Gurukul Kangri C

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 684 ५८
पञ्जिका संख्या २८८२२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

२५८२२

68 ग
५८

CH... 1973
Initi... ......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળજાનો ઘા

લેખક

ચુનીલાલ વર્ધમાન શાહ

ગાંડીવ સાહિત્ય મંદિર

હવાડિયા ચકલા — પ્રિન્સેસ સ્ટ્રીટ

સુરત — મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
ગાંડીવ સાહિત્ય મંદિર વતી
વનરાજ ન. માલવી
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨

આવૃત્તિ પહેલી
મૂલ્ય · રૂા. ૩ા

•

વિ. સં. ૨૦૧૧
ઈ. સ. ૧૯૫૫

અમદાવાદ
ધી 'ડાયમંડ જ્યુબિલી'
પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ
સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસ્તાવિક

'કાળજાનો ઘા' એ સાંસારિક વસ્તુને વણી લેતી નવલકથા છે, અને વિશેષાંશે તે મનોવિજ્ઞાનને સ્પર્શ કરતી વહે છે. 'ગુજરાત સમાચાર–પ્રજાબંધુ'માં તે સાપ્તાહિક હપ્તાઓમાં પ્રકાશ પામી હતી, પરન્તુ લખાઈ હતી ત્રણ સપ્તાહના સમયમાં જ. લખાઈને પૂરી થતાં તે પ્રકાશન માટે અપાઈ હતી. પુસ્તક રૂપે પ્રકાશન કરતાં તેમાં સ્વલ્પ સુધારો કર્યો છે.

ચાળીસેક વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રમાં બનેલી એક ઘટનાનું નિકટમાંથી કરેલું દર્શન, નથેનિયલ હોથોર્નની કથા 'સ્કાર્લેટ લેટર'માં ગૂંથાયેલા 'થીમ'–કેંદ્રીય ઘટકે જગાડેલો રસ અને સ્ટીફન ઝ્વીગની કથા 'એમોક'ની શૈલીએ કરેલું ચિત્તાકર્ષણ: એ ત્રણેએ પ્રેરેલા સમન્વયે 'કાળજાનો ઘા' ને જન્મ આપ્યો છે.

ગિરધરનગર, શાહીબાગ
અમદાવાદ
તા. ૧–૩–૫૫

ચુનીલાલ વ. શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિ

૧	મારો સહપ્રવાસી	પૃષ્ઠ ૩
૨	પાપકૃત્ય...	,, ૧૪
૩	ટ્રસ્ટીઓની સભા...	,, ૨૩
૪	સજા	,, ૩૭
૫	પરિવ્રાજક	,, ૪૮
૬	યમુનાને તીરે	,, ૫૯
૭	પરિવ્રાજકનો ઔષધોપચાર...	,, ૬૯
૮	વાદ્ય-વાદન	,, ૭૮
૯	રોગના નિદાનની શોધમાં	,, ૯૩
૧૦	સ્વામીજીનો રોષ	,, ૧૧૨
૧૧	મનઃસંતાપ	,, ૧૧૯
૧૨	એકાદશીની રાત્રે...	,, ૧૨૯
૧૩	સ્વકીયતા-ભાવ	,, ૧૪૨
૧૪	હેમપ્રભા અને ચારુદત્ત	,, ૧૫૧
૧૫	શક્તિ-સંચાર	,, ૧૫૯
૧૬	સહપ્રવાસીની કથાની પૂર્ણાહુતિ	,, ૧૭૮
૧૭	એ ભયંકર બનાવ !	,, ૧૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળજાનો ઘા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧] . . . . મારો સહપ્રવાસી

એ ૧૯૧૯ ની સાલની વાર્ષાઋતુ હતી. રાતના બે વાગતાં વડોદરાથી અમદાવાદ જવા ઊપડેલી ટ્રેનમાં વડોદરા અને આણુંદની વચ્ચે સેકન્ડ ક્લાસના ડબામાં એક વિલક્ષણ તથા ભયંકર બનાવ બની ગયો હતો, જેની ટૂંકી વિગત બીજા અને ત્રીજા દિવસનાં દૈનિક વર્તમાનપત્રોમાં પ્રકટ થઇ હતી. બનાવ બન્યો હતો ખરો, પરંતુ વિગત તદ્દન ખોટી હતી. વર્તમાનપત્રના ખબરપત્રીને એ વિગત કદાચ પોલિસ તરફથી મળી હશે, અથવા તો ખબરપત્રીએ લાગતા–વળગતાઓને પૂછીગાછીને વિગત મેળવી હશે; પરન્તુ હકીકત તો તેથી જુદી જ હતી. સાચી હકીકત હું જાણતો હતો, પણ તે કોઈને કહેવાની મને જરૂર લાગી નહોતી. એક રીતે કહું તો એ બનાવ કેટલેક અંશે મને પણ સ્પર્શતો હતો, અને હું બેબાકળો બની ગયો હતો; છતાં મને છાંટા ઊડશે એવી કોઈ ભીતિ નહોતી. અંતરમાં જાગેલી એક વિશિષ્ટ લાગણીએ મારા હોઠને સીવી લીધા હતા. હવે હોઠ ઉઘાડું અને બધી વાતનો ખુલાસો કરું તો વાંધો નથી, એમ આજે પાંત્રીસ વર્ષ પછી લાગે છે.

એક મેઘલી રાત્રે હું દિલ્હીથી અમદાવાદ આવવા માટે ગાડીમાં બેઠો હતો. અંધારું ગાઢ થયું અને જોસબંધ વરસાદ શરૂ થયો. એવા વરસાદમાં મુસાફરી કરવાની જરૂરીઆતવાળા મારા જેવા થોડા જ હોય, એટલે દિલ્હીથી ગાડી ઊપડી ત્યારે ચાર ઉતારુઓના એ સેકંડ ક્લાસ કોમ્પાર્ટમેન્ટમાં હું એકલો જ પ્રવાસી હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાચની બધી બારીઓ બંધ કરીને તેની આરપાર હું વરસાદનું તાંડવ જોવા મથતો હતો; પણ વિજળીના ચમકારા થતા ત્યારે જ એની ભીષણતાનો આંખોને કાંઈક ખ્યાલ આવતો હતો. વરસાદની મૂશળધારાઓના પછડાટાથી ગાજતા ટ્રેનના ડબ્બાઓનો ઘોર અવાજ કાનને ભેદી નાંખતો હતો. વરસાદ સખ્ત હોવાથી ટ્રેન ચાલુ વ્હીસલ બજાવતી આગળ વધતી હતી.

પણ વરસાદના મારાથી ચાલી રહેલા ધમધમાટની પાસે એ વ્હીસલ જાણે કોઈ ઊંડી ગુફામાં વાગતી હોય તેવી કાનને લાગતી હતી. વરસાદની સાથે પવન પણ જોસથી ફુંકાતો હતો અને ગાડીની સલામતી માટે ગાડીને ધીમી ગતિએ ચલાવવાની ડ્રાઈવરને જરૂર લાગતી હતી. પોણા કલાક પછી એક સ્ટેશન આવ્યું, પણ છૂટાછવાયા પાંચ-સાત ઉતારુઓ જ મારી દૃષ્ટિએ પડ્યા. મારો સહપ્રવાસી થવા એકાદ ઉતારુ આવી ચડે તો ઠીક એમ મને લાગતું હતું. એવામાં એક જણ મારા ડબ્બાના ખુલ્લા બારણામાં આવી ચડ્યો, પણ તુરત જ તે પાછો ઊતરી ગયો. ત્રીજા વર્ગનો કોઈ ઉતારુ હશે, તે ભૂલથી બીજા વર્ગમાં ચડી આવ્યો હશે એવું મેં અનુમાન કર્યું. કંટાળાભરી એકલવાઇ મુસાફરી જ લલાટે લખાઈ હશે એમ મનને સમજાવીને મેં ઊઠી બારણું બંધ કર્યું અને ગાડી ઊપડી.

વરસાદનું જોર વધતું જતું હતું. દિલ્હી પ્રદેશની ત્રણે ઋતુઓ-શિયાળો, ઉનાળો અને ચોમાસું આકરાં જ હોય છે એવું હું જાણતો હતો, પરંતુ કલાકો સુધી આવો જોરદાર વરસાદ ચાલુ રહેશે તો કદાચ મારે મુસાફરીમાં અધવચ અટકી પડવાનો વખત આવશે, એવી હવે મને ચિંતા થવા લાગી. સ્ટેશન આવતું, ગાડી થોભતી અને જ્યાંસુધી તે ઊપડતી નહિ ત્યાંસુધી મારું મન ઉચાટમાં રહ્યા કરતું. હરેક ક્ષણે "અહીંથી હવે ગાડી આગળ વધી શકે તેમ નથી" એવા ગાર્ડ તરફના અમંગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાચારના ભણકારા મને સંભળાયા કરતા હતા. રેલવેના પાટા પર પાણી ફરી વળે, નદી–નાળાં ઊભરાઇ જાય, પૂલો જોખમભરી સ્થિતિમાં આવી પડે, તેવે સમયે ટ્રેનને આગળ ચલાવવાનું જોખમ માથે લેવાનું ગાર્ડ–ડ્રાઈવર પસંદ કરતા નથી. એવી મુશ્કેલ મુસાફરી કરવાનું જોખમ માથે લેનારા ઉતારુની જરૂરીઆતો અનેરી હોય ત્યારે જ તેઓ આવે વખતે ગાડીમાં ચડે છે. રેલવે અમલદારો તે જાણતા હોય છે, અને ટ્રેનને વિલંબમાં મૂકવા ઇચ્છતા હોતા નથી, પરન્તુ તેઓ પરિસ્થિતિ આગળ લાચાર બને છે ત્યારે જ કોઈ સ્ટેશન પર ગાડી થોભાવી દે છે, સવાર પડવા દે છે, રસ્તો સલામત છે કે નહિ તેની ખાતરી કરે છે, અને પછી ગાડીને આગળ ચલાવવી કે નહિ તેનો નિર્ણય કરે છે.

એક સ્ટેશન પર ગાડી થોભી ત્યારે સહેજ મેં ગાર્ડને પૂછ્યું : "એ મિસ્તર ગાર્ડ ! મુસાફરી અધવચ કાપી નાંખવાની ફરજ તો તમે અમને નહિ પાડોને ?"

ગાર્ડે વિનયથી જવાબ આપ્યો : "અમારું ચાલશે ત્યાંસુધી તો અમે આપને આગળ ખેંચી જઇશું; પણ વધુ ચોક્કસ જવાબ તો હું આપને હવે પછીના સ્ટેશન પર પહોંચીને આપી શકીશ."

"થેંક યુ !" કહીને હું પાછો મારી બેઠક પર આવી બેઠો અને ગાડી આગળ ચાલી.

પછીનું સ્ટેશન આવતાં સુધીમાં વરસાદ સહેજ નરમ પડતો લાગ્યો ખરો પરન્તુ આકાશ ભણી નજર કરતાં તે તત્કાળ બંધ થવા પામે એવી તો આશા નહોતી જ. ત્રીસેક મિનિટ થઈ હશે, એટલામાં મથુરાનું સ્ટેશન આવ્યું. વરસાદમાં નાહી રહેલી બત્તીઓમાંથી ઝાંખો પ્રકાશ સ્ટેશનને અજવાળતો હતો. છૂટા-છવાયા ઊભેલા થોડા માણસો નજરે પડતા હતા. ઉતારુઓ કયા હશે તેની ખબર સહેલાઇથી પડે તેમ નહોતું. ગાડી નિરાંતે થોભી હોય તેમ લાગ્યું અને મને ભય પણ લાગ્યો કે કાં તો અહીં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાર પડશે. એટલામાં લાંબો વરસાદી કોટ પહેરેલો ઉતારુ એક હાથમાં નાની બેગ અને બીજા હાથમાં પાણીથી દડદડતી છત્રી લઈને મારા ડબ્બામાં આવ્યો. મેં તેને પૂછ્યું: "શું ગાડી આગળ વધવાની છે?"

"યેસ!" એમ ધીરેથી બોલીને તે બેગને બેઠક પર મૂકી, સામેનો દરવાજો ખોલી, બહાર આકાશ ભણી જોતો ઊભો, જાણે વરસાદ ક્યાંસુધી વરસશે તેની ચિંતા મારી પેઠે તેને પણ થઈ રહી હોય.

એટલામાં સીસોટી બજાવતો ગાર્ડ બાજુએથી પસાર થયો તેને મેં પૂછીને ખાતરી કરી. ગાડી આગળ વધી શકે તેમ હતું એવી બાતમી ગાર્ડે સ્ટેશન પરથી મેળવી હતી અને ગાડીને થોડી ધીમી ગતિએ ચલાવવા સિવાય સલામતી માટેની બીજી કોઈ કાળજી રાખવાની જરૂર નહોતી એમ તેણે મને કહ્યું. મેં કાંઈક સંતોષનો ઉચ્છ્વાસ લીધો. માર્ગમાં રોકાઈ રહેવું પડશે નહિ અને વળી ડબ્બામાંની મારી એકલતાનું નિવારણ કરનાર સહપ્રવાસી પણ હવે મને સાંપડ્યો હતો, એટલે મારો સંતોષ બેવડો હતો. હું નિરાંતે મારી બેઠક પર આડો પડ્યો.

પેલો પ્રવાસી કેટલીય વાર સુધી ત્યાં દરવાજામાં જ ઊભો રહ્યો અને ગાડી ચાલવા લાગી એટલે બેઠક પર આવીને બેઠો. વરસાદથી બચવાને તેણે જેમ પગ સુધીનો કોટ પહેર્યો હતો તેમ માથે મોઢે મફલર વીંટાળ્યું હતું અને આંખે ગોગલ્સ પહેર્યાં હતા. તેની ઉંમર ચાલીસેક વર્ષની જણાઈ આવતી હતી. ઊજળી ચામડીનો અને ઘાટીલા બાંધાનો તે કોઈ ભણેલો–ગણેલો સજ્જન હશે એમ પણ અટકળી શકાતું હતું. વધુ પરિચય તો તેની સાથેની વાતચીતથી થશે અને આ કંટાળાભરેલી મુસાફરી પણ વાતચીતથી જ કાંઈક સહ્ય બનશે એમ ધારીને મેં તેની સાથે મને આવડી તેવી હિંદીમાં વાતચીતનો પ્રારંભ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"છેલ્લા બે-અઢી કલાકમાં કાંઈ નહિ તો દસ-બાર ઇંચ વરસાદ પડી ગયો હશે, નહિ વારુ ?"

તેણે શુદ્ધ હિંદીમાં જવાબ આપ્યો : "જી હાઁ!"

"આવા સખ્ત વરસાદમાં મુસાફરી પણ કોણ કરે ? હું ધારું છું કે મથુરાને સ્ટેશનેથી તમારા સિવાય બીજું કોઈ ગાડીમાં બેઠું નહિ હોય."

તે હિંદીમાં બોલ્યો: "બીજા એકાદ-બે, વધુ નહિ."

"આપ મથુરાથી જ આવો છો ?"

"જી હાઁ."

"વૃંદાવન સુધીનો રસ્તો પાકો છે ?"

"થોડો-થોડો."

"મોટર સર્વિસ ચાલે છે ?"

"ના જી!"

એટલી વાતચીત થઈ ત્યાં તો તેણે બૅગ બેઠકના ખૂણા પર મૂકી, પગમાંના બૂટ કાઢી નાંખી, આંખો પરના ગોગલ્સ ઉતારી બેઠક પર સૂઈને ઊંઘવાની તૈયારી કરી, એટલે મારે વાતચીત બંધ કરવી પડી. ચહેરા પરથી મને લાગ્યું કે તે કોઇ કેળવાએલો સંસ્કારી પુરુષ હોવો જોઇએ: પછી તે વકીલ હોય, શિક્ષક હોય, અધ્યાપક હોય, પત્રકાર હોય કે જાહેર કાર્યકર હોય. રાત ટૂંકી કરવાને વાતો કરવા માટે તે મારા ઉપયોગનો સહપ્રવાસી થઇ પડે તેમ લાગતું નહોતું, એટલે મેં પણ બેઠક પર આડા પડીને ઊંઘ લેવાનો યત્ન કરવા માંડ્યો.

ચાલતી ગાડીમાં અને વિષમ હવામાં ઊંઘ પણ કેવીક આવે! હું તંદ્રામાં પડી રહેતો તેથી જરા આરામ મળતો હતો. અર્ધ-જાગ્રત દશામાં પડ્યા રહેવાથી કંટાળીને હું રાતમાં પાંચ-સાત વાર તો જરૂર ઊઠ્યો હતો, પણ એકે વાર એ પ્રવાસી ઊઠ્યો નહોતો અને તે ઊંઘણસી હોય એમ પણ મને લાગતું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ મારી પેઠે તેણે પણ તંદ્રામાં જ પડી રહીને રાત વિતાવી હશે એમ મને લાગ્યું.

મધરાત પછી વરસાદ બંધ થયો હતો, પરન્તુ હવા શરદીવાળી હતી. કોઈક નાના સ્ટેશન પર સવાર પડ્યું એટલે મેં મોઢું-માથું સાફ કરી ચાહ મંગાવવાનો વિચાર કર્યો. સહપ્રવાસી ભાઈ પણ ચાહ પીવામાં સાથે હોય તો ઠીક, એવી આશાથી મેં થોડી વાર તેના ઊઠવાની રાહ જોઈ, પણ તે એકધારી રીતે સૂતેલો જ રહ્યો, એટલે તે પછીના બીજા એક ઠીકઠીક મોટા સ્ટેશન પર ઊતરીને હું ચાહ-નાસ્તા માટે રેસ્ટોરાંમાં જઈ બેઠો. વરસાદથી કંટાળેલા અને પૂરા બાર કલાક ગાડીની કેદમાં જ ગોંધાઈ રહેલા જે થોડા ઉતારુઓ ટ્રેનમાં હતા તેઓ પણ વરસાદ વિનાના સવારને ખુશનુમા માની લઇને આમતેમ ફરવા તો કોઈ ચાહ-નાસ્તા માટેની તજવીજ કરવા લાગ્યા. દિલ્હીની આસપાસ પડેલા વરસાદ કરતાં આ પ્રદેશમાં ઓછો વરસાદ પડ્યો હતો, એમ પણ મને આસપાસ દૃષ્ટિ કરતાં માલૂમ પડી આવ્યું.

ચાહ-નાસ્તાથી પરવારીને હું ડબ્બામાં પાછો ફર્યો ત્યારે મને જરા આશ્ચર્ય થયું. ડબ્બામાંની મારી ગેરહાજરીમાં પેલા મારા સહપ્રવાસીએ પોતાનો કોટ ઉતારીને ખૂંટીએ ભેરવ્યો હતો. મોઢું-માથું સાફ કરી, માથા પરનું મફલર ફરી વીંટાળી, કાંઈક સ્વસ્થતાથી તે પાછો સૂઈ ગયો હતો. તે થોડો ઘણો બિમાર હશે એવું અનુમાન જ સ્વાભાવિક હતું. રીતભાત ઉપરથી તે કાંઇ હળતા મળતા સ્વભાવનો માણસ ન લાગ્યો, એટલે તેનો સથવારો મને નિરુપયોગી જ લાગ્યો. દિલ્હીમાંથી ખરીદેલું એક અંગ્રેજી માસિક પત્ર બૅગમાંથી કાઢી તે વાંચવામાં હું સમય ગાળવા લાગ્યો.

આઠ-નવ-દસ વાગ્યા અને વાદળ ખૂલી ગયું. તડકો નીકળ્યો, હુંફાળી હવા આવવા લાગી, ત્યારે તે સૂતેલો ઊઠ્યો અને આળસ મરડી બગાસું ખાઈ સ્વસ્થ થયો. પછીને સ્ટેશને તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધ મંગાવીને પીધું અને કાંઇક નિરાંતે તે મારી સામેની બેઠક પર બેઠો. મારી બૅગ પરનું મારું નામ વાંચીને તે મુખ પર આશ્ચર્ય-ભાવ પ્રકટાવતો બોલ્યો, ગુજરાતીમાં બોલ્યો: "ઓ હો! આપ તો ગુજરાતમાં સારી પેઠે જાણીતા વિદ્વાન છો. મેં આપનું નામ ઘણે સ્થળે સાંભળ્યું છે, વાંચ્યું પણ છે."

"થેંક યુ!"

"આપને મળીને મને આનંદ થયો. મારી તબિયત જરા નરમ છે, એટલે હું આખી રાત સૂઈ રહ્યો છું. શરદી મને બહુ પજવે છે, એટલે એકે અંગ આવી ઋતુમાં ખુલ્લું રાખવાની કે થોડો ય ઉજાગરો કરવાની હિંમત કરી શકતો નથી. આ ભેજ-વાળી હવામાં આખી રાત હું બેચેન રહ્યો છું."

"મને પણ એમ જ લાગતું હતું."

"આપ કાંઇ કામે દિલ્હી ગએલા?"

"જી હા, અને આપ?"

"હું મથુરાથી આવું છું, કાઠિયાવાડમાં જવું છે."

"યાત્રાર્થે ગયા હશો."

"કાંઇક એવું ખરું, ખાસ કરીને તો નહિ." એમ બોલી તેણે વાત ટૂંકેથી પતાવી.

થોડી મિનિટ બેસીને ફરી પાછો તે સૂઇ ગયો. અર્ધો કલાક રહીને તે પાછો બેઠો થયો અને જાણે ઊંડા વિચારમાં ગુમ બની ગયો હોય તેમ આંખો મીંચી દીધી.

બપોર થતાં મેં નાસ્તો મંગાવ્યો. મેં તેને નાસ્તો કરવા આમંત્રણ આપ્યું પણ તેણે વિનયભર્યું સ્મિત કરીને તેનો અસ્વીકાર કર્યો. તેણે કશું ભોજન મંગાવ્યું નહિ કે કશું ખાધું નહિ. મને લાગ્યું કે માણસ તનનો બિમાર નથી, પણ મનનો અસ્વસ્થ છે. બેઠક પર તંદ્રામાં બેસી કે સૂઇ રહેતાં વખતોવખત તે ઝબકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો હતો. કાન-માથું બાંધી રાખવા છતાં તેને શરદી થઇ હોવાનું કોઇ જ ચિહ્ન મેં જોયું નહોતું.

સાંજના ચારેક વાગ્યા ત્યારે તેને આંખો ખોલીને બેઠક પર બેઠેલો મેં જોયો, એટલે મારાથી બોલ્યા વિના રહી શકાયું નહિ : "તમે તો જબરા માણસ લાગો છો, સાહેબ ! આખા દિવસમાં એક દૂધના પ્યાલા સિવાય આપે બીજું કશું લીધું નથી, જાણે જૈનોના તપસ્વી સાધુ !"

મારી ટીકા સાંભળીને તે હસશે એમ મેં ધાર્યું, પણ તે હસવાને બદલે ઊલટો વધુ ગંભીર બન્યો હોય એમ મેં જોયું. એ ગંભીરતામાં રોષ નહોતો પણ દિલનો ઊકળાટ તો હતો જ.

મારી ટકોરનો જવાબ તો તેણે મૂગી ઉદાસીનતાથી જ વાળ્યો, પણ પછી તેણે પોતાની મેળે જ કહ્યું : "ખાવું કે પીવું ન ભાવે એવી મારા મનની સ્થિતિ બની ગઇ છે. એક સ્વજન સંબંધી વિલક્ષણ બનાવની મારા મન ઉપર ખૂબ અસર થઇ છે, એટલે ખાવું-પીવું તો શું, પણ કોઈની સાથે બોલવું-ચાલવું ય ગમતું નથી. આપની સાથેના વર્તનમાં મારો કાંઈ અવિનય દેખાતો હોય તો આ કારણથી મને માફ કરજો !"

"એમાં માફ કરવાનું શું ? આપે કશો અવિનય કર્યો નથી. આપના સથવારાથી વાતચીતનો આનંદ મેળવવાની મેં આશા રાખેલી, પણ અસ્વસ્થ માણસ તરફથી એવી આશા પાર ન પડે તેમાં અસ્વાભાવિક કશું નથી."

"ખરેખર, આપ ઉદાર અને સજ્જન પુરુષ લાગો છો. પણ કેમ ન હો ? આપની વિદ્વત્તાથી હું કિંચિત્ તો માહિતગાર છું. માત્ર આપનો સાક્ષાત્ પરિચય જ પહેલી વાર થાય છે. બહુ જ દુ:ખી હૃદયે મેં મથુરા છોડ્યું છે; પ્રભુ જાણે એ આઘાત ક્યારે શમશે ! દેહ તો ભોજનનું ભાતું વહેલું મોડું માંગ્યા વિના રહેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, પણ આજે જ નહિ, છેલ્લા બે ત્રણ દિવસથી હું સ્વલ્પ જ ભોજન લઇ શકું છું."

"તો પછી તમે ભૂખની સાથે ઊંઘ પણ ગુમાવી છે, એમ હું ધારું છું."

તેણે ચમકીને મારી સામે જોયું; પછી મંદ સ્મિત કરીને તે બોલ્યો : "તમે એ જાણી ગયા હશો. હું આખી રાત સૂઇ રહ્યો છું, પણ બિલકુલ ઊંઘ્યો નથી."

"તો પછી તમે કોઈ અજબ અનુભવમાંથી પસાર થયા હશો." મેં સ્વાભાવિક અનુમાન કર્યું.

"અજબ નહિ, પણ તે સાથે દુઃખદાયક, અત્યંત દુઃખદાયક : એટલો દુઃખદાયક કે કોઇને તે કહીને સ્વલ્પ સહાનુભૂતિ પ્રાપ્ત કરવાની પણ ઇચ્છા થાય નહિ."

"હા, કેટલાંક કષ્ટસંવેદનો તમે કહો છો તેવાં તીવ્ર હોય છે ખરાં. હું પણ જીવનમાં કેટલાંક એવાં સંવેદનો કરી ચૂકયો છું. પરાઇ સહાનુભૂતિ એના વ્રણનો દાહ ઓછો કરે છે, પણ તેથી વ્રણ રુઝાતો નથી."

"એ તમે ખરું કહ્યું, છતાં કેટલીક મનોયાતનાઓ એવા પ્રકારની હોય છે કે વ્રણના દાહ ઉપર આશ્વાસન કે સહાનુભૂતિનો શીતળ છંટકાવ ન થાય તો માણસ કદાચ દીવાનો બની જાય. મારા એક સ્વજન સમા સ્નેહીનો બનાવ એવો જ બની ગયો છે અને તેની પ્રત્યેના મમતાભાવને કારણે હું બેજાર–બેચેન બની ગયો છું. મથુરામાં તો એ વાત મારાથી કોઇને કહી શકાય તેમ નહોતું, એટલે હૃદયના ભારથી બેચેન બનેલો એવો હું આજે આપને એક વિચિત્ર સહપ્રવાસી લાગ્યો હોઈશ, નહિ વારુ ?"

"પહેલાં મને તમારું વર્તન વિચિત્ર લાગેલું, પણ તમારા દર્દનાં ચિહ્નો મારા મગજમાં જેમ જેમ સ્ફુટ બનતાં ગયાં તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ એ વિચિત્રતાની માન્યતા ઓસરતી ગઈ. તમે આટલું કહ્યું એટલે હવે તમારા વર્તનની સ્વાભાવિકતા મારા ખ્યાલમાં પૂરે-પૂરી આવી ગઇ."

"અહો !" તે મારા શબ્દોથી ઉપકૃત થતો હોય તેવી રીતે બોલ્યો: "આપની સમજદારીને ધન્ય કહ્યા સિવાય હું રહી શકતો નથી. આપની દીર્ઘ દૃષ્ટિ પણ પ્રશંસનીય છે. મને એમ થાય છે કે મથુરામાં બનેલા જે બનાવથી મને આટલું દુઃખ થયું તે હું આપને કહું, જો આપ તેથી કંટાળો નહિ તો."

"તમે મથુરામાં બનેલા બનાવની વાત કરો છો ?" હું વર્તમાનપત્રમાં વાંચેલો એક પ્રસંગ યાદ કરવાને મથતો બોલ્યો: "મેં વાંચ્યું છે, એક સંન્યાસીએ યમુનામાં પડીને......"

"નહિ, નહિ !" તે વચ્ચે બોલી ઊઠ્યો: "આ કાંઈ છાપામાં આવેલી કે આવે તેવી વાત નથી. કદાચ વાત બહુ માણસોની જાણમાં આવે એવો પણ સંભવ નથી. તે એક એવો બનાવ છે કે જે અપ્રકટ રહે તેમાં જ જગતનું ભલું છે."

"તો પછી તે આપ મને ન કહો તે જ શું ઠીક નથી ?"

"તે ઠીક તો છે, પણ પ્રશ્ન એક જ દૃષ્ટિથી જોવા જેવો નથી. જેને સાપેક્ષ દૃષ્ટિ કહે છે તેવી દૃષ્ટિથી તે જોવો જોઈએ. એક દૃષ્ટિએ છાની વાત છાની રહે તેમાં ભલું રહેલું છે, બીજી દૃષ્ટિએ તે પ્રકટ થાય તેમાં પણ ભલું રહેલું હોય છે. સમદર્શી વિદ્વાન કે અનુભવવૃદ્ધ પંડિત વિના સાપેક્ષ દૃષ્ટિના દર્શનની સંભાવના હોતી નથી."

એમ કહીને તે એવી આતુર દૃષ્ટિથી મારી સામે તાકી રહ્યો કે મને તેથી આશ્ચર્ય થયું. એક અજાણ્યા પ્રવાસીની સમક્ષ એક છાનામાં છાની વાત કહેવાને તત્પર થયેલા એ ગૃહસ્થની મારી પ્રત્યેની શ્રદ્ધાભક્તિ કાંઇક અજબ પ્રકારની લાગી. તે મથુરાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટેશને મારા ડબ્બામાં આવ્યો ત્યારની વાતચીત કરવાની તેની વિમનસ્કતા ક્યાં, અને અત્યારે તેનામાં પ્રકટી રહેલું વાતોડિયા-પણું ક્યાં! મને માત્ર નામથી ઓળખતો હોવા છતાં અમારો પ્રત્યક્ષ પરિચય તો કોઈ વાર થયો જ નહોતો; એટલે હું અજાણ્યો જ લેખાઉં, છતાં તે આતુરતાથી પોતાના સ્નેહી જનની–કોઈ સ્ત્રીની કે પુરુષની વાત અને તેથી તેના હૃદયને થએલા આઘાતની વાત મને કહેવા ઈચ્છતો હતો; તો કાંતો તેની મનોવ્યથા અપાર હોવી જોઇએ, અથવા તો મનની લોલ–વિલોલતા તેને બેચેન બનાવી રહી હોવી જોઇએ, એમ મને લાગ્યું. મને એમ પણ લાગ્યું કે એવી વાત કોઈ ઓળખીતાને કહેવા કરતાં તદ્દન અજાણ્યાને કહીને એક પ્રકારનો આત્મસંતોષ મેળવવામાં તેને વધુ શાણપણ સમજાતું હશે, અને તેથી મને વાત કહેવાને તે આતુર બન્યો હશે. સાંત્વન કે સહાનુભૂતિને ઝંખતું માનવહૃદય કોઈ વાર આવી સીમા પર પહોંચી જાય છે તેવા મનોવૈજ્ઞાનિક સત્યની મને ખબર હતી. સહપ્રવાસીના હૃદયની એ આતુરતાએ મારા દિલના તારને અનુકંપાના અંગલિસ્પર્શથી જરા ઝણઝણાવ્યો અને મેં જવાબ આપ્યો: "ભલે, હું તમારી વાત સાંભળીશ, અને તમે પૂછશો તેનો ઉત્તર આપીશ."

તેના વદન પર સંતોષની પ્રભા પ્રકટી......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેણે કહેવા માંડ્યું :

આજથી આઠેક વર્ષ પૂર્વેના સમયથી હું વાતની શરૂઆત કરું છું, પરંતુ તે કાળથી આજસુધીના બધા બનાવોની માહિતી તો મને મથુરામાં ચોવીસ કલાક દરમ્યાન જ પ્રાપ્ત થઈ છે, એટલું હું આપને કહી રાખું છું.

મથુરામાં એક મહાકાળીનું મંદિર છે અને સાથે સેવાશ્રમ પણ છે. મંદિર જૂનું છે, પણ સેવાશ્રમ નવો છે. તેને સ્થપાયે અઢાર–વીસ વર્ષ થયાં હશે. બંગાળના રામકૃષ્ણ મિશન તરફથી મંદિરનું અને આશ્રમનું સંચાલન થાય છે. આગળ તો એ મંદિર એવા દેવી–ઉપાસકોનું યાત્રાધામ હતું કે જેઓ દેવીના યજ્ઞકુંડના અગ્નિને લોહી–માંસથી અને ઘીના ઘડાથી તૃપ્ત કરવામાં જ પોતાનું કલ્યાણ માનતા. અનેક કૂકડા ને ઘેટાં–બકરાં વધેરાતાં, લોકોનાં બાધા-આખડી તેથી છૂટતાં, માંસ બલિના ભોજન આરોગાતાં, અને તેઓ સંકટમુક્ત થયાનો ઉલ્લાસ માણતા ઘેર જતા. મથુરાની મહાકાળીની ધાક મંદિરના પૂજારીઓએ ભક્તોમાં અને ઉપાસકોમાં એવી તો પ્રસારી હતી કે સહેજ–સહેજમાં માનો ક્રોધ ફાટી નીકળ-વાના ભયથી તેઓ થરથરતા. માને ઘીનું ભોજન જ પસંદ હતું. થાળ ધરાવવો હોય તો તેમાં તેલની બનાવેલી કોઈ વસ્તુ ચાલે નહિ. માના મંદિરમાં સેંકડો સ્ત્રીપુરુષો આવે–જાય, પણ કોઈ પુરુષથી સ્ત્રી પર કુદૃષ્ટિ કરાય નહિ અને કરે તો મા તેવા પુરુષને આંધળો ભીંત કરી મૂકે. કોઈ સ્ત્રી મંદિરની આસપાસની ધર્મશાળાઓમાં પરપુરુષ તો શું પણ સ્વપતિની સાથે પણ રમણ કરી શકે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કરે તો મા સ્ત્રીને દીવાની બનાવી દે અને પુરુષને અંધ બનાવી દે. એવી રીતે આંધળા થએલા પુરુષોનાં અને દીવાની બની ગએલી સ્ત્રીઓનાં કેટલાંય નામ પૂજારી કહી સંભળાવતો. યાત્રાના દિવસોમાં ગામ પરગામથી હજારો ભક્તો આવે અને ધર્મશાળાની પરશાળોમાં ઉતારો કરે, પણ કોઈની કાંઈ વસ્તુ ખોવાય-ચોરાય નહિ, તે માના ક્રોધના ફુંફાડાની ભીતિથી જ. બાધા-આખડી છોડવા આવનાર માણસ થાળ કરે, બલિ વધેરે, એ ભલે, પણ પૂજારીને સવા રૂપિયો રોકડો આપ્યા વિના તે મુક્ત થઈ શકે જ નહિ. આવાં બીજાં ય કેટલાંક નિયમો-નિયંત્રણો હતાં અને તેનો ભંગ કરનારા અપરાધી લેખાતાં. ચોરી, જારી કે કપટ કરીને પકડાનારા અપરાધીઓને પૂજારી હેડની સજા કરતો. મંદિરની સામેના ચોગાનમાં ચ તરા ઉપર લાકડાની મોટી હેડ રાખી હતી. હજી પણ તે છે. તે હેડમાં અપરાધીના હાથ-પગ બંધ કરી પૂજારી તેને તાળું મારતો અને અપરાધના પ્રમાણમાં એક, બે કે ત્રણ પહોર સુધી તેને હેડમાં પૂરી રાખી પછી મુક્ત કરતો. આ હેડનો દેખાવ જ જેનારને ભયભીત કરી મૂકતો. એટલે ભૂલે-ચૂકે પણ અપરાધ તરફ ઢળી ન જવાય તેની ભક્તોને સાવધાનતા રાખવી પડતી. હેડમાં પુરાવાથી થતાં અપમાન-અપકીર્તિ એ અપરાધ બદલ માએ આપેલું પ્રાયશ્ચિત્ત મનાતું.

એ બધી જુનવાણી ભક્તિનો પ્રકાર હવે બદલાઈ ગયો છે. તે હવે પહેલાંના ભક્તોનું યાત્રાધામ રહ્યું નથી, છતાં જુદા પ્રકારના મુમુક્ષુઓનું તીર્થધામ બન્યું છે. મંદિરમાં માની પૂજા ઉત્સવ બધું થાય છે, પરંતુ તેનો પ્રકાર અને હેતુ બદલાઈ ગયાં છે. ધર્મશાળાની પરશાળો અને ઓરડાનું પણ બાંધકામના સુધારા-વધારાથી રૂપાંતર કરવામાં આવ્યું છે. એક ભાગમાં સંન્યાસીઓ તથા મુમુક્ષુઓ-બ્રહ્મચારીઓ વસે છે, તથા બીજા ભાગમાં સાધ્વીઓ અને બ્રહ્મચારિણીઓનો આશ્રમ ચલાવવામાં આવે છે. મિશનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચાલકોના યત્નથી તથા મંદિરના જૂના-નવા ટ્રસ્ટીઓનાં દાનથી આ રૂપાંતર સફળ થયું છે. માની ઉપાસના સૌમ્ય સ્વરૂપી, પરમ કલ્યાણકારી, શાન્તિદાયિની, વત્સલ માતા રૂપે જ થવા લાગી છે. આશ્રમમાં તત્ત્વજિજ્ઞાસુઓ આવીને રહે છે, અભ્યાસ કરે છે, ગ્રંથો લખે છે, વિદ્યાર્થીઓ તથા મુમુક્ષુઓ માટે ભગવાન રામકૃષ્ણ તથા સ્વામી વિવેકાનંદના ઉપદેશોનો વર્ગ ચલાવે છે, આમંત્રણ મળતાં અન્યત્ર ઉપદેશ-પ્રચાર કરવા જાય છે, અને પોતે સદા-જાગ્રત મુમુક્ષુની જેમ સતત જ્ઞાનોપાસનામાં રત રહે છે. આશ્રમમાં વસતા અને અતિથિ તરીકે આવી રહેતા બ્રહ્મચારીઓ તથા મુમુક્ષુઓ પણ એવી જ પવિત્ર દિનચર્યા ગાળે તો જ રહી શકે છે. પણ જો તેઓ તેમાં બંધ બેસી શકતા નથી તો ચાલ્યા જાય છે અથવા તેમને રજા આપવામાં આવે છે.

સેવાશ્રમના સંન્યાસીઓના અને સાધ્વીઓના એમ બેઉ વિભાગોના કુલાધ્યક્ષ મિશન તરફથી મૂકવામાં આવે છે. હાલના સ્વામી સાધનાનંદજીને દસેક વર્ષ પૂર્વે કલકત્તાના એક મઠમાંથી મિશને ત્યાં મોકલેલા. સાધ્વીઓના વિભાગની દિનચર્યા બહુધા સંન્યાસીઓના વિભાગ જેવી જ હોય છે; જો કે ત્યાં જ્ઞાનોપાસના પ્રમાણમાં ઓછી થાય છે, પણ આચરણવિશુદ્ધિ સમાન હોય છે. એ વિભાગની દોરવણી આશ્રમના કુલાધ્યક્ષના હાથમાં મૂકવામાં આવી છે. રોજ સવારમાં પુરુષ મુમુક્ષુઓ તથા સાધ્વી-બ્રહ્મચારિણીઓનો સંયુક્ત જ્ઞાનોપાસનાનો વર્ગ ચાલે છે. એકંદરે મંદિરનું અને સેવાશ્રમનું વાતાવરણ પરમ વિશુદ્ધિ માટે આખા મથુરા નગરમાં સુપ્રસિદ્ધ છે. થોડા દિન માટે ત્યાં રહેવા જતા કોઈ અતિથિને તો ખૂબ ખૂબ આનંદ થાય, સંન્યાસીઓના પરિચયમાં રહેવાથી આત્મવિશુદ્ધિની પ્રાપ્તિ અનુભવાય, તેમના પાંડિત્યની સરિતામાં રાતદિવસ જાણે નિમજ્જન કર્યા કરીએ એવો અભિલાષ જાગ્યા કરે, અને ઘરની કે કુટુંબની ગમે તેટલી ચિંતાઓ લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમમાં ગયા હોઇએ પણ ત્યાં તે બધું ય વિસરી જવાય. જાણે સુખસમાધિમાં લીન બની ગયા હોઇએ એવી આત્માને અનુભૂતિ થાય. મંદિર–આશ્રમનું સ્થાન મથુરાનગરથી કાંઈક આઘું છે, એટલે નગરની વસતી સાથે ત્યાં રહેનારાંઓને કાંઈ ખાસ પરિચય રહેતા નથી; તેમ નગરમાંથી આવતા ભક્તો કે માના ઉપાસકો થોડા જ હોય છે, એટલે સ્થાનની એકલતાની સાથે શાન્તિ પણ ખૂબ ખૂબ છવાયેલી રહે છે. આશ્રમમાં વસનારાંઓને પણ નગરના કોલાહલથી મુક્ત એવું એ વસતીસ્થાન ખૂબ ભાવી ગયું છે.

આઠ વર્ષ પૂર્વેની એક રાત્રે સાધ્વીઓના આશ્રમમાં એકાએક કોલાહલ જાગ્યો. હેમપ્રભા નામની એકવીસ–બાવીસ વર્ષની બ્રહ્મચારિણીના પેટમાં સખત દુઃખાવો ઊપડયો હતો, તેના પોકારથી આશ્રમવાસિનીઓ જાગી ગઈ હતી. સ્ત્રીવિભાગની અધિષ્ઠાત્રી વાસંતીદેવીએ ઉપચાર માટે આશ્રમમાંના એક વૈદક જાણતા પરિવ્રાજક અતિથિને બોલાવી તેની પાસે તપાસ કરાવી ત્યારે માલૂમ પડ્યું કે તે ગર્ભવતી હતી અને પ્રસૂતિસમયને બહુ વાર નહોતી! સાધ્વીઓ તથા બ્રહ્મચારિણીઓ એકદમ કોલાહલ કરવા મંડી ગઇ અને 'પાપિણી', 'ભ્રષ્ટા', 'અધમાચારિણી' સિવાય બીજા કોઇ જ શબ્દો સંભળાતા નહિ. વાસંતીદેવી સમયજ્ઞ અને ચતુર હતાં. તેમણે એક હાક મારી બધીઓને શાન્ત પાડી દીધી અને સૂચવ્યું: "કોઇ મ્હોંમાંથી એક પણ શબ્દ બોલશો નહિ. અત્યારે બોલવાનો સમય નથી, કામ કરવાનો સમય છે."

પણ કામ શું કરવાનું છે તેનો કોઈને ખ્યાલ આવ્યો નહિ; એટલે બધી ય સાધ્વીઓ હેમપ્રભાના ખંડની બહારની ઓસરીમાં અંધારે ટોળું વળીને ઊભી અને છાનીછાની વાતો કરવા લાગી. એટલામાં વાસંતીદેવી પરિવ્રાજકને વિદાય કરીને ખંડમાંથી ઊઠી ફાનસ લઈને બહાર આવ્યાં અને બોલ્યાં: "ત્યાં કમલાક્ષી છે કે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, મા! કહો, શી આજ્ઞા છે?" ટોળામાંથી કમલાક્ષી છૂટી પડીને મોખરે આવી બોલી.

વાસંતીદેવી તેને બાજુએ લઇ ગયાં અને તેના હાથમાં ફાનસ આપી ધીરે સ્વરે બોલ્યાં: "કમલાક્ષી! તું જા, અત્યારે જ પૂજારી અયોધ્યાપ્રસાદને બોલાવી લાવ."

મંદિરની નજીક જેવી રીતે આશ્રમના વિભાગો આવી રહેલા હતા, તેવી રીતે પૂજારીનું તેમજ મંદિરના તથા આશ્રમના કર્મચારીઓ ને સેવકોનાં નિવાસસ્થાનો આવેલાં હતાં. કોઇ કોઇનાં કુટુંબો નગરમાં રહેતાં તો પોતે અહીં એકલા રહેતા. અયોધ્યાપ્રસાદને આવતાં બહુ વાર થઇ નહિ. એ આવ્યો અને વાસંતીદેવીએ તેને બધી વાત કહ્યા પછી જયારે સૂચવ્યું: "અત્યારે જ આશ્રમનો એક્કો જોડાવીને તેમાં હેમપ્રભાને બેસાડી નગરમાંના પ્રસૂતિગૃહમાં મૂકી આવો," ત્યારે અયોધ્યાપ્રસાદ વિચારમાં પડી ગયો. "પ્રસાદ! બહુ વખત ગાળવા જેવું નથી; સમય ભરાઈ ગયો છે અને જો મોડું થશે તો કદાચ આશ્રમમાં જ..."

"હું સમજયો, દેવીજી! પણ સ્વામીજીની આજ્ઞા વિના મારાથી એ કામ નહિ બને."

પચાસ વર્ષની વયનો અયોધ્યાપ્રસાદ આવી ગંભીર બાબતમાં પોતાની જવાબદારી સમજતો હતો.

વાસંતીદેવીએ જવાબ આપ્યો: "હું ય તે સમજું છું, પણ રાતનો વખત છે, અત્યારે સ્વામીજી ભરનિદ્રામાં હશે; તેમને ઉઠાડવા અને તેમની આજ્ઞા લઇને જ આ કામ કરવું એ મને ય જરૂરી તો લાગે છે, પણ તેથી મોડું થઇ જશે એવો મને ભય છે અને અત્યારે સ્વામીજી પાસે જાય પણ કોણ?"

"કહો તો હું જઉં"

વાસંતીદેવીનું મન કચવાતું હતું. તેમણે કહ્યું: "પણ આવે વખતે સ્વામીજીને કેમ જગાડાય? આટલી રાત્રે અને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગોમાં મેં બતાવ્યો તે સિવાય બીજો કોઈ માર્ગ છે ખરો ?"

"માર્ગ કેમ નથી વળી ? આપણે એ ઉપાધિમાં પડવા કરતાં અત્યારે જ તેને આશ્રમમાંથી વિદાય કરી દેવી એ શું ખોટું છે ? પછી તેની મરજીમાં આવે ત્યાં જાય !"

"પ્રસાદ ! એવું તે કાંઈ થાય ? એ પાપિણી છે પણ માનવી તો છે ને ? એમ એને રઝળતી ન કરાય. અને હું પૂછું છું કે તેને આશ્રમમાંથી વિદાય કરી દેવી હોય તોપણ તે કાંઈ સ્વામીજીની આજ્ઞા વિના બને ?"

"એ પણ ખરી વાત. એમાં તેમની આજ્ઞા જોઇએ."

"તો હવે તમે વિલંબ ન કરતાં સ્વામીજી પાસે જ જાઓ અને તેને પ્રસૂતિગૃહમાં મૂકવાની આજ્ઞા લઇ આવો. કહેજો કે મારો એવો મત છે."

"વારુ." કહી અયોધ્યાપ્રસાદ ઊપડચો.

સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, અતિથિઓ વગેરેના નિવાસના ખંડની સાથે જોડાએલું નિવાસસ્થાન આશ્રમના કુલાધ્યક્ષનું હતું. આશ્રમનું રૂપાંતર થયું ત્યારે બંધાવેલું એ એક નવું હર્મ્ય હતું જેમાં વ્યાખ્યાનખંડ, પુસ્તકખંડ, કાર્યવ્યવસ્થા અંગેનો ખંડ વગેરે ઉપર નીચે થઇને સાત–આઠ ખંડો હતા. વ્યાખ્યાનખંડમાં મુમુક્ષુઓના અભ્યાસના વર્ગો ચાલતા, રોજ પ્રભાતમાં પ્રવચનો થતાં, કોઇ વિદ્વાન અતિથિ આવે તો તેનાં વ્યાખ્યાનો યોજાતાં અને બીજી જરૂરી નાની મોટી સભાઓ–સમિતિઓ ત્યાં જ ભરવામાં આવતી. સ્વામીજીના નિવાસ, શય્યા વગેરે માટેના ખંડો ઉપરને મજલે હતા. નીચે આવેલા પુસ્તકખંડની બાજુએ સીઢી હતી, પણ સીઢીનો ખંડ બંધ હતો. અયોધ્યાપ્રસાદે સાંકળ ખખડાવી એટલે પેલો પરિવ્રાજક જે હજી અંદર જાગતો હતો તે ઊઠચો અને તેણે અંદરથી પુસ્તકખંડમાંથી આવી સીઢીનું બારણું ઉઘાડચું. તેણે પૂછચું: "કોણ છે ? અત્યારે કોનું કામ છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સ્વામીજીને જગાડવા છે."

"શું કામ પડ્યું છે?"

"વાસંતીદેવીએ સંદેશો મોકલ્યો છે તે તેમને કહેવાનો છે."

પરિવ્રાજક દ્વાર ઉઘાડીને બોલ્યો: "ઓહો, પ્રસાદ! મેં તમને ઓળખ્યા નહિ હોં! સંદેશાની વાત તો હું સમજી ગયો. હું જ એ રંડાને હમણાં જોઈ આવ્યો છું. તો હવે વાસંતીદેવી તેનું શું કરવા ધારે છે?"

"તે જ મારે સ્વામીજીને પૂછવું છે." એમ બોલતો અયોધ્યાપ્રસાદ પ્રશ્નનો ઉત્તર ઉડાવી ઉપર ચડચો.

બારણા પરનો એક જ ટકોરો સ્વામી સાધનાનંદજીને જગાડવા માટે બસ હતો. તે વખતે તે હતા તો માત્ર તેત્રીસ–ચોત્રીસ વર્ષની વયના, પણ તેમની જ્ઞાનોપાસના, યોગસાધના અને તપશ્ચર્યાએ જે સિદ્ધિ મેળવી હતી, તેમણે જે તત્ત્વજ્ઞાનના ગ્રંથો લખ્યા હતા અને જે પરમ વિશુદ્ધિને આત્મસાત્ કરી હતી, તેને યોગે જ તેમને આશ્રમના કુલાધ્યક્ષનું ઊંચું સ્થાન મિશને આપ્યું હતું અને આશ્રમના ટ્રસ્ટીઓએ માન્ય રાખ્યું હતું.

સ્વામીજી જાગ્યા અને શય્યાસનમાંથી ઊઠતાં જ તેમણે પ્રશ્ન કર્યો: "કોણ છે?"

"હું અયોધ્યાપ્રસાદ."

"પ્રસાદ?" ફાનસમાં બળતા ધીમા દીવાને જરા સતેજ કરીને દ્વાર ઉઘાડતાં સ્વામીજીએ પ્રશ્ન કર્યો: "અત્યારે કેમ?"

એટલે ધીરે સ્વરે અયોધ્યાપ્રસાદે સ્વામીજીને વાસંતીદેવીનો સંદેશો કહ્યો.

તે સાંભળતાં જ સ્વામીજીના હૃદય ઉપર એવો તો સખ્ત આઘાત થયો કે તેમના મુખમાંથી ઘોર 'હું'કાર નીકળી પડ્યો અને હૃદય પર હાથ મૂકતાં તે એક લથડિયું ખાઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અયોધ્યાપ્રસાદે તેમને પકડી લીધા અને પીઠ પાછળ હાથ રાખી બે ડગલાં ચલાવી શય્યાસન પર બેસાડ્યા. સ્વામીજીને પરસેવો વળતો જોઈને પાસેના મેજ પરથી એક ચોપાનિયું ઉપાડી તે પવન નાંખવા લાગ્યો.

"ભગવન્! આશ્રમનું આ એક કલંક જ લેખાય, પણ તેથી ગભરાવું શા માટે? એનું દુ:ખ લગાડવાથી જે કાંઈ બન્યું તે ન બન્યું થવાનું છે?"

"હું સમજું છું..." એ ઉદ્ગાર કાઢતાં સ્વામીજી એક ડચકું ખાઇ ગયા. તે વધુ બોલી શકયા નહિ. ગળે ડચૂરો બાઝ્યો.

"દેવીજીનો વિચાર મેં આપને કહ્યો. તે સિવાય બીજું કાંઈ થઈ શકે તેમ છે?"

"એવી બાબતમાં મારી મતિ ચાલતી નથી."

"સાચી વાત. તો પછી દેવીજી કહે છે તેમ જ કરવું ઈષ્ટ છે ને?"

"ઇષ્ટાનિષ્ટતાની મને સમજ પડતી નથી. તમને શું લાગે છે પ્રસાદ?"

"બે જ માર્ગ છે: એક તો આ, અને બીજો તેને અત્યારે જ આશ્રમમાંથી હાંકી કાઢવાનો. દેવીજી ચીંધે છે એ માર્ગમાં માનવતા છે."

"યથાર્થ છે, એમ જ કરો!"

કુલાધ્યક્ષની આજ્ઞા મળી, એટલે પછી વાસંતીદેવીએ કહ્યા પ્રમાણેની વ્યવસ્થા માત્ર પા કલાકમાં જ અયોધ્યાપ્રસાદે કરી નાંખી અને ઘોડાના એક્કામાં હેમપ્રભાને ઉપાડી તે પ્રસૂતિગૃહમાં મૂકી આવ્યો.

પ્રભાત થયું, પણ તેની રમ્યતા આજે આશ્રમમાંથી નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામી ચૂકી હતી. ચોમેર જાણે કાળી છાયા પથરાઈ ગઈ હતી. સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ, સાધ્વીઓ અને બ્રહ્મચારિણીઓ માંહોમાંહે ધીમીધીમી વાતો કરતાં ફરતાં. માની આરતી થઇ, પણ કોઇ આશ્રમવાસીને મંદિરની ઘંટા બજાવવાનો ઉમળકો આવ્યો નહિ. વ્યાખ્યાન-ખંડમાં ભગવાન રામકૃષ્ણના ઉપદેશનું પ્રવચન રોજ સ્વામી સાધનાનંદજી કરતા, પણ આજે તો તે માટે તે નીચે ઊતર્યા જ નહિ અને કહાવ્યું કે બીજા કોઈ પાસે પ્રવચન અથવા તો વાચન કરાવી ચલાવી લેજો. સ્વામી નિખિલાનંદે વાચન કર્યું પણ તેમાં કોઇને રસ પડચો નહિ. વસ્તુતઃ આજે તે સાંભળવામાં કોઇનું ચિત્ત સ્થિર રહે તેમ જ નહોતું. બધા ક્ષુબ્ધ બની ગયા હતા. એટલે પછી પંદર–વીસ મિનિટમાં વાચન પૂરું કરી દેવામાં આવ્યું.

મધ્યાહ્ને વાસંતીદેવીએ સમાચાર સાંભળ્યા કે હેમપ્રભાએ પુત્રીને જન્મ આપ્યો છે. બીજી બાજુએ રસોઇયાએ આવી તેમને ધીમેથી કહ્યું: “સ્વામીજીએ આજે ઉપવાસ કર્યો છે.”

વાસંતીદેવીની આંખો આંસુથી ભરાઇ ગઇ. તેમણે પણ ભોજન ન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] . . . . ટ્રસ્ટીઓની સભા

સમાજની દૃષ્ટિએ આ એક નાનો બનાવ હતો. તેનું જાહેર મહત્ત્વ કશું જ નહોતું. એવા અનૈતિક ગર્ભાધાનના અને પ્રસૂતિના અનેક બનાવો બન્યા કરે છે, એટલે તે વિષેની ખબર કોઇ વર્તમાનપત્રમાં શાની આવે? પણ આશ્રમના નિવાસીઓને અને મંદિર–આશ્રમના સંચાલકોને આ બનાવ અત્યંત ભયંકર લાગ્યો. લાગે એ સ્વાભાવિક પણ હતું. રામકૃષ્ણ મિશન જે આશ્રમનું સંચાલન કરે તેમાં જો આવો સડો પેસે તો મિશનનું નામ કેટલું વગોવાય? પોતાનાં પુત્ર–પુત્રીઓને મિશનના સંચાલન હેઠળની શાળાઓમાં, મઠોમાં અને આશ્રમોમાં મોકલનારાં વડીલો ઉપર તેની કેવી ભયાનક અસર થાય? એ સડાના મૂળ સુધી જઈને, તેની તપાસ કરીને, સડાને મૂળમાં જ ડામવામાં ન આવે તો આખા જગતમાં જેની સુવિખ્યાતિ પ્રસરેલી છે એવી એક પવિત્ર આર્ય સંસ્થાને એવી તો કાલિમા લાગે કે જે ભગવાન શ્રીરામકૃષ્ણ કે સ્વામી વિવેકાનંદના પુનરવતારથી પણ કદાચ ન ભૂંસી શકાય: એટલી ગંભીર પરિસ્થિતિ નિર્માણ થવા પામી હતી.

આશ્રમના વ્યવસ્થા–મંત્રીએ એ ખબર ટ્રસ્ટીઓને લખી જણાવી એટલે તેઓ ઊંચા–નીચા થઇ ગયા. તેમનાં પત્રોમાં મુખ્યત્વે એક જ વાત જણાવાએલી હતી: “આશ્રમમાં સડો પેઠો છે, તેની ઊંડી તપાસ કરવી જોઇએ. અપરાધીને શોધી તેને દંડ દેવો જોઇએ.” કોઇકોઇએ સાફસૂફીના માર્ગો પણ સૂચવ્યા હતા. આશ્રમના બેઉ વિભાગોમાં નવી વ્યક્તિઓને દાખલ કરતાં પૂર્વે વધુ સાવધાનતા રાખવી જોઇએ, અતિથિઓ અને ઇતર મુમુક્ષુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઓને દાખલ કરવામાં આવે છે તે ઉપર નિયંત્રણ મૂકવું જોઇએ, સાધ્વીઓ તથા બ્રહ્મચારિણીઓ અને સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, અતિથિઓ વગેરેના પ્રકટ સંપર્કના પ્રસંગો ઓછા કરવા જોઇએ, અભ્યાસ અંગે થતા એવા મિલન-પ્રસંગો માટેના નિયમો નવેસરથી ઘડી કાઢવા જોઇએ, એવાં એવાં સંખ્યાબંધ સૂચનો લખાઈ આવ્યાં હતાં.

ટ્રસ્ટીમંડળનાં અધ્યક્ષ રાણી રાધાદેવી હતાં. આજમગંજ જિલ્લાના એક જમીનદાર નલિનીકાંત બસુનાં તે વિધવા હતાં. આશ્રમની સ્થાપનામાં સૌથી મોટું દાન એ જમીનદારે આપ્યું હતું. અત્યારે પણ તેમની તરફથી આશ્રમને વાર્ષિક દસ હજાર રૂપિયા મળે છે. મહાકાળીનું મંદિર બસુબાબુના પુરોગામી કોઇ વડીલે બંધાવેલું અને કાલીભક્તિ એમનો પરંપરાગત કુલધર્મ હતો. પરંતુ જે વખતે અંગ્રેજી ભણેલા જુવાન બંગાળીઓ ખ્રિસ્તી ધર્મ કે બ્રહ્મોસમાજ તરફ આકર્ષાવા લાગ્યા તથા વૈદિક ધર્મ છોડી દેતા થયા, તે વખતે સ્વામી રામકૃષ્ણના વિવેકાનંદાદિ શિષ્યોએ આર્ય ધર્મનું પુનરુત્થાન કરવા માંડ્યું હતું, અને સંન્યાસ માર્ગને અપ્રતિમ ઊજળો કરી બતાવ્યો હતો, તેથી નલિનીકાંત બસુ તે તરફ ખૂબ આકર્ષાયા હતા. ધર્મ માટે દાન કરવાની પ્રબળ ઇચ્છાવાળા તે હતા અને કાલીના પૂજા-ઉત્સવો પાછળ દર વર્ષે હજારો રૂપિયા તે ખર્ચતા હતા. એક વાર તેમના ચિત્તમાં નવો પ્રકાશ પડ્યો. એ પ્રકાશ સ્વામી વિવેકાનંદના શબ્દોનો હતો. એક પ્રસંગે સ્વામી વિવેકાનંદે કહ્યું: “ધનુર્ધારી રામ, ભગવાન મહાવીર, માતા કાલી, એ સર્વનું પૂજન થવું જોઈએ. હું સારી પેઠે સમજી શકયો છું કે આપણા દેશમાં જેઓ ધર્મના નામની બૂમો પાડી રહ્યા છે તેમાંના અનેક મનુષ્યોમાં ઉપદેશકોના રજોગુણી ઉત્સાહ સિવાય બીજું કશું નથી. આખો દેશ ભયંકર અંધકારથી-તમોગુણથી છવાઇ ગયો છે. તેનું પરિણામ એજ આવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે તેમને આ જીવનમાં દાસત્વ અને પરલોકમાં નરકપ્રાપ્તિ થઈ રહી છે." આ પ્રકાશથી પ્રભાવિત થઇ તેમણે જૂનો ભક્તિ-પ્રકાર છોડી દીધો. તે રામકૃષ્ણ સંઘમાં દાખલ થયા. મથુરાના મહાકાળીના મંદિરને તેમણે નવું સ્વરૂપ આપ્યું. તે માટે નવા ઉદિત થએલા રામકૃષ્ણ મઠના સંન્યાસીઓ તથા સેવાધર્મી કાર્યકરોની સલાહ–સૂચના મેળવી અને બંગાળમાં તે કાળે કેટલેક સ્થળે સ્થપાએલા મઠો તથા આશ્રમોના જેવું જ સ્થાન મથુરામાં પણ નિર્માણ કરવાનો સંકલ્પ તેમણે કર્યો. એ સંકલ્પની સિદ્ધિ માટે તેમણે આપેલા મુખ્ય દાનમાંથી અને પછી તો બીજા અનેક દાનશીલ ભક્તો, રામકૃષ્ણદેવના ઉપાસકો, સ્વામી વિવેકાનંદના ઉપદેશોમાંથી તારતમ્ય મેળવી પોતાના જીવનને નવો ઘાટ આપવાની જિજ્ઞાસા ધરાવનારાઓએ આપેલા દાનમાંથી આશ્રમની રચના, વૃદ્ધિ અને વિકાસ પણ થયાં. સ્થાપના થઇ ત્યારે સ્વામી વિવેકાનંદના એક ગુરુબંધુ નિરંજનાનંદને કુલાધિષ્ઠાતા તરીકે રાખ્યા હતા. થોડાં વર્ષ બાદ તેમનું અવસાન થતાં તે સ્થાને સ્વામી સાધનાનંદજી આવ્યા હતા. તે આવ્યા તે સમયને પણ આજે તો દસેક વર્ષ થઇ ગયાં હશે.

રાણી રાધાદેવી રામકૃષ્ણ–વિવેકાનંદનાં ભક્ત તો હતાં, પરંતુ પુરાણી શૈલીના ધર્માચાર પ્રત્યેનો પક્ષપાત તેમના સ્વભાવમાં રહેલો જ હતો. પવિત્રાચાર, આધ્યાત્મિક કલ્યાણ અને સેવાકાર્ય એ સર્વોપરિ ધર્મ છે એમ માનવા છતાં કર્મકાંડ વિના તેમની ધર્મવૃત્તિને સંતોષ થતો નહિ. આથી તે ઘર આગળ કર્મકાંડી રહેતાં અને સેવાશ્રમ તથા મહાકાળી મંદિરના મુખ્ય ટ્રસ્ટી તરીકે નવી દૃષ્ટિને માન્ય રાખીને પોતાના સ્વર્ગસ્થ પતિની ઇચ્છાનુસાર તેનું સંચાલન કરતાં.

આ બનાવની વાત જ્યારે તેમણે જાણી ત્યારે તે અત્યંત ખિન્ન બની ગયાં અને ઉશ્કેરાઇ પણ ગયાં. તેમણે તુરત આશ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મના મંત્રી ઉપર પત્ર લખ્યો કે આ બનાવ ઉપર વિચાર કરીને આશ્રમની વ્યવસ્થામાં ઘટતો ફેરફાર કરવા માટે ટ્રસ્ટીઓની ખાસ સભા બોલાવો, અને દરેકને આગ્રહથી લખો કે તેઓ સભામાં જરૂર હાજરી આપે. મંત્રીએ રાધાદેવીને પૂછાવ્યું કે કેટલા વખત પછી સભા બોલાવવાનું તેમને અનુકૂળ પડશે ? ત્યારે તેમણે દીર્ઘ વિચાર કરીને લખ્યું કે સભા બોલાવવાની તારીખ બે માસ પછીની નક્કી કરજો અને પ્રસૂતિગૃહના નિયામકને ખબર આપી દેજો કે હેમપ્રભાને પ્રસૂતિના દિવસો પૂરા થયે પાછી આશ્રમને સોંપવામાં આવે અને તે ત્યાંથી પરભારી નાસી-ભાગી જાય નહિ.

મંડળના બીજા ટ્રસ્ટી કલકત્તાવાસી પ્રોફેસર કાલીચરન બેનરજી હતા. તે એક વિદ્વાન પુરુષ હતા અને આર્યધર્મશાસ્ત્રના ઊંડા અભ્યાસી હોવા ઉપરાંત પુષ્કળ પાશ્ચાત્ય સાહિત્યમાં પણ તેમણે અવગાહન કર્યું હતું. તેમણે જયારે આ વાત જાણી ત્યારે તે ગંભીર બનવાને બદલે ઊલટા હસી પડેલા. તે કોઈને મોઢે એવું પણ બોલેલા કે "જે રોમમાં બન્યું છે, લંડનમાં બન્યું છે, પેરીસમાં બન્યું છે, તે મથુરામાં બન્યું છે, એમાં નવું શું બન્યું છે ?" તોપણ આશ્રમમાં ફેરફાર કરવાના મતના તે હતા, એટલે તે પણ ટ્રસ્ટીમંડળની ખાસ સભા ભરવાની જરૂર માનતા હતા.

ત્રીજા ટ્રસ્ટી ગ્વાલિયરના ધોંડોપંત શાસ્ત્રી હતા. ગ્વાલિયર-નરેશે આ આશ્રમને દાન આપેલું એટલે તેમણે ટ્રસ્ટીપદ પોતાને બદલે પોતાના પરમ વિશ્વાસુ અને પોતાના રાજ્યના એક વયો-વૃદ્ધ વિદ્વાનને એ સ્થાને નિયત કરાવ્યા હતા. તેમને ય આ બનાવથી અત્યંત દુઃખ થયું હતું, પરંતુ તેમને લાગ્યું હતું કે આવો બનાવ શાથી બન્યો તે શોધી કાઢવાનું કામ કુલાધિષ્ઠાતાનું હતું અને સ્થાન પરની મુખ્ય વ્યક્તિઓ તે કામ જેટલી કુશળ-તાથી કરી શકે તેટલી કુશળતાથી બહારગામ વસતા ટ્રસ્ટીઓ કરી શકે નહિ; એટલે ટ્રસ્ટીઓની ખાસ સભાની કાંઇ બહુ આવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યકતા તેમને લાગી નહોતી; છતાં પોતે બનતાં સુધી સભામાં આવશે, અને ઘટતી સલાહ આપશે, એમ તેમણે જવાબ લખી મોકલ્યો હતો.

ચોથા ટ્રસ્ટી અમદાવાદના એક અચરતલાલ શેઠ હતા. તેમણે આશ્રમની સ્થાપના વખતે મોટી રકમનું દાન કર્યું હતું. આશ્રમની કામગીરીમાં તે બહુ રસ લેતા નહિ. તેમણે એ બનાવને સાધારણ જ લેખીને કશો જવાબ ન લખ્યો; પરંતુ મંત્રીનો આગ્રહપૂર્વકનો પત્ર આવ્યો અને મંડળની બેઠકમાં ખાસ હાજરી આપવાની વિનંતિ કરવામાં આવી ત્યારે તેવણે ગુમાસ્તા પાસે જવાબ લખાવ્યો કે બનતે પ્રયત્ને પોતે આવી પહોંચશે.

પાંચમા ટ્રસ્ટી સૌરાષ્ટ્રના એક નાના રાજવી લક્ષ્મણસિંહજી હતા. તેમને એ બનાવથી બહુ લાગી આવ્યું હતું ખરું, પણ તેમણે માન્યું કે એવા એકાદ છૂટક બનાવથી આશ્રમમાં ઊંડો સડો છે એવું માની લેવાની ઉતાવળ કરવી જોઇએ નહિ. અતિવૃદ્ધ હોવાથી તેમનાથી દૂરની મુસાફરી કરી શકાય તેમ નહોતું, એટલે પહેલાં તો તેમણે જવાની ના લખી, પણ પછી રાણી રાવાદેવી તરફથી અંગત પત્ર આવ્યો, એટલે તે જવા તૈયાર તો થયા; પણ તબિયતને કારણે એકલા જવાની તેમની હિંમત ચાલી નહિ. તેમણે મને સાથે આવવા કહ્યું અને મેં હા કહી. હું તેમનો ભત્રીજો થાઉં.

બે–અઢી માસ પછી ટ્રસ્ટીમંડળની સભા આશ્રમના પુસ્તકાલયના ખંડમાં મળી, તે પહેલાં વ્યવસ્થામંત્રી રાજેન્દ્ર શર્માએ હેમપ્રભાને પ્રસૂતિગૃહમાંથી આશ્રમના સ્ત્રીવિભાગના એક ખંડમાં લાવી રાખી હતી. આશ્રમની બહારનાં કે અંદરનાં કોઈ પણ સ્ત્રી–પુરુષ તેને મળી શકે નહિ એવો ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. એ ખંડમાં હેમપ્રભા અને તેની પુત્રી આરામથી રહી શકે એવી વ્યવસ્થા કરી હતી, છતાં તે તેને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કેદખાનું તો હતું જ. હેમપ્રભા ત્યાં પોતાની પુત્રીના સંગોપનમાં, જે થોડું ભરત, ગૂંથણુ, સીવણુ તેને આવડતું હતું તે કામમાં અને આશ્રમના પુસ્તકાલયમાંથી મળે તેવાં પુસ્તકોનાં વાચનમાં પોતાનો સમય ગાળતી હતી.

એ ખાસ બેઠકમાં ભાગ લેવા પાંચે ટ્રસ્ટીઓ આવી પહોંચ્યા હતા. બેઠક બંધબારણે જ મેળવવી એ ઠીક છે એવો સાધનાનંદજીનો અભિપ્રાય હતો અને રાધાદેવીને પણ એ જ ઠીક લાગ્યું હતું. વિશેષમાં રાધાદેવીને એમ પણ લાગ્યું હતું કે ટ્રસ્ટી તરીકે નહિ પણ ટ્રસ્ટીઓના કાર્યસંચાલનમાં દોરવણી આપનાર તરીકે સ્વામી સાધનાનંદજીને સાથે રાખવા જોઈએ. મંત્રી રાજેન્દ્ર શર્મા તો બેઠકમાં હાજર હોય જ, પણ રાધાદેવીના અંગત મંત્રી તારિણી બાબુની રાધાદેવીને જરૂર લાગી હતી એટલે તેને પણ તે સાથે લેતાં આવ્યાં હતાં. રાજેન્દ્ર શર્માને મંદિરના પૂજારી અયોધ્યાપ્રસાદની પણ ત્યાં જરૂર જણાઈ હતી. લક્ષ્મણસિંહજીએ આ બધું જાણ્યું એટલે તેમણે મને પોતાના અંગત મંત્રી તરીકે સાથે રાખવાનો નિશ્ચય દર્શાવ્યો. પરિણામે હું પણ તેમાં જઈ શકયો અને કાકાની પાછળ ખુરશી મુકાવીને બેસી શકયો.

રાણી રાધાદેવીની તે સમયની ગંભીર મૂર્તિ મને હજી પણ સાંભર્યા કરે છે. શ્વેત કેશ, શ્વેત સાડી અને શ્વેત દેહવર્ણવાળી એ પ્રૌઢ વયની તેજસ્વી નારીના વદન ઉપર નરી ગંભીરતા વ્યાપી રહી હતી, જેની ઊંડાણમાં જરૂર કોપાગ્નિ પ્રજળતો હોવો જોઇએ એમ મને લાગ્યું. પ્રોફેસર કાલીચરન બેનરજી તેટલા ગંભીર નહોતા, પણ તેમની ઊંડી ઝીણી આંખોની ચમક બોલી રહી હતી કે તેમના ચિત્તમાં કોઇ મહત્ત્વના પ્રશ્ન વિષે વિચાર ચાલી રહ્યો છે. ધોંડોપંત શાસ્ત્રીની મુખમુદ્રા પર કોઈ જ જાતનું વિશિષ્ટ ભાવસૂચન નહોતું–એક ફરજ માથે આવી પડી હતી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજાવવા માટે પોતાના દેહની હાજરીની અહીં જરૂર હતી એટલું સમજીને તે આવ્યા હોય અને ગ્વાલિયરનરેશે પૂરા પાડેલા ભાડા-ભથ્થાને હલાલ કરી રહ્યા હોય એવા પ્રકારનું તેમનું દર્શન હતું. અચરતલાલ શેઠ તો રાવાદેવીને પ્રસન્ન કરવા જ આવ્યા હતા; એટલે સભામાં તે મળતાંની સાથે જ તેમની તબિયતની, તેમની રિસાયતમાં આ વર્ષે ઊતરનારા પાકની, તેમના કુટુંબ-પરિવારની કુશળતાની અને તેમની રિસાયતનાં ગામોમાં કેટલા કાઉન્ટના સૂતરનું કાપડ વધુ પ્રમાણમાં વપરાય છે તે વિષેની, હસતા વદનથી ધીમી મીઠી સાભિનય વાતચીત કરવા તે મંડી ગયા હતા. મંડળની બેઠકમાં રજૂ થનારા પ્રશ્ન પ્રત્યેનો કોઈ પ્રકારનો વિશિષ્ટ ભાવ તેમના વદનની ઉપર કે ચિત્તની અંદર રેખાંકિત થતો હોય એમ જણાતું નહોતું. લક્ષ્મણસિંહજી બનાવનું મહત્ત્વ જાણતા હતા એની મને ખબર હતી, પણ તે ઉપરથી આશ્રમમાં કેવું પરિવર્તન કે સુધારો કરવો યોગ્ય ગણાય તે વિષે કશો નિશ્ચય કરી શકયા નહોતા. મારી સાથે તેમણે કેટલીક વાતચીત તો કરેલી, પણ મને જ આશ્રમના વ્યવહાર કે સંચાલન વિષે કયાં વિશેષ જાતમાહિતી હતી? આ બનાવથી થયેલી ખરેખરી વેદના જો કોઈના વદનમંડળ ઉપર બેઠેલી જોવામાં આવતી હોય તો તે એકલા સ્વામી સાધનાનંદજી હતા. બનાવ જાણમાં આવ્યા પછીના બે અઢી માસમાં તે ખૂબ જ સુકાઈ ગયા હતા એમ બીજાઓ કહેતા હતા. મને પણ તેમના વદન પર દેખાવા માંડેલી કરચોલીઓમાંથી વેદનાની પ્રકટ વાણી જ સંભળાતી હતી. બિચારા જીવ! આશ્રમના કુલાધ્યક્ષના પદની સાથે મોટું સંમાન મળ્યું હતું અને લોકોનું ઐહિક-પારલૌકિક કલ્યાણ કરવાની સુંદર તક-પોતાના માનવજીવનને સફળ કરે તેવો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો હતો; તેમાં જ્યારે આવું કોઇ કલુષ કે કબાડું કામ બની જાય ત્યારે કાળજા પર કેવો આઘાત થાય! કોઇ સુખી અને ધર્મિષ્ઠ સજ્જનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુળમાં જન્મેલો પુત્ર જયારે કુલાંગાર નીવડે ત્યારે જેવો વિષાદ એ સજ્જનના અંતરમાં પ્રસરી જાય તેવો વિષાદ આ કુલાધ્યક્ષના અંતરમાં પ્રજવળી રહ્યો છે એવી કલ્પના કરવાનું મને તેમનું વદન જોઇને મન થતું.

મંત્રી રાજેન્દ્ર શર્માએ દફતર ખોલીને અપરાધિની હેમપ્રભા અંગેની માહિતી ટ્રસ્ટીઓને પ્રારંભમાં કહી સંભળાવી. હેમપ્રભા મિદનાપુર જિલ્લાના એક ગામની ગરીબ બ્રાહ્મણ કુમારિકા હતી. બંગાળી ઉપરાંત થોડું અંગ્રેજી તે ભણી હતી. તે હિંદી સારી રીતે બોલી જાણતી. માતાપિતા નાનપણમાં મૃત્યુ પામવાથી તે માસીને ઘેર ઊછરી મોટી થઇ હતી, પરંતુ માસી મૃત્યુ પામતાં જીવનમાં પોતાનો હાથ દોરનાર કે જીવન પોષનાર કોઈ નહિ માલૂમ પડવાથી તે આજન્મ બ્રહ્મચારિણી રહેવાના સંકલ્પથી આશ્રમમાં દાખલ થઇ હતી. આશ્રમની અંદરનું તેનું વર્તન ઠાવકું અને શિસ્તબદ્ધ હતું. અભ્યાસ, વાચન, ચર્ચા, એ બધાંમાં બીજી બ્રહ્મચારિણીઓ કરતાં તે વિશેષ તેજસ્વી હતી. સ્વામીજીનાં પ્રવચનોમાં, અભ્યાસના વર્ગોમાં, અને આશ્રમની ઈતર કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં તે નિયમિત હાજરી આપતી અને કામ કરતી. તેના આવા પતનની કોઇને ગંધ પણ નહોતી, એટલે જ આ બનાવથી બધાં આશ્રમવાસીઓ સ્તબ્ધ બની ગયાં હતાં. પ્રસૂતિગૃહમાંથી તેને મુક્ત કરવામાં આવતાં તેને તેની બાળકી સાથે મંડળનાં અધ્યક્ષના ફરમાન મુજબ આશ્રમના એક અલગ ખંડમાં બંદોબસ્ત હેઠળ રાખવામાં આવી હતી.

એ પૂર્વકથા પૂરી થતાં સભામાં એકાદ મિનિટ મૌન પ્રસરી ગયું. રાધાદેવીએ એ મૌનનો ભંગ કરતાં મંત્રીને પ્રશ્ન કર્યો: “ હેમપ્રભાને કોઇએ કાંઇ પૂછી જોયું છે ? ”

“ જી ના.” મંત્રીએ જવાબ આપ્યો: “ તેની સાથે કોઇને વાતચીત કરવા દેવામાં આવી નથી. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોંડોપંત શાસ્ત્રી બોલ્યા: "પૂછો કે ન પૂછો, પણ જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એમાં તો શંકાને સ્થાન નથી જ. આ બનાવ એક હાથે તાળી પડે તેવો પણ નથી, એટલે આશ્રમમાં કોઈ બીજું અપરાધી છે એ પણ નિર્વિવાદ છે."

"નિર્વિવાદ છે એમ ન કહો શાસ્ત્રીજી!" પ્રોફેસર બેનરજી બોલ્યા: "બે વ્યક્તિઓ હોય તો જ આવું બની શકે એ ખરું, પણ બીજી વ્યક્તિ આશ્રમમાં જ હોવી જોઇએ એમ શા માટે? આશ્રમની બહારની કોઈ વ્યક્તિ ન હોઈ શકે?"

લક્ષ્મણસિંહજી બોલ્યા: "હોઇ શકે; તો પછી આ આશ્રમની વ્યવસ્થામાં ઢીલાપણું છે એ વાત પહેલાં માન્ય રાખવી જોઇએ, ને એ ઢીલાપણું કયાં છે, કેવી રીતે આવ્યું છે, તેની તપાસ કરવી જોઇએ."

અચરતલાલ શેઠ બોલ્યા: "આપણે બધા બહારગામ રહીએ; અહીંની વ્યવસ્થા તો અહીંના માણસો જ જાણે. આ સ્વામીજી, દેવીજી, પરસાદ, શરમા એ બધાં મળીને જ્યાં માટી પોચી દેખાય ત્યાં મજબૂતી કરી નાંખે એટલે પત્યું."

"મને પણ એ જ ઠીક લાગે છે; પણ એ બધું તો અહીંના માણસોએ કરી જોયું જ હશે ને?" એમ કહેતાં શાસ્ત્રીજીએ મંત્રી ભણી દૃષ્ટિપાત કર્યો.

રાજેન્દ્ર શર્માએ કહ્યું: "આપ કહો છો તે અને બીજા પણ જેઓ તપાસમાં ઉપયોગી જણાય તે બધાએ મળીને વિચાર–વિનિમય કર્યો છે, પણ આશ્રમની અંદર એવી કોઈ વ્યક્તિ માલૂમ પડી નથી અને બહારથી આવજા કરતી વ્યક્તિઓ વિષે પણ વિચાર્યા છતાં કોઈ જ વ્યક્તિ ધ્યાનમાં આવતી નથી."

રાધાદેવી તુરત બોલ્યાં: "હં, ત્યારે! એમ વાત છે. સડો ખૂબ ઊંડો છે. એ સડતું સ્થાન શોધી કાઢવું જોઇએ, નહિતો આપણે બધાં બેવકૂફ કહેવાઈશું, એટલું જ નહિ, પણ ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદને સ્વર્ગમાં સંતાપ પહોંચાડનારાં લેખાઇશું. અહીં આપણે માનવીઓનું કલ્યાણ કરવાને આશ્રમ ચલાવીએ, તેમાં ત્યાગી તથા બ્રહ્મચારી સ્ત્રી પુરુષોને તૈયાર કરી તેમની દ્વારા જનતાને આદર્શ પૂરો પાડીએ, ત્યારે અંદરખાનેથી આવા ધૂણીના ગોટેગોટ નીકળે તો તે તરફ આપણે કેવી રીતે આંખો મીંચી દઈ શકીએ ?"

પ્રોફેસર બેનરજી આછું સ્મિત કરીને બોલ્યા : " અરે રાણી સાહેબ ! આપણે એક વાર તપાસ કરીએ અને તપાસને અંતે શોધી પણ કાઢીએ કે આ બે વ્યક્તિઓના અનૈતિક આચરણનું આ ફળ છે, અને પછી આપણે આશ્રમની શિસ્તમાં તથા સંચાલનમાં આકરા નિયમોનું સર્જન કરીએ; પણ તેથી ય ભવિષ્યમાં આવો કોઈ બનાવ નહિ જ બને એમ તમે કહી શકશો ? આપણા દેશનાં ઈતર ધર્મસ્થાનોમાં, યુરોપનાં ધર્મસ્થાનોમાં, અરે નીતિના ખેરખાં રોમન કેથોલિક પોપના નગરમાં પણ કોઇ કોઈ-વાર શું આવા બનાવો નથી બનતા ?"

" એટલે તમે શું કહેવા માંગો છો ?" રાધાદેવીએ પૂછ્યું.

" હું એમ કહેવા માંગું છું કે જે ધર્મસ્થાનકોમાં સ્ત્રી-પુરુષના સહજ સંપર્કને સ્થાન છે, ત્યાં કોઈક વાર આવો અનિષ્ટ પણ ભેદી બનાવ બની જાય તો તેથી અકળાઇ જવું નહિ, ભવિષ્યમાં વધુ ખબરદારી રાખવાનો નિર્ણય કરીને આખું પ્રકરણ સંકેલી લેવું; અથવા તો સ્ત્રી–વિભાગ બંધ કરી દેવો. જ્યાં સ્ત્રી-પુરુષ નજીકમાં હશે ત્યાં ભયસ્થાન છે જ !"

રાધાદેવી બોલ્યાં : " તમે તો એવું કહો છો કે જાણે બસુ બાબુ મૂર્ખ હતા કે તેમણે આશ્રમમાં સ્ત્રીવિભાગ પણ શરૂ કર્યો." પોતાના સ્વર્ગસ્થ પતિનું અપમાન થતું જોઇને તે જરા અકળાઇને આગળ બોલ્યાં : " સ્ત્રીઓને શિક્ષણ આપવા અને સ્ત્રીવર્ગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વાંગી ઉન્નાત કરવા વિવેકાનંદ સ્વામી અનેક વાર કહી ગયા છે. અરે તારિણીબાબુ !"

"જી!" કરતા રાધાદેવીના મંત્રી સામે આવીને આજ્ઞા ઝીલવા ઊભા.

"સ્વામી વિવેકાનંદજીના સ્ત્રીશિક્ષણ વિષેના ઉદ્ગારો મને એમનાં વચનામૃતમાંથી શોધી આપો."

"વારુ."

પ્રોફેસર બેનરજી બોલ્યા: "સ્વામીજી એ વિષે કહી ગયા છે તેની તો મને ખબર છે. એના લેખિત કે મુદ્રિત પુરાવાની મને જરૂર નથી. એની આવશ્યકતા મને માન્ય છે, પરંતુ આપણે જો આવા કોઈ બનાવથી ગભરાઈ ઊઠીશું તો આપણે સ્ત્રીહિતનાં કામો કરવાને લાયક રહીશું નહિ."

એટલામાં તારિણીબાબુ હાથમાં બે પુસ્તકો લઈને આવ્યા. બેઉમાં નિશાનો મૂક્યાં હતાં, ત્યાં આગળથી પુસ્તકો ઉઘાડીને મેજ ઉપર મૂક્યાં.

રાધાદેવી એક પુસ્તક ઉપાડીને બોલ્યાં: "સાંભળો! સ્વામીજી કહી ગયા છે કે 'શિક્ષા કહો કિંવા દીક્ષા કહો, ધર્મહીન થશો તો એ બંનેમાં ગંભીર ભૂલ રહી જશે. હમણાં તો ધર્મને કેન્દ્ર બનાવી સ્ત્રીશિક્ષણનો પ્રચાર કરવો પડશે. ધર્મશિક્ષણ, ચરિત્રગઠન, બ્રહ્મચર્ય, વ્રતોદ્યાપન, એ સર્વ કાર્યો કરવા માટે જ સ્ત્રીશિક્ષણ આવશ્યક છે."

બેનરજી બોલ્યા: "સ્વામીજીનું તે વચન મને માન્ય છે."

રાધાદેવી આગળ બોલ્યાં: "અને સ્ત્રીવિભાગ માટે તમે કહેતા હો તો સાંભળો. સ્વર્ગસ્થ બસુ બાબુએ એ વિષે મારી સાથે વિચારવિનિમય કરેલો. તે વખતે તેમણે મને સ્વામીજીનું એક વચનામૃત કહેલું જે આ રહ્યું: 'સ્ત્રીજાતિની ઉન્નતિ થયા સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતનું કલ્યાણ થવાનો સંભવ જ નથી. એક પાંખ વડે પક્ષીથી ઊડી શકાતું નથી. તે માટે જ રામકૃષ્ણાવતારમાં સ્ત્રી ગુરુ ગ્રહણ કરવામાં આવ્યા હતા. તે માટે નારીભાવનાનું સાધન કર્યું હતું. તે માટે જ માતૃભાવનાનો પ્રચાર કર્યો હતો. તે માટે જ મેં સ્ત્રી-મઠ સ્થાપવાનો પ્રથમ ઉદ્યોગ કર્યો હતો.' એ જ ભાવનાથી બસુ બાબુએ સેવાશ્રમમાં સ્ત્રીવિભાગ રાખ્યો છે અને આજસુધી તેનો આપણને કડવો અનુભવ થયો નથી, એટલે તે વિચાર ઉપયોગી તો હતો જ. પણ આવો બનાવ તો આશ્રમનો વિઘાતક બને, માટે જ તેનું મૂળ શોધવા ખૂબ ઊંડે સુધી જવાનો મારો મત છે."

રાધાદેવીના એ કથન પછી બેનરજીએ તેમને જવાબ આપવાનો વિચાર માંડી વાળ્યો; પણ ધોંડોપંત શાસ્ત્રીએ પૂછ્યું : "સ્થાન પરના માણસો જે શોધ કરી શક્યા નથી તે શોધ આપણે દૂરથી આવેલા માણસો કેવી રીતે કરી શકીશું ?"

"કેવી રીતે કરીશું કેમ ? આપણે તેને જ બોલાવીને પૂછીશું કે બોલ, આ કેમ બન્યું, કયો પુરુષ તારી બાળકીનો પિતા છે તે કહે !"

અચરતલાલ શેઠનું કુતૂહલ ઉશ્કેરાયું. તેમણે કહ્યું : "તેને પૂછવાથી પણ એ નામ નહિ જાણી શકાય તો ?"

"તો...તો..." રાધાદેવી બોલ્યાં : "તો આપણે તેને મોઢે મેશ ચોપડીશું, માથું મૂંડાવીને ચૂનો ચોપડીશું, અને પછી ઢોલ બજાવતાં ગધેડે બેસાડીને હાંકી કાઢીશું !"

સૌ આ સાંભળીને ચમકી ઊઠ્યા. તત્કાળ લક્ષ્મણસિંહજી બોલ્યા : "નહિ, નહિ, રાણીસાહેબ, એક સ્ત્રી તરફ એટલા ક્રૂર ન બનાય !"

"શા માટે નહિ ? શાસનમાં ભયનું ય મહત્ત્વનું સ્થાન છે. આપણે સેવાશ્રમનું સંચાલન કરવું છે. તેની વિશુદ્ધિ માટે એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન પણ અનિવાર્ય સંયોગોમાં વાપરવું પડે. તારિણીબાબુ! નીતિશાસ્ત્રમાંથી ભયનું મહત્ત્વ શોધી કાઢો જોઈએ!"

શાસ્ત્રીજીએ કહ્યું: "એવી કશી જરૂર નથી, રહેવા દો. તારિણીબાબુ! ચાણક્ય અને શુક્રાચાર્ય બેઉએ એ વાત ચોક્કસ સ્થાન પરત્વે કહી છે. પણ મને લાગે છે કે હેમપ્રભા આપણી સમક્ષ સાચી વાત કહી દેશે." સાધનાનંદજી તરફ જોઈ તેમણે કહ્યું: "હું માનું છું કે જો આપ પોતે તેને આવા પાપથી માનવીની થતી દુર્ગતિનો ભય બતાવીને પૂછશો તો તે સાચી વાત કહી દેશે."

સાધનાનંદજીના વદન પરની વેદના ઘેરી બની ગઈ.

લક્ષ્મણસિંહજી બોલ્યા: "માનો કે તેણે એક વાત કહી. તે સાચી હોય કે ખોટી હોય. વાત સાચી છે કે ખોટી તે આપણે કેવી રીતે પુરવાર કરીશું? હું તો કહું છું કે એવી માથાકૂટમાં પડ્યા વિના તેને આશ્રમમાંથી વિદાય જ કરી દોને, એટલે બધી વાત પતી જાય! પછી શિસ્તસંચાલન અંગે આશ્રમના નિયમોમાં જે કાંઈ સુધારો કરવો પડશે તે કરીશું."

રાધાદેવીએ કહ્યું: "પણ માનો કે તેણે સાચી વાત કહી અને તે સાચી હોવાનું પુરવાર થઈ શકે એવો સંયોગ પણ મળી આવ્યો, તો પછી સડાનું મૂળ જાણીને સુધારો કરવો એ જ સાચો માર્ગ લેખાય ને?"

બેનરજી હસી પડ્યા અને બોલ્યા: "સડાનું મૂળ—મૂળ શું કહો છો રાણીસાહેબ! સડાનું મૂળ છે માનવીમાં રહેલી કામવાસના. તે સંયમમાં રહે ત્યાંસુધી બધાય શાણા; તે બહેકે એટલે બધાય દીવાના! તેનું જડ-મૂળ કોણ કાઢી શકવાનું છે?"

શાસ્ત્રીજી બોલ્યા: "હવે આપણે પ્રશ્નની સીમાની અંદર રહીને ચર્ચા કરીએ તો ઠીક. આપણ સૌનો એવો અભિપ્રાય થતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય કે તેને બોલાવીને પૂછવું, તો પછી તેને બોલાવીએ. કુલાધિષ્ઠાતા અને ગુરુદેવ તરીકે સ્વામીજી પોતે વિનયપુરઃસર તેને એ વિષે પૂછશે, એટલે ગુરુના તેજ સમક્ષ તે જરૂર સાચો જવાબ આપી દેશે એમ મને લાગે છે. એનો જવાબ કેવો મળે છે તે જોઈએ, પછી શું કરવું તેનો આપણે વિચાર કરીશું."

આ લાંબી પારાયણથી અચરતલાલ શેઠ કંટાળી ગયા હતા. કેટલીક ચર્ચા તો તેમના મગજમાં ય ઊતરતી નહોતી, એટલે ચર્ચા ટૂંકી કરવા અને પ્રકરણનો ઝટ અંત લાવવા તે તુરત બોલી ઊઠ્યા: "હા, હા, એમ જ કરો. હેમપ્રભાને અહીં બોલાવો, એટલે વાત ટૂંકી થાય. એ વાતમાં તો આપણે બધાં એકમત છીએ."

શાસ્ત્રીજી બોલ્યા: "હું પણ ક્યારનો એજ વાત કહું છું ને!"

રાધાદેવીએ તુરત રાજેન્દ્ર શર્મા તરફ જોયું, એટલે શર્માજી ઊઠીને હેમપ્રભાને બોલાવી લાવવા ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં આશ્રમવાસીઓ જાણતાં હતાં કે પુસ્તકાલયના ખંડનાં બારણાં બંધ કરીને આશ્રમના ટ્રસ્ટીઓ, કુલાધિષ્ઠાતા, મંત્રી તથા બીજાઓ કયા પ્રશ્નની ચર્ચા ચલાવી રહ્યા છે. વળી આ કામ માટે જ ટ્રસ્ટીઓ દૂર દૂરથી આવીને એકઠા મળ્યા હતા એટલે તેનું મહત્ત્વ અનેકગણું વધી ગયું હતું. એ મહત્ત્વના પ્રશ્નની ચર્ચાનું શું પરિણામ આવે છે તે જાણવા, જોવા, સાંભળવા અનેક આંખો તથા કાનો ટાંપી રહ્યાં હતાં. આશ્રમવાસીઓ પરિણામ જાણવાની અધીરાઈથી કાંઈ ટોળે મળ્યા નહોતા, પરંતુ કોઈ બારણામાં, કોઈ બારીમાં, કોઈ પરશાળને ઓટલે તો કોઈ ઓરડાના ઊંડા ખૂણામાં રહ્યાં રહ્યાં આ પ્રશ્નનો નિર્ણય જાણવાને જ આતુર બની રહેલા હતા. જેઓ મૂગામૂગા બહાર દૃષ્ટિ કરી રહ્યા હતા તેઓએ તત્ક્ષણ જાણ્યું કે શર્માજી સ્ત્રીઓના આશ્રમ તરફ ગયા. થોડી ક્ષણ પછી તેમણે જોયું કે શર્માજીની સાથે હેમપ્રભા આવી રહી છે, સુંદર ગરમ રૂમાલમાં વીંટેલી પોતાની બાળકીને તેણે છાતી સરસી રાખી છે, તેની આંખોમાં નિર્ભયતાનું તેજ છે, તેના કપાળની ચામડી સહેજ સંકોચાઈ છે તેથી તેનાં નેણની રેખાઓ જરા ઠરડાએલી છે અને તેના ડગલામાં અનેરી દૃઢતા ધધૂકી રહી છે.

હેમપ્રભાએ શર્માજીની પાછળ પાછળ બેઠકના ખંડ તરફ ચાલતાં જતાં જોયું કે ઊંચેથી ને નીચેથી, આડેથી ને અવળેથી, ખુલ્લી રીતે ને સંતાઈને, અનેક આંખો કુતૂહલપૂર્વક પોતા તરફ તાકી રહી છે. એ આંખોના કેવાકેવા ભાવ છે તે તો તે એટલે દૂરથી નીરખી શકી નહિ, પણ પોતાને જોઈ રહેલાંઓમાંનાં ઘણાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરાંને તેણે ઓળખી તો લીધાં. ચોક વીંધીને આગળ જતાં આશ્રમમાં પહેલી જ વાર જોએલું એક વદન અત્યારે તેની આંખોનું ખૂબ ખેંચાણ કરી રહ્યું. પુસ્તકાલયના ખંડથી જરા આઘેના ઓટલા પર ખુલ્લે મુંડિત મસ્તકે બેઠેલો એ એક પરિવ્રાજક હતો. હા, હેમપ્રભાને સાંભર્યું. ત્રણેક માસ પૂર્વે એ જ પરિવ્રાજકને રાત્રિને વખતે બોલાવી લાવવામાં આવ્યો હતો, અને તેણે પોતાના દર્દની સાચી સ્થિતિ ખુલ્લી કરી હતી. તે વૈદકનું જ્ઞાન ધરાવતો હતો અને અતિથિ તરીકે આશ્રમમાં આવીને રહ્યો હતો, એ હેમપ્રભા જાણતી હતી. પણ તેણે પોતાના દર્દની તપાસ કરી તે વખતે તે આશ્રમમાં તાજો આવેલો હતો અને રાતનો વખત હોવાથી તેનો ચહેરો જોવાની તક હેમપ્રભાને મળી નહોતી. અત્યારે તીવ્ર દૃષ્ટિપાત કરતાં જ તે તેને ઓળખી ગઈ અને તેણે હૃદયની ધ્રુજારી અનુભવી. તેનો દેહ પણ કંપી ગયો. તેની આંખોના તેજની વચ્ચે ભય આવી ભરાયો. તેણે જોયું કે પરિવ્રાજક પણ પોતાની તીવ્ર દૃષ્ટિથી તાકી રહ્યો છે અને તેના વદન પરની રેખાઓ ઘેરી બની રહી છે. તે આંખોમાં ખુન્નસ છે. ક્ષણભર તેણે સલામતી અનુભવી કે આશ્રમની છાયા સંરક્ષણની ઢાલ રૂપે પોતા ઉપર ઢળી રહી છે.

થોડી ક્ષણોમાં હેમપ્રભા ટ્રસ્ટીઓની સમક્ષ આવી. તેની દૃષ્ટિ સીધી ટ્રસ્ટીઓનાં વદનોને નોંધી શકે એવી રીતે તે સંમુખ જ ઊભી રહી. ન તેણે ભયથી આડું જોયું, ન તેણે શરમથી નીચું જોયું; જાણે તે ટ્રસ્ટીઓની શક્તિ તથા સત્તાને પડકારવા આવી હોય એવી અદાથી તેને ઊભેલી જોઇને ટ્રસ્ટીઓ પણ ક્ષણભર ચકિત થઈ ગયા.

તેને શું પૂછવાનું હતું તે તો પહેલાંથી નક્કી થઈ ચૂકેલી વાત હતી, પણ કોણ પૂછે એ નક્કી થયું નહોતું. બાળકીને છાતી સરસી ચાંપીને તે ઊભી હતી. ટ્રસ્ટીઓ તેને અરજદાર કે અપરાધિનીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિસાલે જોવાની આશા રાખી રહ્યા હતા, તેને બદલે જાણે ટ્રસ્ટીઓને જવાબ લેવાને તે ઊભી હોય તેવી સ્થિર તથા તેજસ્વી તેની આંખો એક પછી એક બધા ટ્રસ્ટીઓનાં વદનની નોંધ લેતી હતી. એટલે તેને પૂછવું કોણે તે બાબત ટ્રસ્ટીઓ માંહોમાંહે ધીરે સ્વરે મસલત કરવા લાગ્યા. "તમે પૂછો" "ના, તમે જ પૂછી લો ને!" "મને નહિ ફાવે, તમે જ તે માટે ઠીક છો" એમ તેઓ એ અણગમતો ભાર એક બીજાને માથે નાંખવા લાગ્યા. તેમાં ભય, કાયરતા કે આત્મદંશ, ગમે તે કારણ હોય, પણ છેવટે એ કામ કુલાધિષ્ઠાતા સાધનાનંદજી ઉપર જ આવી પડ્યું. તે પહેલાં પ્રસ્તાવના રૂપે મંત્રી રાજેન્દ્ર શર્માએ હેમપ્રભાને થોડું કહેવાનું હતું તેનો તેમણે પ્રારંભ કર્યો.

"હેમપ્રભા! આશ્રમમાં બ્રહ્મચારિણી તરીકે રહીને તેં એક ભયંકર પાતક કર્યું છે તે તું જાણે છે. તે પાતકનું કે અધ:પાતનું કોઈ નિવારણ જ નથી, છતાં પાતકને ય હળવું કરી શકાય છે અને આત્માને ઘોર યાતનાવાળા નરકસ્થાનથી બચાવી શકાય છે; એટલા પૂરતા તારા ઉદ્ધારના માર્ગનો–તારા પાતકના લઘ્વીકરણનો અંગુલિનિર્દેશ કરવા માટે ટ્રસ્ટીઓએ આપણા કુલાધ્યક્ષ સ્વામી શ્રી સાધનાનંદજીને વિનંતિ કરી છે. તદનુસાર હમણાં તેઓશ્રી તને જે કાંઈ એ વાતો કહે તે તું લક્ષમાં ઉતારજે. સ્વામીજી હૃદયના કેવા કોમળ છે, પાતકીઓ પ્રત્યે તેમની કેવી અનુકંપાભરી નજર હોય છે, સ્ત્રીઓને હીન દશામાંથી જ ઊંચે લાવવાની તેમની કેવી ધગશ છે, એ બધું તારાથી શું–કોઈથી અજાણ્યું નથી. એટલે તેઓશ્રી તને જે કાંઈ કહેશે તે તારા કલ્યાણાર્થે જ હશે એમાં તું શંકા ન રાખીશ, અને તેઓ જે કાંઈ જાણવા ઇચ્છે તે નિખાલસ રીતે સ્પષ્ટતાથી કહેજે. એટલે કશી પણ સજા કર્યા વિના કે મુશ્કેલીમાં મૂકયા વિના આશ્રમમાંથી તને મુક્ત કરવામાં આવશે."

હેમપ્રભા નિશ્ચલ દૃષ્ટિથી મૌન રહીને તે સાંભળી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં તત્ત્વચિંતક તથા ધર્મોપદેશકનું કામ ને ક્યાં અદાલતની વચ્ચે અપરાધીનો જવાબ લેવાનું ન્યાયાધીશનું કામ ! સ્વામીજી-એ કર્તવ્યપાલનને અંગે આવું કામ કોઈ વાર કર્યું નહોતું કે કરવું પડશે એવો તેમને વિચાર પણ આવ્યો નહોતો. તે મનમાં જાણે ગૂંચવાતા હોય, અચકાતા હોય, તેમ ગેરુઆ રંગના ટુવાલથી મુખ–મસ્તક પરનો પરસેવો લૂછી, હૃદયને તાકાતવાળું બનાવવા માટે છાતી પર હાથ ફેરવી, એક પછી એક બેઉ આંખોની આર્દ્રતાને આંગળીઓથી દૂર કરી ધીરેથી બોલ્યા :

" હેમપ્રભા ! શર્માજીએ જે કહ્યું તે તેં સાંભળ્યું. હવે મારે કેવું કર્તવ્ય બજાવવાનું છે તે પણ તું સમજી શકે છે. મારે તને કહેવાનું એટલું જ છે કે આ પાતક આચરવામાં તારા ભાગીદાર પુરુષનું નામ તારે પ્રકટ કરવું એવી મારી તને આજ્ઞા છે. એ આજ્ઞા હું એવું સમજીને કરું છું કે તેથી તારા હૈયા પરના પાતકનો ભાર હળવો થશે, તને એક પ્રકારની ચિત્તશાંતિ પ્રાપ્ત થશે, અને વળી તું સજામાંથી મુક્તિ મેળવીને નિરાપદ બની જઈશ. પાતકના બદલારૂપ દુઃખ તો સૌને ભોગવવું જ પડે છે. તું તે ભોગવી રહી છે, તેમ તારો ભાગીદાર ભોગવી જ રહ્યો હોવો જોઈએ. પશ્ચાત્તાપ એ જેમ પાતકનું પ્રાયશ્ચિત્ત છે, તેમ પાતકનું પ્રકાશન એ હૃદયની મલિનતાને ધોનારું અદષ્ટ ગંગાજળ છે. એટલે એ પાપી પુરુષ પ્રત્યે પણ જો તારામાં સાચી દયા રહી હોય કે હૈયામાં ઉત્કૃષ્ટ માર્દવ ભર્યું હોય તો તેનું નામ પ્રકટ કરતાં તારે સંકોચાવું જોઈતું નથી. એ પુરુષ તુચ્છ માનવી હોય તો તેના નામના પ્રકાશનથી તેને કોઈ વિશિષ્ટ હાનિ થવાની નથી, પણ જો તે કોઈ મોટો માણસ હોય અને કોઈ ઉચ્ચ પદવીધારી હોય, તો પણ જીવનપર્યંત પાપને હૈયામાં છુપાવીને ફરવા કરતાં એક વારનું આ પ્રકારનું પ્રકાશન વિશેષ હિતાવહ છે. એ પુરુષે પાતક તો કર્યું જ છે, અને તેનું નામ ગુપ્ત રાખીશ એટલે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપડાને જીવનભર દંભ આચરવાની ઇચ્છા થયા કરશે; ઇચ્છા થશે શું, ફરજ પડશે. સમાજમાં તારી બદનામી થઈ ચૂકી છે, તારું પાપ લોકોએ જાણ્યું છે, હવે તે તારા ઊંડા અંતરનું પાપ રહ્યું નથી; એટલે જ બહારના આક્રમણને સહેવાની, નિવારવાની શક્તિ તારામાં પ્રકટી રહી છે; એવી જ શક્તિના પ્રકટીકરણનો લાભ એ પુરુષને પણ મળે એટલા માટે એના જ કલ્યાણાર્થે તારે એનું નામ પ્રકટ રીતે કહેવું જોઈએ, સમજી હેમપ્રભા ?"

સ્વામીજીના શબ્દોમાં, વાણીના પ્રવાહમાં અને કંઠના સ્વરમાં ઓતપ્રોત થઈ વહેતી એક દર્દની લહરી એવી તો દ્રાવક હતી કે કઠોર હૈયાના અપરાધીથી પણ ગલિતગાત્ર થઇને આંસુ વહાવ્યા સિવાય અને ઝટપટ અપરાધ કબૂલ્યા સિવાય રહી શકાય નહિ. સુઘટિત દલીલો સાથે સંક્ષેપથી અને પૂરી લાગણીશીલતાથી તેમણે હેમપ્રભાને આ વાત કહી તેથી ટ્રસ્ટીઓ પણ સંતુષ્ટ થયા. સૌને લાગ્યું કે આ કામ જો પોતાને ભાગે આવ્યું હોત તો પોતે તે આટલું સારું બજાવી શકત નહિ અને સૌને એવી આશા પણ જાગી કે હેમપ્રભા હવે જરૂર નામ પ્રકટ કરી દેશે.

પણ હેમપ્રભાએ બાળકીને જોરથી છાતી સરસી દાબતાં ડોકું હલાવ્યું અને સાફ નકાર સૂચવી દીધો. તે નામ પ્રકટ કરવા તૈયાર નહોતી.

રાજેન્દ્ર શર્માને એની હઠીલાઈથી એટલું લાગી આવ્યું કે તેમનાથી આગ્રહની વાણી બોલ્યા વિના હવે રહેવાયું નહિ. તે બોલ્યા: "હેમપ્રભા ! મૂર્ખી ના થા. તું મૂર્ખાઈની હદ ઓળંગી જાય છે. ટ્રસ્ટીઓ આજે તારા પર દયાળુ થયા છે કે તને આટલા વિધિથી જ છોડી દેવા તૈયાર થયા છે, અને સ્વામીજીએ તારા કલ્યાણચિંતન માટે દ્રવતા હૃદયે તને હિતમાર્ગ ચીંધ્યો છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું ધ્યાનમાં લીધા વિના તું આવી સ્ત્રીહઠ લઈ બેસ નહિ, અને નામ કહી દે!"

"એ સ્ત્રીહઠ નથી," હેમપ્રભા બોલી: "મારા પાપની યાતના ઉપરાંત એ પુરુષના પાપની યાતના ય પોતાની જાત પર વેઠી લેવાનું એક સ્ત્રીનું એ બલિદાન છે!"

"બલિદાન છે?" રાધાદેવી આંખો ફાડતાં ત્રાટક્યાં.

એ તડૂકો સાંભળી ટ્રસ્ટીઓ ચકિત થઈ ગયા. સ્વામીજી જાણે કંપી ગયા. સૌ રાધાદેવી ભણી મીટ માંડી રહ્યા.

હેમપ્રભા સ્થિર દૃષ્ટિએ ઊભી હતી, તે જાણે મૌન વાણી ઉચ્ચારી રહી હતી: "હા, એ બલિદાન છે!"

રાધાદેવી ક્રોધથી કંપી જતાં બોલ્યાં: "રાજેન્દ્ર શર્મા, એ પતિતાના વાળ કપાવી નાંખીને માથે ચૂનો ચોપડો. એનું મ્હોં કાળું કરો અને એને આ જ ઘડીએ હાંકી કાઢો!"

"આ જમાનામાં એવી અમાનુષી સજા ન થાય!" લક્ષ્મણસિંહજી તુરત બોલ્યા.

રાધાદેવી વધુ જોરથી બોલ્યાં: "કેમ, ન થાય? જંગલી અવસ્થા ભોગવતી ભારતની નારીનો આપણે ઉદ્ધાર કરવો છે. એકલા શામ-દામથી નહિ ચાલે, દંડ પણ વાપરવો જોઈશે!"

અચરતલાલ શેઠ બોલ્યા: "આટલું થયું એ જ પૂરતું છે, હવે જવા દો ને એને!"

"નહિ; હું તેને દંડ દીધા વિના જવા દઉં તો કાલે સવારે મારે આશ્રમનો સ્ત્રીવિભાગ જ બંધ કરવો પડે. પાપીઓ, અપરાધીઓ દંડ ભોગવ્યા વિના ચાલ્યા જાય તો પછી તેનો ચેપ આશ્રમમાં ફેલાતાં વાર ન લાગે અને શિસ્ત જમીનદોસ્ત થઈ જાય!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચરતલાલ શેઠ બાંધછોડનો માર્ગ સૂચવવા બોલ્યા: "તો એને કાંઈ હળવી સજા કરી જવા દો!"

બેનરજી બોલ્યા: "આટલી સજા થઈ છે તે શું થોડી છે?"

રાધાદેવી બોલ્યાં: "સજા કરવાનો હેતુ તેને દંડવાનો જ નથી, બીજા પર છાપ પાડવાનો પણ છે, કે જેથી એવા અપરાધો કરવાની કોઈ હિંમત ન કરે!"

બેનરજી હસીને બોલ્યા: "મનુના કાળની પણ પૂર્વેથી અપરાધો થતા આવ્યા છે, દંડો દેવાતા આવ્યા છે, છતાં કોઈ જ પ્રકારના અપરાધનો અંત આવ્યો જગતે જાણ્યો નથી."

શાસ્ત્રીજી કાંઈક વિચારીને બોલ્યા: "મને પણ લાગે છે કે રાણીસાહેબ કહે છે તેમ બીજા ઉપર છાપ પડે એવું કાંઈ થવું તો જોઈએ, અને પહેલાં આ સ્થળે એવું થતું એમ ચોગાનમાંના ચોતરા પર પડેલી હેડ ઉપરથી જણાઈ આવે છે."

અયોધ્યાપ્રસાદ બોલી ઊઠ્યો: "આશ્રમની બહારના ચોર-ગઠિયા પકડાય છે તો હજીએ કોઈ વાર અમે તેને તેમાં પૂરીએ છીએ."

"તો અત્યારથી એક પ્રહર સુધી તેને તે ચોતરા પર બેસાડી તેનો એક પગ હેડમાં બાંધી દો." શાસ્ત્રીજીએ નિર્ણય આપ્યો.

બીજાઓએ મૌન રહી સંમતિ આપી, પણ લક્ષ્મણસિંહજી બોલ્યા: "મને તેમાં સંમત ન ગણશો!"

રાધાદેવીએ ભ્રૂકુટિ સંકોચતાં અને લક્ષ્મણસિંહજી પર તીવ્ર દૃષ્ટિપાત કરતાં કહ્યું: "તો ભલે આપણો નિર્ણય બહુમતિએ થએલો નોંધાય." એમ બોલી એક ક્ષણ રહીને તે આગળ બોલ્યાં: "આપણું આજનું કામ પૂરું થાય છે. આવતી કાલે આશ્રમના નિયમોમાં સુધારા કરવા વિષે આપણે વિચાર ચલાવીશું."

એમ કહી રાધાદેવી ઊઠ્યાં એટલે બીજા બધા ય ઊઠ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજેન્દ્ર શર્માએ ઇશારો કર્યો એટલે અયોધ્યાપ્રસાદ હેમપ્રભાની પાછળ પાછળ ચાલ્યો.

હેમપ્રભાએ પોતાને થએલી સજા સાંભળી હતી. અયોધ્યાપ્રસાદે સૂચવ્યા વિના જ તે સીધી હેડના ચોતરા પર ચડી.

આશ્રમવાસીઓ ચોમેરથી બહાર નીકળી આવ્યા અને જે થઈ રહ્યું હતું તે જોઈ રહ્યા.

અયોધ્યાપ્રસાદે ચોતરા પર ચડી, હેડ ખોલી, નીચે બેઠેલી હેમપ્રભાનો એક પગ એ હેડમાં પૂરી તાળું માર્યું. રાધાદેવીએ ચાલતાં ચાલતાં ઊભાં રહીને તે જોયું અને તેમણે સંતોષ અનુભવતાં પોતાના મંત્રીને કહ્યું: "તારિણીબાબુ! આવા દેહદંડ સંબંધે સ્વામી વિવેકાનંદે કાંઈક કહ્યું તો હશે જ, જરા શોધી રાખજો!"

તારિણીબાબુ બોલ્યા: "શોધીશ તો ખરો, પણ શાસ્ત્રમાં તે વિષે કહેલું જ છે અને સ્વામીજી શાસ્ત્રવચન પ્રત્યે હંમેશાં માનબુદ્ધિથી જોતા."

"એ તમારી વાત સાચી."

એમ વાતો કરતાં તે પોતાના નિવાસસ્થાને ગયાં.

આશ્રમવાસીઓ આ વિચિત્ર સજા ઉપર કાંઈ કાંઈ વિચાર કરતા અને ટીકા ઉચ્ચારતા એક દીર્ઘ વર્તુળ રચતા ઊભા. એક બાજુએ પુરુષો હતા, બીજી બાજુએ સ્ત્રીઓ હતી. કોઇ વદન ઉપર દયા તો કોઈ વદન ઉપર તિરસ્કાર, કોઈ આંખોમાં આંસુ તો કોઈમાં ક્રોધની રક્તિમા, અનેક આંખોમાં કુતૂહલ અને અનેક આંખોમાં ઉદાસીનતાનું દર્શન થતું હતું.

કોઈક બોલ્યું: "કષ્ટ જ પાપનું પ્રક્ષાલન કરે છે."

બીજાએ ટીકા કરી: "કોલસાને કાદવથી ધોવા અને પાપીનું પાપ ધોવા માટે જંગલી બનવું, એ બેઉ સરખાં કામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ સાધ્વીને લાગ્યું: "ધર્મના સ્થાને પાપ કરનારીને આટલી સજા તો ઓછી થઈ લેખાય. એને તો પર્વત ઉપરથી નીચે પછાડવી જોઈએ!"

એક બ્રહ્મચારિણી બોલી: "પાપ કર્યું એ જાણતી'તી તો પછી મૂર્ખી છેવટ સુધી આશ્રમમાં કેમ બેસી રહી? નાસી ગઈ હોત તો બચી જાત ને!"

બીજી બ્રહ્મચારિણી બોલી: "કાચી તો નહિ હોય; નાસવાનું ધારી રાખ્યું હશે, પણ તે પહેલાં પાપનો ઘડો ફૂટી ગયો હશે."

આવા કોઈ ઉદ્ગાર ચોતરા પર બેસી રહેલી હેમપ્રભા સાંભળી શકતી નહોતી. તે તો કોઈ વાર બાળકીને ધવડાવતી તો કોઈ વાર રડતી શાંત કરવા માટે થાબડતી, કોઈ વાર પોતાને કુતૂહલપૂર્વક જોઈ રહેનારાં પ્રતિ ક્ષમાદષ્ટિથી જોતી, તો કોઈ વાર ઉન્નત દષ્ટિએ પ્રભુને પ્રાર્થતી કે પરાઈ ફજેતીમાં રસ લેનારાં એ પામર માનવીઓ ઉપર દયા કરજે! દુ:ખની એક ઊંડી લાગણીથી તો તે રાતદિવસ ઘેરાએલી જ રહેતી, પરંતુ સજામાંથી મુક્ત થવા માટે પોતાની બાળકીના જનકનું નામ જાહેર કરવાની લાલચને વશ પોતે ન થઈ તે બદલના આત્મસંતોષથી તેની એ દુ:ખની લાગણી અત્યારે તિરોહિત બની ગઈ હતી.

એક પ્રહર જેટલા દીર્ઘ સમયમાં જાગ્રત મન કેવળ નિષ્ક્રિય રહે તેમ નહોતું. તેને પોતાનો ભૂતકાળ સાંભર્યો, બાળપણમાં જોએલાં માતાપિતાનાં દર્શન થયાં, વત્સલ માસીનું અને નિર્દય માસાનું દર્શન થયું, આપમતલબી અને ઉદાસીન માસીઆઈ ભાઈઓ સાંભર્યા, અને પોતાને પરણવા માટે જોવા આવનારા પરંતુ પહેરામણીમાં કશું મળવાનું નથી એવું જાણતાં જ મ્હોં મચકોડીને ચાલ્યા જતા એવા અનેક યુવકો એક પછી એક એના દષ્ટિપથમાં આવીને ઊભા. પછી એક પુરુષનું તેને દર્શન થયું. એટલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ખોળામાં ઊંઘતી બાળકી એકાએક ચીસ નાંખીને જાગી ગઈ એટલે તેને હાથમાં ઊંચકી તેણુે પોતાની છાતીએ વળગાડી શાંત કરી.

"હવે હું શું કરીશ ? કયાં જઈશ ?" એ ભાવિના ચિંતનમાં પણ તેનું મન તીવ્ર ગતિ દાખવી રહ્યું હતું. એક રીતે કહેતાં નાંખી નજર પહોંચે નહિ એવી તેની સ્થિતિ હતી. તેની પાસે કાંઈ બહુ ધન નહોતું. કોઈ જ સ્વજન તેને સંઘરે કે સ્થાન આપે તેવું નહોતું. પોતાને તથા પોતાની બાળકીને આશ્રય આપે એવું કોઈ જાહેર અનાથ આશ્રમ કે વિધવા આશ્રમ શોધી કાઢવા તે ઇંતેજાર હતી. તે માટે મથુરાનગરમાં કોઈ માહિતી પૂરી પાડે તેવા સ્થાને જવા કે વ્યક્તિને મળવા તે ઇચ્છતી હતી. પણ મથુરામાં જ કલંકિત થયેલી અને કલંકના ફળને ગોદમાં રાખીને ફરતી પોતે થોડા દિવસ પણ આ સ્થળે નિરાંતે ગાળી શકે એ માટે તેને શંકા હતી. લોકોના કુતૂહલનો વિષય બનેલી એક સુંદર યુવતી દેશમાં અને સમાજમાં કેટલી બિનસલામત હોય છે તેની તેને ખબર હતી, જો કે તેથી ભય પામીને નાહિંમત બની બેસવાની વૃત્તિ તેને થતી નહિ.

સાંજનો સમય થવા આવ્યો ત્યારે નગરમાંથી કોઈ કોઈ માણસો મહાકાળીને મંદિરે દર્શન કરવા આવવા લાગ્યા, તેમણે આ વિલક્ષણ દૃશ્ય જોયું. તેમનું કૌતુક જાગ્યું. તેઓએ નગરમાં જઈ વાત ફેલાવી, એટલે લોકોનાં ટોળાં આશ્રમ તરફ આવવા લાગ્યાં, પરંતુ મોટી મેદની એકઠી થાય તે પૂર્વે તો સાંજ પડી, સજાનો પ્રહર–સમય પૂરો થયો, એટલે અયોધ્યાપ્રસાદે હેમપ્રભાને હેડમાંથી મુકત કરી. તે સીધી આશ્રમમાંના પોતાના નિવાસખંડ તરફ ચાલી. તે વખતે પણ તેના હૃદયની દૃઢતા તેનાં ડગલાંમાં ઊતરી રહેલી કેટલાય પ્રેક્ષકોએ જોઈ.

એક વૃદ્ધ સંન્યાસીએ તે વખતે પાસે ઊભેલા પરિવ્રાજકને કહ્યું: "મને એક વાતનો સંતોષ થયો. આ બાઈનું કષ્ટ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ઉગ્ર અવહેલનાથી તેને થતી મનોયાતના એવા પ્રકારનાં હતાં કે જો આશ્રમમાં વસતો કોઈ પુરુષ તેના પાપનો ભાગીદાર હોત તો તેનું હૃદય જરૂર દ્રવી ગયું હોત અને તે મોખરે ધસી આવીને પોતાની મેળે પોતાના પાપનું પ્રકાશન કરીને એ યુવતીને આ કષ્ટમાંથી મુક્ત કરાવ્યા વિના રહેત નહિ. એવો કોઈ પુરુષ આગળ આવ્યો નહિ, એટલે માની શકાય છે કે તેના પાપનો ભાગીદાર આ આશ્રમમાં નથી, બધા આશ્રમવાસીઓ વિશુદ્ધ છે."

પરિવ્રાજકે તે ઉપર કહ્યું: "હું ઇચ્છું છું કે પ્રભુ તમારા એ આત્મસંતોષને પોકળ ન કરાવે!"

હેમપ્રભા હવે ચોતરા પર નહોતી, છતાં ચોતરાની આસપાસ એકઠા થએલા લોકો કેટલીક વાર સુધી ત્યાં ઊભા જ રહ્યા. પછી ધીરે ધીરે હેમપ્રભા વિષે જ વાતો કરતા, અટકળો કરતા, અભિપ્રાયો દાખવતા અને સ્ત્રીઓ તથા સંન્યાસીઓની નિંદા-મશ્કરી કરતા તેઓ વીખરાવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] . . . . પરિવ્રાજક

ટ્રસ્ટીઓની સભામાં કાકાની પીઠ પાછળ બેસીને સભાની કાર્યવહી જોવા–જાણવાની મને તક મળી તેથી હું મને ભાગ્યશાળી માનતો હતો, પરંતુ ટ્રસ્ટીઓએ છેવટે જે કાર્ય કર્યું હતું તેથી તેમની પ્રત્યે મારામાં માનવૃત્તિ પ્રકટી નહિ. તેઓમાંના એક પ્રોફેસર બેનરજીના વ્યક્તિત્વ પ્રત્યે મારા મનમાં આકર્ષણ જન્મ્યું; પરંતુ તે ય પાછા જુનવાણી માનસનાં રાધાદેવી આગળ મૂગા બની ગયા અને લક્ષ્મણસિંહજીની પેઠે વિરોધ વ્યક્ત કરી ન શક્યા, તેથી તેમની પ્રત્યેનું મારા મનમાં રહ્યું–સહ્યું માન ઓસરી ગયું.

છતાં હું મને ભાગ્યશાળી માનવા લાગ્યો. સભામાં હાજર રહી શકવાથી સ્વામી સાધનાનંદજીનું સૌમ્ય વ્યક્તિત્વ જોવા–જાણવા મળ્યું. તેમની દર્દભરી વાણી સાંભળવા મળી. પાતકીના પાપ–પ્રકાશનની પાછળ રહેલી ઉદાત્ત ધર્મદૃષ્ટિનો પરિચય મળ્યો. અને વિશેષમાં હેમપ્રભાની અનેરી તેજસ્વિતા જોવા મળી. કાકાશ્રી આજના કામથી અપ્રસન્ન થયા હતા એટલે આવતી કાલે કદાચ રોકાશે પણ નહિ એમ મારા મનને લાગતું હતું, અને સ્વામીજીનો વિશેષ પરિચય કરવાને મારું મન આતુર હતું. એટલે રાત્રે ભોજન કરીને તરત હું સ્વામીજીની સમીપે જઈ પહોંચ્યો. તે વખતે તેમની સમક્ષ એક–બે સંન્યાસીઓ અને થોડા મુમુક્ષુઓ બેઠા હતા. વંદન કરીને હું એ મુમુક્ષુઓની પાસે બેઠો.

જ્ઞાનપ્રાપ્તિમાં, તત્ત્વચિંતનમાં, તપશ્ચર્યામાં અને વિશુદ્ધ જીવનચર્યામાં સ્વામીજી તેમની વયના પ્રમાણમાં ખૂબ આગળ વધ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખાય. પૂર્વજીવનની વાત તે કોઈને કહેતા નહિ, પણ કાકાશ્રી એ વાત જાણતા હતા અને તેમણે મને તે વાત કહેલી. સ્વામી વિવેકાનંદજી અમેરિકાના પ્રવાસ પૂર્વે જ્યારે પશ્ચિમ ભારતમાં અને મુખ્યત્વે ગુજરાત–સૌરાષ્ટ્રમાં પ્રવાસે નીકળેલા, ત્યારે કચ્છ–ભૂજનો ચૌદ વર્ષની વયનો એક બ્રાહ્મણનો છોકરો તેમનું દર્શન કરીને ખૂબ જ પ્રભાવિત થઈ ગયો હતો. ત્યાં તો તેને સ્વામીજીનું એકાદ વ્યાખ્યાન સાંભળવાની તક મળી હતી, પણ તે સાંભળીને અને એ તેજસ્વી મૂર્તિનાં દર્શન કરીને તે ખરેખર મુગ્ધ બની ગયો હતો. વાદીની મોરલીનો સ્વર સાંભળી મોહિત થયેલા સર્પની જેમ તે સ્વામી વિવેકાનંદજી તરફ એટલો બધો આકર્ષાયો હતો કે ત્યારપછી સ્વામીજી સૌરાષ્ટ્રમાં તથા ગુજરાતમાં ફરી મુંબઈ પહોંચ્યા, ત્યારે એ છોકરો માલ ભરીને મુંબઈ જતા એક દેશી વહાણમાં છાનોમાનો ભરાઈ બેઠો અને માબાપને કહ્યા વિના કચ્છ છોડીને ચાલ્યો ગયો. ભણવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની આતુરતા, ચિત્તની એકાગ્રતા અને ધર્મ પ્રતિની શ્રદ્ધા જોઈ સ્વામીજીએ તેને કલકત્તા મોકલી દીધો. ત્યાંના રામકૃષ્ણ મઠમાં બધી અભિલાષાઓ પાર પાડવાની તેને તક સાંપડી. તે અંગ્રેજીમાં એમ. એ. થયો, સંસ્કૃતમાં ન્યાયતીર્થ થયો, હિંદીનો કોવિદ થયો, અને ફ્રેંચ તથા જર્મન ભાષાઓના જરૂરી જ્ઞાનને તેણે જવા દીધું નહિ. સ્વભાવનો સુકોમળ, પાપભીરુ, ધર્મવૃત્તિમાં અડગ અને સૌજન્યશીલ, દૃષ્ટિપાતે જ સામાને જીતી લેવાની અલૌકિક પ્રભાવશીલતાથી તે સર્વત્ર આદરપાત્ર થઈ પડ્યો. સ્વામી વિવેકાનંદજીના પક્ષપાત ઉપરાંત પ્રીતિને પાત્ર પણ તે થયો તે તેના ગુણોથી અને શક્તિથી જ. એ જ સ્વામી સાધનાનંદજીની સમીપે હું બેઠો હતો અને તેમના મુખમાંથી જે કાંઈ અમીબોલ ઝરે તે ઝીલી લેવાને આતુર એવો ચાતક બન્યો હતો.

પરંતુ આજના બનાવે સ્વામીજીને તનથી નહિ તો મનથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્વસ્થ બનાવ્યા હોય એમ જણાતું હતું. એમ તો ત્રણ માસ પૂર્વે જ્યારે તેમણે આશ્રમમાં બનેલો આ કલંક-પ્રકાર જાણ્યો ત્યારથી તે વ્યથિત થઈ રહ્યા હતા, એમ આશ્રમમાંનાં સૌ કહેતાં હતાં. પરંતુ જ્યાંસુધી તે બનાવ ઉપર છેલ્લો પડદો ન પડે ત્યાંસુધી તેમને ચેન પણ કેવી રીતે પડે? આજે બધી પતાવટ થઈ ગઈ હતી, એ કલંકિની હવે આશ્રમમાંથી જવાની હતી, ટ્રસ્ટીઓ મળી ચૂકયા હતા, તેઓ નિયમનોમાં સુધારા કરવાના હતા, અને એ તો સ્વામીજી પોતે પણ ઇચ્છતા હતા. પરંતુ આખા પ્રકરણનું છેક છેલ્લું દર્શન જાણે તેમના હૃદયને વલોવી રહ્યું હોય અને તેથી જ તે હતબલ સમા બની ગયા હોય એમ મને લાગતું હતું. હેમપ્રભાને સંબોધીને તે બોલ્યા ત્યારે તેમના વદન પર જે નૂર ભાસતું હતું તે અત્યારે નહોતું. મને તો એમ જ લાગતું હતું કે જાણે નૈસર્ગિક અસ્વસ્થતાને છુપાવીને તે પોતાની આસપાસ બેઠેલાઓને પોતે સ્વસ્થ જ છે એવી કાંઈક છાપ પાડવા મથી રહ્યા હતા.

ઇતર પરિચિત વ્યક્તિઓની વચ્ચે મારા જેવી અલ્પ પરિચિત વ્યક્તિને આવી બેઠેલી જોઈને તુરત જ તેમણે હસતે વદને મને કહ્યું: "તમે લક્ષ્મણસિંહજીના ભત્રીજા છો તે મેં હમણાં જ જાણ્યું. તમને જોઈને મને આનંદ થયો."

મેં કહ્યું: "થોડું પૂછવા હું આવ્યો છું. મેં થીઓસોફીનાં થોડાં પુસ્તકોનું વાચન કર્યું છે. થીઓસોફી વિષે આપ શું ધારો છો?"

તે તુરત બોલ્યા: "થીઓસોફીનો હેતુ પવિત્ર છે, પણ કાર્યપ્રણાલી અને વિચારદર્શનમાં મને કેટલાક દોષો દેખાય છે. સ્વામી વિવેકાનંદજીએ એ વિષે મારા મન ઉપર જે છાપ પાડી હતી તે થીઓસોફીના વધુ વાચનથી દૃઢ થઈ છે; તેમાં ફેરફાર થયો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થીઓસોફી પ્રબોધે છે તે આપણા આર્યધર્મનું જ તત્ત્વજ્ઞાન છે શું?"

મંદ સ્મિત કરીને તે બોલ્યા: "આર્ય ધર્મની વ્યાખ્યા ઉપર એ પ્રશ્નનો જવાબ આધાર રાખે છે. છતાં વિશાળ અર્થમાં લઈએ તો થીઓસોફીનું તત્ત્વજ્ઞાન અનાર્ય નથી એમ કહેવાય."

એ ચર્ચા અમારી વચ્ચે થોડી લંબાઈ, પણ એકંદરે તેમના જ્ઞાનપ્રસાદથી મારું ચિત્ત પ્રસન્ન થઈ ગયું. મેં વિનંતિ કરી એટલે તેમણે મને મારી શંકાઓ વિષે પત્રવ્યવહાર દ્વારા સમાધાન પૂરાં પાડવા વચન આપ્યું. એ થોડી મિનિટોના પરિચયે જ મારા મનને હરી લીધું.

હું બેઠો જ હતો એટલામાં એક સેવક વાસંતીદેવીની ચિઠ્ઠી લઇને આવ્યો અને તે તેણે સ્વામીજીના હાથમાં મૂકી.

સાંજ પડી ગઈ હતી એટલે વાસંતીદેવીએ હેમપ્રભાને રાતની રાત આશ્રમમાં રહેવા દઈને સવારે વિદાય કરવાનું ઠરાવ્યું હતું. પરંતુ છેલ્લા બે કલાકથી તેની બાળકી જાણે કોઈ ઓચિંતા દર્દથી પીડાઈ રહી હોય તેમ રડ્યા જ કરતી હતી. તેને શાન્ત કરવાના હેમપ્રભાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. જો આમ તે આખી રાત રડ્યા કરશે તો આશ્રમમાં કોઈ ઊંઘી શકશે નહિ, અને બહુ રડવાથી કદાચ એ કોમળ ફૂલ કરમાઈ જશે, તો આશ્રમ ગોઝારો બનશે એવી તેને ભીતિ લાગી હતી. તેણે વિનંતિ કરી હતી કે કાં તો નગરમાંથી કોઈ ડોકટરને બોલાવવામાં આવે અથવા તો વૈદક જાણતા પેલા પરિવ્રાજકને મોકલીને બાળકીના દર્દનો ઉપચાર કરવામાં આવે.

ચિઠ્ઠી વાંચીને સ્વામીજી જરા ગૂંચવાયા. ડોકટરને બોલાવવો હોય તો રાજેન્દ્ર શર્માએ વ્યવસ્થા કરવી જોઈએ. એટલે તેમણે સેવકના હાથમાં ચિઠ્ઠી પાછી આપીને કહ્યું: "જા, રાજેન્દ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શર્માને ચિઠ્ઠી આપ. કહેજે કે તેમને યોગ્ય લાગે તેવી વ્યવસ્થા કરે. મેં ચિઠ્ઠી વાંચી લીધી છે તેમ પણ કહેજે."

સેવક એ ચિઠ્ઠી લઈને રાજેન્દ્ર શર્માને મળ્યો. તેમણે રાતને વખતે પરિવ્રાજક દ્વારા કામ પતે તો ઠીક, એવી ઇચ્છાથી તેને વિનંતિ કરી. પરિવ્રાજકને એટલું સેવાકાર્ય કરી આપવામાં કશો વાંધો નહોતો.

પરિવ્રાજક પોતાનો ઓસડિયાંનો વાટવો લઈને હેમપ્રભાના નિવાસખંડમાં ગયો ત્યારે પ્રહરેક રાત્રિ વીતી ચૂકી હતી. એક ફાનસને અજવાળે તેણે જોયું કે ભોંયે નાની ગદેલી ઉપર બાળકી રડ્યા કરતી હતી અને હેમપ્રભા કિંકર્તવ્યવિમૂઢની પેઠે તેને જોયા કરતી હતી. તે ગભરાએલી હતી, બાવરી બની ગઈ હતી, એમ કહીએ તો ચાલે. સો-પચાસ વાર તેણે બાળકીને હાથમાં રાખી હાંચોળવા મથન કર્યું હતું. કેટલી ય વાર તેણે તેને ધવડાવવા યત્ન કર્યો હતો. વારે વારે તેણે ધીરે હાથે તેનું પેટ ચોળી તેમાં થઈ રહેલા કોઈ દર્દનું શમન કરવાની ચેષ્ટા કરી હતી. પણ તે બધાંમાં નિષ્ફળ નીવડીને મનથી હારી ગએલી, હતાશ થઈને બેઠેલી, બાલસંગોપનથી અજાણ યુવતી તે વખતે મૂગું મૂગું રડી રહી હતી. પરિવ્રાજકને ત્યાં આવેલો જોતાં જ તે ચોંકી ગઈ. ભયભીત દૃષ્ટિએ તે તેના ભણી તાકી રહી, જાણે તે પૂછી રહી હોય, "કેમ તમે અહીં આવ્યા છો?"

તે આવતાં વેંત બોલ્યો: "બાળકી બહુ જ રડે છે, ખરું? હું તેને જોઉં? વાસંતીદેવી અને રાજેન્દ્ર શર્માની સૂચનાથી મારે આવવું પડ્યું છે."

હેમપ્રભા કશું બોલી નહિ અને તેને ઉદાસીન ભાવે જોઈ જ રહી. તેના હકારની રાહ જોયા વિના પરિવ્રાજકે ધીરે હાથે બાળકીનું શરીર તપાસ્યું, તેનું પેટ દાબી જોયું, હૃદય ઉપર હાથ મૂકી થડકારા ગણી જોયા, અને પછી તેણે પોતાનો વાટવો ખોલ્યો. તેમાંથી તેણે એક નાની કાળી ખરલ ને દસ્તો કાઢ્યાં. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાબડી ખોલી તેમાંથી એક ગોળી લીધી, ખરલમાં થોડા પાણીમાં એ ગોળી ઘસીને તેણે એક નાની વાડકીમાં ઔષધ તૈયાર કર્યું, અને પછી વાડકી હેમપ્રભાની સામે ધરીને કહ્યું: "લે, આ ઓસડ બાળકીને પાઈ દે, એટલે તે રડતી બંધ થઈ જશે."

એકદમ ઊભી થઈને બે ડગલાં પાછી હઠી જતી હેમપ્રભા પરિવ્રાજક સામે આંખો વિસ્ફારીને બોલી: "તમે કેમ મારી પાછળ પડ્યા છો? શું તમારે એ બાળકીને મારી નાંખીને વૈર લેવું છે?"

પરિવ્રાજક તે શબ્દો ઉપર તુચ્છકાર દર્શાવતું આછેરું હાસ્ય કરીને બોલ્યો: "મૂર્ખી થા મા! તને શું એમ લાગે છે કે હું આ બાળકીને ઝેર પાઈને વૈર વાળવા માંગું છું? નહિ, નહિ, એટલો દુષ્ટ તું મને માનીશ નહિ. તારા સ્તનમાંનું દૂધ તારી મનોવૃત્તિના ઉશ્કેરાટથી, ગભરાટથી અને ભાવિ સંકટની ચિંતાથી દૂષિત બની ગયું છે. એ દૂષિત દૂધ પીવાથી બાળકીના પેટમાં દર્દ ઊપજ્યું છે. તે દર્દ શમાવવા વાસંતીદેવીની ઇચ્છાથી, કુલાધિષ્ઠાતાની સંમતિથી અને માત્ર દયાભાવથી પ્રેરાઈને હું અહીં આવ્યો છું. હું કોઈ દુષ્ટ આશયથી અહીં આવ્યો છું એમ તું ન માનીશ."

પણ હેમપ્રભા તો તેને મૂગી મૂગી જોતી નિષ્ક્રિય ઊભી જ રહી. પરિવ્રાજકે થોડી ક્ષણ રાહ જોઈ. બાળકીની ચીસો અને પછાડા ચાલુ જ હતા, એટલે વધુ રાહ જોયા વિના તેણે પોતાને હાથે બાળકીને ઓસડ પાઈ દીધું. પાંચેક મિનિટ થઈ એટલામાં ઓસડનો ચમત્કાર જણાઈ આવ્યો. બાળકીનું દર્દ શમવા લાગ્યું. તેની ચીસો ધીમી પડી અને છેવટે તે શાંત થઈ. દર્દના શમનની સાથે તેનું નૈસર્ગિક ચેતન પ્રગટવા લાગ્યું. તે કિલકાર કરવા લાગી ગઈ અને દશેક મિનિટમાં તો રુદનથી થાકેલું એ બાળપુષ્પ નિદ્રાયમાન થઈ ગયું.

હેમપ્રભા અને પરિવ્રાજક બેઉ બાળકીનું દર્દશમન આતુર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાથી જોઈ રહ્યાં હતાં, અને કશું બોલતાં નહોતાં. હવે હેમપ્રભાનું હૃદય જરા હળવું થયું અને પરિવ્રાજકને સંતોષ થયો, એટલે બેઉએ એકબીજા પર દૃષ્ટિપાત કર્યો.

પરિવ્રાજક બોલ્યો : "હેમા ! હું તને થોડું પૂછું ?"

હેમપ્રભાએ તત્ક્ષણ જવાબ આપ્યો : "ના, મને કશું પૂછવાનો તમારો હવે અધિકાર નથી."

"એમ ! તું શું એવું માને છે ? ભલે, પણ તારે આવું ધતિંગ ચલાવવું જોઈતું નહોતું."

"ધતિંગ મેં કશું ચલાવ્યું નથી."

પરિવ્રાજક સહેજ ગુસ્સો કરતો બોલ્યો : "તો શું તારું નામ હેમપ્રભા છે ?"

"હેમા તો છે ને ? તમે મને પૂરે નામે હેમાંગિની કહેતા, મેં મારા નામની પૂર્ણતા જુદી રીતે કરી 'હેમપ્રભા' રાખ્યું છે: એમાં મેં ધતિંગ શું ચલાવ્યું ?"

"પણ તું પરિણીતા છે, તું બ્રહ્મચારિણી કેમ કહેવાય ?"

"ભલે હું તમને એક વાર અગ્નિ સમક્ષ પરણી, પણ હું આશ્રમમાં બ્રહ્મચારિણીની સ્થિતિમાં જ આવી હતી...ભૂલી ન જાઓ તમારું મારા પ્રત્યેનું વર્તન અને તમે સતત કરેલી મારી અવગણના."

"હંઅ, હું સમજ્યો તું કહે છે તે !" બે–ચાર ક્ષણ થોભીને પરિવ્રાજક બોલ્યો : "એક રીતે તું મને મૂર્ખ કહે છે ને બીજી રીતે તું પતનને માર્ગે કેમ વળી તેનો ખુલાસો પણ કરી નાંખે છે...ઠીક, ઠીક !"

હેમપ્રભા આઘે ઊભી ઊભી તેનું બોલવું સાંભળી રહી. તે કશું બોલી નહિ.

પરિવ્રાજક આગળ બોલ્યો : "તું શા માટે અને કેવી રીતે પતનને પંથે વળી તે હું તને પૂછતો નથી, પૂછવા ઈચ્છતો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. મેં જ ભૂલ કરી હતી તને પરણવામાં. માત્ર લગ્નવિધિ કરીને તુરત જવાબદારીમાંથી છટકી જવાના મારા ધૂનીવેડાએ જ મને એ રીતે દગો દીધો હતો. અર્ધી જિંદગી ચોમેર રખડવામાં ગાળીને મને ધૂન ચડી કે હું હવે ઘર માંડીને બેસું, સ્થિર બનું, અને ભટકણવેડા છોડી દઉં. એ ધૂનમાં હું પરણવા તૈયાર થયો, તારો માસિયાઈ ભાઈ તને મારી વેરે પરણાવવા તૈયાર થયો અને તેં પણ કાંઈ વાંધો ન ઉઠાવ્યો. બસ, આપણે પરણી ગયાં! એક જુગારી હાથમાંથી પાસો ફેંકતાં પાસો હાથમાંથી છૂટી ગયા પછી વિચારે કે પોતે તેમ પાસો ફેંકવો જોઈતો નહોતો, આમ હાથ મરડીને ફેંકવો જોઈતો હતો, તેમ મને થયું કે મારે આ બલાને ગળે વળગાડવી જોઈતી નહોતી. જિંદગીમાં પાંત્રીસ વર્ષમાંનું એક પૂરું વર્ષ મેં એક સ્થાને ઠરી ઠામ બેસી ગાળ્યું નથી. કોઈ પણ એક વ્યવસાય મેં પૂરા બે વર્ષ સુધી સતત ચલાવ્યો નથી. કોઈ પણ વિજ્ઞાનના કે બીજા વિષયમાં મેં સતત ત્રણેક વર્ષ સુધી રસ ધરાવ્યો હોય એમ બન્યું નથી. એવી સતત પરિવર્તનશીલ મનોદશાવાળો નરભ્રમર એક ભયાનક બેવકૂફી કરી બેઠો, પછી શું થાય? જેમ તેમ મનને મારી પૂરું એક અઠવાડિયું મેં ઘરમાં તારી સાથે ગાળ્યું તે દરમિયાન એક ઘડી પણ મને તારામાં રસ પડ્યો નહિ, હેમા! બસ, વગડાઉ પ્રાણીના જેવો હું રખડુ માનવી તને છોડીને ચાલી નીકળ્યો. ત્યારપછી જે કાંઈ બન્યું છે તેમાં કશું અસ્વાભાવિક બન્યું નથી. જે બનવું ઘટતું હતું તે જ બન્યું છે. પણ હેમા! તું મારી પરિણીતા પત્ની તો હતી જ, એટલે તારી આવી ફજેતી જોવાનું મને જરાયે ગમ્યું નથી...મને બહુ ખરાબ લાગ્યું છે."

હવે હેમપ્રભામાં પરિવ્રાજક સાથે વાત કરવાનું ધૈર્ય આવ્યું. તે બોલી: "તમારે શા માટે ખરાબ લગાડવું જોઈએ? કોઈ જાણતું નથી કે તમે મારા પરિણીત પતિ છો. વળી તમે જ કહો છો કે તમને મારામાં બિલકુલ રસ ઉત્પન્ન થયો નહોતો; તેથી મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને સારું લગાડવા પ્રેમનો દેખાડો પણ કર્યો નહોતો. એક રીતે જોઈએ તો તમે મને અને મેં તમને અન્યાય કર્યો છે, અને બીજી રીતે જોઈએ તો મારો કશો વાંક નથી અને તમારો ય વાંક નથી, કારણકે આપણા સ્વભાવનો મેળ મળવાનો સંભવ જ નહોતો.”

“એ તું ખરું કહે છે, હેમા! આપણે પરસ્પર તો એક સરખાં નિર્દોષ કિંવા એક સરખાં દોષિત જ છીએ, એટલે આપણામાં પરસ્પર વૈરની લાગણી હોવી સંભવિત નથી. હું ખરું કહું છું કે તારું કાંઈ અનિષ્ટ કરવાની મારામાં કલ્પના પણ ઉદ્દ્ભવતી નથી. પણ આપણ બેઉને એક પુરુષે અન્યાય કર્યો છે, એ મારાથી ભુલાતું નથી, હેમા! એ માણસ કોણ છે?”

“એ વાત તમે મને ન પૂછો.” હેમપ્રભા તત્ક્ષણ લાગણીવશ થઈ જતી બોલી: “એ હું કહેવાની નથી અને તમે કદી જાણી શકવાના પણ નથી.”

“એ શું બોલે છે તું! હું કદી પણ જાણી શકવાનો નથી, એમ? તો હેમા! તું જાણી લે કે એક માત્ર લગ્નની બાબત સિવાય બીજી કોઈ પણ મનધારી વસ્તુ મેળવવામાં હું કદી નિષ્ફળ નીવડ્યો નથી. કોઈ વસ્તુની પ્રાપ્તિની પાછળ હું લાંબો વખત મંડી રહ્યો નથી કારણ કે મારી ધગશ અને તત્પરતાએ મને દરેક કામમાં ટૂંક સમયમાં જ સિદ્ધિ મેળવી આપી છે, અને તેથી હું અનેક વિદ્યાઓમાં તથા કલાઓમાં આરપાર ઊતરી જઈ શક્યો છું. મારા જેવા કલાવિદ અને મનોવિજ્ઞાનવેત્તાથી લાંબો વખત ગુપ્ત રહે એવી વસ્તુઓ બહુ થોડી હોય છે. તારી વાત તું ટ્રસ્ટીઓ સમક્ષ ગુપ્ત રાખી શકી અને તે માટે તું સજા ય વેઠી ચૂકી, પણ તારી હેન નથી કે તે મારાથી તું ગુપ્ત રાખી શકે; છતાં હું તારી પાસેથી એ વાત પેલા ટ્રસ્ટીઓની પેઠે બળાત્કારે કઢાવવા માંગતો નથી.”

“અને એ જાણવાની તમને કશી જરૂર પણ નથી, એમ હું માનું છું.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું ભલે ગમે તેમ માને, પણ જરૂર છે એટલે તો હું જાણવા ઈચ્છું છું. પણ તું ન કહે તો કાંઈ ફિકર નથી. હું એ માણસને પૃથ્વીના પડમાંથી પણ શોધી કાઢ્યા વિના જંપવાનો નથી. લાગણીઓનું ચુંબકત્વ એવું છે કે જ્યારે બે વિષમ વૃત્તિઓ એક બીજીની નજીક આવે છે ત્યારે વગરકહ્યે બેઉ આંદોલાયમાન થવા લાગે છે; અને તુરત બેઉના ભાવ અદૃષ્ટ રીતે પ્રગટ થવા લાગે છે. એટલે વહેલો કે મોડો તે જરૂર મારા હાથે પકડાઈ જવાનો તો છે જ. પણ હેમા! એને કારણે તું જરાએ બ્હીશ નહિ. એના પાતકનો બદલો ઈશ્વર જ એને આપવાનો છે. **कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि** એ શાસ્ત્રવાક્યમાં મને પૂરી શ્રદ્ધા છે. એટલે હું પોતે ઈશ્વરનું કામ કરવાની જવાબદારી માથે લેવાનો નથી. હું એને કશી ઈજા કરવાનો નથી અને તે મોટો માણસ હોય તો બદનામ કરવાનો નથી, કારણકે તેના પાપને પલ્લે તે પોતે જ વહેલો કે મોડો તોળાવાનો છે એમાં મને શંકા નથી. પણ જો તે છુપાઈ રહેવા જ ઇચ્છતો હોય તો ભલે આખી દુનિયાની સમક્ષ દટાએલો રહે, પણ મારી સમક્ષ તે દટાઈ રહી નહિ શકે એની તું ખાતરી રાખજે."

હેમા આર્દ્ર આંખે અને દ્રવતા હૃદયે બોલી: "મને તમારા હૈયામાં કોમળતા રહેલી તો લાગે છે, પણ બોલો છો એવું કે જેથી તમે એક આફતરૂપ લાગ્યા વિના રહો નહિ."

"એ તો ઠીક, પણ તું હવે એક વધુ વાત સાંભળી લે. તું જેમ તારા પ્રેમિકનું નામ કોઈને કહેવા માંગતી નથી તેમ તારે તારા પતિનું–મારું નામ પણ કોઈને–તારા પ્રેમિકને ય કહેવાનું નથી, એ વાત ધ્યાનમાં રાખજે."

"પણ મને સમજાતું નથી કે તમારે વળી ગુપ્ત રહેવાની જરૂર શી છે? તમે તમારે પ્રકટ રીતે મને પત્ની તરીકે ઓળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવી, મારા અપ્રકૃત્ય પર પ્રકટ ગુસ્સો બતાવી, મારો ત્યાગ કર્યો હોવાનું જાહેર કરી દોને ! અને વાજબી પણ એ જ છે. ”

“ ના, વ્યભિચારિણીના પતિ તરીકે જાહેર થઈ મારે કાંઈ લ્હાવો લેવો નથી તો ! જો પેલો ગુપ્ત રહીને બદનામીથી બચ્યો છે તો હું કેમ ન બચું ? ગમે તેમ, મારે જાહેર થવું નથી, બલકે હું તો ઇચ્છું છું કે તું ય બ્રહ્મચારિણી તરીકે ઓળખાવાનું હવે બંધ કરીને વિધવા તરીકે ઓળખાવા લાગે તો વધુ ઠીક. લોકો પૂછે તો કહેજે કે તારો પતિ મરણ પામ્યો છે. અનીતિમતી વિધવા સમાજમાં દયા જાગ્રત કરે છે, જયારે અનીતિમતી કુમારિકા રોષ જગાડે છે. વિધવા તરીકે તું લોકોની દયા કે સહાનુભૂતિ પામીશ. ”

“ ના, મારે એવું કશું કરવું નથી. ”

“ ભલે, પણ મેં તને શું કહ્યું ? કોઈને ય તારે મારી ઓળખાણ આપવી નહિ. કે કોઈ વાર આપણો કોઈની સમક્ષ ભેટો થઈ જાય તો તારે એવું વર્તન ચલાવવું નહિ કે જેથી આપણી પરસ્પરની કાંઈ જૂની ઓળખાણ હોય એવું માલૂમ પડી આવે ! તારો પ્રેમિક જો કયાં ય નિકટમાં હોય અને હજી ય તું તેને કોઈ વાર મળતી હોય તો તેને ય મારી ઓળખાણ આપીશ નહિ. આમાં જો કાંઈ ભૂલ કરીશ, તો યાદ રાખજે, તારું જીવન અને તારા પ્રેમિકનું પણ જીવન તથા આબરૂ એ બધું ય મારી મુઠ્ઠીમાં છે. બસ, એટલામાં બધું સમજી જજે ! ”

“ તમે કહો છો તેમ કરીશ. તમારી ય વાત છાની રાખીશ. ”

પરિવ્રાજક બોલ્યો : “ સામે જાગતાં જોધ જેવાં મહાકાળી બેઠાં છે, તેમના સોગંદ ખા ! ”

“ મને મહાકાળીના સોગંદ. ”

પછી પરિવ્રાજક હેમા પાસેથી ચાલ્યો ગયો. ચારુદત્તને નામે તે ત્યાં ઓળખાતો હતો.

હેમપ્રભાએ છૂટકારાનો શ્વાસ લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના ભાવિનો વિચાર કરતી વખતે હેમપ્રભાના મનમાં એક વાર એમ થયું હતું કે આ સંસારમાં પોતાનું એવું કોઈ સ્વજન નહોતું કે જેની પાસે પોતે થોડો સમય પણ આશ્રિત બનીને રહી શકે. તેવા આશ્રય માટે તેની દૃષ્ટિ કોઈ સાર્વજનિક આશ્રમ શોધી કાઢવા તરફ લાગી રહી હતી. એવા કોઈ આશ્રમમાં રહી, પોતાથી બનતી કામગીરી કે સેવા કરી તે પોતાની બાળકીને ઉછેરવા ઇચ્છતી હતી. વહેલી સવારમાં ઊઠી તે વાસંતીદેવીની છેવટની આજ્ઞા લેવા તેમની પાસે ગઈ, અને વાસંતીદેવીએ તેને તેની જણસો તથા થોડા પૈસા સોંપીને વિદાય કરી. ત્રણ વર્ષ પૂર્વે જ્યારે તે આશ્રમમાં આવી હતી, ત્યારે તેની પાસે બે ત્રણ તોલા સોનાની એક સાંકળી હતી, બે કર્ણફૂલ હતાં, બે સોનાની પાતળી બંગડીઓ હતી, ત્રીસ-પાંત્રીસ રૂપિયા રોકડા હતા; એ બધું તે વખતે આશ્રમમાં તેની અનામત તરીકે રાખવામાં આવેલું, તે હવે તેને પાછું સોંપી દેવામાં આવ્યું; એટલે તે અધિષ્ઠાત્રીને છેલ્લું વંદન કરી ચાલી નીકળી.

આશ્રમથી કાંઈક દૂર યમુના નદી પત્થરબાંધ્યા ઘાટ, પગથિયાં અને દીવાલને સ્પર્શતી વહી જતી હતી. ઘાટ અને આશ્રમની વચ્ચે પુષ્કળ ખુલ્લી જમીન હતી. તે જમીન ગુજ્જર-આહિર લોકોનાં ગાયોનાં ધણને બેસવા માટે, સાધુ-બાવાઓની રાવટીઓ કે છત્રીઓ નાંખવા માટે, મદારીઓની જમાતોના પડાવ માટે કે ભગત-ભિખારાંને પડી રહેવા માટે ઉપયોગમાં આવતી. બે-ચાર સમાધિ જેવી દેરડીઓ, એક-બે નાનાં દેવમંદિરો કે દ્વાર વગરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવની દહેરીઓ, આઠ–દસ છૂટાં છવાયાં ઝાડ, એવું બધું એ ખુલ્લી જમીનમાં આવેલું હતું. ત્રણ વર્ષના વસવાટે હેમપ્રભાને આ સ્થાનથી અપરિચિત રાખી નહોતી; એટલે તે આશ્રમમાંથી નીકળીને સીધી ઘાટની નજીકની એક હનુમાનની દહેરી તરફ જ ચાલી નીકળી. દહેરીની કે દહેરીમાંના દેવની સારસંભાળ લેવાની કાંઈ જ વ્યવસ્થા નહોતી, એટલે ત્યાં જઈ બેસવાથી તેને કોઈ ઉઠાડી કે કાઢી મૂકે તેમ નહોતું; છતાં તે દહેરીમાં જ રહેવાનો તેનો મનોભાવ નહોતો. દહેરીની એક બાજુએ દહેરીની એક ભીંતને અઢેલીને તેણે વાંસ–તાપડાં તથા ઘાસ–તાડછાંની એક ઝૂંપડી બનાવીને તેમાં રહેવા માંડ્યું.

આશ્રમવાસીઓએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ બહુ નવાઈ પામ્યા. હેમપ્રભા આમ કરશે એવું કોઈએ કલ્પ્યું નહોતું. કોઈ માનતું કે તે બંગાળમાંના પોતાના ગામડામાં જઈને રહેશે અને કાંઈ ઘરગથ્થુ ઉદ્યમ કરી ખાશે; કોઈએ ધારેલું કે કોઈ અનાથાશ્રમ કે વિધવાશ્રમ વિના બીજું કોઈ તેને સંઘરવા તૈયાર થશે નહિ; કદાચ તે મથુરાનગરમાં જઈને રહેશે એમ કોઈ કોઈએ કલ્પના કરેલી, પરંતુ એ કલ્પના તેમને તુરત વિસંવાદી જ લાગેલી; જે સ્થાનમાં હેમપ્રભા બદનામ થઈ, તેનું પાપકર્મ જાહેર થયું, જ્યાં તેની ફજેતી થવામાં કશી મણા રહી નહિ, જ્યાં તે લોકોમાં અજાણી હતી તેટલી જ જાણીતી થઈ ગઈ, તે સ્થાને કયું મ્હોં લઇને તે વસવાટ કરી રહેવાનું પસંદ કરે ? સૌ માનતાં હતાં કે તે આ સ્થાનથી એટલે દૂર ચાલી જશે કે જ્યાં તેને કોઈ ઓળખાણવાળું માણસ સામું મળે નહિ. પણ હેમપ્રભાએ તો જે યમુનાના તીર વિભાગમાં મહાકાળીનું મંદિર તથા સેવાશ્રમ આવેલાં હતાં તે જ યમુનાને તીરે પોતાની પર્ણકુટી રચીને રહેવા માંડ્યું, એ કેટલું વિચિત્ર !

તેણે એવું કેમ કર્યું હશે ? કલ્પના તો કરી શકાય છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પ્રેમિકની બાળકી તેના ખોળામાં રમતી હતી તે પ્રેમિક આ નગરમાં કે તેની નિકટમાં ક્યાંક રહેતો હોય. તેના ઊંડા અંતરમાં આશા પણ હોય કિંવા તેણે તેને વચન આપ્યું હોય કે ભવિષ્યમાં પોતે એને પત્ની તરીકે પ્રકટ રીતે અંગીકારશે અને તેને વધુ વખત કલંકિતા તરીકે એકલી–અટૂલી નહિ રહેવા દે. બનવાજોગ લેખાય કે આટલી હડધૂત થયા છતાં તે કોઈ અખૂટ સ્નેહ–મોહને દોરડે બંધાઈ રહી હોય અને તેના પ્રેમિકે તેને વખતોવખત છૂપી રીતે મળવા આવવાનો સંકેત કર્યો હોય, તો એ મોહમુગ્ધ નારી એ સંકેતમાંથી ઊઠતી આનંદલહરી માણવાની અભિલાષા ધરાવતી પણ હોય. અને એ પણ અસંભવિત નહોતું કે તેની પાપભીરુતાએ તેને પતનને સ્થાને જ રહીને પ્રાયશ્ચિત્ત કરવાની ઊંડી તપશ્ચર્યા કરવા પ્રેરી હોય.

હનુમાનની દહેરી પાસેની તેની કુટિરે પડોશમાંના પડાવો-વાળાનું પણ ધ્યાન ખેંચ્યું. બાળકી માટે ચાર પૈસાનું દૂધ લેવા તે નજીકમાં આવેલા એક વાસવાળી આહીરાણી પાસે ગઈ, ત્યારે તેણે તેને કાંઈ કાંઈ પૂછી નાંખ્યું અને તેણે તેને એવા જવાબોથી સંતોષી કે આહીરાણીને હેમપ્રભા માટે માન ઊપજ્યું. ધણી ક્યાં રહે છે તેની ખબર ન હોય તેવી ગરીબ ત્યક્તા નારી બાવણ બનીને સદાવ્રત ઊઘરાવવાને બદલે બની શકતો ઉદ્યમ કરીને પોતાનું ને બાળકીનું પેટ ભરવાનું પસંદ કરે તેને માટે તો અભણ બૈરું પણ કેમ માન ધરાવ્યા વિના રહે ?

પોતા પાસે જે થોડું ધન હતું તે કાંઈ લાંબો સમય જવાબ આપી શકે તેમ નહોતું તેની હેમપ્રભાને ખબર હતી, એટલે વહેલાં–મોડાં પેટગુજારા જેટલું કમાવાની પોતાને જરૂર પડશે તેનું તેને ભાન હતું. વિશિષ્ટ પ્રકારનો કોઈ હુન્નર તે શીખી નહોતી, છતાં તેને સીવણમાં થતી કારીગરીની અને ગૂંથણની આવડત હતી, જેને તેણે આશ્રમમાં કટાઈ જવા દીધી નહોતી. તે અવકાશે પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંચળી–કબજા સીવતી અને બીજાને સીવી આપતી. માસીને ઘેર માસીની અને માસાની લાંબી માંદગીમાં તેમની ચાકરી કરવાનું કંટાળાભરેલું કામ ઘરમાંની દાસી તરીકે તેના ભાગે આવેલું એટલે તેને પરિચર્યાનો એવો અનુભવ હતો કે જેને વિશિષ્ટ શિક્ષણ તો ન કહી શકાય પરંતુ રોગીઓની શુશ્રૂષા અંગેની સામાન્ય માહિતી ધરાવતી તો કહી શકાય. તે નાડીનું અને હૃદયના ધબકારાનું માપ લઈ જાણતી, રોગીને સેક કરવો હોય તો તેને કરતાં આવડતું, દવાના ડોઝનાં માપ તે ઓળખી શકતી; રોગીને સુવાડવાનું બેસાડવાનું કામ તેને તકલીફ ન પડે તેમ કેવી રીતે કરવું તે સામાન્ય માણસને સમજાતું નથી હોતું, પણ હેમપ્રભાને તે કામના અનુભવે નિષ્ણાત બનાવી હતી. એ બેઉ પ્રકારનાં કામોમાંથી વખત જતાં પોતે ગુજરાન જોગું કમાઇ શકે તો ઠીક એવું તે ઇચ્છતી હતી. તેણે એ દિશામાં પ્રયત્નો પણ આરંભ્યા હતા.

સૌથી પહેલાં તેણે મહાકાળીની મૂર્તિ માટે એક ચૂંદડી અને કંચુઓ તૈયાર કર્યાં. તેમાં રંગીન તથા સોનેરી કસબનાં ફૂલ મૂક્યાં. તેની કિનારી જરીના તારથી ગૂંથી અને બેઉ નમૂના એવા સુંદર બનાવ્યા કે અયોધ્યાપ્રસાદે તે જોતાં જ પ્રસન્ન થઈને સ્વીકારી લીધાં. અયોધ્યાપ્રસાદને હેમા ઉપર કાંઈ ખાસ લાગણી ન હતી. તે પતિતા હતી, સજા પામીને ફજેત થઈ હતી, એવી સ્ત્રી કોઈ વાર મંદિરે આવે નહિ તે જ સારું એવું તેના મનમાં હતું, પરંતુ તેની કારીગરીએ નિપજાવેલા પક્ષપાતથી તેણે એ બેઉ વસ્તુઓને સ્વીકારી લઈને બીજે જ દિવસે માને ધારણ કરાવી. હેમપ્રભા પોતાનાં અર્પણ કરેલાં વસ્ત્રોમાં સજ્જ થએલી માની મૂર્તિની શોભા જોઈ આવી અને મનમાં રાજી થઈ. મથુરામાં અનેક મંદિરો હતાં અને નાની મોટી સેંકડો મૂર્તિઓ હતી; તેમને રોજ નવાં નવાં વસ્ત્રો સજાવાતાં અને ભક્તો તેવાં વસ્ત્રો તૈયાર કરાવી અર્પણ કરતા. આવાં વસ્ત્રો અને મૂર્તિના શણગારનાં બીજાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનો તૈયાર કરાવી વેચનારાઓની દુકાનો હતી. એવી વસ્તુઓ જથ્થાબંધ તૈયાર કરાવવામાં આવતી અને છૂટક વેચવામાં આવતી. પરગામથી આવતા જાત્રાળુઓ પોતાના ગામ નગરનાં કે ઘર આંગણુનાં દેવમંદિરો માટે જોઈતો આવો કેટલોક સામાન તો એ તીર્થસ્થળેથી ખરીદી પણ જતા. જથ્થાબંધ બનતા એવા માલમાં હેમપ્રભાની ધીરી હાથકારીગરીનું સ્થાન મર્યાદિત હતું. સીવણુમાં કે ભરતની કારીગરીમાં સાંચાના કામ આગળ તેનું કામ દીપી નીકળતું ખરું પણ તેનું પ્રમાણુ ઓછું નીપજતું. હેમપ્રભાને બહુ ઓછા પૈસા મળતા. દર્દીઓની શુશ્રૂષા કરવાનું–નર્સિંગનું કામ મેળવવા તેણે હોસ્પિટલમાં પ્રયત્ન કરી જોયો, થોડા ડાક્ટરોની ય ખુશામત કરી જોઈ. 'અનક્વોલિફાઇડ નર્સ' ની કોઈને જરૂર નહોતી.

પોતાની જાત પર બની શકતી કરકસર કરીને તે પોતાનું નાનકડું ઘર ચલાવતી અને તેને આશા હતી કે ધીરે ધીરે કામ વધુ મળતાં આવક વધશે એટલે પોતે પોતાના ખર્ચને પહોંચી વળશે. તે લુખ્ખું–સાદું રાંધી–સેકીને ચલાવતી, પણ બાળકીને વખત થતાં દૂધ સાથે ભાત કે સાકર આપતાં કસર કરતી નહિ. પોતે એક સફેદ સાળુ પહેરીને ચલાવતી, પરંતુ બાળકીને ટાઢ–તાપમાંથી રક્ષણુ આપવા માટે જોઈતાં કપડાં વસાવ્યા વિના રહેતી નહિ. ઝૂંપડીની અંદર કોઈ કિંમતી વસ્તુ રાખવી એ સલામતીભર્યું ન લેખાય એમ સમજીને કે નકામું ખર્ચ ન કરવું એમ સમજીને હેમપ્રભાએ પોતાને આંગણે ધાતુનું એક જ વાસણ વસાવ્યું હતું તે એક તાંબાનો લોટો. બાકી બધાં માટીનાં વાસણથી તે ચલાવી લેતી.

આહીરોનાં ટોળાંની આવજા વર્ષના નવ–દસ માસ સુધી ચાલુ રહેતી પણ વરસાદના બે–ત્રણ માસમાં એ સ્થાન વેરાન જેવું લાગતું. કોઈ કોઈ મસ્ત બાવાઓ એ દિવસોમાં ય છત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોડીને પડ્યાં રહેતા, છતાં એ એકલતા કોઈ વાર હેમપ્રભાને ભય ઉપજાવતી. એ સ્થળે ઝૂંપડી બાંધીને રહેતી એ એકલી નારીની ઓળખાણ જેમ જેમ લોકોને અને નજીકમાં આવજા કરનારાઓને પડવા લાગી તેમ તેમ જૂના કુતૂહલે નવું સ્વરૂપ ધારણ કર્યું અને લોકો તેને તાકીતાકીને જોવા લાગ્યા. કોઈ તેની પતિતતા ઉપર મોં મચકોડતું, કોઈ એવી હીણી નારીની ઉદ્યમશીલતા તથા સુઘડતા જોઈને ચકિત થતું, તો કોઈ તેને ગાળો ય દેતું: 'એ રાંડે પોતાના વતનમાં જવાને બદલે અહીં કેમ ધામો નાંખ્યો ? હલકો ધંધો તો માંડી બેઠી નથી ને ?' જતાં આવતાં કોઈ કોઈ વાર તરેહવાર હીણા બોલ તેના કાન સાથે અથડાતા; છતાં બોલવા કરતાં દૃષ્ટિથી ચિત્રવિચિત્ર ચેષ્ટાઓ દ્વારા ટીકા કરનારા પુરુષો વિશેષ હતા, સ્ત્રીઓ થોડી હતી. એ બધું તે વેઠી લેતી. લોકો પર તેની એવી છાપ પડતી હતી કે જાણે તે યમુનાતીરે તપશ્ચર્યા કરી રહી હોય. કોઈ અતીત બાવા એમ માનતા કે એ કોઈ પાપિણી પણ ધનવાન બાઈ હશે અને વયે જુવાન હોવા છતાં આ પવિત્ર ભૂમિમાં મૃત્યુ પામવા માટે આવી વસી હશે. એવા કોઈ કોઈ તો હેમપ્રભાની ઝૂંપડીએ આવીને કહેતા: "એ રી માઈ! યે સંત પુરુષકું કુછ સુવર્ણકા દાન દે, જિસસે તેરે સબ પાતક નષ્ટ હો જાયેંગે!" હેમાને એવા બોલ પોતાના ચારિત્ર્ય ઉપર કડવી ટીકા જેવા લાગતા. તે નિઃશ્વાસ નાંખતી; પણ કશું બોલ્યા વિના કાંઇ નહિતો નાનામાં નાનું રૂપાનાણું તેના હાથમાં મૂકીને તેને વિદાય કરતી.

યમુનાના તીર પરનો નિવાસ પોતાને ફાવશે કે નહિ તે વિષે પ્રારંભમાં હેમપ્રભાને સંશય હતો, પણ સમય જવા લાગ્યો અને કોઈ પ્રકારનો ખાસ ઉપદ્રવ નડતો નથી એમ તેણે જોયું એટલે તેનો સંશય ઘસાવા લાગ્યો. વરસાદની ઋતુમાં નિસર્ગનો ઉપદ્રવ નડતો, ધોધમાર વરસાદ પડતો, ત્યારે નળિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંધીને ઝૂંપડીમાં પાણી વરસતું. પણ તે વખતે હેમપ્રભા અને તેની બાળકી હનુમાનની દહેરીમાં મૂર્તિની બાજુમાં ભરાઈ રહીને જાતને જાળવી લેતાં. એમ એક ચોમાસું વિતાવ્યા પછી બીજું ચોમાસું આવ્યું તે પહેલાં હેમપ્રભાએ હનુમાનજીના ખુલ્લા પડેલા ચોતરા ઉપર છાજ–નળિયાં નાંખીને એ ખંડેર જેવી પડેલી દહેરીને ઘાટમાં આણી, એટલે બે કામ થયાં : એક તો તેને માટે વરસાદની ઋતુમાં રક્ષણસ્થાન બન્યું અને બીજું જતા આવતા કોઈ હનુમાન-ભક્ત તરફથી હનુમાનજીને છાપાં સિંદુરની પૂજા મળવા લાગી.

ભોજન તૈયાર કરવાનો અને તે માટે ઉદ્યમ કરવાનો વ્યાપાર હેમપ્રભાના સ્થૂળ જીવનને આવરી લેતો; પરંતુ તેનું સૂક્ષ્મ જીવન તો તેની બાળકીની આસપાસ જ રમ્યા કરતું. તે તેને લાડ લડાવતી એમ ન કહી શકાય, પરંતુ તેને તે પૂરી કાળજીથી ઉછેરતી, તેને પોતાથી બની શકે તેવાં સુંદરમાં સુંદર વસ્ત્રો પહેરાવતી, તેને માટે પોતાના ગજા કરતાં વધુ ખર્ચ કરવાની હામ ભીડતી અને સુંદર લાવણ્યમય તથા હવે તો આછું આછું હસતાં શીખેલું એનું વદન જોઈને તે જાણે ગાંડીઘેલી બની જતી. નિસર્ગે એ બાળકીને ઊજળો દેહવર્ણ, ઘાટીલાં અંગોપાંગ, બદામ જેવી આંખો, તેજસ્વી કપાળ અને અવિચ્છિન્ન આરોગ્ય આપ્યાં હતાં, એટલે હેમપ્રભાની આંખોને તે ઇંદ્રલોકમાં જન્મેલી કોઈ દૈવી બાળકી જેવી દેખાતી. યમુનાને તીરેથી વીણી આણેલાં છીપ તથા શંખલાં, જંગલી છોડવા ઉપરથી તોડી આણેલાં રંગ–બેરંગી ફૂલ અને હાથે બનાવેલી બે–ચાર સુંદર ઢીંગલીઓની વચ્ચે બેસીને રમતી એ બાળકીને જ્યારે હેમપ્રભા એકીદષ્ટે આનંદથી નિહાળી રહેતી ત્યારે તેનાં ભૂતકાળનાં બધાં દુઃખો વિસારે પડી જતાં, ભવિષ્યની કોઈ જ ચિંતા તેને સ્પર્શતી નહિ, માત્ર વર્તમાન સુખસ્વપ્નમાં જ તે નિમગ્ન બની જતી.

આસપાસ રમતાં અને ભટકતાં આહિરોનાં બાળકો કે ભિક્ષુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાં-છોકરીઓથી કેવળ જુદી જ પડી જતી એ સુંદર વસ્ત્રો પહેરતી બાળકી જતા-આવતા લોકોનું પણ આકર્ષણ કરતી. કોઈ કોઈ તો તેના સુંદર દેહઘાટ અને નમણા વદનમંડળની તેજસ્વિતાને ક્ષણભર ઊભા રહીને નીરખી લેતાં, અને તેમના મનનું એ કુદરતી આકર્ષણ તેની જનની પ્રત્યેના પહેલાંના અભાવનું પ્રક્ષાલન કરી પક્ષપાતને જન્મ આપતું. એ બાઈ કોઈ હલકી સ્ત્રી નથી, તેનામાં કાંઈક વિશેષતા છે, વ્યક્તિત્વ છે, એવી થતી જતી પિછાણ પહેલાંની તેમની જ વિચિત્ર ચેષ્ટાઓનું પ્રક્ષાલન કરતી.

ત્રણ વર્ષ પૂરાં થતાં બાળકીની કાલી વાણીમાં સુરેખતા ઊતરવા લાગી. તેની વાતોમાં વિલક્ષણ પ્રશ્નો પ્રવેશવા લાગ્યા. તેની બુદ્ધિનો વિકાસ અસાધારણ ઝડપથી થતો ભાસવા લાગ્યો. કોઈ કોઈ વાર તો હેમપ્રભા પોતે જ તેની બાલિશ વાતો સાંભળીને ચોંકી જતી અને વિચારમાં પડી જતી કે, આવું આવું તે બોલતાં અને પૂછતાં કયાંથી ને કેવી રીતે શીખી હશે ! તે વખતે તેને પુત્રી પર ખૂબ વહાલ ઊપજતું, તે ઉમળકાથી તેની પર ચુંબનોની વૃષ્ટિ કરતી અને હૈયા સાથે દાબીને વાત્સલ્યભરી હૂંફ આપતી.

એક વાર તેણે હનુમાનજીની મૂર્તિની સામે જોઈ ને માતાને પૂછયું: “બા, આ કોણ છે ?”

“તે હનુમાનજી છે.”

“તે અહીં કેમ ઊભા છે ?”

“એમની બાએ એમને અહીં ઊભા રહેવાનું કહ્યું છે.”

“એમની બા કયાં છે ?”

“જો, આઘે પેલું ઊંચું મંદિર દેખાય છે ને, તેમાં તે રહે છે.”

“તો હું એ હનુમાનજીની બાને જોવા જઉં ?”

“તું એકલીથી ત્યાં ન જવાય. હું તને કોઈ વાર સાથે લઈ જઈને બતાવીશ.”

અને પછી તો પુત્રીએ માતા પાસે ઉઘરાણી કરવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બા, આજે હનુમાનજીની બાને જોવા જઈશું ?"

"ના, આજે નહિ; આજે તો આપણે નગરમાં જવાનું છે. બે–ચાર દિવસ પછી જઈશું."

મહાકાળીને મંદિરે પુત્રીને લઈ જવાના વાયદા હેમપ્રભા કર્યે જતી હતી. વસ્તુતઃ તેને ત્યાં જવાની બહુ ઇચ્છા થતી નહિ. આશ્રમમાંથી મુક્ત થયા પછીનાં ત્રણ વર્ષમાં ભાગ્યે જ તે ત્યાં ત્રણ ચાર વાર ગઈ હશે અને તે પણ મહાકાળીનાં વસ્ત્રશણગારને અંગે જ. તે ત્યાં જતી ત્યારે સંકોચાતાં સંકોચાતાં પૂર્વપરિચિત સ્થાનો પર દૃષ્ટિપાત કરી લેતી, અને કોઈ વ્યક્તિ દૃષ્ટિએ પડે તો તેને જોઈ લેતી. બસ, એટલું જ; કામ પતી ગયે તે પાછી ચાલી નીકળતી. એ અંગે જ પૂજારી અયોધ્યાપ્રસાદ સાથે તેનો કિંચિત્ પરિચય માત્ર રહ્યો હતો. બીજાં કોઈનો તેને કોઈ વાર મેળાપ પણ થયો નહોતો. આશ્રમમાંનું જીવન, ત્યાંની પરિચિત વ્યક્તિઓ, એ સ્થાન, બધું ય સ્મૃતિમાંથી ઘસાઈ ભૂંસાઈ જાય, એવું જ જાણે તે ઇચ્છી રહી હતી.

બે–ચાર દિવસના વાયદા ઉપર વાયદા કર્યે જતાં હેમપ્રભાએ કેટલાય મહિના કાઢી નાંખ્યા. ધીરેધીરે બાળકીમાં ઇચ્છાનો વિકાસ થયે જતો હતો. પ્રકૃતિમાંનો તમોગુણ આકાર લઈ રહ્યો હતો. હર્ષશોકની લાગણીઓ ખીલ્યે જતી હતી. આથી એક બાજુએ તેનું ચાંચલ્ય પ્રસ્ફુટ થતું જતું હતું, ત્યારે બીજી બાજુએ હેમપ્રભાને મન તેની કનડગત વધતી જતી હતી. એક વાર બાળકીએ માતા સમક્ષ હનુમાનજીની બાના મંદિરે જવાની હઠ લીધી અને તેના જવાબમાં ફરી હેમપ્રભાએ ત્રણ–ચાર દિવસનો વાયદો કર્યો એટલે તે રિસાઈને બેઠી. તેણે માતા સાથે બોલવાનું બંધ કર્યું. હેમપ્રભા તેને ખવડાવવા બેઠી ત્યારે તેણે ન ખાવાની હઠ લીધી. હેમપ્રભા ચિડાઈ અને છોકરીને એકાદ તમાચો મારવાનું તેને મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું, પણ હાથ ઊપડ્યો નહિ. પુત્રીની હઠ અને માતાનું વાત્સલ્ય એ બેઉની વચ્ચે બપોર થતાં સુધી યુદ્ધ ચાલ્યું. છેવટે હઠ જીતી. હેમપ્રભાએ કહ્યું: "જો તું અત્યારે ખાઈ લે, તો આપણે તુરત હનુમાનજીની બાને મંદિરે જઈશું." બાળકી ત્યારે જ મનાઈ અને તુરત તેણે જમી લીધું.

ભોજન પતી ગયા પછી હેમપ્રભાએ તેને નવડાવીને સુંદર કપડાં પહેરાવ્યાં. આસમાની રંગનો સદરો પહેરાવ્યો. વાળ બાંધીને બેઉ બાજુએ આસમાની પટીનાં બે ફૂલ લગાડ્યાં. પગમાં લાલ પટીનાં નાનાં ચંપલ પહેરાવ્યાં. પછી તે પુત્રીને આંગળીએ વળગાડીને મંદિર તરફ ચાલી. જવાના નિમિત્ત અર્થે તેણે મહાકાળી માટે એક ચૂંદડી અને કમખો પૂજારીને આપવા સાથે લીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭] . . . . . પરિવ્રાજકનો ઔષધોપચાર

આશ્રમના ટ્રસ્ટીમંડળે બીજા દિવસની બેઠકમાં મંદિર તથા આશ્રમની વ્યવસ્થા અંગેના થોડા નાના સુધારા કર્યા હતા, પરંતુ એક મહત્ત્વનો ફેરફાર આશ્રમના બ્રહ્મચારીઓ, સંન્યાસીઓ તથા બ્રહ્મચારિણીઓ, સંન્યાસિનીઓ વચ્ચેના મિલન–વ્યવહારને લગતો કર્યો હતો. આશ્રમનો સામાન્ય વ્યવહાર એવો હતો કે કોઈ પણ બ્રહ્મચારિણી કે સંન્યાસિની આશ્રમમાંના બ્રહ્મચારી કે સંન્યાસી સમક્ષ આવીને પોતાના વાચન–અધ્યયનમાં તેની મદદ મેળવી શકે, માત્ર એવું મિલન એકાંત સ્થાને ન થઈ શકે, અર્થાત્ કોઈ એકાંત ઓરડામાં તેવાં સ્ત્રી–પુરુષો મળી શકે નહિ, પરંતુ જ્યાં સૌની આવજા ચાલ્યા કરતી હોય ત્યાં એવું મિલન બાધ્ય ન લેખાય. રાત્રિમાં તો એવું મિલન સર્વથા પ્રતિબદ્ધ હતું, પરંતુ દિવસે થતો આ મિલનવ્યવહાર હવે નિયંત્રિત થયો હતો. આ નિયંત્રણ એવા પ્રકારનું ઠરાવવામાં આવ્યું હતું કે ઓછામાં ઓછી ત્રણ સ્ત્રીઓ અને ઓછામાં ઓછા બે પુરુષો જ એકત્ર મળીને અધ્યયન–વાચન કરી શકે. માત્ર આશ્રમના કુલાધ્યક્ષ આ નિયંત્રણથી પર રહી શકે, એટલે કે એમની એકલાની સમીપે બ્રહ્મચારિણી, સંન્યાસિની અધ્યયનાદિ માટે જઈ શકે.

આ ઉપરાંત સ્ત્રીવિભાગમાં વસતી બ્રહ્મચારિણી સંન્યાસિનીઓ માટે એક નિયમ ઠરાવવામાં આવ્યો હતો કે કોઈ પણ સેવાકાર્ય માટે, કોઈ ધર્મકાર્ય માટે કે દેવદર્શનાદિ માટે આશ્રમની બહાર ત્રણથી ઓછી સ્ત્રીઓ સાથમાં જઈ શકે નહિ. પુરુષ વિભાગમાંના બ્રહ્મચારીઓ માટે એવું ઠરાવવામાં આવ્યું હતું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે કે તેથી વધુ બ્રહ્મચારીઓ જ સાથે જઈ શકે, કોઈ એકલો જઈ શકે નહિ. સંન્યાસીઓ માટે એ નિયમ નહોતો. તેઓ એકલા પણ જઈ શકે.

જ્યારથી હેમપ્રભાનું પ્રકરણ જાગ્યું ત્યારથી સ્વામી સાધનાનંદજીના અંતરમાં એક પ્રકારનું દુઃખ ઉત્પન્ન થયું જ હતું, તેમાં વળી ટ્રસ્ટીઓ જે નવા નિયમો કરી ગયા તેથી વિશેષ દુઃખ થયું હોય તેમ તેમના વદન પરની વિશેષ ઉદાસીનતા ઉપરથી જણાતું હતું. એ દુઃખ તે કોઈની પાસે પ્રકટ કરતા નહિ; બોલીને કે મૌન ચેષ્ટા કરીને પોતાનું મનોદુઃખ તે કોઈની જાણમાં આવવા દેતા નહિ; પરંતુ એક વાર મંત્રી રાજેન્દ્ર શર્મા પાસે તે બોલ્યા હતા: "શું મારા આશ્રમના સંન્યાસીઓના શીલ ઉપર ટ્રસ્ટીઓને અવિશ્વાસ આવ્યો કે જેથી તેમણે આવાં નિયંત્રણો ઘડી કાઢ્યાં?" તે ઉપરથી તેમનું મનોદુઃખ કળાઈ આવ્યું હતું. ત્યારપછી તો એમનું દુઃખ જાણે ઉત્તરોત્તર વધતું જતું હોય એમ તેમનું શરીર શોષાવા લાગ્યું હતું, વદન પર પાંડુતા આવતી જતી હતી અને તેમનું એકંદર આરોગ્ય ઝડપથી લથડતું જતું જોવામાં આવતાં આશ્રમવાસીઓ ચિંતાતુર બનવા લાગ્યા હતા.

એક વાર વાસંતીદેવી, રાજેન્દ્ર શર્મા અને અયોધ્યાપ્રસાદ સાથે મળીને સ્વામીજી પાસે આવ્યાં અને સૌની વતી વાસંતીદેવીએ વિનંતિ કરી: "ભગવન્! આપે તપશ્ચર્યા આદરી છે કિંવા કોઈ તાજા બનાવોથી આપને વસમું લાગ્યું છે તે કશું અમે સમજી શકતાં નથી, પરંતુ આપનું શરીર સુકાતું જાય છે એ તો હકીકત છે. હા, આપના નિત્યકાર્યમાં કશી ઊણપ આવતી નથી. બધું કાર્ય આપ નિયમિત રીતે ઉત્સાહભેર કર્યે જાઓ છો. કાર્યમાં આપના શરીરની કોઈ પ્રકારની અશક્તિ જણાતી નથી, પરંતુ તેથી તો અમે વધુ ચિંતાતુર બનીએ છીએ. લોહી શોષાતું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે માનસિક બળાત્કારપૂર્વક શરીર પાસે પૂર્વવત્ કાર્ય કરાવ્યે જવાથી શરીર વધારે ક્ષીણ થવા લાગે છે. તબિયત નબળી હોય ત્યારે વિશેષ આરામ, સારો ખોરાક અને ઘટતો ઔષધોપચાર કરવો જોઈએ. એ બધું આપના ધ્યાન પર લાવવા અમે આવ્યાં છીએ."

એ સાંભળી રહીને સ્વામીજીએ મંદ સ્મિત કર્યું. એ સ્મિતમાં તે ત્રણે વ્યક્તિઓના સદ્ભાવ માટે કૃતજ્ઞતા રહેલી હતી, પણ મુખેથી તે કશું બોલ્યા નહિ.

રાજેન્દ્ર શર્માએ કહ્યું: "આપને દુઃખ લાગે એવું કેટલુંક ટ્રસ્ટીઓ કરી ગયા છે, પરંતુ તેમને યોગ્ય લાગ્યું તે તેમણે કર્યું. તેનો હવે શો ઉપાય?"

"નહિ નહિ, શર્માજી!" સ્વામીજી બોલ્યા: "યોગ્ય હશે તે જ તેઓએ કર્યું હશે એવો મને વિશ્વાસ છે. તત્કાળ તો મને તેથી જરા વસમું લાગેલું, પણ હવે મારા મનમાં કશું નથી. તેમણે ઠરાવેલા નિયંત્રણમાં રહીને બધાં વર્તે એવો હું પણ આગ્રહ રાખું છું."'

વાસંતીદેવી બોલ્યાં: "આપની ઉદારતા અને સહિષ્ણુતા અદ્વિતીય છે, એટલે તે અણગમતી વાતને પણ આપે પચાવી લીધી હશે: પરંતુ કહો કે ન કહો, આપના આરોગ્ય ઉપર તો અનિષ્ટ અસર થઈ જ છે. એટલે આપ અમારી એક વિનંતિ સ્વીકારો. કોઈ સુયોગ્ય વૈદ્ય કે ડૉકટરને શરીર બતાવી આપ કાંઈ ઔષધનું સેવન કરો."

"દેવીજી!" વધારે ઘેરું સ્મિત કરીને સ્વામીજી બોલ્યા: "મને કોઈ જ ઔષધની જરૂર નથી. શરીરનું આરોગ્ય શું જીવનમાં બહુ મૂલ્યવાન વસ્તુ છે?"

અયોધ્યાપ્રસાદ બોલ્યો: "**शरीरमाद्यं खलु धर्मसाधनम्** એટલું અમે તો જાણીએ. અમને કાંઈ ધર્મના આધ્યાત્મિક રહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્યની બહુ સમજ ન પડે. એટલે ધર્માચરણના સાધનરૂપ શરીરની અવગણના તો ન જ કરાય ને ભગવન્ ?"

"અવશ્ય અવગણના તો ન જ કરાય, પરંતુ ઈશ્વર શરીરમાં પૂરી કાર્યશક્તિ પૂરી રહ્યો હોય ત્યારે માનવીએ તેનું બહુ લાલન-પાલન કરવાની જરૂર હોતી નથી. ભગવાન રામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદનાં શરીરો કાંઈ દીર્ઘાયુષી નહોતાં બન્યાં, છતાં તેમની કાર્યશક્તિએ કેવી દૈવી સંપદા નિપજાવી છે તે તમારાથી અજાણ્યું નથી."

આ સાંભળીને ત્રણે જણ ગૂંચવણમાં પડ્યાં. રાજેન્દ્ર શર્માએ વહેવારુ માર્ગ સૂચવ્યો: "તો સ્વામીજી ! આપણે આમ કરીએ. કોઈ વૈદ્ય–ડૉક્ટરને બોલાવવાની જરૂર નથી; પેલા પરિવ્રાજક ચારુદત્ત આરોગ્યશાસ્ત્રના સામાન્ય અભ્યાસી અને અનુભવી વૈદ્ય જેવા છે. તેમનાં કાંઈ સલાહ–સૂચન આપ સ્વીકારો અને શરીર કાર્યક્ષમ રાખ્યા કરો; એટલું તો અમારું કહેવું માન્ય રાખો !"

ક્ષણભર વિચારીને સાધનાનંદજીએ એ સૂચના માન્ય કરી. વૈદ્ય–ડૉકટરને બહારથી બોલાવી મંગાવવાથી પોતાના શારીરિક આરોગ્યની વાત મોટું સ્વરૂપ પકડે, તેને બદલે આમ ઘરઆંગણેની સામાન્ય વ્યવસ્થા થતી હોય તો ભલે થાય, એમ તે સમજ્યા.

વાસંતીદેવી વગેરે ગયાં એટલે થોડી વારમાં ચારુદત્ત સ્વામીજીની સમીપે આવીને વિનયપુરઃસર બેઠા અને બોલ્યો: "કેટલાય વખતથી જે વાત હું આપને કહેતાં ડરતો હતો તે વાત છેવટે બીજાંઓના ધ્યાનમાં આવી, તેમણે તે વાત આપને કહી અને આપે તે માન્ય રાખી મારી સેવાનો સ્વીકાર કર્યો તે મારું તો અહોભાગ્ય છે જ, પરંતુ આખા આશ્રમનું પરમ ભાગ્ય છે."

"એવાં મારી અતિપ્રશંસાનાં વચનો બોલી મને પાપમાં ન પાડો, પરિવ્રાજક ચારુદત્ત !" સ્વામીજી ગંભીર વદને બોલ્યા: "આ તુચ્છ આત્મામાં એટલું શું મહત્ત્વ ભર્યું છે કે જે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોળિયામાં પાંચ-દસ વર્ષ વધુ ટકશે તો આશ્રમનું પરમ ભાગ્ય ખીલી નીકળશે એવું તમે માનો છો ?"

"ઓહો ! કેવો ઊંડા અંતરનો વિરક્તિભાવ-વૈરાગ્ય આપના વાણીમાં અવતર્યો છે ! સાચું છે કે સંત પુરુષને વધુ જીવવાનો લોભ કે લાલસા હોતાં જ નથી. તેને તો એમ જ લાગે છે કે આ ખોળિયું મૃત્યુલોકમાં જેટલો વધુ વખત જીવતું રહે છે તેટલું વધુ પાપ જ ખડક્યા કરે છે. તેને કેવળ મુક્તિની જ ઝંખના હોય છે; પરંતુ ધર્માસક્ત પ્રાકૃત માનવીઓ એવા સંતોને પોતાની વચ્ચે વધુ ને વધુ કાળ હરતા-ફરતા જોવા, તેમની અમૃતમય વાણીનું વધુ ને વધુ પાન કરવા તથા તેમની પુણ્યપ્રભામાં વધુ ને વધુ સમય વિહરવા ઇચ્છતા હોય છે. એટલે સંતોના શરીરની ખેવના સંતોના પોતાના કરતાં તેમના ભક્તોને વિશેષ હોય છે."

"અહો ! આ ભક્તોની ભક્તિ જ કાંતો મને ગૂંગળાવે છે." એમ બોલતાં અંતરમાં વિરક્તિનો ઊભરો ચડવાથી જાણે ઉદાસીનતાની ભરતીમાં તણાતા હોય તેમ સ્વામીજી અસ્વસ્થ બની ગયા. હૃદય પર હાથ ફેરવી ઈશ્વરનું સ્મરણ કરી તે જરા સ્વસ્થ થયા અને આગળ બોલ્યા: "ભલે બંધુ ચારુદત્ત ! હું તમારી સેવાને, તમારા પ્રેમને અને આશ્રમવાસીઓની ભક્તિને વશ છું : આ દેહ તમારા કબજામાં છે. તમારી ઇચ્છામાં આવે તેમ કરો."

"સૌ એ જ ઇચ્છે છે, પ્રભો ! આપ હવે જરા આરામ કરી, ભોજન લઈ નિરાંતે થોડી નિદ્રા લો, પછી હું આપનું શરીર તપાસવા આવીશ."

સ્વામીજી બોલ્યા : "દિવસે નિદ્રા લેવાનું તમે કહો છો ? એ મારાથી કેમ બનશે ? મને નિદ્રા જ નહિ આવે."

"નિદ્રા ન આવે તો કશી ચિંતા નહિ, પરંતુ ભોજન પછી આપે જરૂર બે ઘડી સૂઈ જવું, પથારીમાં પડી રહેવું, કશું શારીરિક કે માનસિક કાર્ય કરવું નહિ, એવી મારી વિનંતિ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ શરીર તમને સોંપ્યું છે, પછી વિનંતિ નહિ ને આજ્ઞા કરશો તો પણ તે ઉડાવ્યે જ મારો છૂટકો છે તે હું સમજું છું. ભલે, તમે કહો છો અને કહેશો તેમ કરીશ."

એ દિવસથી સ્વામી સાધનાનંદજી પરિવ્રાજક ચારુદત્તની વૈદકીય સારવાર અને દેખરેખ હેઠળ મુકાયા. પંદરેક દિવસના તેના ઉપચારથી જેટલું સુંદર પરિણામ આવવું જોઈએ તેટલું તો ન આવ્યું, પણ ચારુદત્ત કહેતો હતો તેના ત્રીજા ભાગ જેટલી સારી અસર તો થઈ જ. સ્વામીજીનું સુકાઈ ગએલું મ્હોં કાંઈક ભરાયેલું દેખાવા લાગ્યું, અને વદનમંડળ પરની પાંડુતા ઓછી થઈ. ચારુદત્તને પણ પોતાની સેવાનું ફળ બહુ ઓછું મળવાથી વિચાર થઈ પડચો.

તેણે એક વાર આવી પ્રેમભાવે વિનંતિ કરી: "ભગવન્ ! પ્રભુએ મારા શ્રમને યશ તો આપ્યો છે પણ બહુ થોડો આપ્યો છે. મારી પંદર દિવસની સારવારે પાંચ જ દિવસનું કામ કર્યું છે. એટલે જો આપ રજા આપો તો આપની બધી દિનચર્યાનું નિરીક્ષણ કરવાની હું જરૂર માનું છું."

સ્વામીજીએ સ્મિત કરીને કહ્યું: "તો પછી એમ કહો ને કે તમે ઈશ્વરના વ્યૂહને ભેદવાની ઇચ્છા રાખો છો ! પણ ભલે. આધ્યાત્મિક ચિંતન કરતાં ઘણી વાર મારું આંતર મન પણ ઈશ્વરના વ્યૂહને ભેદવા અને તેની સાથે યુદ્ધ કરી તેને હરાવવા મથે છે, તેમ તમે પણ મારી સાથે જ નિવાસ રાખો, એનો વ્યૂહ તપાસો અને તે ભેદવા માટે તમારા ભાથામાં જેવાં ને જેટલાં તીર હોય તે છોડો : મને કશો વાંધો નથી. પણ યાદ રાખજો, ઈશ્વર સામેના યુદ્ધમાં તેને હરાવવા જતાં છેવટે તો હું જ હાર્યો છું અને તેના પરની મારી શ્રદ્ધા બલવત્તર થતી ગઈ છે, તેમ છેવટે તો તમે જ હારવાના છો અને ઈશ્વરેચ્છા બલીયસી જ પુરવાર થવાની છે !"

ચારુદત્ત એ ઉપર સ્મિત કરીને બોલ્યો: "ભગવન્ ! મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વર પર શ્રદ્ધા છે, છતાં પુરુષાર્થ પર તેથી જરાય ઓછી શ્રદ્ધા નથી; પુરુષાર્થની સફળતા ઈશ્વરેચ્છા વિના પ્રાપ્ત કરી શકાતી નથી, પરંતુ ઈશ્વરેચ્છા અગોચર હોઈને પુરુષાર્થનો ગોચર માર્ગ જ મર્યાદિત શક્તિવાળો માનવી પસંદ કરે છે. એટલે પુરુષાર્થને તક આપવાની આપની પરવાનગી મેળવવા માટે હું મને ધન્ય માનું છું."

"ઠીક, ઠીક; જ્ઞાનને જીવનમાં ચરિતાર્થ કરવાની તમારી દૃષ્ટિ મને ગમે છે. કાલથી તમે મારી સાથે જ તમારો નિવાસ રાખો. મને ય તમારા વ્યક્તિત્વનો લાભ મળશે."

"આપને લાભ થાય એવું કશું જ વ્યક્તિત્વ મારામાં નથી, સ્વામીજી ! ઊલટું, આપના નિકટત્વથી મને જ લાભ થવાનો વિશેષ સંભવ છે." એમ વિનયપૂર્વક કહીને ચારુદત્ત ગયો અને બીજા દિવસથી સ્વામીજીનો સહનિવાસી બન્યો.

સ્વામીજીના આરોગ્યની ચિંતા રાખનારા સૌ કોઈને આ વ્યવસ્થા બહુ ગમી ગઈ. ભક્તોની ભક્તિને વશ થઈ ને જ સ્વામી-જીએ પોતાના પરમ વિરક્તિભાવને થોડી વાર બાજુએ રહેવા દીધો હતો ને ભક્તોની ઇચ્છાની તાબેદારી જ જાણે સ્વીકારી હતી, એટલી હદ સુધીની સ્વામીજીની આંતરિક ઉદારતા તેમના નિરાડંબરી સરલ જીવનના પરમ લક્ષણરૂપ હતી. એ ઉદારતા તે વખતે હસ્તામલકવત્ દેખાઈ આવતી હતી.

પરિવ્રાજક ચારુદત્ત આજે વૈદ્ય હતો; એક વાર તે પેઇન્ટર અખિલેશ ચૌધરી કલકત્તામાં રહી નામનાં પાટિયાં લખી આપતો હતો; બીજી વાર તે ચિત્રકાર ચંદ્રાનન ઘોષ હતો અને નાટક કંપનીઓના પડદા ચીતરી આપવાનો વ્યવસાય કરતો હતો; ત્રીજી વાર તેની કલા ચિત્રમાંથી ખસીને અભિનયમાં પ્રવેશી હતી અને તે રંગભૂમિનો નટ શીલંધર બેનરજી બન્યો હતો; પરંતુ એ કામ કરતાં તે એક વાર લાંબી માંદગીમાં પટકાઈ પડ્યો અને તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતત છ માસ સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું. ચપળ નિરીક્ષણ-શક્તિ, ઉદ્યમશીલ સ્વભાવ, ભાષાઓનું સારું જ્ઞાન, અને મળતાવડાપણું એ બધાને યોગે દર્દી તરીકે હોસ્પિટલમાં ગએલો નટ ત્યાંથી નીકળીને અવનીન્દ્રકુમાર બોસને નામે એક ડિસ્પેન્સરીમાં કોમ્પાઉન્ડર બની શક્યો હતો. પરંતુ કોમ્પાઉન્ડરમાંથી તે ડૉકટર બની શક્યો નહિ, કારણકે અભ્યાસ અને અનુભવ હોય તો ય ડિગ્રી વિનાના ડૉકટરનું કોઈ મોં બોલાવતું નથી. દેશી દવાઓ બનાવવાના કારખાનામાં એકાદ વર્ષ રહેવાથી તે ઔષધો બનાવતાં શીખ્યો હતો અને પુસ્તકો વાંચીને તે કવિરાજ, વૈદ્ય ચારુચંદ્ર ચેટરજી બની શક્યો હતો પરંતુ એ વ્યવસાયમાં ય તે સ્થિર રહી શક્યો નહિ.

અનેક સ્થાનોમાં રહેવાથી, અનેક વ્યવસાયો કરવાથી, તરેહવાર માણસોના સંસર્ગમાં આવવાથી, ઠેક–ઠેકાણે ભટકવાથી, પેટગુજારા માટેના કોઈ વ્યવસાયમાં તેને રસ રહ્યો નહોતો. તેને આનંદ આવતો માનવીના નિરીક્ષણમાં, તેનાં કાર્યો તથા ચેષ્ટાઓના અભ્યાસમાં, તેનામાં દટાઈ રહેલી કોઈ વ્યક્તિગત વિલક્ષણતાના સંશોધનમાં, અને પછી તેને લાગતું કે પોતાનું મનોવિજ્ઞાન માણસનાં અંગે અંગને નગ્ન સ્વરૂપમાં પિછાણી લીધા વિના રહે જ નહિ. મનોવિજ્ઞાનનાં અંગ્રેજી થોથાં વાંચી કાઢનારા વિદ્વાનોને જે પ્રત્યક્ષ અભ્યાસ કરવાની તક જવલ્લે જ સાંપડે છે તે તક ચારુચંદ્રને મળી હતી, કારણકે તેનું પરિભ્રમણ અને અવલોકન તેને માટે અભ્યાસનાં અમૂલ્ય ઉપકરણો બન્યાં હતાં. માનવીના નિરીક્ષણમાં અને પરીક્ષણમાં રસ લેવા માંડ્યા પછી તેને ઉદરભરણ માટે વ્યવસાય કરવો પડે એ સ્થિતિ અતિતુચ્છ લાગી. બસ, તે ક્ષણે તેણે પરિવ્રાજકનો વેશ પહેરી લીધો, મસ્તક મુંડાવી નાખ્યું, અને અનેક આશ્રમોમાં, મઠોમાં, તીર્થધામોમાં ફરતો ફરતો તે પરિવ્રાજક ચારુદત્તને નામે મથુરામાં આવી પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુદત્તે પોતાનો વ્યવસાય છોડયો નહોતો, પણ તે તેના ઉદરભરણનું સાધન હવે નહોતું. એ વ્યવસાય તે એક પરિવ્રાજકને છાજે તેવા લોકોપકાર માટે કોઈ કોઈ વાર કરતો. પંદર વર્ષની વયે ઘેરથી ભાગી ગએલો ચિત્તરંજન અને પાંત્રીસ વર્ષની વયે હેમાંગિનીને–હેમપ્રભાને પરણનાર શીલંધર હવે ચારુદત્ત પરિવ્રાજકને નામે ઓળખાઈ રહ્યો હતો. તેનું પૂર્વ ચરિત્ર આશ્રમમાં તો કોઈ જાણતું નહોતું. અરે, તેની એક વારની પરિણીતા પત્ની હેમપ્રભા પોતે પણ જાણતી નહોતી; છતાં એ પરિવ્રાજકને ન્યાય આપવાને એટલું કહેવું જોઈએ કે, તેના તરેહવાર વેશ છતાં તે કોઈ દુર્ગુણી કે વ્યસની માનવી નહોતો. તેણે ચોરી, અનીતિ કે દુષ્ટતાભર્યાં આચરણો કર્યાં નહોતાં. તેના પૂર્વ વેશો અને નામોને ઓળખી જનાર કોઈ પરિચિત વ્યક્તિ નીકળી આવે તો પણ તેની સમીપે તેને શરમાવું પડે એવું કોઈ દુષ્કાર્ય તેણે કર્યું નહોતું; છતાં હેમપ્રભાને કરેલા અન્યાયને તે પોતે જ એક એવું દુષ્કાર્ય લેખતો હતો કે જેનો બદલો વહેલો કે મોડો ઈશ્વર પોતાને આપ્યા વિના નહિ રહે એવા ભણકારા કોઈ કોઈ શાન્ત પળોમાં તેના ઊંડા અંતરને સંભળાતા હતા. પણ એવા ભણકારાને વશ પડીને જીવનનો રસ શોષાઈ જવા દેવો કે હૈયાને બાળ્યા કરવું એ તેને અર્થહીન લાગતું. મનના સંકલ્પ–વિકલ્પની પાછળ જીવનની આહુતિ આપવી એ એની પ્રકૃતિમાં ક્યારે ય હતું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી સાધનાનંદજીનું લથડતું આરોગ્ય સુધારવા માટેનો ઉપચાર જ્યારે પરિવ્રાજકે શરૂ કર્યો ત્યારે તેને એક શંકા હતી. સ્વામીજી શરીરની પૂરતી દરકાર રાખે તેવા નહોતા. સ્વભાવથી જ વિરક્તિમય હતા, એટલે તે પોતાની સૂચના મુજબનું પથ્ય પાળશે કે કેમ, નિયમિત રીતે ઔષધ લેશે કે કેમ, એમ તેના મનમાં રહ્યા કરતું હતું. જ્યારે પોતાનાં સૂચનો, ઔષધો અને પથ્યસેવનનું ઇષ્ટ પરિણામ ન આવ્યું ત્યારે તેને લાગ્યું હતું કે પોતાને જે શંકા રહ્યા કરતી હતી તે જ સાચી પડી છે; નહિ તો શુદ્ધ ઔષધો અને સાત્ત્વિક ખોરાક જવાબ આપ્યા વિના કેમ રહે ?

હવે તો આખો દિવસ અને રાત ચારુદત્તને સ્વામીજીની સાથે જ રહેવાનું હતું. તેમણે લેવાનાં ઔષધો, પાળવાનાં પથ્યો અને ભોજનમાં લેવાના પદાર્થો એ બધું ચારુદત્તની દૃષ્ટિ હેઠળ રહેવાનું હતું, એટલું જ નહિ પણ ભોજનનો સમય, નિદ્રાનો સમય, માનસિક તથા શારીરિક શ્રમ લેવા માટેના સમયનું માપ, વ્યાખ્યાન-પ્રવચન માટેના સમયનું પ્રમાણ, એ બધાં ઉપર તેણે ધ્યાન આપવા માંડ્યું અને સ્વામીજીએ તેને સંપૂર્ણ રીતે વશ રહીને વર્તવાનું પણ સ્વીકારી લીધું.

આથી ચારુદત્તને સ્વામીજીની તબિયત પ્રત્યે ધ્યાન આપવા સારુ જોઈતી સંપૂર્ણ અનુકૂળતા મળતાં સંતોષ થયો. પોતે હવે પોતાની શક્તિનો તથા પોતાનાં ઔષધોનો ચમત્કાર બરાબર બતાવી શકશે અને એક ઉચ્ચ કોટિના પારમાર્થિક જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીર્ઘકાલીન બનાવવાનો જશ પ્રાપ્ત કરી શકશે એમ લાગવાથી તેના હૃદયમાં આનંદ તથા ઉત્સાહ સ્ફૂર્યા. અલબત્ત, પ્રારંભિક અપૂર્ણ સફળતા પછી પરિવ્રાજકે લીધેલી આ જવાબદારી ગંભીર હતી, પરંતુ ચારુદત્તને ઇષ્ટસિદ્ધિ માટે પૂરી હામ હતી.

સ્વામીજી તેના સૂચન મુજબ જ બધી રીતે વર્તતા ખરા, પરંતુ તેમાં નાનાં નાનાં સ્ખલનો થઈ જતાં. દાખલા તરીકે, વાતચીત કરવા કે પ્રવચન કરવા માટે વાચિક શ્રમ લેવા માટેનો જે સમય ચારુદત્તે ઠરાવી આપ્યો હતો, તેનું ઉલ્લંઘન કોઈ કોઈ વાર થઈ જતું. જ્યારે એ જ્ઞાની પુરુષના મુખમાંથી સરસ્વતીના પ્રસાદરૂપે વાણીનો પ્રવાહ છૂટતો ત્યારે તેને બંધ બાંધવાની ચારુદત્તની યોજના શા કામમાં આવે? વ્યાખ્યાન આપતાં તે કોઈ વાર લાગણીના ઊભરાથી વલોવાઈ જતા ને હાંફી જતા, પુનઃ પુનઃ હૃદય ઉપર હાથ ફેરવી સ્તબ્ધ બની જતા: છતાં વાણીનો પ્રવાહ તો અસ્ખલિત જ વહ્યા કરતો. એવે સમયે તેમની સમીપે જ સદા રહ્યા કરતો પરિવ્રાજક મનમાં મૂંઝવણ અનુભવતો. સ્વામીજી પોતાનાં ઔષધોની શક્તિને તિરોહિત કરવા જેવું કામ કરે છે એમ તેને લાગતું, તે ઉદાસ બની જતો, પણ તે વખતે કશું બોલતો નહિ. વાતાવરણ બદલાવાની તે રાહ જોતો, સમય પસાર થવા દેતો અને જ્યારે અનુકૂળ ક્ષણ આવે ત્યારે પૂરી નમ્રતાથી તે સ્વામીજીને વિનંતિ કરતો: "ભગવન્! આપ તો બધું સમજો છો, છતાં મારે કહેવું પડે છે કે શારીરિક શ્રમ જેટલો જ વાચિક શ્રમ આપના આરોગ્ય માટે હાનિકારક છે: શારીરિક શ્રમથી તો શરીરનાં બાહ્ય અંગોપાંગ ઉપર અસર થાય છે, પરંતુ આપ લો છો તેવા વાચિક શ્રમથી આપનું મસ્તિષ્ક, હૃદય, ફેફસાં અને આખા શરીરના સ્નાયુઓ ઉપર અનિષ્ટ અસર પહોંચે છે. તો એ શ્રમના પ્રમાણનું ઉલ્લંઘન ન કરવાની મારી વિનંતિની અવગણના ન કરો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતે સ્વામીજી મંદ સ્મિત કરતા. મનમાં તે સમજતા કે પ્રવચન કે વ્યાખ્યાનના તત્ત્વની સાથે તદ્રૂપ થઈ જતી ચિત્તવૃત્તિના વ્યાપારનું રૂંધન કરવા ઇચ્છતો એ બિચારો વૈદ્ય વ્યર્થ તરફડાટ કરે છે; પણ તે પ્રકટ રીતે તો ચારુદત્તને સંતોષવાને કહેતા કે "સારું, પરિવ્રાજક બંધુ! તમારી વિદ્યાનો અપરાધ મારાથી પુનઃ ન થવા પામે એ હું લક્ષમાં રાખીશ."

સ્વામી સાધનાનંદજી એ પ્રમાણે પરિવ્રાજકે દોરી આપેલી મર્યાદારેખાઓની બહાર ન નીકળી જવાય તે માટે વધુ સાવધાન રહેવા લાગ્યા. પરંતુ તેમાં તો તેમને ડગલે ને પગલે રૂંધન, સ્વેચ્છાનુસાર હિતકાર્ય કરવામાં પણ અવરોધ, વાચનલેખન ઉપર મર્યાદાનું બંધન, એવો એવો અનુભવ થવા લાગ્યો. તેમના શરીરને તેથી વિરામ મળતો અને પરિવ્રાજક માનતો કે તેથી સ્વામીજીના ચિત્તને પણ વિરામ મળી રહ્યો છે; પરન્તુ કેટલાક સમય સુધી લીધેલા અનુભવને અંતે જણાયું કે પરિવ્રાજકની માન્યતા સાચી નહોતી. દેહ કશી પ્રવૃત્તિ કરતો ન હોય, અને બિછાનામાં પડી રહ્યો હોય, હાથ, પગ કે ઈંદ્રિયો કશું સ્થૂલ કાર્ય કરતાં ન હોય, ત્યારે પણ તેમના ચિત્તનો વ્યાપાર તો સતત ચાલ્યા જ કરતો હોય અને તેની શ્રમજનિત અસર સ્વામીજીના દેહ ઉપર થતી હોય એવું પરિવ્રાજકના સમજવામાં આવ્યું; ત્યારે તેણે સ્વામીજીના ચિત્તને પ્રવૃત્તિશીલ રાખવા છતાં આરામ આપી શકાય તેવો એક ઉપચારમાર્ગ શોધી કાઢ્યો.

એ માર્ગ સંગીતોપચારનો હતો. વાદ્યવાદનથી વાતાવરણમાં જે મલિનતાનાં નિવારક તથા રંજકતાનાં પ્રચારક આંદોલન ઉત્પન્ન થાય છે તેમાં મનુષ્યના તન–મનના દોષોનું નિવારણ કરવાની પણ શક્તિ રહેલી હોય છે. ઈંદ્રિયોનો નાથ મન છે, મનનો પ્રવર્તક પ્રાણવાયુ છે, એ વાયુનો પ્રવર્તક લય છે, અને **स लयो नादमाश्रितः** અર્થાત્ એ લય નાદનો આશ્રિત છે. નાદમાં મનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લય થતો હોવાથી મનની બધી વૃત્તિઓને રોકી રાખવા માટે નાદાનુસંધાન એ યોગશાસ્ત્રાનુસાર સરલમાં સરલ ઉપાય છે. પરિવ્રાજકે સ્વામીજીના ચિત્તની વૃત્તિઓની સાથે નાદાનુસંધાન કરવાનું યોગ્ય માન્યું.

પરંતુ સ્વામી સાધનાનંદજી કાંઈ પ્રાકૃત જનના જેવા દર્દી નહોતા. તેમના ઉપર જે કાંઈ પ્રયોગ અજમાવવાનો હોય તેની યોગ્યતા તેમના મનમાં ઠસે, તેમને તે પ્રતીતિજનક ઉપચાર લાગે, તો જ તે પ્રયોગને પોતા પર અજમાવવા દે એ ખુલ્લી વાત હતી. પરિવ્રાજકે તેમને નાદબ્રહ્મની શક્તિ તથા નાદલહરિનો દોષનિવારક ગુણ કહ્યો એ તો સ્વામીજીએ સ્વીકાર્યો, પરન્તુ એ નાદલહરિ દેહના રોગનું નિવારણ કરવા જેવું સ્થૂળ પરિણામ લાવી આપે એ વાત કાંઈ તેમના ધ્યાનમાં ઊતરી નહિ.

પરિવ્રાજકે કહ્યું: “સ્વામીજી! આપ યોગ-પ્રક્રિયાથી અજાણ નથી. સ્વચ્છ હવાથી જેમ શરીર શીતલ થાય છે, તેમ સંગીત કે વાદનના શ્રવણથી ચિત્ત શાન્ત થાય છે એ તો ખુલ્લી વાત છે.”

સ્વામીજી હસીને બોલ્યા: “એમાં તમે પ્લેટોના એક વાક્યનું ઉચ્ચારણ માત્ર કર્યું છે, પરંતુ એથી દેહના સ્થૂળ રોગો પણ નાશ પામે છે એ એમાંથી ફલિત થતું નથી.”

“મેં તો એ વિષે કેટલુંક વાંચ્યું છે. આયુર્વેદ પણ સંગીત તથા વાદ્યવાદનની રોગનિવારક અસર કબૂલ રાખે છે. પણ આજ-કાલ લોકોને આપણા પૂર્વકાલીન ઋષિમુનિઓના કથનમાં બહુ શ્રદ્ધા બેસતી નથી, એટલે પછી હું આપને શું કહું?”

“એ સંબંધે તમે અંદેશો ન રાખશો; મને ઋષિમુનિઓનાં વચનોમાં શ્રદ્ધા છે. પરંતુ એ વચનોનો અર્થ સમજવાની મારી પદ્ધતિ બીજાઓથી કાંઈક નિરાળી હોવાનો સંભવ છે. એટલે હું ઋષિમુનિઓને નામે જે કાંઈ કહેવાય તે બધું સાચું માનતો નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવ્રાજક હસીને બોલ્યો : " કાંઈ ચિંતા નહિ. આપ પોતે જ બધું વાંચીને સમજી લો, એવી ગોઠવણ હું કરીશ. મેં વાંચેલાં એવાં અનેક દૃષ્ટાંતો છે કે જેમાં સંગીતથી રોગોનું નિવારણ થયું હોય, નાદલહરિના એક એક આંદોલનથી રોગાણુ–કીટાણુનું દેહમાંથી ઉન્મૂલન થતું ગયું હોય; પરંતુ હું આપને તે બધું મારા મુખથી કહું તેનો કશો અર્થ નથી. "

પરિવ્રાજકે રાજેન્દ્ર શર્માને કહીને મથુરાના મોટા પુસ્તકાલયમાંથી એક અંગ્રેજી પુસ્તક મેળવ્યું જેમાં સંગીત અને વાદ્યવાદનનો ઉપયોગ વૈજ્ઞાનિક રીતે રોગનિવારણમાં થયો હોવાના સિદ્ધાંત તથા પ્રયોગ વિષે વિસ્તારપૂર્વક લખવામાં આવ્યું હતું. તેથી રોગ મટ્યાનાં કેટલાંક ઉદાહરણો પણ આપવામાં આવ્યાં હતાં. સ્વામીજીએ તે પુસ્તક વાંચ્યું એટલે તેમને પરિવ્રાજકના કથન પ્રત્યે પ્રતીતિ તો ઊપજી પરંતુ તેમના મનમાં એક શંકા જન્મી. સંગીતવિનોદથી કર્ણેન્દ્રિય લાલાયિત થયા કરશે તો તેને એ વ્યસન નહિ પડે ? આ શંકા પરિવ્રાજક સમક્ષ વ્યક્ત કરવાની પણ તેમને ઇચ્છા થઈ, પરંતુ તત્ક્ષણ તેમને એમ કરતાં સંકોચ થયો. યોગશક્તિમાન તપસ્વી પુરુષે એવો ભય રાખવો જોઈએ નહિ, અને ભય રહેતો હોય તો કોઈને કહેવો જોઈએ પણ નહિ. એવો ભય આવી પડે તો એક સમર્થ અને સદાજાગ્રત આત્માને તે દૂર કરતાં શી વાર ? તેને તેનો ભય શો ?

છેવટે સ્વામીજીએ એ ઉપચાર–પ્રયોગને સંમતિ આપી એટલે રાજેન્દ્ર શર્માએ મંજુલ વાદ્યવાદનની વ્યવસ્થા કરી. સ્વામીજીના નિવાસસ્થાનની નીચે આવેલા પુસ્તકાલયના ખંડમાં દિલરુબા, વીણા અને મૃદંગ એ ત્રણ વાદિત્રો સાથે તેના નિષ્ણાત ત્રણ કલાકારો–બજવૈયાઓ આવી રોજ ત્રીજે પહોરે વાદ્યવાદન કરે, મુલાયમ રાગ–રાગિણીઓ બજાવે અને તે વખતે મુખ્યત્વે સ્વામીજી તથા પરિવ્રાજક તેમની સમીપે વિરામાસનમાં બેસી તેનું આસ્વા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દન કરે એવી વ્યવસ્થા કરવામાં આવી. વાદ્યવાદનના કાર્યક્રમ વખતે સ્વામીજી નિયમિત રીતે હાજર રહેવા લાગ્યા. એટલા મધુર વાદનના શ્રવણથી તેમનું ચિત્ત આનંદિત થતું, વદન પ્રફુલ્લિત રહેતું દેખાતું; રંજકતાની એ સ્થૂળ અસર પરિવ્રાજકના જોવામાં પણ આવતી. દિવસો પછી દિવસો જવા લાગ્યા. પરિવ્રાજકને લાગવા માંડ્યું કે પોતાનો શ્રમ હવે સફળતાને ચીલે ચાલી રહ્યો છે.

એક દિવસ વાદ્યવાદન ચાલતું હતું તે વખતે રાજેન્દ્ર શર્મા નગરમાંથી આશ્રમમાં આવ્યા અને સહજ દૃષ્ટિ ફેરવતાં તેમણે જોયું કે હેમપ્રભા આવી છે, અને મંદિરના સિંહદ્વાર પર ઊભી ઊભી અયોધ્યાપ્રસાદ સાથે વાતો કરી રહી છે. આશ્રમમાં અને આખા નગરમાં એક વાર ખૂબ જ બદનામ થએલી એ બાઈ મંદિર કે આશ્રમને આંગણે આવે એ શર્માને ગમ્યું નહિ. સીધા તે બાજુએ જઈને તે તો હેમપ્રભાને સાફ સંભળાવી દેવા ઇચ્છતા હતા કે "હેમપ્રભા! તારે હવે કોઈ વાર આ સ્થાને આવવું નહિ. આ સ્થાને કાયમને માટે વસવાનું તને સૂઝ્યું છે એટલે તારી આવજા વખતોવખત અહીં થાય તે બંધ કરવા તને આટલું કહેવું પડે છે." પણ વળી પાછો તેમને વિચાર થયો કે હેમપ્રભાની પહેલાંની અપકીર્તિ હવે શમી ગઈ છે, અને લોકોમાં તેની પ્રત્યે પહેલાંના જેવી ચીડ રહેવા પામી નથી; એટલે પછી તેમને એમ લાગ્યું કે સ્વામીજીને પૂછીને તેમની સંમતિથી જ હેમપ્રભાના આગમન ઉપર પ્રતિબંધ મૂકવો એ પોતા જેવા સંસ્થાના સચેતન મંત્રી માટે વધારે યુક્ત લેખાય.

તુરત શર્મા પુસ્તકાલય તરફ ચાલ્યા અને અંદર દૃષ્ટિપાત કરતાં તેમણે જોયું કે કલાકારોનું વાદ્યવાદન ચાલી રહ્યું છે, સ્વામીજી આંખો મીંચીને તથા પરિવ્રાજક ચારુદત્ત વિસ્ફારિત નયને આસન પર આરામથી બેઠા છે, અને ખંડના દ્વારની પાસે શાન્ત મૂર્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમી ત્રણ–ચાર વર્ષની વયની એક છોકરી ઊભી ઊભી વાદન શ્રવણ કરે છે !

શર્મા તેના દર્શનથી જાણે સ્તબ્ધ થઈ ગયા હોય તેમ તેને નીરખીને જોતા જોતા પગથિયાં ચઢ્યા, અંદર ગયા અને સ્વામીજીની બાજુની એક ખુરશી પર ગોઠવાઈને બેઠા; પરન્તુ તેમનું આશ્ચર્ય તત્ક્ષણ શમ્યું નહિ. તે તો એ છોકરીનાં વસ્ત્રોની સુંદરતા તથા અંગોપાંગની સુઘટિતતા અને લાવણ્ય ઊર્મિલ આંખે જોઈ જ રહ્યા હતા. કેવી છે આ અપ્સરાની લઘુક આવૃત્તિ ! તેના સૌંદર્યમાં જરાએ ક્ષતિ નથી અને એ સૌંદર્યને બહેલાવતા ને અર્ઘતા તેના આછેરા પહેરવેશના રંગ તથા ઘાટ તો જાણે કોઈ દૈવી કલાકારે તેને માટે જ નિર્માણ કરી રાખ્યા હોય એવું લાગે છે ! શર્માએ પૂર્વે કોઈક વાર એ છોકરીને જોઈ હશે, પરન્તુ આટલી મોટી થયા પછી તથા સુંદર વસ્ત્રોમાં સજ્જ થએલી તો તેમની દૃષ્ટિએ તે પડેલી જ નહિ. જોતાં વેંત જ ગમી જાય, મસ્તક પર હાથ મૂકી તેને આશીર્વાદ આપવાનું મન થાય, ઊર્મિ ઊછળ્યે તેને વાત્સલ્યભર્યું ચુંબન કરવાનું ય ગમે એવી એ સુંદર જીવતી પ્રતિમાને અહીં જોઈને તેમને તુરત સમજાઈ ગયું કે હેમપ્રભા મંદિરે આવી છે એટલે આ તેની છોકરી પણ તેની સાથે જ આવી હશે. હેમપ્રભા પ્રત્યે શર્માના અંતરમાં જાગેલો તિરસ્કાર તેની આ બાળકીનું દર્શન કર્યા પછી એકાએક શમી ગયો.

થોડીએક મિનિટ થઈ, વાદનમાં ચાલતી રાગિણી પૂરી થઈ એટલે વાદન થંભ્યું, સ્વામીજીએ મસ્તક ઊંચું કરી આંખો ઉઘાડી એટલે સામે ઊભેલી સુંદર બાલિકાએ તેમની દૃષ્ટિનું પહેલું આકર્ષણ કર્યું. તેમણે બાજુએ આવી બેઠેલા રાજેન્દ્ર શર્મા તરફ માથું ફેરવીને પૃચ્છક દૃષ્ટિપાત કર્યો; એટલે શર્માએ ધીરે સ્વરે કહ્યું : "પેલી હેમપ્રભાની એ બાળકી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજીએ આંખો વિસ્ફારીને મૌન પ્રશ્ન કર્યો : " તે અહીં ક્યાંથી ? "

શર્માએ તેનો ઉત્તર આપ્યો : " તેની માતા માને મંદિરે આવી છે, એટલે તેની સાથે આવી હશે. "

" ઠી...ક. " કહી સ્વામીજી છોકરી ભણી જોઈ રહ્યા.

હેમપ્રભાની છોકરી કમર પર પોતાના બેઉ હાથ ટેકવી કલાકારો તથા સ્વામીજી ભણી લોમ-વિલોમ દૃષ્ટિથી જોતી હતી. તે સમજતી હતી કે આ બજવૈયાઓને સ્વામીજી આજ્ઞા કરશે ત્યારે બંધ થએલું વાદ્યવાદન ફરી શરુ થશે, અને પોતાને તે સાંભળવાની ખૂબ મજા પડશે; એટલે ક્યારે સ્વામીજી આજ્ઞા કરે અને બજવૈયાઓ પુનઃ વાદિત્રો બજાવવા લાગે તેની તે રાહ જોતી ઊભી હતી. પરંતુ સ્વામીજીના ચિત્તમાં તો એ મધુરી મૂર્તિએ અનેરું કુતૂહલ જન્માવ્યું જણાતું હતું. તે તેને અનિમેષ નયને જોઈ જ રહ્યા હતા. એ નિંદાએલી, અનીતિમતી ઠરેલી, સજા પામેલી બાઈને આવી દૈવી બાળકી આપવામાં ઈશ્વરનો શો સંકેત હશે તે જાણવાને જાણે તે મનોમંથન કરી રહ્યા હોય તેમ તેમણે પુનઃ આંખો મીંચી દીધી અને પુનઃ ઉઘાડી. તે ક્ષણે તેમણે ચારુદત્ત સામે જોઈને પૂછ્યું: " આ છોકરી પેલી હેમપ્રભાની છે, તમે ઓળખો છો ? "

" નથી ઓળખી શકચો. મોટી થયા પછી તો મેં અત્યારે જ તેને પહેલી વાર જોઈ: બાકી, તે ત્રણ માસની હતી ત્યારે જોએલી, તેને મેં ઔષધ પણ પાએલું. બાળકની ઓળખાણ તો તેનાં અંગો ખીલ્યા વિના પડી શકતી નથી. "

સ્વમીજીના દિલમાં તો થતું હતું કે છોકરીના સૌંદર્યથી અંતરને ઉપજેલો આનંદ પોતે વ્યક્ત કરે અને તે સાથે નિસર્ગની સમતા તથા માનવસ્વભાવની વિષમતાના તાદૃશ્ય ઉદાહરણ ઉપર એકાદ વ્યાખ્યાન આપે. તે માટે તેમના હોઠ સળવળ્યા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરા; પરંતુ તે બોલી શક્યા નહિ. કદાચ તેમને ભય લાગ્યો હશે કે આ અનીતિના ફળની પ્રશંસા સાંભળીને પાપભીરુઓ ડઘાઇ જશે અથવા તો ચોંકી ઊઠશે. પોતાની વાત તેમને પચે નહિ તો ભલે તેનું તેઓ વમન કરી નાંખે, તેની ફિકર નહિ; પણ એ વમનમાં કદાચ નવો જ ઘેરો રંગ અને કડવો સ્વાદ ઉમેરાશે; સ્વામીજીને એમ લાગ્યું એટલે એ મૂગા જ રહ્યા.

પણ પરિવ્રાજક તો સૌના મનમાં જનમેલું કુતૂહલ સ્વાભાવિક રીતે પોતાના મનમાં પણ જનમ્યું છે, બાળકીને જોઈને પોતાને કાંઈ સંક્ષોભ, ભય, તિરસ્કાર ઉત્પન્ન થયો નથી, એમ બતાવવા મંદ સ્મિત સાથે બાળકીને જોઇ રહ્યો અને તેને પૂછ્યું: “અરે છોકરી! તું કોણ છે?”

છોકરીએ ધૈર્યપૂર્વક જવાબ આપ્યો: “હું પુનીતા છું!”

‘પુનીતા’ શબ્દમાં રહેલો ધ્વનિ જાણે વ્યંગનું જ સૂચન કરતો હોય, એવા ભાવથી પરિવ્રાજકે કટાક્ષનું સ્મિત કરી સ્વામીજી સામે જોયું.

પરિવ્રાજકે બીજો પ્રશ્ન કર્યો: “અને તારી માતાનું નામ હેમપ્રભા કે હેમાંગિની?”

“મારી બાનું એવું નામ નથી.”

“ત્યારે?”

“હેમા નામ છે.”

એ સાંભળતાં જ પરિવ્રાજકના વદન પરનું સ્મિત અળપાઈ ગયું, પરંતુ તેની સૂચકતા ઇતર કોઈના લક્ષમાં આવી નહિ.

રાજેન્દ્ર શર્માએ વસ્તુતઃ એક હીણો પ્રશ્ન કર્યો: “અને પુનીતા! તારા પિતાનું નામ શું?”

“ભગવાન!”

એ સાંભળીને શર્મા તથા પરિવ્રાજક હસી પડ્યા; સ્વામીજી માત્ર ચમકીને શાન્ત બેસી રહ્યા. બાળકીને આવા પ્રશ્નો પૂછવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે તેમને એક પ્રકારની કુરુચિ લાગતી હોય તેમ તેમના વદન પર ગંભીરતા પ્રસરી ગઈ હતી, પરંતુ કુતૂહલના વાતાવરણે ઘેરાયેલા બીજાઓને તો તે રમત ગમતી હતી. રાજેન્દ્ર શર્મા તેને વધુ પ્રશ્નો પૂછતા હતા.

"કહે, તારા પિતા ક્યાં રહે છે છોકરી ?"

"આઘે આઘે-ઊંડા આકાશમાં !" પુનીતાએ જવાબ આપ્યો.

આ પ્રશ્નાવલિ હવે વધુ ન લંબાય તો ઠીક, એવું ઇચ્છી રહેલા સ્વામીજીએ ધીરેથી સૂચવ્યું: "તેને એવું પૂછવું હવે બંધ કરો, શર્માજી !"

"હવે નહિ પૂછું, ભગવન ! બાળકીનું ચાતુર્ય જોવા જ મેં પૂછેલું." શર્માએ કહ્યું.

પુનીતા શર્માના વદન ભણી તાકી રહી. સ્વામીજીએ બજવૈયાઓને પુનઃ વાદન શરૂ કરવાનો ઇશારો કર્યો, એટલે વાદન શરૂ થયું. પુનીતા તે સાંભળવાનો આનંદ માણવા પુનઃ ઠાવકી થઈને ઊભી. તેણે પોતાની દૃષ્ટિ એ દિશાએ વાળી.

એટલામાં હેમપ્રભા દોડતી ત્યાં આવી. પોતાની પુત્રી ક્યાંક ખોવાઈ ગઈ હોય એવો ભય તેની દૃષ્ટિમાં અને દોડવાની ગતિમાં હતો, તે પુનીતાને ઊભેલી જોઈને દૂર થયો, પણ તેના હૃદયનો વેગ શમ્યો નહિ. તેણે પગથિયાં ચડતાં જ ફાળ ભરી, બાહુ પ્રસારી પુનીતાને પકડી, ખેંચી, ઊંચકી અને ત્વરિત પગલે દોટ મૂકી.

પોતાનો આનંદ અધવચ તોડાવનાર માતા પર રોષ કરતી, અને માતાના બાહુમાંથી છૂટવા તરફડાટ કરતી તે રડવા લાગી, પણ હેમપ્રભા તેને ખેંચી જ ગઈ.

નિયમ પ્રમાણે વાદન પૂરું થયું એટલે બજવૈયા ઊઠી ચાલ્યા ગયા.

રાજેન્દ્ર શર્મા બોલ્યા : "સ્વામીજી ! આટલી સુંદર, ચપળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચતુર છોકરીને માટે પ્રભુએ પતિત સ્ત્રીને નિર્માણ કરી એ કેવો અન્યાય છે ? ”

સ્વામીજી બોલ્યા : “ ઈશ્વર કદાપિ અન્યાય કરતો નથી; માનવી પોતાની પરિમીત બુદ્ધિના ગજ વડે તેનાં કાર્યોને માપીને માત્ર અજ્ઞાનનું પ્રદર્શન કરે છે. ”

“ એ તો આપે ખરું કહ્યું, છતાં ઈશ્વરની અકળ કળાને નહિ સમજનાર માનવી સૃષ્ટિના આદિકાળથી ઈશ્વરની સાથે ઝઘડતો આવેલો જ છે. મને લાગે છે કે આ ઈશ્વરી નિર્માણને સુધારવું જોઈએ. ”

“ એટલે ? ” સ્વામીજીએ પ્રશ્ન કર્યો : “ તમે તેને કેવી રીતે સુધારો ? ”

“ હું હેમપ્રભાને સમજાવીને એ બાળકીને કોઈ પવિત્ર વાતાવરણમાં રાખવાની વ્યવસ્થા કરું. તેને કોઈ બાલાશ્રમમાં મૂકું, જ્યાં તેની શિસ્ત ઘડાય અને શિક્ષણ મળે, જ્યાં તેની નૈસર્ગિક શક્તિઓને ઇષ્ટ માર્ગે વિકસવાનો પૂરતો અવકાશ મળે અને જ્યાં તેનું એક શાણી સુંદરી તરીકેનું ઘડતર થાય. ”

પરિવ્રાજક હસીને બોલ્યો : “ તમે તો ઘણું ય ઇચ્છો, પણ તેમ કરવા દેવા તેની માતા સંમત જ ન થાય ને ! જોયું નહિ ? બાળકી આનંદથી વાદન સાંભળી રહી હતી, તેને રોતી ને તરફડતી તે કેવી ખેંચી ગઈ ! દરેક માતામાં બાળકનું ઘડતર પોતાની જ મનમાની રીતે કરવાનું અહંત્વ રહેલું હોય છે. તમે તેને ગમે તેટલું સમજાવો, તોય તે બાળકીને પોતાથી છૂટી પડવા દેવાની જ નહિ. ”

સ્વામીજી બોલ્યા : “ અને તેમાં ખોટું શું છે ? ગમે તેવા આશ્રમમાં કે સંસ્થામાં ગમે તેવી ધાત્રી કે શિક્ષક પાસે તમે એક બાળકને મૂકો, પણ તેને માતાનું નસર્ગિક વાત્સલ્ય મળવાનું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ અને વાત્સલ્યનો તો તેના ઘડતરમાં અસાધારણ હિસ્સો રહેલો હોય છે."

રાજેન્દ્ર શર્માએ કહ્યું: "પણ આવી માતાનું વાત્સલ્ય પણ બાળકીને ઘડીઘડીને પોતા જેવી જ બનાવશે ને?"

સ્વામીજી બોલ્યા: "ત્યાં જ તમારી ભૂલ થાય છે. કોઈ પણ માતા – હીન, દરિદ્ર કે પતિત – પોતાના સંતાનને પોતા કરતાં ઉચ્ચ કોટિનું ઘડવા જ ઇચ્છે છે. ગુરુ અને જનક–જનની એ બે આ જગતમાં એવાં વત્સલ વડીલો છે કે જેઓ પોતાના શિષ્ય કે સંતાનને આદર્શ બનેલાં - વિશેષ નહિ તો પોતાથી સવાયાં ગુણ–શક્તિવાળાં બનેલાં–જોવા ઇચ્છે છે જ. પતિત, દુષ્ટ કે અધમ માતા પણ પોતાની પુત્રીને પોતાના જેવી બનાવવા કદાપિ ઇચ્છે નહિ, ઇચ્છે તો તે નિસર્ગની વિરુદ્ધ લેખાય."

પણ તેથી રાજેન્દ્ર શર્માના મનનું સમાધાન થયું નહિ. તેમણે દલીલ કરી: "ગણિકા પોતાની પુત્રીને શું કલાનિપુણ ગણિકા બનાવતી નથી?"

"બનાવતી જણાતી હોય તો પણ તે વસ્તુતઃ પોતાના ઊંડા અંતરથી બનાવવા ઇચ્છતી હોતી નથી. તે તેને સુઘડ અને પવિત્ર ગૃહિણી જ બનાવવા ઇચ્છે છે. પરંતુ તેનું અહંત્વ, તેનો સ્વાર્થ, તેવું વાતાવરણ, તેના સંયોગો તેને અનિચ્છાએ ગણિકા બનાવવા તરફ દોરી જાય છે અને તે વખતે તેનો અંતરાત્મા જરૂર તેને ડંખતો હોય છે."

પરિવ્રાજકે પોતાનો મત દર્શાવતાં કહ્યું: "મનોવિજ્ઞાનનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે કે કોઈ પણ પાપી મનુષ્ય પાપ કરતો હોય છે ત્યારે પણ તેનો અંતરાત્મા તો તેને ડંખતો જ હોય છે. તે બંડ ઉઠાવ્યાં કરતો હોય છે. પરંતુ સ્વામીજી, વ્યવહારમાં આપ જોતા હશો કે આંતર મનનો પ્રભાવ બાહ્ય મન ઉપર જવલ્લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ પડતો હોય છે. સામાન્ય કોટિના માનવીઓના સંબંધમાં તો તેવો પ્રભાવ પડતો જ નથી, બલકે મહાપુરુષો અને પરમહંસોના આંતર મનના અવાજને પણ તેમનું બાહ્ય મન દાબી દેતું હોય એવું જ બહુધા જોવામાં આવે છે."

સ્વામીજીએ ગંભીર બનીને પરિવ્રાજક ઉપર તીવ્ર દૃષ્ટિપાત કર્યો અને તેની આંખોમાં પોતાની આંખો પરોવીને કહ્યું: "જેના અંતરાત્માના અવાજને માયાવેષ્ટિત બાહ્ય મન દબાવી દેતું હોય તે મહાપુરુષ કે પરમહંસ હોય જ નહિ. તે વેશથી, વાણીથી, અધિકારથી કે બાહ્યાચરણથી જનતામાં મહાપુરુષ કે પરમહંસ તરીકે ઓળખાતો હોય, તોપણ તે ઈશ્વરની દૃષ્ટિમાં તો પ્રાકૃત જન જ રહેવાનો."

રાજેન્દ્ર શર્મા બોલ્યા: "ઈશ્વરી ઘટનાને ઓળખવા જ્ઞાની જનો સિવાય બીજું કોણ સમર્થ છે, સ્વામીજી? જનતા તો માનવીનું મૂલ્યાંકન પોતાની સ્થૂળ દૃષ્ટિથી જ કરતી હોય છે. એટલે કોઈ માનવી પરમહંસ છે કે પ્રાકૃત જન છે તેનો સાચો નિર્ણય બિચારી જનતા કેવી રીતે કરી શકવાની? તે તો શાસ્ત્રમાં કહ્યા મુજબનાં બાહ્ય લક્ષણો ઉપરથી માનવીને સજ્જન–દુર્જન, સુગુરુ–કુગુરુ અને મૂર્ખ–પંડિત માની લે છે. મારા જેવા ય હેમપ્રભાને સ્થૂળ દૃષ્ટિથી જ પતિત માને છે. તેના અંતરાત્માને ઓળખવાનું મારું ય ગજું નથી. આપને કદાચ એના અંતરાત્માનું દર્શન થતું હોય, આપ એટલા સમર્થ તથા જ્ઞાની છો."

સ્વામીજીના વદનની રેખાઓમાં ગાઢ વિરક્તિ પ્રસરી હતી. પરિવ્રાજક એ વિકારની વ્યાપ્તિ થતી જોઈને મનમાં અકળાતો હતો. વિરક્તિ તથા વૈરાગ્ય ભાવને ભુલાવી દેવા માટે તો તેણે વાદ્યવાદનનો કાર્યક્રમ યોજયો હતો, તેમાં વચ્ચે આવી ચર્ચાનો પ્રસંગ ઉપસ્થિત થયો અને સ્વામીજી પાછા ઉદાસીનતામાં સરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા તે તેને જરાયે ગમ્યું નહિ. તે હવે અહીંથી ઊઠી જવાને ઉત્સુક બની રહ્યો હતો, પરંતુ રાજેન્દ્ર શર્માએ ચર્ચાને લંબાવી હતી તેથી તે લાચાર બન્યો હતો.

છાતી પર વળેલો પરસેવો ટુવાલથી લૂછી નાંખીને સ્વામીજી બોલ્યા: " શર્માજી ! આવું કહીને તમે મારામાં અહંત્વને જગાડો છો તે મને રુચતું નથી. પણ તેમાં તમારો દોષ નથી. તમે બધા મને સમર્થ અને જ્ઞાની માનો છો, માનવીના અંતરાત્માનું દર્શન કરનાર તરીકે ઓળખો છો, બલકે મને ઈશ્વરનું સાક્ષાત્ દર્શન થયું છે એવું પણ બોલતા ફરો છો. વસ્તુતઃ હું એક પામર જીવ છું. મારો આત્મા અજ્ઞ અને પાપી છે એવું પણ તમને સમજાવું જોઈએ. ઈશ્વરનો જેને સાક્ષાત્કાર થયો હોય, જેનામાં અંતરાત્માના પ્રભાવે કરીને બાહ્ય મનને જીતવાની શક્તિ હોય, જે ઈશ્વરી ઘટનાને સમજવા જેવો સમર્થ જ્ઞાની હોય, તે માનવીની આવી દુર્બળ દશા કેમ હોય ? તેને આ બંધુ ચારુદત્તના ઔષધોપચારની જરૂર કેમ પડે ? અંતરાત્માનો એક જ ધ્વનિ થતાંની સાથે તે તો નીરોગી બની જાય. તેને રોગ કે દુર્બળતા અડકે જ નહિ. પણ તમે માનો છો તેવો તે મહાપુરુષ કે પરમહંસ નથી, તે જ્ઞાની નથી, તે જરૂર પાપી છે અને તેનું પાપ જ તેની પાસે આ પ્રકારે તપસ્યા કરાવે છે."

" નહિ, નહિ, સ્વામીજી!" શર્મા સ્વામીજીના આ ઉદ્‌ગારમાં રહેલો મનઃસંતાપ જોઈને એકદમ હાથ જોડતા ઊભા થયા અને સ્વામીજીના પગે પડતા બોલ્યા: " એમ આપ નિજાત્માની અવહેલના ન કરો, ભગવન્! આપના દેહનું આરોગ્ય કથળ્યું છે એ અમે જોઈએ છીએ; પરંતુ આત્માનું આરોગ્ય તો પૂર્વવત્ અખંડ છે એવું જ અમે અનુભવીએ છીએ. આપે આ રીતે વિષાદગ્રસ્ત થવું જોઈતું નથી. આ દેહની રુગ્ણાવસ્થા કાંતો પૂર્વનાં કોઈ અદષ્ટ કર્મનાં ફળરૂપ છે, અથવા તો સહજ સધાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપશ્ચર્યા માત્ર છે. તેના પણ પરિપાકનો કાળ આવશે ત્યારે એક ઘડીમાં આપનો પવિત્ર આત્મા દેહને પણ આરોગ્યના મંદિરમાં લાવીને મૂકી દેશે ! ”

પરિવ્રાજક આ બધું સાંભળી રહ્યો અને સ્વામીજીની વદનકળાને તીવ્રતાથી જોતો મૂગો બેસી રહ્યો. તેના મનોવિજ્ઞાનના જ્ઞાનને અભ્યાસ કરવા માટેનો એક વધુ દાખલો અત્યારે સાંપડ્યો હોય તેમ તે વિચારવશ બની ગયો અને સ્વામી ઊઠીને ઉપર ચાલ્યા ગયા, એટલે તે પણ તેમની પાછળ પાછળ ચાલતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯] . . . . રોગના નિદાનની શોધમાં

સ્વામી સાધનાનંદજીમાં તે દિવસે જાગ્રત થએલો વિષાદ તેમને છોડી ગયો નહિ, અને બીજે દિવસે પણ તે વિષણ્ણવદન દેખાયા એટલે પરિવ્રાજક પાછો મૂંઝવણમાં પડ્યો.

વાદ્ય-વાદનના રંજક વાતાવરણની વચ્ચે રોજ બે-ચાર ઘડી ગાળવાનો નિયમ સતત ચાલુ જ હતો, છતાં સ્વામીજીનાં તન-મનની દશા પાછી પહેલાંના જેવી જ બની ગઈ હતી. વખતો-વખત આમ કેમ બન્યા કરે છે? ખોરાક, ઔષધ અને ચિત્તનો આનંદ, એ ત્રણે દ્વારા શરીરમાં જે નવું રુધિર ઉત્પન્ન થવું જોઈએ તે કેમ ઉત્પન્ન થતું અટકી જાય છે? એવો કયો ભસ્મક રોગ સ્વામીજીને થયો છે? આ પરિવ્રાજકના મનના પ્રશ્નો હતા. પરંતુ એ પ્રશ્નો કોઈને પૂછી શકાય તેવા નહોતા. તે તેના મનના પ્રશ્નો હતા અને તેના મને જ તેનો ઉત્તર આપવાનો હતો. એ ઉત્તર વિશિષ્ટ સંશોધન વિના સાંપડવાનો સંભવ નહોતો.

ત્રીજે દિવસે પરિવ્રાજકે સૂચના કરી: "સ્વામીજી! તત્ત્વ-જ્ઞાનથી ઇતર એવું કોઈ સામાન્ય કોટિનું વાચન આપ કરો તો હરકત નથી. એથી પણ ચિત્તને આનંદ મળશે, તો રુધિરનું થતું શોષણ અટકશે."

વાદ્ય-વાદન સ્થૂળ રીતે સાંભળવામાં આવે, એટલે કે, તેની રંજકતા ચિત્તને સ્પર્શ્યા વિના કાન સોંસરી ચાલી જાય તો તેનો કશો અર્થ નથી એવું સમજીને પરિવ્રાજકે આ સૂચના કરી હતી. વાદનને બદલે એવું વાચન પણ જો ચિત્તને સ્પર્શીને રંજન કરતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો તેટલું ય તેને મન ગનીમત હતું. સ્વામીજીએ પુસ્તકાલયનાં કબાટોમાં જોઈને એક પુસ્તક ખેંચી કાઢ્યું. રોમના પોપના જીવનચરિત્રો સંબંધી તે કોઈ અંગ્રેજી પુસ્તક હતું.

ચાર–પાંચ દિવસ વહી ગયા. પરિવ્રાજકને સ્વામીજીની વિષણ્ણતા પુનઃ અદૃશ્ય થએલી દેખાઈ એટલે આવા પુસ્તકનું વાચન કાંઈક ઇષ્ટ અસર કરતું હોય એમ લાગ્યું. પરંતુ વધુ બે દિવસ ગયા અને તે એકાએક જાણે માંદા જ પડી ગયા. આખા શરીરમાં શિથિલતા આવી હોય અને વખતોવખત પરસેવો વળતો હોય એવાં ચિહ્નો જોઈ પરિવ્રાજક ગભરાયો. નિયમિત દિનચર્યામાં સ્વામીજી ખબરદાર રહેતા, પરંતુ એ ખબરદારી યત્નપૂર્વકની હતી. તેમાં તેમને શ્રમ પડતો હતો એવું સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું. કાંઈ નવું કારણ બન્યું હોવું જોઈએ એમ પરિવ્રાજકને લાગ્યું; પરંતુ તપાસ કરતાં એવું કોઈ જ કારણ દેખાયું નહિ: એ ક્ષણે પરિવ્રાજક ચારુદત્તે નિર્ણય કરી લીધો કે સ્વામીજી કોઈ તીવ્ર માનસિક રોગનો ભોગ થઈ પડ્યા છે એમાં શંકા નથી.

એ રોગ કયો અને તેનું કારણ કયું?

એ દિવસે સ્વામીજી ભોજન કરવા ગયા, ત્યારે પરિવ્રાજકે તેમના નિવાસખંડમાં આમતેમ ફરી નિરીક્ષણ કરવા માંડ્યું. એમાં કોઈ નવી વસ્તુઓ જોવાની નહોતી. જે વસ્તુઓ રોજ તેના જોવામાં આવતી તે જ વસ્તુઓ આજે પણ નજરે પડતી હતી, પરંતુ આજે તેની દૃષ્ટિનો હેતુ ન્યારો હતો. તે કાંઈ એવું શોધી કાઢવા માંગતો હતો કે જેમાંથી તેને સ્વામીજીમાં ફરી પાછા પ્રકટી નીકળેલા વિષાદનું કારણ હાથ લાગે. એ હેતુપૂર્વકના તેના દૃષ્ટિપાતમાં ય તેને નિષ્ફળતા જ સાંપડી. શય્યાખંડમાં વિરામાસનની બાજુએ પડેલા મેજ પર એક અધખુલ્લું પુસ્તક પડ્યું હતું, પરંતુ તેની તો પરિવ્રાજકને ખબર હતી. જૂના વખતના રોમમાં થઈ ગએલા પોપ જેવા પવિત્ર પુરુષોની જીવનકથાઓ તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપેલી હતી. તે પુસ્તક પર દૃષ્ટિ કરતાં તેણે સહેજ ઉઘાડીને જોયું કે પોપ જહોન આઠમાની જીવનકથાના છેલ્લા પાનાથી સ્વામીજીનું વાચન આગળ વધતું અટક્યું હતું.

વિરામાસન પર બેસીને પરિવ્રાજકે પુસ્તકનાં પાનાં આમ તેમ ફેરવ્યાં અને જહોન આઠમાની જીવનકથાનો એકાદ પેરેગ્રાફ અધવચથી વાંચ્યો. એટલું વાંચતાં તેને રસ પડ્યો એટલે તે આખું પાનું વાંચી ગયો. તેની જિજ્ઞાસા ઉશ્કેરાઈ અને તેણે ત્રણ-ચાર પાનાં વાંચ્યાં. તે ચમકી ગયો. જહોન આઠમાની કથાના વાચને જ સ્વામીજીના હૃદય પર અસર કરી હોવાનો તેને સંશય પડચો અને પછી તો તે સડસડાટ એની આખી જીવન-કથા વાંચી ગયો.

જહોન આઠમો ઈસુની નવમી સદીમાં થઈ ગયો. કેથોલિક ખ્રિસ્તી ધર્મના મહાધામ રોમમાં પોપ લીઓ ચોથાના અવસાન પછી જહોન સર્વોપરી ધર્માધિષ્ઠાતા—પોપ તરીકે ચૂંટાઇને આવ્યો હતો; પણ તેનું પૂર્વચરિત્ર વિચિત્ર હતું.

એક અંગ્રેજ પાદરી એક સુંદર આયરીશ યુવતીને નસાડીને ઇંગ્લાંડ છોડી જર્મનીમાં રહેવા ગએલો. એ યુવતીએ મેયેન્સમાં એક બાળકીને જન્મ આપ્યો અને તેનું નામ જોન રાખ્યું. જોન બાલ્યાવસ્થાથી જ સુંદર, ચતુર અને બુદ્ધિમતી જણાઈ હતી. તેના પાદરી પિતાએ તેને તરેહવાર વિદ્યાકળાનું જ્ઞાન આપવા માંડ્યું અને તેમાં તે બહુ ઝડપથી આગળ વધવા લાગી. તેર વર્ષની વયે તો તે જર્મન, અંગ્રેજી અને ઇટાલિયન ભાષાઓમાં છૂટથી વાતચીત કરી શકતી; એટલું જ નહિ, પણ તત્ત્વજ્ઞાન જેવા કઠિન વિષય સંબંધે વાદ-વિવાદ પણ કરી શકતી. તેને લેટિન ભાષા આવડતી હતી. ખ્રિસ્તી ધર્મના ઇતિહાસનું શિક્ષણ તેને તેના પિતા પાસેથી મળ્યું હતું. એ બાળાના સૌંદર્યના તથા બુદ્ધિના અસાધારણ વિકાસથી તેના સંખ્યાબંધ પ્રશંસકો નીકળી આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ તેના નાના મ્હોંમાંથી ઝરતું અપૂર્વ જ્ઞાનામૃત પીવા તથા તેના પવિત્ર હાથ ઉપર ચુંબન કરવા પડાપડી કરવા લાગ્યા. એ પ્રશંસકોમાં ફુલ્દાના મઠનો એક પાદરી હતો. એ પાદરી દેખાવે ફૂટડો હતો અને જ્ઞાનપ્રાપ્તિમાં સારી પેઠે આગળ વધેલો હતો, એટલે વિદુષી જોનનું દિલ તેની તરફ આકર્ષાયું. બેઉ સુંદર, અસાધારણ બુદ્ધિમાન તથા સંસ્કારી રીતભાતવાળાં હતાં એટલે તેઓ પરસ્પર પ્રેમમાં પડ્યાં, પરન્તુ પાદરીથી કાંઈ સ્ત્રીનો સહવાસ કે વિશેષ પરિચય રાખી શકાય નહિ, એટલે દેહ તથા આત્માનું ઐક્ય ઈચ્છતાં એ યુવક–યુવતીએ એક પ્રપંચ ચલાવ્યો. જોન પુરુષનો વેશ ધારણ કરીને ફુલ્દાના મઠમાં જઈ પોતાના પ્રેમિકની સાથે તેના અતિથિને નામે રહેવા લાગી. બે મહિના સુધી તે ત્યાં રહી, પણ તેને ભય રહ્યા કરતો હતો કે પોતે સ્ત્રી તરીકે ઓળખાઈ જશે તો પોતે અને પોતાનો પ્રેમિક મોટા ભયમાં આવી પડશે. આથી એ બેઉ પ્રેમિકો ફુલ્દાના મઠમાંથી છટકીને યુરોપના પ્રવાસે નીકળી પડ્યાં. છેવટે તેઓ ઇટાલીમાં એથેન્સ ખાતે પહોંચ્યાં. ત્યાં તેઓ ઘણાં વર્ષ સાથે રહ્યાં, અને અપરંપાર ધર્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. જોને તો ત્યાં ભાષા, ઇતિહાસ, આત્મવિજ્ઞાન અને ધર્મશાસ્ત્રનો એટલો ઊંડો અભ્યાસ કર્યો કે ત્યાંના મોટા મોટા વિદ્વાનો તથા પંડિતો તેના જ્ઞાનની પ્રશંસા કરવા લાગ્યા.

પછી કાંઈ ખાસ કારણ વિના બેઉને છૂટાં પડવાની ઇચ્છા થઈ. પાદરીને પ્રવાસ કરવો હતો અને જોનને હજી વિશેષ જ્ઞાન મેળવવું હતું, એટલે પાદરી પૂર્વમાં ઇજીપ્ત તરફ ગયો અને જોન પશ્ચિમ તરફ વળી. પાદરી અલેકઝાંડ્રિયા, નાઈલ, થીબી વગેરેના પ્રદેશમાં જઈ બગદાદ ગયો. ત્યાં તેણે ઇસ્લામનો અભ્યાસ કર્યો. પછી તે ઇરાનમાં ગયો, ત્યાં તેણે જરથુસ્તના ધર્મનું જ્ઞાન મેળવ્યું. જોન તો રોમમાં જઈને ત્યાં જ સ્થિર થઈ ગઈ. આ બધો વખત તે પુરુષવેશે જ રહી હતી અને રોમમાં 'જહોન ધી ઇંગ્લિશ મૅન'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે જાણીતી થઈ હતી. ઇટાલીમાં તે વખતે પુરુષો મોટે ભાગે દાઢી–મૂછ કઢાવી નાંખતા એટલે જોનને દેખાવ પરથી ઓળખાઈ જવાનો ભય રહેતો નહોતો. થોડા જ વખતમાં જોન રોમના વિદ્વાનોમાં અને જનતામાં વિદ્વત્તા, નિખાલસતા તથા ચાતુર્ય માટે જાણીતી થઈ ગઈ અને ધીરેધીરે તેનું માન એટલું વધ્યું કે રાજ્યના મોટા ઓદ્ધેદારો, પાદરીઓ અને પંડિતો પણ શિષ્યો તરીકે તેના પગ આગળ બેસી તેના વચનામૃતનું પાન કરતાં સંકોચાતા નહિ.

વેશ બદલવા જેવો પ્રપંચ કર્યો હોવા છતાં જોને પોતાના સદાચરણને એવી સરસ રીતે જાળવ્યું હતું કે કોઈને તેનામાં કોઈ જ દોષ શોધ્યો જડતો નહિ. આ ગુણવત્તાથી જહૉન ધી ઇંગ્લિશ મૅન આખા ઇટાલીમાં જાણીતો તથા માનીતો થઈ પડ્યો હતો. પણ પછી તેનામાં મહત્ત્વાકાંક્ષા જાગી. પોતે પોપનું મહત્તમ સ્થાન કેમ ન મેળવી શકે? પોપનો અધિકાર ધર્મક્ષેત્રમાં જ નહિ પણ રાજક્ષેત્રમાં ય તે વખતે ઘણો ઉચ્ચ કોટિનો લેખાતો હતો, એટલે હવે જો ઊંચે ચડવું હોય તો પોપનો અધિકાર તેને માટે બાકી રહ્યો હતો. પછી તેણે વિશેષ જ્ઞાનપ્રાપ્તિ કેવળ પોપના અધિકાર માટે જ કરવા માંડી અને પોતાનું સ્ત્રીત્વ કાયમને માટે છૂપું રાખવાનો નિશ્ચય કર્યો. સેંટ માર્ટીનના મઠમાં દાખલ થઈને તેણે ગ્રીક તથા લેટિન ભાષામાં ધર્મનું શિક્ષણ મેળવ્યું. આગળ જતાં એ મઠમાં તેને પાદરીની પદવી મળી. તેણે મૂર્તિભંજક ખ્રિસ્તીઓની વિરુદ્ધમાં એક ગ્રંથ લખ્યો. રોમના બાદશાહો મૂર્તિભંજક પક્ષના હતા એટલે જોનના એ ગ્રંથે ઇટાલીમાં ભારે કોલાહલ મચાવ્યો. તે સમયે પાદરી જહૉનની વિશેષ પ્રસિદ્ધિ થવા પામી. દરમિયાન પોપ સર્જિયસ મૃત્યુ પામ્યો અને નવો પોપ લીઓ ચોથો થયો. તે જોનને ઓળખતો હતો એટલે જોન લીઓના માનીતા મિત્રમંડળમાં દાખલ થઈ. લીઓએ તેને કેટલાંક મહત્ત્વનાં કામો સોંપ્યાં તે જોને સફળતાથી પાર પાડચાં. વિધર્મીઓ સાથે

૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવાદ કરીને તેમને હરાવવામાં તેણે ખૂબ ચાતુર્ય બતાવ્યું હતું. વળી પોપના મંત્રીઓની મહેરબાની પણ તે ખૂબ મેળવી શકતી. એ મંત્રીઓનું કામ જોન પોતે કરી આપતી, તેથી તેઓ તેની પર પ્રસન્ન રહેતા અને જોન પ્રત્યે તેમનો પક્ષપાત બંધાતો. એથી થોડા વખત પછી પોપના ધર્મમંત્રીની પદવી પણ તેને મળવા પામી. એ પદ પરથી તેણે ધર્મસંરક્ષણનાં અનેક પરાક્રમો કરીને નામના મેળવી. લીઓ ચોથો અવસાન પામતાં પોપની પદવી માટેના અનેક ઉમેદવારોમાંનો એક જહોન ધી ઈંગ્લિશ મેન હતો અને વધુ મતે છેવટે તે જ જહોન આડમાને નામે પોપ બન્યો.

યુરોપનું ખ્રિસ્તી રાજમંડળ જોનના પોપ તરીકેના ડહાપણ તથા અધિકારથી સંતુષ્ટ થયું. ધાર્મિક રાજ્યવહીવટમાંની ખામીઓ જોનના અધિકાર હેઠળ દૂર થઈ. વિધર્મીઓ બળહીન થયા. ઘણા રાજાઓ, ધર્મગુરુઓ અને મહાપુરુષો દૂરદૂરના દેશોમાંથી પોપને નમન કરવા આવવા લાગ્યા. જોનને આ રીતે દુનિયાની અંદરની સર્વોપરી સત્તા મળી ચૂકી એટલે તેની મહત્ત્વાકાંક્ષા શમી ગઈ, પણ તેનું સ્ત્રીત્વ હવે જાગ્રત થયું! ધર્મને લગતાં અને દેવળને લગતાં જાહેર કામો પર તેને કંટાળો આવવા લાગ્યો. તે બહુ પૂજાઈ, તેને બહુ માન મળ્યું, તેની બહુ બહુ પ્રશંસાઓ ગવાઈ, હવે તેની વિષયભૂખ ઊઘડી! યુવાવસ્થાના કાળમાં પોતાના પ્રિયતમ ફુલ્દાના પાદરીની સાથે ભટકતાં અને પ્રેમામૃત પીતા-પાતાં તેને જે આનંદાનુભવ થયો હતો તે હવે તેના સ્મરણમાં તાજો થયો અને તેની ઝંખના તેના અંતરમાં જાગી. ધનના ઢગલા અને વૈભવની વિપુલતાની વચ્ચે તે પોતાની જાતને એકલી-અટૂલી જોવા લાગી.

પ્રેમિક તરીકે પસંદ કરવા જેવા અનેક પુરુષોના પરિચયમાં જોન હમેશાં આવતી, પરંતુ જેને તે પોતાનો પ્રેમિક બનાવે તેની પૂરી એકનિષ્ઠતાની ખાતરી થયા વિના તે એક ડગલું પણ ભરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. જોને પોતાના જૂના પ્રિયતમ ફુલ્દાના પાદરીને અનેક વાર સંભાર્યો પણ તે વખતે તે ક્યાં હતો તેની જોનને ખબર નહોતી. તેની હજુરમાં રહેનારા પાદરીઓમાંનો એક બાલ્દેલો નામનો જુવાન પાદરી હતો અને દેખાવે તે ફુલ્દાના પાદરી જેવો જ હતો, તેને જોને પોતાનો ખાનગી મંત્રી નીમ્યો; એટલે છૂપામાં છૂપી વીગતો તથા ભેદોની સાથે બાલ્દેલો સંબંધમાં આવવા લાગ્યો. છેવટે બાલ્દેલો જોનનો પ્રેમિક બન્યો. ત્યારપછી જોન પોતાના ખાનગી ઓરડામાં વધારે વખત ગાળવા લાગી અને જાહેરમાં તે બહુ ઓછી દેખાવા લાગી. જે વખતે લોકો માનતા હતા કે પોપ એકાંતમાં પ્રભુભક્તિ તથા ધર્મચિંતન કરી રહ્યો છે, તે વખતે જોન તો બાલ્દેલોના બાહુપાશમાં પડીને મોજ મેળવતી હતી! પણ છેવટે કુદરતે પોતાનું કામ કર્યું જ. જોન ગર્ભવતી થઈ અને તેને બાળક અવતરવાને હવે બહુ દિવસ બાકી રહ્યા નહિ! બાલ્દેલો તેથી ગભરાઈ ગયો, પણ જોન ગભરાઈ નહિ. નવમા સૈકાના વહેમી તથા અંધશ્રદ્ધાળુ લોકોને પોપ બાળક જણે એવો દૈવી ચમત્કાર બતાવવા–મનાવવાની હિંમત જોનમાં હતી!

તે વખતે ફુલ્દાના પાદરીને જોનથી છૂટા પડ્યાને બાર વર્ષ વીતી ગયાં હતાં. જોન ધારતી હતી કે કાંતો તે મરી ગયો હશે અથવા તે વખતે ગુલામોનો વેપાર ચલાવનારા તુર્કોના હાથમાં પડી તે ગુલામ બનવા પામ્યો હશે. પરંતુ દૈવયોગે તે જ અરસામાં તે રોમમાં આવી પહોચ્યો. બાર વર્ષ સુધી પૂર્વના દેશોમાં ભટકયા પછી હવે તેને ય સંસારસુખ માણવાની અભિલાષા થઈ આવી હતી. જોન જીવતી હશે કે નહિ તે તે જાણતો નહોતો. જહોન ધી ઇંગ્લિશ મૅન નામના પોતાના એક મિત્રને નામે તે રોમમાં જોનની શોધ કરવા લાગ્યો, ત્યારે તેને માલૂમ પડ્યું કે જોન તો પોપના ધર્માસન પર ચડી બેઠી છે! ફુલ્દાના પાદરીએ પૂર્વના દેશોમાં ફરતી વખતે નવા પોપ સંબંધી કશી વીગત જાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી. તેણે માત્ર નવા પોપનું નામ સાંભળ્યું હતું, પણ તે પોપ જૉન તે જૉન ધી ઈંગ્લિશ મૅન અથવા જોન પોતે હશે તેનો તો તેને ખ્યાલ પણ નહોતો. જોનના સંબંધમાં વધુ વીગત તેણે રોમમાં આવ્યા પછી જાણી અને તેની દિનચર્યા વિષે પણ જાણ્યું કે તે પોતાનો બધો વખત અંતઃપુરમાં ગાળે છે અને તેના મંત્રીઓ જ તેને નામે કામકાજ કરે છે. જોન અંતઃપુરમાં જ રહેતી હોવાથી તેના સંબંધે લોકોમાં ચિત્રવિચિત્ર અફવાઓ ઊડેલી તે પણ ફુલ્દાના પાદરીએ સાંભળી. તે રાત્રે તેને ઊંઘ આવી નહિ. બીજે દિવસે સવારમાં તે પોપને મહેલે ગયો અને તેણે કહાવ્યું કે "એક અંગ્રેજ ગૃહસ્થને પોપનું ઘણું જ અગત્યનું કામ છે." તુરત તેને મહેલમાં દાખલ કરવામાં આવ્યો. બાર વર્ષ પછી અને વેશના મોટા પરિવર્તનની વચ્ચે પણ પાદરીએ પોતાની પ્રિયતમા જોનને તુરત ઓળખી કાઢી! આ ઓચિંતા મેળાપથી જોન ખૂબ આશ્ચર્યચકિત થઈ ગઈ. તેના આશ્ચર્યનો ઊભરો શમ્યા પછી તેણે પોતાના જૂના પ્રિયતમને પોતાની પોપ બનવાની કળાની સમજણ આપી. છેવટે તેણે એવી આશા દર્શાવી કે "તમે હવે રોમમાં જ રહો, અને તમારી પ્રત્યે ઉદારતા દર્શાવીને હું તમને મોટા ખિતાબો તથા અધિકારો આપીશ; એટલે તમે શાન્તિ સમાધાનીથી શેષ જીવન ગાળી શકશો." પરંતુ ફુલ્દાના પાદરીએ જોનની એ માંગણીને તુરત તુચ્છકારી કાઢી અને તેને સારી પેઠે ફિટકાર આપીને તે ગુસ્સાપૂર્વક ચાલ્યો ગયો.

હવે જોનને ગભરામણ થવા લાગી. તેને અમંગળ વિચારો આવવા લાગ્યા. બાલ્દેલો જોનને ધીરજ આપતો, પણ તેનામાં હવે ઉત્સાહનો ઊભરો ચડતો બંધ થયો હતો. બાળક અવતરવાના દિવસો નજીક આવતા હતા. પ્રેમિકની સાથે રાતને વખતે ગુપચુપ નાસી જઈને કોઈ ગુપ્ત સ્થળે તેની સાથે રહેવું એવો વિચાર તેને આવ્યો, પણ તેમ કરવાની તેની હિંમત ચાલી નહિ. ધન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તાનો ત્યાગ તે કરી શકી નહિ. તે પોતાનું પાપ છૂપું રાખવાના ઉપાયો જ શોધવા લાગી. એ વખતે જાણે રોમ ઉપર દૈવી કોપ ઊતર્યો હોય તેમ ટાઇબર નદીમાં મોટું પૂર આવ્યું હતું અને દેશના લોકોને ઘણું નુકસાન થયું હતું. ખેતરોમાં ઊભેલો પાક, પશુઓ, ઘરો, મહાલયો, દેવળો અને મનુષ્યો પણ મોટા પ્રમાણમાં તણાઈ ગયાં હતાં. અધૂરામાં પૂરું તીડ આવવાથી રહ્યો–સહ્યો અનાજનો પાક તથા દ્રાક્ષના બગીચા નાશ પામ્યા હતા. લોકો આવી આફતોથી ઘેલા જેવા બની ગયા, અને તેઓ પોપને વિનંતિ કરવા લાગ્યા કે તમે તમારી દૈવી શક્તિથી અમને આવી આફતો-માંથી બચાવો! જે મહાન ધર્મગુરુ સ્વર્ગના દરવાજાની ચાવીનો કબજો ધરાવે છે તથા જે દૈવી સત્તાનો ધણી છે તે શું આવી આફતને વિદારી શકે નહિ? આ વિનંતિ ઉપર પોપે ધ્યાન આપ્યું નહિ અને કશું કર્યું નહિ. જોનને તે વખતે છેલ્લા દિવસો જતા હતા, એટલે તે મહેલની બહાર નીકળવાની હિંમત ધરાવતી નહોતી. અત્યંત ઉશ્કેરાએલા લોકો પોપના મહેલના દરવાજા પાસે એકઠા થયા. બળવો ઊઠે એવો ભય ઉપસ્થિત થયો. લોકો એમ કહેતા હતા કે પોપ માત્ર આશીર્વાદ આપે તોપણ લોકોની આફત ટળી જાય, છતાં તે કેમ મહેલની બારીમાંથી મ્હોં પણ બતાવતો નથી? કેટલાક ધર્મગુરુઓએ પણ લોકમતને ટેકો આપ્યો એટલે બાલ્દેલો ગભરાઈને જોન પાસે આવ્યો. તેના કહેવાથી જોન ઉશ્કેરાએલા લોકોને શાન્ત કરવા ઝરૂખામાં આવીને ઊભી. તેના પાંડુવર્ણીય અને શોકાચ્છન્ન વદને જાદૂઇ અસર નીપજાવી. લોકોને આશીર્વાદ આપવાની જેમ તેણે પોતાનો હાથ લંબાવ્યો અને સ્વમુખે જાહેર કર્યું કે આવતી કાલે હું એક પવિત્ર સરઘસ કાઢીશ અને મંત્રપ્રયોગ વડે તીડને નસાડી મૂકી રોમને આફતમાંથી મુક્ત કરીશ.

બીજે દિવસે રોમમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો. સરઘસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડવાનું હતું, તે વખતે દેવળો ઘંટારવથી ગાજી ઊઠયાં. દરેક વ્યક્તિ કાંઈક ચમત્કાર થવાની આશા અને શ્રદ્ધા રાખી રહી હતી. ધર્માધ્યક્ષો, પાદરીઓ અને સાધુઓ પોપની પાસે એકત્ર થયા અને લોકો પણ પોપનો ચમત્કાર જોવાને હજારોની સંખ્યામાં એકઠા થયા. છેક છેલ્લી ઘડીએ બાલ્દેસોએ જોનને સલાહ આપી કે જાહેરમાં દેખાવ દેવો એ તેને માટે સલાહભરેલું નથી, પણ જોન લોકોને આપેલું વચન નિષ્ફળ કરવાનું વાજબી માનતી નહોતી, જોકે તેને પોતાને ય ભયાનક ચિહ્નોનો આભાસ થતો હતો. ચોપાસ ધૂપ સળગવા લાગ્યો. વાતાવરણ સુગંધિત થઈ ઘંટારવથી ગાજવા લાગ્યું. પોપે ધીમેધીમે સરઘસને મોખરે રહી ખચ્ચર પર બેસી ચાલવા માંડ્યું અને ચોપાસ લોકો 'પોપના જય'નો પોકાર કરી, સ્તવનો ગાઈ, આકાશ ગજાવી રહ્યા. ક્રોસ પકડનારાઓ, ધ્વજ ધારણ કરનારાઓ, પવિત્ર મૂર્તિઓ લઈને ચાલનારાઓ સરઘસને મોખરે હતા. તેમની પાછળ સાધુઓ–પાદરીઓ ખુલ્લે મસ્તકે ચાલતા હતા. પાપપ્રક્ષાલન કરવાના સૂચક ચિહ્ન તરીકે તેમણે પોતાના મસ્તક પર ભસ્મ લગાવી હતી. સાધ્વીઓ, કુમારિકાઓ અને પરિણીતાઓ તેમની પાછળ ચાલતી હતી. સૌની પાછળ રોમના લોકો તથા પરદેશીઓ ચાલતા હતા. એવામાં પોપના ખાનગી વૈદ્યને જોન એકાએક અચેતન થતી માલૂમ પડી, એટલે તેણે જોનને કાંઇ ખાન–પાન લેવા સૂચના કરી. પછી પોપે ખેતરોને અને ખળાંને આશીર્વાદ આપવાનો વિધિ કર્યો, ચારે દિશામાં ક્રોસની આકૃતિઓ દોરી, એટલે સરઘસનું બધું કામ પૂરું થયું. પછી જોન પોતાના ખચ્ચર પર સવાર થઇને મહેલ ભણી પાછી ફરવા લાગી; પણ તે ખૂબ થાકી ગઈ હતી. તનનો શ્રમ અને મનની ચિંતાઓ તથા પશ્ચાત્તાપ વધુ વખત સહન કરવાનું સામર્થ્ય તેનામાં રહ્યું નહોતું. કુદરત પણ પોતાનો માર્ગ શોધી રહી હતી. એકાએક જોનના હાથમાંથી ક્રોસ નીચે પડી ગયો અને તે ચૈતન્યહીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની ગઈ. શું પોપ ઉપર કોઈ અદૃષ્ટ પિશાચે આક્રમણ કર્યું ? પોર્ટોનો બિશપ મંત્રવિદ્યામાં નિષ્ણાત મનાતો હતો તે એકદમ નજીક આવ્યો અને તેણે પિશાચ ઉપર મંત્રપ્રયોગ કર્યો. લોકો આશ્ચર્યચકિત થઈ પોપની આસપાસ ટોળે મળી જોઈ રહ્યા અને પિશાચના પલાયનની આશા રાખતા ઊભા રહ્યા પણ તેમણે એકાએક શું જોયું ? તેમણે જે કાંઈ જોયું તેથી તેઓ દિઙ્મૂઢ બની ગયા. પોપે અધૂરા માસે બાળકને જન્મ આપ્યો હતો !

લોકોમાં ચોતરફ ધાંધલ મચી ગયું. બધા કર્તવ્યમૂઢ બની ગયા. ઉશ્કેરાએલા લોકો જોન અને તેના બાળક તરફ ધસી ગયા અને બેઉને ટાઈબર નદીમાં ફેંકી દેવા તૈયાર થયા. બાલ્દેસો તથા તેના મિત્રો તે બનાવને જ એક ચમત્કારરૂપ મનાવીને લોકોને શાન્ત કરવા યત્ન કરવા લાગ્યા, પરંતુ લોકો હવે ઝનૂની બની ગયા હતા. તેઓ એવા ચમત્કારને માન્ય રાખવા તૈયાર નહોતા. દુર્ભાગિની જોને પોતાની નિર્બળ આંખો ઉઘાડી અને મૃત્યુસમયનો પશ્ચાત્તાપ દર્શાવનારા થોડા શબ્દો ઉચ્ચાર્યા. પણ લોકો હવે ઝાલ્યા રહ્યા નહિ. તેમણે જોનનું ગળું દાબીને તેને ત્યાં ને ત્યાં જ રસ્તાની વચ્ચે મારી નાંખી !

પોપ જોનની એ વિચિત્ર ચરિત્રકથા વાંચી રહેતાં જ પરિવ્રાજક ચકિત થઇ ગયો. જેમતેમ ઝડપથી પુસ્તક જયાંનું ત્યાં પાછું મૂકી દઈને આસન પરથી તે ઊભો થઈ ગયો. એ તાજા વાચનની અસર સ્વામીજી ઉપર થઈ હોવાનો તેને સંશય પડયો. જહોનના પ્રકટ જીવન અને આંતર જીવન વચ્ચેની વિષમતાનો કરુણ અંજામ તો સ્વામીજીના હૃદય ઉપર અસર નહિ કરી રહ્યો હોય ? સ્વામીજીના જીવનમાં એવી કોઈ વિષમતા પ્રત્યક્ષ દેખાતી નહોતી, તો શું પરોક્ષ રીતે તેમાં કોઈ કલુષ હશે ખરું ? એ કલુષનો ડંખ તેમના હૃદયને પીડી રહ્યો હશે શું ? તે કોઈ એવો ભયંકર કીડો હશે કે જે છૂપી રીતે તેમનું કાળજું કોરી રહ્યો હશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એથી થતું દર્દ તેમના વદન ઉપર વિષાદની રેખાઓ આલેખતું હશે? પ્રસન્નતાની એકાદ નાની લહરિની પાછળ પુનઃપુનઃ પ્રકટતી ગમગીની ઉત્તરોત્તર વધુ ને વધુ ઘેરી થતી જતી હતી તે શું એ કાતિલ કીડાની જ કામગીરી હશે?

પરિવ્રાજકનું ચિત્ત હવે ચંચલ બની ગયું અને અનેક સંકલ્પવિકલ્પ કરવા લાગી ગયું. તે દિવસે નવું ઔષધ બનાવવાનું હતું, તેને માટે જોઈતી વનસ્પતિ લેવા તે બહાર ચાલ્યો ગયો, પણ ચાલતી વખતે ડગલેડગલે તેને સ્વામીજીનો માનસિક રોગ કેવા પ્રકારનો હશે તેના જ વિચારો આવ્યા કરતા હતા. તેને જોઈતી વસ્તુ નજીકના વગડામાંથી મળે તેમ નહોતું, એટલે વૃંદાવન જેટલે દૂરને સ્થળે એક મંદિરના બગીચામાંથી છેવટે તેણે એક વૃક્ષ પારખી લીધું અને તેની એક ડાળી તોડી લઈને તે સાંજે આશ્રમમાં પાછો ફર્યો, ત્યારે પણ તે એ જ વિચારમાં લીન હતો. હાથમાં કોઈ વૃક્ષની ડાળી પકડીને આવેલા પરિવ્રાજકને જોતાં જ સ્વામીજીએ પૂછ્યું: "અહો, બે–ચાર ફૂલ માટે વૃક્ષની આખી ડાળી તોડીને લાવનારા તમે કેવા પરિવ્રાજક?"

પરિવ્રાજકે હસીને જવાબ આપ્યો: "હવે હું આપને પૂછું: કેવળ ફૂલને જ ઉપયોગી માનનારા અને છાલ–પાંદડાંની અવગણના કરનારા આપ કેવા વનસ્પતિશાસ્ત્રી છો, તે કહો!"

"ક્ષમા કરજો!" સ્વામીજી તુરત પોતાનો દોષ સમજી ગયા: "વનસ્પતિશાસ્ત્રી તો તમે છો, હું તો એ દિશામાં માત્ર પ્રાકૃત જન છું; છતાં મેં તમને આવો પ્રશ્ન પૂછીને અઘટિત ચેષ્ટા જ કરી લેખાય. આનું શું કાંઈ ઔષધ બનાવવાનું છે?"

"હા, સ્વામીજી! આ ફૂલ જોઈને તો આપ વૃક્ષને જરૂર ઓળખી ગયા હશો."

"નહિ, નહિ, નથી ઓળખી શક્યો; પણ પાંદડાં ઉપરથી કહું છું કે તે આસોપાલવ હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહિ, તે આસોપાલવ નથી. વૈદ્યોનું જ નહિ, પણ પંડિતોનું અને કવિઓનું પણ તે સુપરિચિત વૃક્ષ છે."

"હજી પણ ખ્યાલમાં નથી આવતું."

"હું અશોક વૃક્ષની સપુષ્પ ડાળી લાવ્યો છું, તેમાંથી અર્ક કાઢીને હું તે આપને ઔષધ તરીકે આપવાનો છું."

"હં, અશોક વૃક્ષનું નામ તો મેં સાંભળ્યું છે, પણ હું તો આસોપાલવને જ અશોક વૃક્ષ માનતો હતો. સાચા અશોકને આવાં સુંદર ફૂલ થતાં હશે તેનો મને બિલકુલ ખ્યાલ નહિ: લાવો એ ફૂલ; જાણું તો ખરો, તેની કેવી સુગંધ છે!"

પરિવ્રાજક ફરીથી હસ્યો અને બોલ્યો: "તે સૂંઘવાની વાત જવા દો, અને દૂરથી જુઓ તેમાં જ મઝા છે!"

"એમ કેમ?"

"તેની પાંદડીઓના ગુચ્છની રમ્યતા તથા રંગો જ જોવાનાં હોય છે. સુગંધને નામે તેમાં શૂન્ય હોય છે!"

"બસ? આવું દૈવી સુંદર પુષ્પ અને તેમાં સુગંધ જ નહિ?"

"ના, સુગંધ નહિ; વળી તેમાં બીજી ય કેટલીક ખોડો છે. અને સાંભળવી હોય તો તે વિષેની એક આખ્યાયિકા જે મેં ક્યાંક વાંચી કે સાંભળી છે, તે કહું."

"કહો, કહો!" સ્વામીજીમાં ઉત્સુકતા પ્રકટી.

પરિવ્રાજકે કથા કહેવા માંડી:

"પૂર્વે હિમાચલ પ્રદેશમાં ચલચિત્ત નામે એક રાજા હતો. પિતા તરફથી સમૃદ્ધ રાજ્ય અને ઊંચા સંસ્કાર પામેલો ચલચિત્ત પચીસ વર્ષની જુવાન વયે રાજા થયો હતો. તેના પિતાએ એક સુંદર કન્યા સાથે તેનું લગ્ન કર્યું હતું, પરંતુ પત્ની સાથે રહી વિવિધ વિલાસ ભોગવવાથી તેને તૃપ્તિનો અનુભવ થતો નહોતો. ઈક્ષ્વાકુ વંશમાં તે જન્મેલો હતો, અને પરાપૂર્વથી એક જ પત્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણવાનો ધર્મ એ રાજવંશમાં ચાલ્યો આવતો હતો. આથી રાજા બીજી સ્ત્રી પરણી શકતો નહોતો અને તેના કુલસંસ્કાર તેને અનીતિને માર્ગે જવાની ના કહેતા હતા. મનનું દમન કરી કરીને તેણે પંદર વર્ષ ગાળ્યાં. તેને ત્રણ પુત્રો તથા એક પુત્રી થયાં, એટલે તેણે પોતાના મનથી જ સમજીને રાજમહેલના વાતાવરણનો ત્યાગ કરી વાનપ્રસ્થ જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. તે રાજસમૃદ્ધિ છોડીને વનમાં જયાં ઋષિઓ વસતી કરીને રહ્યા હતા ત્યાં એકલો રહેવા લાગ્યો.

"વનવાસનું કષ્ટમય જીવન ગાળવા છતાં તેનો વિષયવિકાર શમ્યો નહિ! વનમાં તો સ્ત્રીનું દર્શન પણ ક્યાંથી થાય? એટલે ઋષિકુળથી કેટલેક દૂર એક સરિતા વહેતી હતી તેને કાંઠે સ્નાન-નિમિત્તે તે જઈ બેસતો અને ત્યાં નાહવા–ધોવા જે સ્ત્રીઓ આવતી તેમનું દર્શન કરવામાં સમય ગાળતો. ત્યાં બેસીને તે મૂગો મૂગો આંખોના વિષયને સ્ત્રીદર્શનથી અને કાનના વિષયને સ્ત્રીઓના કંઠનાં મંજુલ ગાન, રમતિયાળ વાર્તાલાપ કે હાસ્ય–વિનોદના શ્રવણથી પોષવા–તોષવા મથતો. તે પોતાના મનથી જાણે વિષયેચ્છાની તૃપ્તિ માટે એ સ્ત્રીઓને મૂગી પ્રાર્થના કરતો હોય તેમ બેસી રહેતો. પણ લજ્જાથી, ભયથી કે દમનશીલ મનોવૃત્તિથી કશું બોલતો કે કુચેષ્ટા કરતો નહિ. નદીકાંઠેથી ઊઠીને તે પાછો પોતાને સ્થાને જતો ત્યારે તેને પસ્તાવો થતો, તે પોતાના ચલાયમાન થતા નિર્બળ ચિત્તની સાથે ઝઘડતો, પણ ફરી બીજે દિવસ થતો અને તેનાં આંખ–કાન સરિતાના ઉપકંઠ પર વિષયસેવન માટે તેને દોરી જતાં!

"એમ કરતાં વર્ષો વીતી ગયાં. શરીર વૃદ્ધ થવા લાગ્યું, પણ ચલંચિત્તનો વિષયવિકાર શમ્યો નહિ, અને તેનું દમન કરવાના યત્નો કરી કરીને પણ તે થાક્યો. એક વાર તેણે વિચાર્યું કે આ આંખો જ મને કામલોલુપ બનાવે છે. જો આંખો ન હોય તો સ્ત્રીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન થાય નહિ, અને મન તેવી ઇચ્છા પણ કરે નહિ; એટલે પોતાને હાથે ચલંચિત્તે આંખો ફોડી નાંખી ! તે અંધ થયો. પણ અંધતા વહોરી હોવાનું કારણ તેણે કોઈને કહ્યું નહિ. બીજા ઋષિઓ તેના ભોજનાદિ ઉપર લક્ષ આપી તેની આવશ્યક સેવા કરવા લાગ્યા. થોડા સમય પછી તેનું ચિત્ત પાછું કામલોલુપ બનવા લાગ્યું ! તેના કાન સ્ત્રીઓના શબ્દો સાંભળવાને અધીર થવા લાગ્યા. તે કોઈ ઋષિને વિનંતિ કરી પોતાને સરિતાકાંઠે દોરી જવા કહેતો અને પૂર્વવત્ તે સ્ત્રીઓનાં ગાન, હાસ્ય–વિનોદ આદિ સાંભળતો ત્યાં બેસતો. સમય જતાં તે અંધ દશામાં પણ એ દિશામાં એકલા જવા–આવવા ટેવાઈ ગયો. આ લોલુપતાએ પુનઃ તેને વિચાર કરતો કરી મૂક્યો. તેને લાગ્યું કે કર્ણેન્દ્રિય જ આ હીન અને અધર્મ્ય માર્ગે પોતાને દોરી જાય છે, એટલે તેણે કાનમાં શૂળો ભોંકી કાનની શ્રવણશક્તિનો પણ નાશ કરી નાંખ્યો !

"આંખો અંધ અને કાનો બધિર થયા છતાં તેની કામલોલુપતા શમી નહિ ! તે મનમાં વિહ્વળ બનવા વાગ્યો. ઇંદ્રિયો તો મનસિજનાં–કામનાં ઉપકરણો છે, સાધનો છે; સાધનોનો નાશ કરવાથી કાંઈ મનસિજનો નાશ થતો નથી; એનો ફુત્કાર ભલે અગોચર રહે પણ તે થયાં તો કરે છે જ. હવે ચલંચિત્ત પોતાનો મનોભાવ પ્રકટ કર્યા વિના સહનિવાસી ઋષિઓને પ્રાર્થના કરવા લાગ્યોઃ 'હે ઋષિવરો ! કૃપા કરીને મને સરિતાને કાંઠે લઈ જાઓ !' પહેલાં તો ઋષિઓએ તેની પ્રાર્થના ઉપર લક્ષ આપ્યું નહિ, પરંતુ છેવટે તેની દીનહીન અવસ્થા જોઈને દયાભાવથી તેઓ તેને સરિતા પર લઈ ગયા અને કાંઠે બેસાડ્યો. ત્યાં બેઠા બેઠા તે ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યો : 'હે કામલાંગીઓ ! તમે જ્યાં હો ત્યાંથી આવી મને તમારા હાથથી સ્પર્શ કરો, અને તેમ નહિ તો છેવટે તમારા પગની લાત દ્વારા પણ મને સ્પર્શો !' આમ પોકાર કરતો છતાં પોતાની અવશિષ્ટ રહેલી સ્પર્શેન્દ્રિયની કામલો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લુપતાની વાત પ્રકટ રીતે કોઈને પણ નહિ કહેતાં તેનું દમન કરવા મથતો એ ચલચિત્ત રાજા ત્રણ દિવસે ભૂખ્યો તરસ્યો ત્યાં જ મૃત્યુ પામ્યો, એટલે ઋષિઓએ તે સ્થળે તેના દેહને અગ્નિદાહ દીધો.

"થોડા મહિના પછી એ ચલચિત્ત રાજાના મૃતદેહની ભસ્મમાંથી એક વૃક્ષ ઊગી નીકળ્યું તે જ અશોક વૃક્ષ. એમ કહેવાય છે કે એ વૃક્ષને જ્યાં સુધી નવયૌવનાના પગની લાત વાગતી નથી ત્યાંસુધી તેને ફૂલ આવતાં નથી; તેનું કારણ ચલચિત્ત રાજાની મૃત્યુસમયની ઝંખના છે. સંસ્કૃત ભાષાના કવિઓએ પણ એ વાત ઉપર શ્લોકરચના કરી છે. *એક કવિએ ઉપાલંભ આપતાં અશોક વૃક્ષને કહ્યું છે કે, હે અશોક! નાનાં સ્વાદિષ્ઠ ફળોનો તારો થોડોએ વૈભવ હોતો નથી. તારાં સુંદર મોટાં પુષ્પ થાય છે, પણ તેમાં સુગંધનું નામ પણ હોતું નથી. વળી જ્યાં સુધી નવયૌવનાના હાથ કે પગનો સ્પર્શ ન થાય ત્યાંસુધી તું સપુષ્પ પણ બની શકતું નથી: એવાં ત્રણ ત્રણ કલંકથી પણ તું કેમ લજ્જા પામતો નથી? આ આખ્યાયિકામાં અશોક વૃક્ષની અને ચલચિત્ત રાજાની એમ બેવડી કલંક-કથા–લજ્જાકથા વણાએલી છે."

એ સાંભળી રહીને સ્વામીજી બોલ્યા: "વાહ! કથા તો રસભરી અને રહસ્યપૂર્ણ છે, પણ હે ચારુદત્ત! હું એક વાત પૂછું. એક માનવીના મનની અપ્રકટ પાપવાસના આવી રીતે એક વૃક્ષ દ્વારા ફૂટી નીકળે એ શું સંભવિત છે?"

"કેમ નહિ? વાસના અતૃપ્ત રહેવાથી માનવી ઇહલોકમાંથી મરીને પરલોકમાં પિશાચયોનિમાં અવતરે છે એમ જો શાસ્ત્રકારો માને છે, તો તીવ્ર અપ્રકટ પાપવાસના માણસના મુડદાની રાખ-

---

* मृदूनां स्वादूनां लघुरपि फलानां न विभवः ।
तवाशोक स्तोकः स्तबकमहिमा सोऽप्यसुरभिः ॥
यदेतन्नो तन्वीकरचरणलावण्यसुभगं ।
प्रवालं बालं स्यात्तरुषु स कलंकः किमपरः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી આ રીતે ઊગી નીકળતી હોય તે કાંઈ ઈશ્વરની સૃષ્ટિમાં અસંભવિત નથી."

"તમારી આખ્યાયિકામાંથી આપણે એટલું તો જોઈ શકીએ છીએ કે રાજા પોતાની હીણી વૃત્તિને પિછાણતો હતો, તે માટે પસ્તાતો હતો,.તે દૂર કરવા મથતો હતો, આત્મદમન કરવામાં પણ પાછો હઠતો નહોતો; એટલું બધું કરનાર એક માણસ કોઈ મનોદુર્બળતાથી પોતાની પાપવાસનાની વાત કોઈની આગળ પ્રકટ ન કરી શકે, તેથી શું ઈશ્વર તેને આવો અન્યાય કરે?"

"એમાં ઈશ્વરનો અન્યાય નથી, ન્યાય છે. દેહથી આકરામાં આકરાં કષ્ટો વેઠનાર અને અપાર તપશ્ચર્યા કરનાર પણ પાપવાસનાને પ્રકટ કરી શકે નહિ, ત્યારે તેના મનની ગાંઠમાં કેવા ઘેરા પાપતંતુઓ વણાએલા હશે તે સમજી શકાય તેવી વાત છે."

"મને તો એ બધો તમારો કલ્પના–જનિત ભ્રમ લાગે છે. ભક્ત કવિઓએ પોતાનાં હૃદયો પ્રભુ પાસે જ ખુલ્લા મૂકયાં છે, કારણકે પ્રભુ સિવાય ઇતર કોઈ માનવીહૃદયની પાપવાસના જાણવાનો અને એનાં પાપ ધોવાનો અધિકારી હોઈ શકતો નથી."

પરિવ્રાજક હસીને બોલ્યો: "પ્રભુને નામે પ્રભુની મૂર્તિ આગળ પાપી પોતાના હૃદયને ખુલ્લું મૂકે અને એ રીતે પોતાનાં પાપ ધોવાયેલાં માને એ તો હૃદયનું પાપ છુપાવી રાખવા બરાબર જ લેખાય."

"હું મૂર્તિની વાત કરતો નથી; હું સર્વવ્યાપી ઈશ્વરની વાત કરું છું. અશ્રદ્ધાળુને ઈશ્વરની સર્વવ્યાપકતાનો અને તેના મહિમાનો ખ્યાલ નહિ આવે. ઈશ્વરને પોતાની સમક્ષ જોઈને જે માનવી પોતાનું હૃદય ખુલ્લું કરે છે, પોતાનાં પાપોનું નિવેદન કરે છે, તેનાં પાપોનું ઈશ્વર જરૂર પ્રક્ષાલન કરે છે, અને તેને નવેસરથી નિષ્પાપ જીવન જીવવાની તક આપે છે; તેથી જ ઈશ્વરને શાસ્ત્રકારોએ અને ભક્તોએ પરમ દયાળુ લેખ્યો છે. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊલટું, ઈશ્વર સિવાયની અનધિકારી માનવ–વ્યક્તિ સમક્ષ પોતાની પાપવાસના પ્રકટ કરનારની સ્થિતિ કેવી થાય છે? તે સંસારમાં અપકીર્તિત તો થાય છે જ, પણ સંસારી સમાજ તેને માટે પોતાના જીવનને નિષ્પાપ રીતે નિર્વહવાની કોઈ તક જ રહેવા દેતો નથી. પતિતને પતિત જ રહેવા દેવામાં તે પોતાની અહંતાવિષ્ટ પાવનતા માને છે. એમ પ્રકટ પશ્ચાત્તાપ રૂપ પ્રાયશ્ચિત્ત કરવા જતાં તે બિચારો માનવી પતનની વધુ ઊંડી ગર્તામાં હડસેલાઈ જાય છે. પાપી માણસને અંતરમાં પાપ જરૂર ડંખતું હોય છે, અને ઈશ્વરના મહિમાને તે ઓળખે છે પણ ખરો; જો તે અશ્રદ્ધાળુ હોય તો તેને પાપ ડંખે જ નહિ. એટલે શ્રદ્ધાળુ પાપી ભવિષ્યના પવિત્ર જીવનની ઈચ્છા ધરાવતો હોવાથી જ અનુદાર અને અનધિકારી માનવીઓ પાસે પોતાનું હૃદય નહિ ખોલવામાં અનુચિત કશું જ કરતો નથી. પાપનું પ્રક્ષાલન કરવાની તક પણ તેને એથી જ મળવા પામે છે. અપકીર્તિત થએલા પાપીઓના મન ઉપરનો નૈસર્ગિક સંયમ પણ નાશ પામી જાય છે. એટલે તે વિવેકભ્રષ્ટ બને છે, અને પછી તો તમે જાણો છો કે *विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ॥"

"હં, ત્યારે વાત એમ છે કે કલંકિત થવાનો ભય એવા માણસોને આત્મવંચના કરવા પ્રેરે છે! એવા માણસો ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાળુ હશે કે કેમ, ખરો પશ્ચાત્તાપ કરતા હશે કે કેમ, ભવિષ્યમાં પવિત્ર જીવન જીવવાની ઇચ્છાવાળા હશે કે કેમ એ બધું કોણ કહી શકે? ઘણું ખરું તો એવા માણસો જ્યારે માનસિક યાતના વેઠતા હોય છે ત્યારે સ્મશાનવૈરાગ્ય જ તેમનામાં પ્રબળ હોય છે; સ્મશાન નજર આગળથી દૂર થતાં જ તેઓ પાછા હતા તેના તે બની જાય છે. પાપના વેલા એ જ રીતે વધુ ને વધુ ફેલાતા હોય છે. શ્રદ્ધાળુ પાપી જો ભવિષ્યના પવિત્ર જીવનની

* વિવેકભ્રષ્ટ માનવીઓનું સેંકડો માર્ગે પતન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી ઇચ્છા ધરાવતો હોય તો અપકીર્તિત થવાના ભયથી તેણે પોતાની શ્રદ્ધા શા માટે ગુમાવવી જોઈએ? શા માટે તેણે શુભ ઇચ્છાને છોડી દેવી જોઈએ અને શા માટે વિવેકભ્રષ્ટ પણ થવું જોઇએ? અપકીર્તિ કાંઈ તેને શુભ માર્ગે જતાં રોકતી નથી; ખરી રીતે તો તેવો માણસ જો પ્રકટ પશ્ચાત્તાપ કરે તો સંસાર ઉપર ઉપકાર થાય. સંસારના માનવીઓ પાપની ભયાનકતા જુએ તો તેવા આચરણનો પ્રસંગ ઉપસ્થિત થતાં તેઓ પાછા ફરે. પાપને છાનું રાખવા માટેની તેવા માણસની બધી ચેષ્ટા તેના આત્માને ઠગનારી જ હોય છે, અને તેથી તે આત્મવંચના લેખાય છે એમાં તો મને શંકા નથી."

એટલું બોલી પરિવ્રાજક અટકી ગયો અને સ્વામીજી ભણી તાકી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજી પરિવ્રાજકના કથનનો અને દૃષ્ટિનો મર્મ સમજી ગયો.

" ઓહોહોહો ! " સ્વામીજી સ્મિત કરતાં બોલ્યા: " આપણે કઈ વાત પરથી કઈ વાત પર ચડી ગયા ! તમે અશોક વૃક્ષની ડાળી લાવ્યા તેની જ વાત હતી. શું તેમાંથી અર્ક કાઢી તમે મારા માટે ઔષધ બનાવવાના છો ? "

" જી હા, આપને જ માટે એ છે. "

" અહો પરિવ્રાજક બંધુ ! ખરેખર, તમે મારા માટે બહુ શ્રમ ઉઠાવો છો. તમે કેટલાં બધાં ઔષધો બનાવ્યાં, મારી દિનચર્યા અંગે પણ કેટલી બધી કાળજી રાખી, અને હજી તે બધાનો અંત આવતો જ નથી, પણ નવાં નવાં ઔષધો લાવ્યે જ જાઓ છો ! હું પૂછું છું કે મારા શરીરમાં તમને કાંઈ સુધારો થયેલો લાગે છે કે પછી હું મૃત્યુ તરફ જ મુસાફરી કરી રહ્યો હોઉં એવો તમારો અભિપ્રાય છે ? "

" એવી અમંગલ વાત ન ઉચ્ચારો, સ્વામીજી ! એ અમંગલતામાં મારા વૈદકના જ્ઞાનની પણ નામોશી રહેલી છે. "

સહજ હસીને સ્વામીજી બોલ્યા : " તમારા વૈદકના જ્ઞાન ઉપરાંત તમારી ધીરજ અને ખંત કાંઈ જેવાં તેવાં નથી. અને મૃત્યુથી હું ભય પામતો હોઉં એમ તમે માનશો નહિ. આવા રોગિષ્ઠ શરીરનો અંત આવીને નવું નીરોગી શરીર વહેલું મળતું હોય તો તેમાં ખોટું શું છે ? હું જાણું છું કે મુક્તિથી હું ઘણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર છું અને જીર્ણ વસ્ત્રને અંતે. નવું વસ્ત્ર તો આ આત્માને મળવાનું જ છે; એટલે તમને જે લાગતું હોય તે ખરેખરું કહી દો, જરાએ ભય, ક્ષોભ કે સંકોચ ધરાવશો નહિ."

"તમારી જાણવાની ઇચ્છા છે તો ભલે સાફ સાફ વાત કહું." ક્ષણભર વિચારીને પરિવ્રાજક બોલ્યો : "મને લાગે છે કે તમને કોઈ વિલક્ષણ રોગ થઈ આવ્યો છે. કેટલાય મહિનાથી હું તમારી તબિયત નિહાળ્યા કરું છું. કયું ચિહ્ન કયા કારણથી દેખાયું અને કયા ખોરાકની કેવી અસર થઈ તેની તપાસ રાખું છું. ઔષધની અસર તો કલાકે-બબે કલાકે શોધતો જ રહું છું. છતાં હજી હું એના સાચા લક્ષણને પકડી પાડી શક્યો નથી, એ સાચી જ વાત આપને પહેલાં તો કહી દઉં છું, પછી ભલે તેમાં મારા વૈદકના જ્ઞાનની હીણપત થવા પામતી હોય. આમ એક રીતે આપનો રોગ વિલક્ષણ છે અને તેથી તે ભારે લાગે છે, તો બીજી રીતે એ રોગની અસર એવી ભારે ભયંકર નથી લાગતી કે જેથી કોઈ કારમો ભય આવી પડવાની ચિંતા રાખવી જોઈએ. તાત્પર્ય એ છે કે આપનો રોગ સાધ્ય કોટિનો છે, પણ તેનાં ચિહ્નો એવાં ચિત્રવિચિત્ર દેખાય છે કે કેટલીક વાર હું ગૂંચવાઈ જઉં છું. અને આપને પૂછવાનું મને મન થાય છે કે શું આપ મારું આપેલું ઔષધ છાની રીતે ઢોળી નાંખતા તો નથી? અલબત્ત, આવું મેં આપને કોઈ વાર પૂછ્યું નથી, પણ જ્યારે મારા આપેલા ઔષધની ધારી અસર જણાતી નથી, અથવા અસર જણાયા પછી સત્વર ભૂંસાઈ જાય છે ત્યારે મારા ચિત્તમાં આવો વસવસો ઉત્પન્ન થાય છે, એટલે હું મારા મનને કહું છું કે, મૂર્ખ! તું હજી સ્વામીજીનું દર્દ જ જાણી શક્યો નથી!"

"આવી ગોળગોળ વાત ન કરતાં સ્પષ્ટતાથી જ કહોને!"

"હજી વધુ સ્પષ્ટતાથી કહું? ભલે ત્યારે, એમ કરું. મેં ભારે જવાબદારી માથે લીધી છે. મહિનાઓ થયા પણ હું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર પાડવામાં આગળ વધ્યો હોઉં એમ મને લાગતું નથી; કહો કે હું હજી જયાંનો ત્યાં જ છું; પણ મેં હજી આશા છોડી નથી. આશા છોડી હોત તો મેં કોઈ બીજા વૈદ્ય–ડૉક્ટરની મદદની માંગણી કરી હોત. વસ્તુતઃ મારી જવાબદારીનો ઘેરો ખ્યાલ મને આવે છે, એટલે મારે આપને પૂછવું પડે છે કે આપના રોગની યથાસ્થિત વીગત આપે મને આપી દીધી છે કે તેમાં કાંઈ બાકી રહ્યું છે? રોગને પણ કાર્યકારણભાવ હોય છે એટલે આ પૂછવું પડે છે."

"અહોહો!" સ્વામીજી હસીને બોલ્યા: "સૂયાણી પાસે પેટ છુપાવવાની મૂર્ખતા પ્રસૂતા કરતી નથી, તેમ વૈદ્યથી કશું છુપાવે તો એ દર્દી ય બેવકૂફ કહેવાય."

પરિવ્રાજક બોલ્યો: "રોગનાં કાર્યકારણભાવ વિષે આપને વધુ સમજૂતી આપવાની જરૂર ન હોય. સામાન્ય માણસ એમ સમજતો હોય છે કે શરીર ઉપર રોગે આક્રમણ કર્યું કિંવા અમુક અવયવમાં રોગ ભરાયો તે બધું જાણે બહારથી આવીને અંદર પેઠું હોય; અનાજની કોઠીમાં ઉંદર પેસે કે દૂધ રાખવાના કોઠામાં બિલાડી પેસે છે, એટલે ઉંદરને કે બિલાડીને જેમ મારીને હાંકી કાઢવામાં આવે તેમ રોગને પણ બહાર હાંકી કાઢી શકાય. પણ સુજ્ઞ માણસ એવી ભૂલભરી સમજ ધરાવતો હોતો નથી. તે સમજે છે કે રોગ શરીરની અંદરથી જ ઉત્પન્ન થાય છે. રોગ જડ પદાર્થગત હોવાનો જેટલો સંભવ હોય છે તેટલો માનસિક હોવાનો પણ સંભવ હોય છે. શરીરને સંભાળવું, તેને નીરોગી રાખવું વગેરે કામમાં માણસનું આંતર મન હમેશાં ગૂંથાયેલું જ રહે છે. એ મનને તર્કાતીત મન પણ કહે છે. કોઈ અસાધારણ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હોય ત્યારે તે દૂર કરવાનો અથવા દૂર ન થઈ શકે તો તેનું અનિષ્ટ પરિણામ ટાળવાનો યત્ન તર્કાતીત મન સદૈવ કરતું હોય છે. એ મન જો સ્વાભાવિક શુદ્ધ સ્થિતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતું હોય તો શરીરની જીવનશક્તિ સુવ્યવસ્થિત રીતે ચાલે છે. શરીરનું આરોગ્ય પૂર્ણ હોય છે. જો આંતર મનનો નૈસર્ગિક વ્યાપાર દૂષિત થાય છે તો શરીરનાં અવયવોનો બધો કારભાર બગડે છે અને રોગ દેખાવ દે છે. મારા આ લાંબા વ્યાખ્યાનથી આપ માઠું ન લગાડશો. આપનું શરીર સ્થૂળ કરતાં સૂક્ષ્મ જીવન વિશેષાંશે જીવે છે એવો મારો ખ્યાલ બંધાયો છે; આપનું શરીર કેવળ સૂક્ષ્મ–આત્મિક જીવનના સ્થૂળ સાધનરૂપે વ્યાપાર કરતું હોવાનો મારો પ્રત્યક્ષ અનુભવ થયો હોવાથી મને રોગનો સંબંધ આત્માની સાથે જોડાએલો લાગે છે."

"તો પછી મને નીરોગી બનવામાં તમારી તરફથી મદદ મળવાની વધુ આશા રાખવી ફોગટ છે, કારણકે શરીરના વૈદ્ય પાસે આત્માની દવા હોતી નથી."

"એટલે મારા આ બધા કથનનું તાત્પર્ય એ છે કે આપના આત્માનો રોગ જ આપના સ્થૂળ શરીરમાં વ્યક્ત થઈ રહ્યો છે. જો સ્થૂળ શરીરના રોગને દૂર થએલો જોવાની આપની ઇચ્છા હોય, અથવા તે દૂર કરવામાં મને સહકાર આપવાની દરદી તરીકેની ફરજ આપ સમજતા હો, તો આપે આપના આત્માના વ્રણને, કાળજાના ઘાને, માનસિક વ્યાધિને ખુલ્લો કરવો જોઈશે."

તત્કાળ પરિવ્રાજક ભણી રોષભરી દૃષ્ટિ કરતા સ્વામીજી બોલ્યા: "એ કેમ બને? મારો રોગ જો આત્માના વ્રણમાંથી ઉત્પન્ન થયો હોય તો એ રોગ મટાડનારા અધિકારી ભિષગ્વર પાસે હું જઈશ: પછી ભલે એ મારે કે જિવાડે! મારા આત્મા અને મારા પ્રભુની વચ્ચે તમારા જેવા સ્થૂળ રોગોના નિષ્ણાતને હરગીજ હું નહિ આવવા દઉં!" એટલું બોલતાં સ્વામીજીના કપાળ પર પ્રસ્વેદબિંદુઓ જામ્યાં, તે લૂછતાં ચડપ ઊઠીને સ્વામીજી પરિવ્રાજકની સમીપેથી ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવ્રાજક સમજી ગયો કે સ્વામીજીને માઠું લાગ્યું છે; પરંતુ તે સાથે તેનો સંશય દઢ થતાં વાર લાગી નહિ કે સ્વામીજીના આ વર્તનમાં જ અપરાધી માનસ છુપાએલું જણાય છે. જરૂર તે આત્મિક–માનસિક રોગથી પીડાતા હોવા જોઈએ કે જેના આક્રમણથી સ્થૂળ શરીર પર ઔષધોની અસર થતી નથી; અને એ માનસિક રોગ ખુલ્લો કરવાનું તેમનામાં ધૈર્ય નથી, એટલે શેષં कोपेन पूरयेत् એ ન્યાયે તે રિસાઈ ગયા છે!

બસ, એ કોપ–એ રીસમાં જ પરિવ્રાજક ચારુદત્તને સ્વામીજીની નિર્બળતા ભાસી અને પોપ જહૉનની ચરિત્રકથાના વાચને તેમના મન પર કરેલી અસરમાં રોગનો પ્રકાર રહેલો ભાસ્યો: તેને લાગ્યું પણ ખરું કે સ્વામીજીના રોગનું નિદાન હવે પોતાને લાધ્યું છે.

સ્વામીજીનો રોષ પોતાના જોવા–જાણવામાં આવ્યા પછી પરિવ્રાજકને લાગ્યું કે હવે એ રોષનું શમન થાય એવી રીતે પોતે વર્તવું જોઈશે, નહિ તો કદાચ રિસાયેલા સ્વામીજી ઔષધ નહિ લેવાની જો હઠ લેશે તો પોતે માથે લીધેલી જવાબદારી અદા કરી શકાશે નહિ અને પરિણામે આશ્રમવાસીઓમાં પોતે હલકો પડશે, કિંવા અણઘડ વૈદ્ય લેખાશે. એટલે બીજા દિવસથી જ તેણે ગઈ ગુજરીને દિલમાં દાટી દઈને સ્વામીજીને વિશેષ અનુકૂળ બનવાનું શરૂ કર્યું. વર્તનમાં અને વાતચીતમાં તે પહેલાં જેવો જ સ્વામીજીનો સ્વકીય જન હોવાનો ખ્યાલ રાખતો. એક–બે દિવસની અંદર જ પરિવ્રાજકને લાગ્યું કે પોતા પ્રત્યેનો સ્વામીજીનો વિશ્વાસ જરાએ ખળભળ્યો નથી, અથવા તો થોડો ખળભળ્યો હશે તો પુનઃ સ્થિર બની જવા પામ્યો છે.

પરંતુ પરિવ્રાજકનો એ ભ્રમ હતો. જ્યારે એણે સ્વામીજીના આત્માના વ્રણને કિંવા કાળજાના ઘાને પોતાની સમક્ષ ખુલ્લો કરવાની તેમની પાસે માંગણી કરી હતી, ત્યારથી તેની ઉપર સ્વામી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીને એકદમ નફરત આવી ગઈ હતી. પરિવ્રાજકે પોતાના અધિકાર બહારની વસ્તુ માટે સ્વામીજી પાસે માંગણી કરી હતી, તેમાં સ્વામીજીને શું તેની ધૃષ્ટતા લાગી હતી અને તેથી તે તેના પર રોષે ભરાયા હતા? અથવા તેમના આત્મા પર કોઈ અદૃષ્ટ વ્રણ ખરેખર પડી ચૂકયો હતો એની ગંધ પરિવ્રાજકને આવી ગઈ હોવાનો સંશય પડવાથી તેમનામાં પ્રચ્છન્ન ભય જાગ્યો હતો? તેમની માનસિક અવસ્થા સાથે તેમના શારીરિક રોગનો સંબંધ હોવાની વાત ઉપરથી પોતાની કોઈ ઊંડી દુર્બળતા ઉઘાડી પડી જવાના કારણે તેમનામાં લાઘવગ્રંથિ સળવળવા લાગી હતી અને તેથી શું તેમણે પરિવ્રાજકની માંગણીનો પ્રતિકાર કર્યો હતો? ગમે તેમ, પણ તેના પ્રત્યેનું સ્વામીજીનું વલણ એકદમ બદલાઈ ગયું હતું. એ બદલાયેલું વલણ પ્રકટ કરવા સ્મામીજી ઇચ્છતા નહોતા એટલે પોતાનાં વાણી–વર્તનમાં તે પરિવ્રાજકને કશાએ ફેરફારનો ખ્યાલ આવવા દેતા નહોતા. બહારથી તે પૂરેપૂરા સદ્ભાવપૂર્વક વર્તતા દેખાતા અને પરિવ્રાજક માનતો કે પોતે સ્વામીજીને પુનઃ જીતી લઈ શકયો છે, પરંતુ ખરી સ્થિતિ એ નહોતી. સ્વામીજી પરિવ્રાજકથી સાવધાન બની ગયા હતા. તેને એક ભયંકર વ્યક્તિ તરીકે માનવા લાગ્યા હતા, અને જો કે તે ઔષધનું સેવન નિયમિત રીતે કરતા હતા, તેમાં કશો સંકોચ દાખવતા નહોતા, છતાં તે અંતરથી માનવા લાગ્યા હતા કે પોતે એક શત્રુની છાયા હેઠળ મૃત્યુનો પ્રતિકાર કરીને જીવી રહ્યા છે. કોઈ વાર સ્વામીજી પોતાના મનને કહેતા: "આ બિચારા પરિવ્રાજકે એવું શું કર્યું છે કે જેથી તેના પર આટલો અણગમો આવે છે? તેણે એક પ્રકારની ધૃષ્ટતા કરી, પણ તેથી શું? તે દયાને પાત્ર લેખાવો જોઈએ, તેને શત્રુ શા માટે માનવો?" આ રીતે સ્વામીજી કોઈ વાર પોતાના મનને ઠપકો આપતા અને ઇચ્છતા કે પોતે જેવું સદ્ભાવયુક્ત બાહ્ય વર્તન પરિવ્રાજક પ્રત્યે ચલાવે છે તેવું જ શુભ વલણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું મન પણ દાખવવા લાગે. પરંતુ એવી ઇચ્છાની ક્ષણો વાયુવેગે વહી જતી, અને સ્વામીજીનું અંતર પરિવ્રાજકના નિકટ-વર્તિત્વથી પ્રચ્છન્ન સંતાપ અનુભવ્યા કરતું. બાહ્ય સદ્‌ભાવના સતત દર્શનથી પરિવ્રાજકે માન્યા જ કર્યું કે સ્વામીજી અને પોતાની વચ્ચે જરાએ અંતર પડ્યું નથી, અને તે સાથે સ્વામીજીના રોગ સંબંધે તેણે જે કાંઈ નિદાન પોતાના મનથી કર્યું હતું તે નિદાન સાચું હોવાની ખાતરી કરવા માટે તેણે તરેહવાર મનોવૈજ્ઞાનિક પ્રયોગો કરવા માંડ્યા હતા.

પોપ જહૉનનું ગુપ્ત ભ્રષ્ટ ચરિત્ર વાંચ્યા પછી સ્વામીજીની મુખમુદ્રા કેવી બની ગઈ હતી તેની પરિવ્રાજકને ખબર હતી. ચલચિત્ત રાજાના વિષયી માનસની અને તેના કરુણ અંતની વાત સાંભળ્યા પછી સ્વામીજીના મનમાં ગુપ્ત હીન વાસનાનાં ફળ જાણવાની કેવી ઇંતેજારી જાગી હતી તે તેણે નજરે જોઈ હતી. આત્મા પરનો વ્રણ–કાળજાનો ઘા તેની પાસે ખુલ્લો કરવાની આનાકાની પાછળનું સ્વામીજીનું તત્ત્વજ્ઞાન તે જાણી ચૂક્યો હતો. હવે સ્વામીજીના માનસને યથેચ્છ નચાવવાની શક્તિ કે કળા પોતા પાસે આવી ગઈ હોવાનું તે માનવા લાગ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧] . . . . મનઃસંતાપ

એક વાર નગરમાં રાજેન્દ્ર શર્માને ઘેર જઈ આવીને પરિવ્રાજકે કહ્યું: "સ્વામીજી! રાજેન્દ્ર શર્માનાં પત્ની બહુ માંદાં પડી ગયાં છે અને વારંવાર તેમને હિસ્ટીરિયા થઈ આવે છે. શર્માના કહેવાથી હું તેમની તબિયત આજે જોઈ આવ્યો અને ઔષધ પણ આપી આવ્યો. આમ જોઈએ તો રમાદેવીના શરીરમાં કાંઈ જ રોગ નથી, છતાં જ્યારે રોગ ઊભરાય છે ત્યારે દિવસમાં દસ વાર હિસ્ટીરિયા આક્રમણ કરે છે અને બિચારાં મરવા જેવાં થઈ જાય છે."

"કેટલોક જૂનો રોગ છે?" સ્વામીજીએ સહજ પ્રશ્ન કર્યો.

પરિવ્રાજક ઈરાદાપૂર્વક એ પ્રશ્નનો જવાબ ગળી ગયો.

સ્વામીજી અનુમાન કરતાં બોલ્યા: "ઘણું કરીને તેમને એકે સંતાન નથી, તેથી કદાચ..."

"એ તો શારીરિક કારણ લેખાય, પણ વાત તેમ નથી. રમાદેવીના ચિત્તમાં જાગેલો એક સંશય રોગની પાછળ કામ કરી રહ્યો છે."

સ્વામીજી ઉત્સુકતાથી સાંભળી રહ્યા.

પરિવ્રાજક આગળ બોલ્યો: "રમાદેવી માને છે કે હેમપ્રભાના પાપના ભાગીદાર રાજેન્દ્ર શર્મા છે! પણ મેં એમનો એ સંશય નાબૂદ કરવાનો અને તેમના મનમાં જુદી જ વાત ઠસાવવાનો ખૂબ યત્ન કર્યો છે, તેથી કદાચ તેમનો હિસ્ટીરિયા મટી જશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજી આંખો ફાડી પરિવ્રાજક સામે જોઈ રહ્યા. કફનીની ચાળથી કપાળ લૂછતાં તેમણે કાંઈક પૂછવાની વદનચેષ્ટા કરી પણ કશું બોલ્યા નહિ. પછી તો તેમના વદન ઉપર ભય પ્રસર્યો. કશું વિશેષ પૂછવાનું ધૈર્ય તે ચલાવી શકયા નહિ અને જોતજોતાંમાં પરસેવે રેબઝેબ થતા બાજુના મેજ પરથી પંખો ઉઠાવીને હલાવતાં બોલ્યા: "મથુરામાં આટલી બધી ગરમી કોઈ વાર પડતી જાણી નથી."

પરિવ્રાજક કશું બોલ્યો નહિ, પણ અંતરમાં તે પુલકિત થયા વિના રહ્યો નહિ. તેને લાગ્યું કે સ્વામીજીના અંતરની ગ્રંથીનો એક વધુ તંતુ પોતાને હાથ લાગ્યો છે.

કેટલોક વખત પસાર થયા પછી એક દિવસ પરિવ્રાજકે બીજો પ્રયોગ કર્યો. તેણે કહ્યું: "સ્વામીજી! યમુનાતીરેથી આવતાં આજે તો મેં એક ફોટોગ્રાફરને હેમપ્રભાની પેલી પુનીતાનો ફોટોગ્રાફ પાડતો જોયો. પાપના ફળનાં પણ કેવાં સન્માન થાય છે ને! છોકરીને એવી તો શણગારી હતી કે ન પૂછો વાત! કોઈને એમ જ લાગે કે સિનેમાની બાળનટી તરીકે કદાચ તેની પસંદગી થવાની હશે. પણ વસ્તુતઃ તેમ નહોતું."

"ત્યારે શું હતું?" એવો પ્રશ્ન મુખથી નહિ પણ નેત્રથી પૂછતા સ્વામીજી તેની ભણી તાકી રહ્યા.

પરિવ્રાજકે વાત આગળ ચલાવી: "ફોટોગ્રાફરને મેં પૂછ્યું, તો તેણે કહ્યું કે પોતે એ ફોટોગ્રાફ કલકત્તામાં કોઈને મોકલવા માટે પાડે છે...નામ તો તેણે ન આપ્યું, પણ કદાચ આશ્રમના કોઈ ટ્રસ્ટીએ મંગાવ્યો હોય!"

સ્વામીજીએ ચોંકીને પૂછ્યું: "ટ્રસ્ટીને એવા ફોટોનું શું કામ હોય?"

"આપણે તે શું જાણીએ?" કહી પરિવ્રાજકે વાત ઉડાવી, પણ સ્વામીજીના વદન પર તો જાણે પ્રેતકળા પ્રસરી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજીને ચોંકાવવા, તેમને ભયભીત કરવા, બહાવરા બનાવવા, અને પછી તે ભયાનક આવિષ્કારોના નિવારણ માટે ઔષધો ખવડાવવાં, એવો વિચિત્ર વાનરખેલ ઉસ્તાદ ચારુદત્ત ચલાવવા લાગ્યો. એમ દિવસો અને મહિનાઓ પસાર થવા લાગ્યા. સ્વામીજીને ભયની, પાપની, મૃત્યુની કલ્પનાનાં ભૂતો વધુ ને વધુ ઘેરવા લાગ્યાં અને તેમનો શારીરિક રોગ જાણે વધુ ને વધુ ઊંડો ઊતરતો જતો હોય એવો તેમને અનુભવ થવા લાગ્યો. ક્યારે કેવા ભૂતનું આક્રમણ સ્વામીજી ઉપર કરાવવું તે હવે પરિવ્રાજકની ઇચ્છા કે તરંગની વાત બની ગઈ. સૂત્રધારક પોતાના હાથમાં ધારણ કરેલાં સૂત્રો વડે જેમ પૂતળાંઓને નચાવે, તેમ પરિવ્રાજક સ્વામીજીને તરેહવાર વેદનાઓ ઉપજાવીને જાણે જુદા જુદા નાચ નચાવતો અને એ રીતે તેમની માનસિક દુર્બળતા વધાર્યે જતો. તેના મનમાં હવે એક પ્રકારની ઇર્ષ્યા વસી ગઈ હતી. આત્માના વ્રણને પોતા સમક્ષ ખુલ્લો નહિ કરવાનો નિશ્ચય ધરાવનાર અને ઈશ્વર સિવાય ઇતર કોઈ તે માટે અધિકારી નથી એમ કહેનાર એ સંન્યાસી કેટલોક શક્તિશાળી છે તે જરા જોઉં તો ખરો, એમ તેના મનમાં થયા કરતું હતું. મૂળે માનવીના નિરીક્ષણમાં અને પરીક્ષણમાં તેને રસ હતો અને સ્વામીજી જેવા મહાન દર્દીનો તેને સંપર્ક સાંપડ્યો હતો. એ દર્દીના રોગનું નિદાન કરતાં તેને દર્દીની માનસ ભૂમિકામાં જ વિકાર હોવાનું લાગ્યું હતું; એટલે એ માનસ નક્કર બોલે છે કે બોદું બોલે છે તે જાણવા માટે તેની ઉપર હળવા–ભારે ટકોરા મારી જોવામાં તેને એક પ્રકારની મોજ મળતી હતી. તેના ટકોરા જેમજેમ તેને એ ભૂમિકાની નિર્બળતાનો વધુ ને વધુ પરિચય આપતા હતા તેમતેમ તે હરખાતો હતો, તેની ઈર્ષ્યાવૃત્તિ વિશેષ સંતોષાતી હતી. રમાદેવીના હિસ્ટીરિયાના દર્દના મૂળ કારણ રૂપ તેના સંશયનો ટકોરો અને પુનીતાના ફોટોગ્રાફની કલકત્તામાંથી થએલી માંગણીનો ટકોરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી જોતાં સ્વામીજીમાં જે માનસિક નિર્બળતાનો ઊભરો ચડેલો પરિવ્રાજકે જોયો હતો, તે પછી તો હેમપ્રભાના શીલભંગ અંગે પણ સ્વામીજી ઉપર જ તેના ચિત્તમાં સંશય જાગ્યો હતો. એ સંશયના ઊંડાણમાં વૈરવૃત્તિનો તણખો પણ હતો. જેમજેમ સમય જતો હતો તેમતેમ સ્વામીજીનું શરીર દુર્બળ થતું જતું હતું અને તેમનો માનસિક સંતાપ વધ્યે જતો હતો. એ સંતાપના એક લક્ષણ તરીકે તેમના મનનો વેગ વધ્યો હતો અને પરિણામે આશ્રમવાસીઓની નિત્યના પ્રવચનસમયની સભાઓમાં સ્વામીજીનાં પ્રવચનો વિશેષ જોરદાર, વિશેષ વિરક્તિ–ભાવ–યુક્ત, વિશેષ તલસ્પર્શી થતાં હતાં. તેમાંના કથયિતવ્યની–ઉપદેશની ચોટ શ્રોતાઓના હૃદયમાં વિશેષ ઊંડી ઊતરતી હતી. પ્રવચન પૂરું થતું ત્યારે શ્રોતાઓ જાણે કોઈ દિવ્ય વાણી આકાશવાસી દેવતાઓના મુખેથી ઉચ્ચારાયેલી સાંભળી હોય તેમ મંત્રમુગ્ધ બની જતા. વાણીની પ્રાભાવિકતાથી આંદોલિત થએલા તેઓ હૃદયપૂર્વક સ્વામીજી તરફ ભક્તિભાવે જોઈ રહેતા, અને એમના દુર્બળ બનતા દેહનો ખ્યાલ આવતાં ઊંડો નિસાસો નાંખતા. કોઈ કોઈને એમ પણ થઈ જતું કે આ દિવ્ય વિભૂતિ મૃત્યુલોકમાં કાંતો થોડો કાળ જ પ્રભા પ્રસારવાની છે અને તેથી તેની પ્રભા ઉત્તરોત્તર વિશેષ દિવ્ય અને વિશેષ જ્વલંત બનતી જતી દેખાય છે: હોલવાયા પૂર્વે દીવો વિશેષ પ્રકાશમાન થાય છે–ઝળકી ઊઠે છે તેમ.

આશ્રમવાસીઓના નિર્મળ પ્રેમ અને ઊંડી ભક્તિનો જેમ જેમ વધુ ખ્યાલ સ્વામીજીને આવતો હતો, તેમતેમ તેમના મનને વિશેષ સંતાપ ઊપજતો હતો. આત્માના વ્રણનો ખ્યાલ તેમને સતત રહ્યા કરતો હતો અને જયારે તે લોકોની પોતા પ્રત્યેની ભક્તિનો ઊભરો જોતા ત્યારે તે વિચારતા કે આ બિચારા અજાણ લોકો એક પાપાત્મા ઉપર ભક્તિનું અમૃત વ્યર્થ રેડી રહ્યા છે. સભામાં બેઠેલા કેટલાક સંન્યાસીઓ સ્વામીજી કરતાં વયમાં વૃદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, કેટલાક સંન્યાસદીક્ષા–કાળની ગણનામાં તેમના વડીલ તુલ્ય હતા, કેટલાક ઉગ્ર બ્રહ્મચર્યના પાલક હતા: એ બધાને પોતે પોતાના જ્ઞાનતેજથી ચકિત કરી રહ્યો છે, પણ એ તેજની પાછળ પોતાનું પાપી હૃદય વલોપાત કરી રહ્યું છે તે વિષેનું તે બધાનું અજાણપણું તેમને દયાજનક લાગતું. સામે બેઠેલી કોઈ વૃદ્ધ તો કોઈ યુવતી સંન્યાસિનીઓ અને ઊઘડતી કળી જેવી શ્રદ્ધાશીલ બ્રહ્મચારિણીઓની ભક્તિરસ–ભીની આંખો જ્યારે સ્વામીજીના જોવામાં આવતી ત્યારે તેમનો આત્મા ખળભળી ઊઠતો. પોતે પોતાના વાણીરૂપ ઉપકરણ દ્વારા તેમની ભક્તિનું અમૃત આકર્ષીને વધુ ને વધુ પાપ કરી રહ્યો છે એનું તેમને તે વખતે ભાન થતું, અને તે પોતાના આત્માની મલિનતાને નિંદવા લાગી જતા. તે કહેતા:

"તમે બધાં આશ્રમવાસી બંધુઓ તથા બહેનોનાં વદનનાં દર્શન રોજ પ્રભાતમાં કરવાનાં મળે છે તેથી મને ખૂબ આનંદ થાય છે. તમે એમ ન માનતાં કે તમે મારું પ્રવચન કે મારો બોધ સાંભળવા આવો છો તેથી મને આનંદ થાય છે. તમે જાણો છો કે હું હંમેશ પ્રવચનો કરી શકતો નથી; મારી નબળી તબિયતને કારણે બીજાઓ પણ કોઈકોઈ વાર આ સ્થાને બેસીને પ્રવચન કરે છે, ત્યારે પણ તમે બધાં આવીને બેસો છો; એટલે પવિત્ર જીવન ગાળવાનો તથા જનતાને પવિત્ર જીવન ગાળતી બનાવવાને યથાશક્તિ શ્રમસાધના કરવાનો ભગવાન રામકૃષ્ણ તથા ભગવાન વિવેકાનંદનો સંદેશો તમારા હૃદયમાં અંકિત થએલો જ રહ્યા કરે છે એ હું તમારા દર્શનથી જોઈ શકું છું. એથી મને આનંદ થાય છે. બાકી, મારાં કે બીજાનાં પ્રવચનો જ તમારો ઉદ્ધાર કરશે કે તમારામાં શક્તિ–ભક્તિ ભરી દેશે એવું તમે ક્ષણવાર પણ માનતાં નહિ. તમારો ઉદ્ધાર તમે જાતે જ કરી શકવાનાં છો એમ નિશ્ચિત માનજો અને એટલી આત્મશ્રદ્ધા કદાપિ ગુમાવશો નહિ. ભગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાન વિવેકાનંદે એક વાર એક શિષ્યને કહેલું કે 'બહુ પ્રાચીન કાળથી તમને અન્ય જનો કહે છે કે તમે હીન છો, તમારામાં જરા પણ શક્તિ નથી, એવું એવું સાંભળીને તમે હજાર વર્ષથી વિચારી રહ્યા છો કે આપણે હીન છીએ, આપણે કોઈ જ કામ કરવા શક્તિમાન નથી. આવું માની માનીને જ તમે સાચા હીન બની ગયા છો !' એટલે આપણે આપણી જાતને હીન ન માનીને શક્તિશાળી માનવાની આત્મશ્રદ્ધા ધરાવવાની જરૂર છે. જો આપણી આત્મશ્રદ્ધા હોય કે હું અનંત શક્તિમાન છું તો આપણે એવા જરૂર થઈ શકીએ છીએ. આપણે ઈશ્વર પણ થઈ શકીએ છીએ. પણ ઈશ્વર અને તમારી ભક્તિની વચ્ચે કોઈ ત્રીજી વસ્તુને પ્રવેશવા દેશો નહિ. એ વસ્તુ પેસશે તો તમારી આત્મશ્રદ્ધા નાશ પામશે અને એ ત્રીજી વસ્તુ તમને પોતા જેવા કદાચ મૂર્ખ, સ્વાર્થી કે પાપી પણ બનાવી દેશે. હું તો કહું છું કે એ ત્રીજી વસ્તુ હું પોતે હોઉં, તો મારો પણ વિશ્વાસ ન કરશો. હું કાંઈ ઈશ્વર નથી; બીજા જેવો હું પણ મલિનાત્મા, ભ્રષ્ટાત્મા હોઈ શકું છું, અને મારી દ્વારા પ્રભુ-ભક્તિ કરવા જતાં તમે ય મારા જેવા અધમ બની જાઓ એ અસંભવિત નથી. ઈશ્વર અને તમારી વચ્ચેની ત્રીજી વસ્તુ તરીકે તમારે મારા જેવા કહેવાતા ધર્મગુરુને રહેવા દેવો, તે કરતાં મને પાપના કાદવથી ખરડાએલો મલિન કૂતરો માનીને બાજુએ હડસેલી દેવો અને એ રીતે તમારે તમારો માર્ગ વિશુદ્ધ-ઉપદ્રવરહિત બનાવી લેવો એવી જ સલાહ હું આ સ્થાને બેસી તમને આપું છું. તમે મને સંન્યાસીના વેશમાં જુઓ છો, પણ એ તો વેશ છે; એ વેશની હેઠળ કાળું-કપટી કાળજું હોવું અસંભવિત નથી. એવો ધર્મગુરુ તમારું શું કલ્યાણ કરી શકવાનો છે કે તમે તમારા આત્મોદ્ધાર માટે તેને ત્રીજી વસ્તુ તરીકે વચ્ચે રાખવાનું પસંદ કરો ? નહિ, તમે તેને પાપી, તુચ્છ માનીને બાજુએ રહેવા દઈ, તમારો, પોતાનો જ સીધો રાહ પકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લો, અને શ્રદ્ધા રાખો કે તમારો આત્મા જ ઈશ્વર થવા જેટલો શુદ્ધ તથા સમર્થ છે !"

પરન્તુ સ્વામીજીના એવા કથનમાં તેમનો અતિ નમ્રતાનો ગુણ પ્રતિબિંબિત થએલો શ્રોતાઓ જોતા, અને એવી વિશેષ આત્મનિંદામાં તેઓ સ્વામીજીનો ઉત્કટ વિરક્તિભાવ નિહાળતા. આત્માના ઊંડાણમાંથી બોલાતી હોય તેવી એ વાણી અપૂર્વ પ્રકારની લાગતી અને શ્રોતાઓના દિલમાં ઊંડી ઊતરી તે સચોટ અસર નિપજાવતી. તેવે વખતે સૌનાં અંતર ગદ્દગદ્ થઈ જતાં, કેટલાંકની આંખોમાં આંસુ પણ આવતાં અને કોઈ એમ સમજતાં કે સ્વામીજીની ઉંમર કાંઈ મરવા જેવી નથી, પણ આ માંદગીમાં પોતાના મૃત્યુને દિવ્ય જ્ઞાનથી તે જોઈ રહ્યા હોવા જોઈએ, અને તેથી વખતોવખત તેમનાં પ્રવચનો મૃત્યુ પૂર્વેના સંદેશા જેવાં જ બની જવા પામે છે. એમ લાગે છે કે જાણે પોતે દીર્ઘ સમયના પ્રવાસ માટેની વિદાયગીરી આશ્રમવાસીઓ પાસે માંગી રહ્યા ન હોય !

અંતરનું દર્દ સ્વામીજીના આત્મભાનને જગાડતું ત્યારે તે આવી સાફ સાફ વાણી પ્રવચનમાં ઉચ્ચારતા. દર્દને કૂણું પાડવાનો જાણે એ માર્ગ હોય, એક પ્રકારનું આત્મદમન હોય, એમ તે માનતા. તેમાં પ્રાયશ્ચિત્તનો અંશ રહેલો છે એમ માનવાથી તે સમયે આત્માની હળવાશ પણ અનુભવતા. કાયાને કષ્ટ આપવાથી આત્માની અશુદ્ધિ ધોવાય છે. એવી તેમની માન્યતા પ્રાચીન કાળના ઋષિઓએ કરેલી તપોમીમાંસા ઉપરથી બંધાઈ હતી, એટલે તે કોઈ વાર ઉપવાસ કરતા, કોઈ વાર ખરે ઉનાળે તાપમાં બેસીને અને ખરે શિયાળે પરોઢિયે ટાઢમાં ખુલ્લે શરીરે બેસીને તપશ્ચર્યા કરતા. આ બધું તે એવી આશાથી કરતા કે તેને પરિણામે પોતાનો આત્મા પાપરહિત–વિશુદ્ધ થયો છે એવું આત્મભાન પોતાને પ્રકટે, પોતાના મનને ખરેખર એવી વિશુદ્ધિનું સંવેદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, આત્મપરિતાપ ઓછો થાય, અર્થાત્ કાંઈક આત્મશાન્તિ મળવા પામે; પરંતુ એ સ્થૂળ તપશ્ચર્યાની બીજી બાજુએ જ્યારે તેમનાં આત્મનિંદાવાળાં પ્રવચનો ચાલ્યા કરતાં તથા શ્રોતાઓ તેને સ્વામીજીના આત્માનો વિશિષ્ટ ગુણ માનતા, ત્યારે તેવી માન્યતાને તે ચાલવા જ દેતા, એટલે કે તે દંભ ચલાવ્યે જતા; પોતાની આત્મનિંદા ઔપચારિક છે એવી બીજાઓની સમજને પોષાવા દેતા; એ આત્મનિંદાની પાછળ અમુક પાપપ્રકાર કે ચરિત્ર-દોષ કે દુરાચરણ રહેલું છે એવી સ્પષ્ટતા કરતો તેમની પ્રકૃતિમાં રહેલો સત્યપ્રેમ તે સમયે ઉગ્ર થઈને એ દાંભિકતાને ધિક્કારવા લાગતો.

આત્મનિંદાનાં આવાં વચનો તે અનેક વાર બોલ્યા હતા, અને બધી વાર શ્રોતાઓ તેને ઉત્કટ થતા વૈરાગ્યનો, લય પામતા જતા શરીરમોહનો, અને વિકાસ પામ્યે જતી પ્રભુભક્તિનો આવિષ્કાર માનતા. આ તેમના આંતર મનને તો ગમતું નહિ પણ બાહ્ય મનને ગમતું, એટલે તે એ પ્રકારને ચાલવા દેતું અને આંતર મનના અણગમાને ગણકારતું નહિ! આ જ નિર્બળતા, આ જ પાપ, આ જ મલિનતા, એમ કહીને તેમની આત્મપરીક્ષા જ્યારે અકળાઈ ઊઠતી ત્યારે તેમને થતું કે, આ મનઃસંતાપ વેઠ્યા કરવો પડે તે કરતાં મૃત્યુ વહેલું આવે તો વધારે ઠીક! ઉપવાસ કરીને મૃત્યુ નિમંત્રવાનો કે યમુનામાં પડીને ડૂબી જવાનો વિચાર પણ તેમણે કેટલી ય વાર કરી નાંખ્યો હતો! કોઈ કોઈ વાર આ મનઃસંતાપ તેમને ઊંઘવા દેતો નહિ, આખી રાત જાગરણ કરાવતો, તેથી શરીરને થાક લાગતો, પણ માનસિક દુઃસ્થિતિ છુપાવીને વર્તવાની ટેવ તેમને નિત્યકાર્યમાં વેળાસર પ્રવૃત્ત કરી દેતી અને થાક અંગોપાંગમાં દબાઈને પડ્યો રહેતો.

આ બધું કાંઈ પરિવ્રાજકના ખ્યાલની બહાર રહેવા પામતું નહોતું. આગળ વધતાં વધતાં તેનું મનોવિજ્ઞાન હવે તો જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજીની જીવનચર્યાની કિતાબ ઉઘાડીને એક પછી એક પાનાં ફડફડાટ વાંચ્યે જતું હોય એટલું પાકું બની ગયું હતું. તે મનમાં મલકાતો અને સ્વામીજીના દંભ પર છૂપું છૂપું હસતો. સ્વામીજી પોતાના પાશમાં વધુ ને વધુ બંધાતા જાય છે એવું પણ તે માનતો; પણ એવું કશું એ ચતુર પુરુષ કળાવા દેતો નહિ.

એક દિવસ રાધાદેવીનો એક પત્ર મંત્રી પર આવ્યો અને તેમાં બીજી બાબતોની સાથે એવી વાત પણ લખાઈ આવી કે, "હેમપ્રભા અને તેની છોકરી કોઈ કોઈ વાર આશ્રમમાં આવે છે એવી વાત મેં જાણી છે. જો તે વાત સાચી હોય તો તે ઉપર બનતો પ્રતિબંધ મૂકવો અને તેમ કરવું ઉચિત ન લાગે તો આશ્રમવાસીઓને એટલી તાકીદ તો જરૂર આપવી કે અનીતિમાન વ્યક્તિઓનો સંપર્ક રાખવો નહિ. આ સૂચનાની કુલાધિષ્ઠાતાને પણ જાણ કરજો."

જયારે રાજેન્દ્ર શર્મા એ પત્ર સ્વામીજીને વાંચવા આપીને ચાલ્યા ગયા ત્યારે પાછળ સ્વામીજીનું દર્દ ખૂબ જોરથી ઊભરાયું. રાધાદેવીના સૂચનમાં તેમને એવો મર્મ ભાસ્યો કે જે પોતા માટે આત્મવિઘાતક જ લેખાય.

એ દિવસે તેમણે સાંજનું ભોજન કર્યું નહિ. વાચન–લેખન પણ તેમને ગમ્યું નહિ. બિછાનામાં પડીને તેમણે આળોટયા કર્યું, સુખે નિદ્રા આવે તે માટે પરિવ્રાજકે કોઈક ઔષધની થોડી ગુટિકાઓ આપી રાખી હતી, તેમાંની એક ગુટિકા ગળી જઈને ઉપર પાણી પીને સ્વામીજી નિદ્રાની આરાધના કરતા સૂઈ ગયા, પણ બિલકુલ નિદ્રા આવી નહિ. ચિત્ત ઉપર એવો તો ભાર ચડી બેઠો હતો અને ક્ષણે ક્ષણે મનની અંદર સંતાપના એવા આંચકા આવ્યે જતા હતા કે ખરેખર નિદ્રા તેમનાથી રિસાઈ જ ગઈ. મધરાત થઈ, ઘડિયાળમાં બારના ટકોરા વાગતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાયા, ત્યારે પણ ઊંઘે જરાએ દર્શન ન દીધું, એટલે સ્વામીજી આવેશમાં આવીને એકદમ શય્યા પરથી ઊઠ્યા, મસ્તક પર ગરમ શાલ વીંટાળી, શરીર પર કફની ધારણ કરી લીધી, અને હાથમાં દંડ રાખીને તે નિવાસસ્થાનમાંથી બહાર નીકળી પડ્યા. કોઈ તેમને જતા જુએ તેમ નહોતું, અને તેમની ઇચ્છા પણ હતી કે આશ્રમથી દૂર પહોંચતાં સુધી પોતે કોઈના જોવામાં ન આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨] . . . . એકાદશીની રાત્રે

રાત પડી ગઈ હતી અને મારા સહપ્રવાસીની વિલક્ષણ કથા આગળ લંબાયે જતી હતી. વડોદરા નજીક ને નજીક આવતું હતું, પરન્તુ હજી તે સારી પેઠે દૂર હતું. સહપ્રવાસીને નહોતી લાગતી ભૂખ કે તરસ; તે જરાએ થોભ્યા વિના કહ્યે જતો હતો અને હું સાંભળ્યે હતો. કથાનો રસ મને ય ચસકવા દે તેવો નહોતો. ભૂખને સંતોષવા થોડું ખાવાની ઇચ્છા હતી, પણ એ ઇચ્છાને કથારસ ડુબાવી દેતો હતો. આગળ જતાં એક મોટું સ્ટેશન આવ્યું એટલે એણે જ મને કહ્યું: "તમે થોડો નાસ્તો કરી લો: મને તો ભૂખ નથી, તોપણ હું થોડું દૂધ પી લઈશ." એમ કહી તેણે દૂધ મંગાવ્યું અને હું મારો દાબડો ખોલી નાસ્તો કરવા લાગ્યો.

પરંતુ મારું ચિત્ત ખાવામાં નહોતું. સ્વામી સાધનાનંદજી અને હેમપ્રભાના ભવિષ્યની કલ્પનામાં તે રમણ કરી રહ્યું હતું. સહપ્રવાસી મને પોતાના એક સ્વજનની કથા કહી રહ્યો હતો, પણ આમાં હવે એનું સ્વજન કોણ નીકળે છે તે હું કળી શકતો નહોતો. હેમપ્રભા, સાધનાનંદજી કે ચારુદત્તમાંના કોઈ એકના હૃદયદ્રાવક ભવિષ્ય સાથે એનો સંબંધ જડાયો હશે, એવી ગણતરી મારા મનમાં થયા કરતી હતી. પણ હવે એ રહસ્યનો સ્ફોટ કાંઈ બહુ દૂર નહોતો, એટલે એ સંબંધે મેં તેને કશો પ્રશ્ન કર્યો નહિ.

મેં નાસ્તો પતાવ્યો અને એણે પ્લૅટફૉર્મ પર જઈ દુગ્ધપાન પતાવી લીધું; બહાર થોડી વાર આમ તેમ ફરી ગાડી ઊપડવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય થતાં તે આવ્યો અને પોતાની બેઠક પર ગોઠવાયો. હવા ભેજવાળી હતી, પણ વરસાદ પડતો નહોતો. કોઈ નવા ઉતારુએ આવીને અમારી એકાંતનો ભંગ કર્યો નહોતો. એક ચિત્તથી અને પૂરા રસથી હું શ્રવણ કરતો હતો, એટલે સહપ્રવાસીનો કથનોત્સાહ એક સરખી રીતે ટકી રહ્યો હતો. સ્વસ્થતાથી બેઠક પર ગોઠવાઈને મેં કહ્યું: " હં, હવે આગળ ચલાવો ! તમારી કથા પૂરી સાંભળ્યા વિના મને ચેન પડવાનું નથી. "

તેણે તે પર સંતોષનું આછું સ્મિત કરી આગળ કહેવા માંડ્યું.

*

તે દિવસે હેમપ્રભા પોતાની પુત્રીને લઈને મહાકાળીને મંદિરે ગએલી, તે પુત્રીના બાલિશ કુતૂહલને શમાવતી હતી.

" જો, આ રહ્યાં હનુમાનજીનાં બા. એમનું નામ કાળીમાતા છે."

" એમને આટલા બધા હાથ કેમ છે ? " પુનીતાના કુતૂહલમાંથી જન્મેલો એ તેનો પહેલો પ્રશ્ન હતો.

માતાએ તેનો જવાબ આપ્યો : " કાળી માતાને ઘણાં કામ કરવાં પડે છે, એટલે હાથ પણ ઘણા જોઈએ ને ? "

" તેમના હાથોમાં આ બધું શું છે ? "

" તેમના હાથમાં કુંભ છે, ખડ્ગ છે, કટાર છે, કોહાડો છે, ફૂલ છે, પાત્ર છે, માળા છે, એ બધું તેમને જે ઘણાં કામ કરવાનાં હોય છે તે માટે રાખેલાં છે. "

" માણસનું માથું ય છે, બા ! "

" હા, તે પાપી માણસનું માથું છે. "

" જે પાપનાં કામ કરે, તેનું માથું માતાજી ખડ્ગથી કાપી નાંખે ? "

" હા, અને જે પુણ્યનાં કામ કરે તેને માતાજી પંચામૃતનો કુંભ આપે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રીતે તે પુત્રી સાથે વાતો કરતી હતી, એટલામાં અયોધ્યાપ્રસાદ આવ્યો, એટલે હેમપ્રભાએ સાથે આણેલાં ચૂંદડી–કમખો તેને આપ્યાં અને અયોધ્યાપ્રસાદે તે બેઉ વાનાં મૂર્તિ સામે ધરાવી–દેખાડ કરી બાજુએ મૂક્યાં. પછી તેણે હેમપ્રભાના ખબર અંતર પૂછવા માંડ્યા :

"હવે તારું ખર્ચ પૂરું થાય એટલું મળે છે ?"

"માંડ માંડ પૂરું થાય છે; પણ હવે મને ત્યાં ફાવી ગયું છે, એટલે પહેલાં ચિંતા રહેતી હતી તેવી હવે નથી રહેતી."

"તેં હનુમાનજીની દહેરી સારી બનાવી દીધી છે, એટલે ય થોડીક આવક થતી હશે ને ?"

"ના મહારાજ ! એવી કશી આવક થતી નથી અને મને જોઈતી પણ નથી. કોઈ કોઈ ભાવિક આવે છે તે છાપાં સિંદૂર કરી જાય છે, એટલું જ. પણ ગામમાં કોઈ માંદું હોય તો મને ચાકરી કરવા બોલાવે છે, તેમની તરફથી મહિને પાંચ–દસ રૂપિયાની આવક થાય ખરી. એટલી જ બીજી આવક વાઘા–શણગારના કામમાંથી મળે છે."

"કોઈ જાત્રાળુઓ તને ગરીબ બાઈ સમજીને કાંઈ દાન આપતાં હશે ખરાં; આ તો તીર્થક્ષેત્ર છે."

"ના, એમ કોઈ આપતું નથી અને કોઈ આવતું ય નથી. કોઈ આવે છે તો મને કે છોકરીને કુતૂહલથી જોવા આવે છે. પણ મારું એટલું ભાગ્ય છે કે મને હીણું માનવી ધારીને કોઈ હેરાન કરતું નથી. રાતવાસો ત્યાં જ રહું છું, પણ કોઈ પજવતું નથી."

"તું આઘી–પાછી જાય કે ગામમાં કામે જાય તો તારી ઓરડીમાંથી કાંઈ ચોરાતું નથી ?"

"હજીસુધી તો કશું ચોરાયું નથી; પણ મારી ઓરડીમાં કશું ચોરાવા જેવું છે જ નહિ. બે દિવસનાં દાળ–આટો હોય, થોડાં કપડાં હોય, બીજું કશું નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અયોધ્યાપ્રસાદ અને હેમપ્રભા આમ વાતોએ વળગ્યાં એટલે છોકરી રમતી રમતી આશ્રમમાંના સ્વામીજીના નિવાસસ્થાને ચાલતા વાદ્યવાદન તરફ અકર્ષાઈને ત્યાં ચાલી ગઈ. પાછળથી જ્યારે હેમપ્રભા વાતો કરવામાંથી નવરી પડી ત્યારે તેણે છોકરીને જોઈ નહિ અને તે હાંફળીફાંફળી આમ–તેમ જોવા લાગી. તેણે મંદિરની ચારે બાજુએ જોયું, બગીચામાં તે ફરી વળી, પુનીતા પોતાની મેળે ઘર તરફ પાછી ગઈ હશે એવી કલ્પના કરીને એ માર્ગે પણ થોડે સુધી તે જોઈ આવી, પણ છોકરી ક્યાંય નજરે પડી નહિ. તેની વિહ્વળતા હવે વધી. એટલામાં બંધ થએલું વાદ્યવાદન પુનઃ ચાલુ થયું એટલે તેના કાન તે તરફ આકર્ષાયા, તે દોડી અને પુત્રીને પકડી આવી.

પણ પુનીતાને પાછી નિવાસસ્થાને ખેંચી જતાં હેમપ્રભાને બહુ આપદા પડી. છોકરીને એ વાદન સાંભળવું હતું અને માતા તેને ત્યાં રહેવા દેવા ઇચ્છતી નહોતી. માતાના બાહુમાં જકડાયા છતાં તે તરફડાટ કરવા લાગી, ધીંગાણું મચાવવા લાગી, જોરથી રડવા લાગી અને તેથી હેમપ્રભા પણ મૂંઝાવા લાગી. તે માંડ માંડ ઓરડી પર પહોંચી, પણ પુનીતાનું તોફાન શમ્યું નહિ. તેને સમજાવવા–ફોસલાવવાના બધા યત્નો નિષ્ફળ ગયા એટલે હેમપ્રભા હારીને તેને પુનઃ આશ્રમ તરફ લઈ ગઈ. તેથી પુનીતાનું રડવું બંધ થયું, પણ ત્યાં તો વાદન ક્યારનું ય બંધ થઈ ગયું હતું એટલે હતાશ થઈને પુનીતા માતાની સાથે ઓરડી પર પાછી આવી ખરી, પણ તેની માંગણી તો ચાલુ જ હતી: "મારે એવું વાજું સાંભળવું છે, મને ત્યાં લઈ જા!"

હેમપ્રભાએ તેને ફોસલાવી: "શહેરમાં ગોકુળનાથજીના મંદિરમાં સરસ વાજાં વાગે છે, પુનીતા! હું એક વાર તને ત્યાં લઈ જઈશ."

"કાલે લઈ જઈશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કાલે ત્યાં વાજાં વાગવાનાં નથી, પણ જ્યારે વાગવાનાં હશે, ત્યારે લઈ જઈશ."

બાળહઠનું એક વાર શમન થયું એટલે પછી બાળક પહેલાંના જેવું જ શાણું ને રમતિયાળ બની જાય છે. દિવસો અને મહિનાઓ ચાલ્યા ગયા. કોઈ વાર પુનીતાને વાજું સાંભરતું અને તે માતાને પૂછતી: "આપણે વાજું સાંભળવા ક્યારે જઈશું?" માતા જવાબ આપતી: "આવતી એકાદશીએ." એવી કેટલી ય એકાદશીઓ આવી અને ગઈ, પણ પુનીતા તો જ્યારે પોતાને સાંભરતું ત્યારે જ વાજું સાંભળવા માંગતી અને માતા તેને નવાનવા વાયદા કરી, આડી વાતે ચડાવી, તેની લત ભુલાવી દેતી અથવા બીજી કોઈ રીતે રિઝાવી લેતી.

બહુધા એક પ્રહર રાત્રિ વીત્યા પછી મંદિરમાં સંગીત કીર્તન શરૂ થાય અને મધરાત સુધી ચાલે; એટલે રાતને વખતે નગરમાં જવું-આવવું હેમપ્રભાને રુચતું નહિ. પણ એક વાર ફરી પુનીતાને કાને ક્યાંકથી વાદનની સુરાવલિ પડી અને તેનો સુષુપ્ત રસ જાગી ગયો. તેણે પાછી હઠ લીધી, તોફાન માંડ્યું, કકળાટ મચાવ્યો અને હેમપ્રભાને થકવી. હવે મંદિરમાં પુનીતાને લઈ જઈને સંગીતશ્રવણથી તૃપ્ત કર્યા વિના તેનો છૂટકો નહોતો.

છેવટે એક વાર શુકલ પક્ષની એકાદશીની રાત્રિએ હેમપ્રભા પુનીતાને લઈને ગોકુળનાથજીને મંદિરે ગઈ. અહીં એકલું વાદ્યવાદન નહોતું, પણ તે સાથે કીર્તનની મધુર સૂરાવલિ પણ જામી હતી. રાત જરા જશે એટલે એ મધુર વાતાવરણમાં પુનીતા ઊંઘી જશે કે તુરત પોતે તેને ઊંચકીને પાછી ઘેર લઈ જશે એવી હેમપ્રભાની ગણતરી હતી, પણ પુનીતાએ માતાની ગણતરીને ખોટી પાડી. મધરાત થતાં સુધી કીર્તન ચાલ્યાં અને પુનીતાએ જરાએ થાક કે કંટાળો દાખવ્યા વિના માતાના ખોળામાં બેસી એ સંગીત સાંભળ્યું. હેમપ્રભાને આશ્ચર્ય તો થયું, પણ તે સાથે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ થયો. પુનીતા જાગતી હતી એટલે સારી પેઠે મોટી થએલી પુત્રીને ઊંચકીને લઈ જવાનું વૈતરું તેને કરવું પડ્યું નહિ, અને આંગળીએ દોરીને તેને લઈ જઈ શકાઈ.

અજવાળી રાત હતી. માતા–પુત્રી વાતો કરતાં ચડપચડપ ચાલ્યાં જતાં હતાં. પુનીતા માતાને કાંઈ કાંઈ પૂછતી હતી અને માતા તેના બાલિશ પ્રશ્નોના ઘટતા ઉત્તરો આપી તેના માનસને સંતોષતી હતી.

એક પછી એક આવતા જતા યમુનાતીરના ઘાટોની બાજુના રસ્તા પર ચાલતાં બેઉ નિવાસસ્થાનની નજીક પહોંચ્યાં, તે વખતે હેમપ્રભાએ ચંદ્રના અજવાળામાં એક વિલક્ષણ દૃશ્ય જોયું. એક અણવપરાતા અને અર્ધ–તૂટ્યા ઘાટની બાજુના ઊંચા ચોતરા પર કોઈ પુરુષ ઊભો હતો; ચોતરાની કિનારીની છેક નજીક ઊભો હતો. ભૂતથી હેમપ્રભા બ્હીતી નહિ; એ કેવળ વહેમ છે એમ માનતી; કોઈ ગાંડો કે દુઃખી માણસ યમુનામાં પડીને આપઘાત કરવા તો નહિ ઇચ્છતો હોય, એવી ભયાનક કલ્પનાએ એકાએક તેના ચિત્તનો કબજો લીધો ને તે તે તરફ ચાલી. નિકટ પહોંચતાં તેણે જરા ઉતાવળે સ્વરે પ્રશ્ન કર્યો : “ ચોતરા પર એ કોણ ઊભું છે ? ”

ઊભેલી વ્યક્તિ ઓચિંતા પ્રશ્નોદ્ગારથી ચમકી–ધ્રૂજી ગઈ અને તેણે પોતાનું મસ્તક પાછળ ફેરવ્યું, પણ કશો જવાબ આપ્યો નહિ.

હેમપ્રભા બોલી : “ ત્યાં મગર–કાચબાનો ભય હોય છે. ”

સામેથી પ્રશ્ન આવ્યો : “ એ કોણ બોલે છે ? હેમપ્રભા તો નહિ ? ”

“ હા, હું હેમપ્રભા જ છું ! ” અને તે પણ સ્વર ઓળખીને જરા નિકટ જતી બોલી : “ તમે સ્વામીજી તો નહિ ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હા, હેમપ્રભા ! આવ, તું અહીં આવ ! પણ અત્યારે તું અહીં ક્યાંથી ? "

" આ છોકરીએ તમારે ત્યાંનું વાદન સાંભળ્યું, તે દિવસથી તેણે સંગીત સાંભળવાની લત લીધી હતી; આજે હું તેને મંદિરે કીર્તન સાંભળવા લઈ ગઈ હતી." ચોતરા પર ચડતી અને સ્વામીજીની સામે ઊભી રહેતી હેમપ્રભા બોલી.

સ્વામીજીએ નીચા નમી, પુનીતાનો કોમળ હાથ પોતાના હાથમાં લઈ પૂછ્યું : " પુનીતા ! તને સંગીત સાંભળવું એટલું બધું ગમે છે કે રાત્રે ઊંઘ પણ આવતી નથી ? "

" હા, ગમે છે, પણ તમારી પેઠે કાંઈ હું રોજ સાંભળતી નથી ! " પુનીતાએ સ્વામીજીના વદન સામે તાકી રહીને જવાબ આપ્યો.

હેમપ્રભાએ સ્વામીજીને ચેતવણી આપી : " હવે તમે એને રોજ તમારે ત્યાં વાદન સાંભળવા આવવાનું ભૂલ્યે-ચૂક્યે કહેતા ના, નહિ તો તે રોજ મને પજવશે. એ લીધી લત મૂકતી નથી."

સ્વામીજીએ નિઃશ્વાસ નાંખીને કહ્યું : " હેમપ્રભા ! હું તેને આશ્રમમાં આવવાનું કહી શકું તેમ જ ક્યાં છે ? રાધાદેવીનું ફરમાન છૂટ્યું છે કે તમને આશ્રમમાં આવવા દેવાં નહિ, કે તમારો કોઈએ સંપર્ક રાખવો નહિ ! "

" એમ છે કે ? " હેમપ્રભાનો સ્વર થથરી ગયો : " કાંઈ ચિંતા નહિ. મને ત્યાં આવવાની ઇચ્છા જ થતી નથી. પણ હવે આપની તબિયત તો સારી છે ને ? "

" એ ન પૂછીશ, હેમપ્રભા ! મારા કાળજાનો ઘા તારી જાણ બહાર નથી; પણ એ ઘામાંથી ઊઠતી વેદના તો તું નથી જાણતી; અને ન જાણે એ જ ઠીક છે."

" અરેરે ! ત્યારે હજી એ ઘા નથી જ રુઝાયો શું ? તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી આપના હૃદયની અતિ કોમળતા જ આપની નિર્બળતા બની ગઈ લાગે છે !"

"એ ગમે તેમ હો; એ ઘા નિત્ય ઝમ્યા કરે છે. એ ઘાએ શરીરને પણ કબજામાં લીધું છે. છતાં આ દુર્ભાગી શરીરનો હજી અંત આવતો નથી અને મનના સંતાપનો ય અંત આવતો નથી. હું એવી જ ઇચ્છાથી આવ્યો છું કે આ યમુના મૈયા એ સંતાપનું સાંત્વન કરે અને સાથે શરીરનો અંત આણુવામાં ય સહાય કરે !"

"હેં હેં !" હેમપ્રભા ચમકીને બોલી ઊઠી : "એ શું બોલો છો સ્વામીજી ? પાપ ઉપર પાપ ખડકવાથી કદાપિ સાંત્વન મળે ખરું ? ચાલો, નીચે ઊતરો !"

તત્ક્ષણ હેમપ્રભાએ સ્વામીજીનો હાથ પકડ્યો અને તેમને નીચે ઉતાર્યા. પોતાને શરીરે વળેલો પરસેવો સ્વામીજીએ કફનીથી લૂછી નાંખ્યો. પછી બાળકની પેઠે હેમપ્રભાના દોર્યા દોરાઈને તેમણે ડગલાં ભર્યાં. પોતાની નિર્બળતાના એ આવિષ્કારે તેમને એટલી તો શરમ ઉપજાવી કે તે કશું બોલ્યા વિના હેમપ્રભાની એક આંગળીએ વળગેલી પુનીતાની જેમ બીજી આંગળીએ પોતે વળગીને તેની સાથે સાથે ચાલવા લાગ્યા.

કેટલેક દૂર ગયા પછી હેમપ્રભાએ કહ્યું : "તમે મૂંઝાઈ ગયા છો એટલે હું ધારું છું કે હું તમને આશ્રમ સુધી મૂકવા આવું તો ઠીક."

"ના, હેમપ્રભા ! તું તારે જા, હું ફરીથી આ માર્ગે નહિ આવું. તું ચિંતા ન કરીશ. બાકી, પ્રભુકૃપા વિના ઘા રુઝાય તેમ નથી. ઔષધો કશી અસર કરે તેમ નથી."

હેમપ્રભાને સાંભર્યું અને તેણે કહ્યું : "અને હા, મારે તમને કહેવાનું છે કે પેલા ચારુદત્તથી તમે ચેતતા રહેજો."

"તું શા ઉપરથી એમ કહે છે ? એ પરિવ્રાજકને તું ઓળખે છે ? એ કોણ છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમપ્રભા ખમચાઈ. તેણે રહસ્યસ્ફોટ નહિ કરવાનું વચન ચારુદત્તને આપ્યું હતું. તે બોલી: "મને એ સારો માણસ લાગતો નથી, એટલું જ."

"અને ખરેખર, એ પરોપકારી વૈદ્ય હોવા છતાં હું તેને જોઈને ધ્રૂજી જઉં છું. તે મને–મારા શરીરને ઠેકાણે લાવવા ઔષધ આપે છે, મારી કાળજી રાખે છે, છતાં તેનાથી મને એટલો બધો ત્રાસ ઊપજે છે કે તેની હાજરીમાં હું બેચેન બની જઉં છું, હેમપ્રભા!"

"હું કહું?" પુનીતાએ માતા ભણી જોયું અને કહ્યું: "એ જક્ષ છે! હાથમાં ઝાડની ડાળી પકડીને ચાલે છે. મેં તેને જોયો છે!"

કોઈ દૈવજ્ઞ પુરુષના જેવું વચન પુનીતાના બાલમુખમાંથી ઉચ્ચારાયેલું સાંભળીને સ્વામીજી ચમક્યા, આગળ ચાલતાં ક્ષણભર થોભી ગયા અને પુનીતાના વદન પર સાનંદાશ્ચર્યયુક્ત દૃષ્ટિ કરીને પુનઃ આગળ ચાલ્યા.

થોડું આગળ જઈને હેમપ્રભા પોતાની ઓરડી તરફ પાછી ફરી અને સ્વામીજી આશ્રમ તરફ આગળ ચાલ્યા. સંકલ્પ–વિકલ્પનો જબ્બર ધોધ તેમના મગજમાં સતત વહ્યા કરતો હતો. અનિદ્રા અને મનઃસંતાપની અસહ્ય વેદના તેમને યમુનાને તીરે દોરી ગઈ હતી, ત્યારે યમુનાતીરની શીતળ લહરિથી પોતાનું મન શાન્ત થશે એમ કાંઈ તે માનતા નહોતા. તેમની ઇચ્છા તો એવી જ હતી કે આ અસહ્ય વેદનાનો અંત શરીરના અંત સાથે જ જો આવવાનો છે તો શા માટે લાંબા વખત સુધી રિબાઈને પછી મરવું? શા માટે યમુનામાં ડૂબી ન મરવું? અને યમુનામાં ડૂબી મરવાના વિચારમાં તેમને એક વિશિષ્ટ પ્રકારનો રસ પડ્યો હતો. એમ મરવાથી પોતાનું મુડદું કેટલે ય દૂર ઘસડાઈ જવાનું, વચ્ચે મગર–માછલાં–કાચબા તેને ફોલી ખાવાનાં, અથવા છેવટે કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગડામાં કિનારે લાવી જાય તો શિયાળ–કૂતરાં તેને ફાડી ખાવાનાં, એટલે પોતાના અદશ્યીભવનનો અંજામ કોઈની જાણમાં આવવાનો નહિ; લોકો માત્ર તરેહવાર કલ્પનાઓ જ કરવાના. કોઈ માનવાનું કે સ્વામીજી વનવાસ કરવા ચાલ્યા ગયા હશે; કોઈ માનવાનું કે માંદગીથી કંટાળીને કોઈ અજાણ્યે સ્થળે સમાધિ લેવા ઊપડી ગયા હશે! જેવી રીતે લોકો પોતાના અદર્શનનો ખરો હેતુ જાણી શકવાના નહિ, તેવી રીતે તેના કારણરૂપ પોતાનો મનઃસંતાપ પણ તેમનાથી ગુપ્ત જ રહેવાનો. એવો ગુપ્ત અંત તેમને બહુ રોચક લાગતો હતો.

પણ યમુનામાં ડૂબી જવાને નિર્જન ઘાટના ચોતર ઉપર ચડ્યા પછી પુનઃ સંકલ્પ–વિકલ્પનો ઊભરો ચિત્તપ્રદેશમાં છવાઈ ગયો. મૃત્યુ સામે આવીને ઊભેલું દેખાત મનની નિર્બળતા ધસી આવી, ચડેલો આવેશ શમી ગયો, અને ભાવિના કાંઈ કાંઈ વિચારોના પ્રવાહમાં તે તણાવા લાગ્યા. જો હેમપ્રભાએ એકાએક આવી પહોંચીને તેમને તે વખતે તંદ્રામાંથી જાગ્રત ન કર્યા હોત, ચોતરા પરથી ન ઉતાર્યા હોત, તો કોણ જાણે તેમની તંદ્રા ક્યારે ય છૂટી હોત.

નિર્બળ મનથી પાપનું પ્રક્ષાલન થઈ શકતું નથી, અને પાપ વેઠી પણ શકાતું નથી. દેહ ઉપર તેની અસર થાય છે છતાં મરવું ગમતું નથી. બુદ્ધિમાન માનવીનો તેમાંથી ઉગારો શે થાય? તેની ઘડભાંજનો અંત કેવી રીતે આવે? સ્વામીજીને કોઈ વાર એવી ઇચ્છા થઈ આવતી કે જો હેમપ્રભા એકદમ સામે આવીને પોતાનો કાન પકડીને એમ કહે કે "તું જ મારી પુત્રીનો પિતા છે, જો મેં એ પાપ કર્યું હોય તો તું જ એ પાપનો ભાગીદાર છે," તો બહુ સારું. એક વાર એ રીતે ઘટસ્ફોટ થઈ જાય, પાપ પ્રકટ થઈ જાય, તો પછી તે ભાર મનમાં બહુ વેંઢારવો ન પડે; પણ હેમપ્રભા કાંઈ એવું કરે તેમ નહોતું; બીજું કોઈ સ્પષ્ટ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજી ઉપર આરોપ મૂકતું નહોતું; એટલે હૃદયવ્યથાનો ચરખો રાત ને દિવસ ચાલ્યા જ કરતો હતો. મનનો સંતાપ અલબત્ત તપશ્ચર્યા હતી, પણ એ એવી તપશ્ચર્યા હતી કે જેથી શરીર શોષાતું હતું, અને મનનું સાંત્વન થતું નહોતું. અંતરમાં પશ્ચાત્તાપનો ઊભરો ચડતો ત્યારે મનમાં થતું કે હૃદયની બધી વાત ખુલ્લી કરી દઉં, પણ એ ઊભરો શમે તે પહેલાં નિર્બળતા મન ઉપર સવાર થઈ જતી હતી. વજ્ર જેવી છાતી અને મેરુ જેવું ધૈર્ય જેનું હોય નહિ તેનાથી પાપ જિરવાતું નથી, અને પાપ પ્રકટ કરાતું ય નથી; ઇચ્છા થાય-થાય ને વરાળની પેઠે ઊડી જાય એવી સ્થિતિ થઈ પડી હતી.

યમુનાતીરેથી ધીરેધીરે આશ્રમ તરફ પાછા ફરતાં તે મહા-કાળીના મંદિરની બાજુએ થઈ આશ્રમના બગીચામાં પેઠા. ચોમેર ચાંદની પ્રસરી રહી હતી. એક બાજુએ મંદિર, બીજી બાજુએ આશ્રમના પુરુષવિભાગનાં નીચાં ઊંચાં મકાનોની હાર અને ત્રીજી બાજુએ સ્ત્રીવિભાગના નિવાસોની સીધી કતાર : બધાં જાણે દૂધમાં નાહતાં સ્થિર-શાંત ઊભાં હતાં. અહો ! પણ એ શાંતિ સ્વામી-જીના ચિત્તમાં નહોતી. શાંતિની પ્રાપ્તિ થાય તે માટે કોઈ આવીને પોતાને "પાપી-પાપી" કહીને સંબોધે, પાપની વાત પ્રકટ કરી નાંખે, તો કેવું સારું, એવો વિચાર મનમાં ઘૂંટતા ઘૂંટતા તે હેડ-વાળા ચોતરા પાસે આવ્યા અને એકદમ તે ઉપર ચડી ગયા ! "આ જ હેડમાં એક વાર હેમપ્રભા પુરાઈને એક પ્રહર દિવસ સુધી હડેહડે થતી બેઠી હતી. એ જ વખતે હું પણ અહીં આવીને હેડમાં મારો પગ ઘાલીને બેસી ગયો હોત તો બધી વાતની નિરાંત થઈ જાત ! દંભ ન આચરવો પડત, આ હૃદય-બળતરા ન વેઠવી પડત, દુષ્ટ પરિવ્રાજકને જોઈને ત્રાસ ન અનુભવવો પડત અને એક વાર ફજેતી થઈ ગયા પછી કોઈનું કશું સાંભળવું ન પડત ! ખરેખર, એ રીતે જોતાં હેમપ્રભા મારા કરતાં વધુ સુખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોની દૃષ્ટિએ એ પતિત છે, હું પવિત્ર છું, પણ તે જેટલી નિરાંતે ઊંઘી શકે છે તેટલી નિરાંતે હું ઊંઘી શકતો નથી! અરે, અરે, મારે તો ઉજાગરે રાતો ગાળવી પડે છે અને શાન્તિની શોધમાં આમ તેમ ભટકવું પડે છે. હેમપ્રભાએ મને ભલે ધીરજ આપી, પરંતુ તેના ઊંડા અંતરમાં તો મારા પ્રત્યે નફરત જ જાગી હશે!"

આ વિચારમાળા ચાલ્યે જતી હતી, એટલામાં દૂરથી હાથમાં ફાનસ લઈને કોઈ વ્યક્તિ આશ્રમ તરફ આવતી દેખાઈ. "કોણ હશે? મને આ હેડ પાસે ઊભેલો જોઈને તે શું ધારશે?" એવો વિચાર આવ્યા છતાં જાણે બેફામ બનીને સ્વામીજી સ્થિર ઊભા રહ્યા ને આગંતુકની ભણી દૃષ્ટિ રાખી રહ્યા. તેમણે મનમાં નિશ્ચય કર્યો: "જો એ આવનાર વ્યક્તિ પૂછે કે કોણ ઊભું છે, તો હું જરૂર કહી દઈશ કે હું પાપી ઊભો છું, હેમપ્રભાના પાપનો ભાગીદાર ઊભો છું! બસ, આ તકનો લાભ લઈને હું મારું પાપ પ્રકટ કરી દઉં અને હૃદયની બળતરાને કાયમને માટે શમાવી દઉં, પછી ભલે જે થવાનું હોય તે થાય!"

આગંતુક વ્યક્તિ સીધી જુદી જ દિશા તરફ વળવા જતી હતી, એટલામાં તેની દૃષ્ટિ ચોતરા પર પડી અને તેણે પોતાની ચાલવાની દિશા બદલી. નજીક આવતાં તેણે ઉદ્‌ગાર કાઢ્યો: "હેડ પાસે એ કોણ ઊભું છે?"

સ્વામીજી સ્વર પરથી એ વ્યક્તિને ઓળખી ગયા અને બોલ્યા: "હું ઊભો છું, ચારુદત્ત!"

"આપ ઊભા છો, સ્વામીજી? અ રે રે રે, ઊંઘ ન આવતી હોય તો પેલી ગુટિકા કેમ ખાતા નથી? અને તે ખાધા છતાં ઊંઘ ન આવતી હોય તો શય્યામાં ભલે જાગતા પડ્યા રહો, પરંતુ આમ ફરવા નીકળો, ચોતરા પર ચડીને ચાંદનીનું સૌંદર્ય નિહાળો, શાન્તિ તથા એકાન્તની અનુભૂતિ માટે મથો, તે બધું આપના નિર્બળ શરીર માટે વાજબી નથી. ધર્મનાં મોટાં મોટાં થોથાંનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાચન ભલે કલ્યાણકર મનાતું હોય, પણ આપને તો ચિંતન તથા જાગરણ અને હવે વળી રાત્રિભ્રમણ, એ ત્રણ વાનાં સિવાય બીજી કશી પ્રાપ્તિ કરાવતું હોય એમ મને લાગતું નથી."

"તમે અત્યારે અહીં ક્યાંથી આવી ચડ્યા પરિવ્રાજક ?"

"હું સાંજે નગરમાં ગયો હતો. રાજેન્દ્ર શર્માનાં પત્નીને હિસ્ટીરિયાનો સખ્ત હુમલો થએલો, એટલે તેમનો સંદેશો આવવાથી હું ત્યાં ગયો હતો, પણ એ બિચારાંનો એ છેવટનો વખત હતો એટલે મારા ઉપચારની કાંઈ ખાસ અસર થઈ નહિ; થોડો સમય જીવ્યાં અને હમણાં જ મૃત્યુ પામ્યાં."

"બસ, એવું બની ગયું ? પ્રભુ એમના આત્માને શાન્તિ આપો !"

"હવે કૃપા કરીને આપ નીચે ઊતરો, એટલે હું આપને શય્યાખંડમાં પહોંચતા કરું, નહિ નહિ, હવે તો તેમાં પૂરી જ દઉં ! નહિતો વળી પાછા આપ વધુ તત્ત્વચિંતન કરવા માટે આશ્રમની એકાંત છોડીને યમુનાતીરની દૂરની એકાંતમાં પહોંચી જાઓ, તો મારા પર ભારે ઉપાધિ આવી પડે !"

પરિવ્રાજકની વાણીમાંની મમતાએ સ્વામીજીને આર્દ્ર બનાવી દીધા. જે ધારી રાખ્યું હતું તે મનમાં જ રહી ગયું, અને પરિવ્રાજકના મીઠા ઠપકાને જાણે માન આપતા હોય તેમ તે ધીરે ધીરે ચોતરા પરથી નીચે ઊતરી તેની સાથે સાથે નિવાસસ્થાન ભણી ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩] . . . . . . સ્વકીયતા-ભાવ

હેમપ્રભા એ રાત્રે સ્વામીજીથી છૂટી પડીને પાછી ઓરડીએ આવી પહોંચી તો તેણે ઓરડીનું બારણું ઉઘાડું જોયું એટલે તેને ફાળ પડી. પોતાની આછી-પાંખી સાધનસામગ્રી પણ ચોરી જનાર કોઈ આવ્યું હશે એમ તેણે ધાર્યું. દીવો સળગાવીને તેણે જોયું તો ઓરડીમાંની વસ્તુઓ વીંખાએલી જણાઈ, પણ તેમાંનું કશું ય ચોરાવા પામ્યું નહોતું. પુનીતાના ત્રણ-ચાર સુંદર રેશમી સદરા અને તેની ફુમતાંવાળી એક ઘાઘરી એટલી વસ્તુઓ તો ચોરને ચોરી જવાનું મન થાય તેવી હતી, પણ તે ય એમની એમ પડી હતી; એટલે હેમપ્રભાને લાગ્યું કે, પોતા સરખી દીન નારી પર ચોરને ખરેખર લાગણી જ થઈ આવી હશે, અને તે એ વસ્તુઓ પાછી ફેંકીને ચાલ્યો ગયો હશે.

અને એ બનવાજોગ પણ હતું. એ પતિતા પ્રત્યેનો પહેલાંનો રોષ હવે લોકોમાં રહ્યો નહોતો. ઓરડીમાં પેસીને ચોરી કરવા ઇચ્છનારનો એવો હૃદયપલટો શક્ય પણ હતો. પહેલાં તેને જોઈને જે ચિત્તોમાં પાપવાસના જાગતી હતી, તે ચિત્તોમાં હવે પવિત્ર ભાવ જાગતો હતો. જે જુવાનિયાઓ તેના યૌવનથી આકર્ષાતા હતા તેઓ હવે કુલિન ગૃહિણી સમા તેના વદન પરના પ્રૌઢત્વને નીરખીને માનદૃષ્ટિથી જોવા લાગ્યા હતા. હા, હજી હેમપ્રભામાં સૌંદર્ય હતું, પણ એ સૌંદર્ય પુરુષના ચિત્તમાં વિકાર જગાડે તેવું રહ્યું નહોતું. હવે તે એક માતાનું જાજ્વલ્યમાન સૌંદર્ય હતું. આ રીતે તેની પ્રત્યેના લોકોના ભાવમાં જે પરિવર્તન થયું હતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી જ પોતાના કલંકસ્થાન પરનો એકલ નિવાસ તેને માટે સહ્ય બન્યો હતો.

પણ એ રાત્રે સ્વામીજીની સ્થિતિ જોયા પછી તથા તેમની સાથે થોડી વાતચીત કર્યા પછી હેમપ્રભાના અંતરમાં એક વિશેષ દુઃખ જાગ્યું હતું. પોતે પતનના દુઃખને જે તાકાતથી વેઠી શકી હતી તે તાકાત સ્વામીજીમાં નથી એ તેણે જોઈ લીધું હતું. તેમના કાળજાનો ઘા રુઝાતો નહોતો. એ ઘા તીવ્ર વેદના ઉપજાવતો હતો અને તેની અસર તેમના શરીર પર સતત થયા જ કરતી હતી. એથી તેમનું શરીર શોષાતું જતું હતું. એવામાં વળી તેમને ઔષધ આપનાર તથા તેમના સ્વાસ્થ્યની કાળજી રાખવા માટે રાતદિવસ તેમના સંપર્કમાં રહેનાર પરિવ્રાજકને જોઈને તેમને ત્રાસ ઊપજ્યા કરતો હતો, એ નવી વાત તેણે સ્વામીજીના મુખથી જાણી હતી. શરીરની વધતી જતી નબળાઈની સાથે તેમનું મન પણ કેટલું નબળું પડી ગયું હતું તે તેણે જોઈ લીધું હતું. એક બાળકના જેવી તેમની નિર્બળતા બની ગઈ હતી અને એ નિર્બળતા તેમને જેમ આત્મનિંદાને માર્ગે દોરતી હતી તેમ આત્મઘાતને પંથે પણ લઈ જતી હતી: એ તેણે નજરે જોયું હતું. સ્વામીજીનાં પ્રવચનોઃમાંની તેમની પ્રચ્છન્ન હૈયાવરાળ સમી આત્મનિંદા વિષે હેમપ્રભાએ લોકોને મુખેથી અને એક વાર માર્ગમાં મળી ગએલી આશ્રમની કેટલીક બ્રહ્મચારિણીઓ પાસેથી સાંભળ્યું હતું. જો કે એ બ્રહ્મચારિણીઓ તેમાં સ્વામીજીના હૃદયની સુકોમળતા અને અતિ નમ્રતા નીરખતી હતી, તોપણ હેમપ્રભા સમજતી હતી કે હૃદયની અસહ્ય વેદનામાંથી પ્રકટતી વરાળ સિવાય એ બીજું કશું નહોતું. માનસિક અને શારીરિક શક્તિઓના આવા હ્રાસથી અને વિશેષમાં ચારુદત્તના વેરઝેરભર્યા સંપર્કથી સ્વામીજીના દેહની અને આત્માની થઈ રહેલી દુર્દશા હેમપ્રભાના હૃદયમાં ચિંતાને જન્મ આપવા લાગી, ત્યારથી તે ગમગીન પણ રહેવા લાગી.

•

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ચિંતા કેમ ન થાય? સ્વામીજી પ્રત્યે અંતરાત્માથી સ્વકીયતાનો ભાવ ધરાવનાર જગતમાં જો કોઈ પણ હોય તો તે હેમપ્રભા હતી. હેમપ્રભાએ સ્વામીજીની આંખમાં આંખ પરોવીને સ્નેહદાન દીધું–લીધું હતું, અને આત્મામાં આત્મા પરોવીને સાયુજ્યનો સાક્ષાત્કાર કર્યો હતો.

સ્વામીજી સાથેના બે મહત્ત્વના પ્રસંગો તેને બરાબર સાંભરતા હતા.

પહેલો પ્રસંગ જે દિવસે પોતે સંસારજીવનમાં નિષ્ફળ થઈને બીજો કોઈ માર્ગ અવશેષ રહ્યો નહોતો ત્યારે આશ્રમમાં આવી તે દિવસનો હતો. આશ્રમમાં દાખલ થવા માટે, એક આશ્રમ-વાસિની બ્રહ્મચારિણી થવા માટે, જે પાત્રતા જોઈએ તે પાત્રતા બતાવવા માટે તે દિવસે સ્વામીજી સાથે તેણે કલાક–દોઢ કલાક વાતો કરી હતી. એ વાતોમાં તેણે પોતાના જ નહિ, પણ સંસાર ત્યજનારી અને કોઈ મઠ કે આશ્રમમાં જઈ રહેવા ઇચ્છતી કુમારિકાઓ અને અપરિણીત યુવતીઓ–એ બધીના હૃદયમાં સામાન્ય રીતે વહેતા વિચારપ્રવાહનો સ્વામીજીને બરાબર ખ્યાલ આપ્યો હતો. તેની વાતોમાં સ્વામીજીએ તે વખતે જે રસ લીધો હતો, જે સહાનુભૂતિ બોલીને જ નહિ પણ ભાવસૂચક વદનરેખા-ઓથી અને આર્દ્ર નયનોથી વ્યક્ત કરી હતી, તેમજ હેમપ્રભાને કહેતાં ક્ષોભ થાય એવી વાતો પણ હૃદયની જે ઉદાત્તતાથી સાંભળી લઈને પછી તેને આશ્રમમાં દાખલ કરવાની અનુમતિ આપી હતી, તે બધું જ તેના હૃદયમાં વજ્રલેપ થઈને રહ્યું હતું. તે વખતે સ્વામીજી બરાબર સમજી ગયા હતા કે પોતે એક યુવતીને દાખલ કરીને એક આત્મઘાતિનીનો જીવ બચાવતા હતા, અથવા એક ભાવિ વારાંગના કે વેશ્યાને પતિત જીવનમાંથી બચાવી લેતા હતા, અથવા એક તેજસ્વી નારીને કોઈ પુરુષનું સંતાનો જણનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતું યંત્ર થતું રોકીને તેની નસર્ગિક શક્તિઓનો વિકાસ કરવા માટેની તક આપતા હતા.

બીજો પ્રસંગ પડ્યો હતો રેલવે ટ્રેનના બીજા વર્ગના ડબામાં. સ્વામીજી આગ્રાથી મથુરા તરફ પાછા ફરતા હતા. આગ્રામાં મળેલી ધર્મપરિષદમાં ભાગ લેવા તે ગયા હતા. હેમપ્રભા ગ્વાલિયરથી નીકળી ટ્રેનમાં મથુરા તરફ જતી હતી. ગ્વાલિયરમાં તેનો મસિયાઈ ભાઈ રેલવેની નોકરીમાં હતો. તેની પત્ની, બે નાનાં બાળકો મૂકીને મૃત્યુ પામી હતી, એટલે સાંસારિક મૂંઝવણને કારણે તેણે હેમપ્રભાને બોલાવી હતી. તેની દરખાસ્ત એવી હતી કે, જો હેમપ્રભા આશ્રમ છોડીને હવે પોતાની સાથે રહે અને બાળકોને ઉછેરે, તો પોતે નવી પત્ની પરણવા ઇચ્છતો નહોતો. પરંતુ હેમપ્રભાને એ દરખાસ્ત સ્વીકાર્ય નહોતી. આશ્રમ છોડવાની તેની ઇચ્છા નહોતી. પેટ ભરવા માટે ભાઈના ઘરનું વૈતરું કરવા તે તૈયાર નહોતી. એટલે તેણે ભાઈને એવી સલાહ આપી હતી કે, "આવી જુવાન વયે તો તમારે પરણવું એ જ વાજબી છે, ભાઈ." મથુરા તરફ પાછા ફરતાં હેમપ્રભાએ સ્વામીજીને સાંજ ટાણે આગ્રા સ્ટેશન પર જોયા, એટલે તે પણ એ દિવસે જીવનમાં પહેલી જ વાર વધારાના પૈસા ભરીને ત્યાંથી બીજા વર્ગની મુસાફર બની હતી.

પહેલા પ્રસંગમાં બહુધા હેમપ્રભાની વાતો સ્વામીજીએ લગભગ મૌન ભાવે સાંભળી હતી. આ બીજા પ્રસંગમાં સ્વામીજીની જ વિધવિધ વાતો સાંભળવાનું હેમપ્રભાને ભાગે આવ્યું હતું. અહોહો ! તે વખતે હેમપ્રભાને એમ જ લાગ્યું હતું કે જાણે પોતે સાક્ષાત્ બૃહસ્પતિની સમક્ષ બેઠી છે અને આખા જગતના જ્ઞાનનો ધોધ પોતાની સમીપે વહી રહ્યો છે ! એ ધોધમાંથી તેણે અંજલિઓ ભરીભરીને આચમન કર્યા કર્યું. તેની જ્ઞાનદીપ્ત આંખો સમક્ષ જાણે નવી દુનિયા ઊઘડી ગઈ. સ્વામીજી આશ્રમની અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવચનોમાં ને વ્યાખ્યાનોમાં શ્રોતાઓને જે જ્ઞાનામૃતનું પાન કરાવતા તેથી અનેરો એ જ્ઞાનનો બોધ હતો. હા, તે તત્ત્વજ્ઞાન જ હતું, પણ આત્માને મોક્ષપ્રાપ્તિ કરાવવા માટેનું જ્ઞાન નહોતું. આત્માને મનુષ્ય તરીકેનું જીવન ગાળવામાં રસાનુભવ થાય તેવું એ જ્ઞાન હતું. આસક્તિરહિત થઈને કર્મો કર્યે જવાં અને તેનું ફળ આપવાનો અધિકાર ઈશ્વરને હાથ સોંપી દેવો એવો કર્મયોગ જ મોક્ષનું સાધન છે, એ બધાં આશ્રમવાસીઓ જાણતાં. તોપણ આસક્તિરહિત થવું એ કેટલું કઠિન છે તેની સમજ જે થોડી વ્યક્તિઓ યોગની પ્રક્રિયાઓમાં અંગત રસ લેતી હતી તેમને જ પડતી હતી. બાકીની વ્યક્તિઓ અનાસકિતને ઓળખતી ખરી, પણ આચરવા યત્ન કરતી નહિ. સ્વામીજીના આ નવા તત્ત્વજ્ઞાનમાં નીરસ એવા મોક્ષના સાધનની મીમાંસા નહોતી, પરંતુ નૈસર્ગિક અને કર્મશીલ એવા પવિત્ર માનવીજીવનની મીમાંસા હતી. એ જીવનને માટે સંન્યાસ અને સંસાર સમકક્ષ હતા. સુખ અને દુઃખ જેમ સાપેક્ષ લાગણીઓ સમા છે, તેમ પાપ અને પુણ્ય પણ કર્મના સાપેક્ષ પરિણમન રૂપ હતાં. હેમપ્રભાને માટે સૌથી વિશેષ વિલક્ષણ વાત તો એ હતી કે જગતની કોઈ પણ વ્યક્તિઓના કલ્યાણ માટેનું એકસરખું ધર્માચરણ શક્ય નથી એવો સ્વામીજીનો અંગત અભિપ્રાય હતો.

"તો સ્વામીજી! સંખ્યાબંધ બ્રહ્મચારિણીઓ અને સંન્યાસિનીઓ, તેમજ સંન્યાસીઓ, પરિવ્રાજકો અને બ્રહ્મચારીઓ એક જ સ્થાને સાથે રહીને એકસરખા ઢાળામાં પોતાનું જીવન ઢાળવા મથી રહ્યાં છે તે બધું શું ફોગટ છે?" એ પ્રશ્ન છેવટે હેમપ્રભાએ જ્યારે સ્વામીજીને પૂછ્યો ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો હતો:

"એક વૃક્ષ ઉપર ઊગીને લટકી રહેલું કોઈ ગોળ ફળ જ્યારે વિકાસમાન દશામાં જ હોય, ત્યારે તેની આસપાસ કાષ્ટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરસ અને મજબૂત જાળી જો બાંધી લેવામાં આવે તો એ ગોળ બનવાને નિર્માયેલું ફળ ચોરસ આકાર ધારણ કરે છે; પણ તે ઉપરથી એમ ન કહી શકાય કે તેના નૈસર્ગિક વિકાસનું રૂંધન નથી કરવામાં આવ્યું. એ જ રીતે ઘણી સંસ્થાઓના ચોકઠામાં વ્યક્તિઓનાં નૈસર્ગિક વિકાસમય જીવન કૃત્રિમ આકારો ધારણ કર્યા જ કરે છે, અને અમારા જેવા સંસ્થાસક્ત પંડિતો કે ગુરુઓ એ બધું ચાલવા પણ દે છે."

અહા! તે ક્ષણે હેમપ્રભાની આંખોનાં પડળ જાણે ઊઘડી ગયાં હોય તેમ કોઈ અદ્‌ભુત પ્રાભાવિક પ્રકાશ તેની આંખોમાં તગતગી ઊઠ્યો. આશ્રમની દિનચર્યામાં રસ લેવાની, ત્યાં અપાતું જ્ઞાન હૃદયમાં ઉતારવાની, તન–મનના વિકારોનું શમન કરવા માટે ભાવપૂર્વક તપશ્ચર્યા કરવાની જે મથામણ તેણે કરી હતી, તેમાં તેને સફળતા મળતી નહોતી. વસ્તુતઃ તે કશામાં તેનું ચિત્ત જ ચોંટતું નહોતું. પરંતુ એ મનની વાત મનમાં જ દાટી રાખીને તે આશ્રમમાં પડી રહી હતી; ત્યાં મળતાં રક્ષણ–પોષણનો લાભ લીધા કરતી હતી. તેનો આંતર રસ તો સુકાઈને ક્ષીણ થયે જતો હતો. સ્વામીજીએ જ્યારે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો અને તે સાથે હેમપ્રભાને પોતાના મનોભાવનું બંધ બેસતું સામ્ય દેખાઇ આવ્યું, ત્યારે તેના ઉલ્લાસનો પાર રહ્યો નહિ. જે વાત તેને સ્વસંવેદનથી સૂઝ્યા કરતી હતી, તે વાતને તેની બુદ્ધિ આજસુધી એક પ્રકારની ભ્રમણા માની રહી હતી; પરંતુ એ ભ્રમણા નથી, એ સત્ય છે, સ્વામીજીનો અભિપ્રાય તેને પુષ્ટિ આપે છે, એવું જ્યારે તેણે જાણ્યું ત્યારે તેનો હૃદયસિંધુ ખળભળી ઊઠ્યો, તેની ઊર્મિલતા ઉત્કટ બની ગઈ. અંધકારમાં અથડાતા પોતાના આત્માને જાણે ત્રાતા સાંપડ્યો હોય એમ માની તે આનંદમુગ્ધ બની ગઈ અને બેઠક પરથી ઊછળીને સ્વામીજીના ચરણમાં લોટી પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઓ સ્વામીજી! તમે જ મને અત્યારે ભગવાનરૂપે મળ્યા છો! મનને અને આત્માને પણ સતત દમી રહેલી એક અબળાનો આજે આપે ઉદ્ધાર કર્યો છે. મારા મનની ભયાનક ગાંઠ હવે છૂટી ગઈ છે. આવું સત્ય મને કોઇએ કદાપિ કહ્યું નથી, આપે તે પહેલું જ કહ્યું છે, અને મારા અંતરનો ઉત્તાપ શમાવ્યો છે."

"બિચારી અબળા!" એટલો જ ઉદ્‌ગાર કાઢીને સ્વામીજી પોતાના ચરણ પર ઢળેલી હેમપ્રભાના મસ્તક પર અને પીઠ પર કરુણ હાથ ફેરવતા બોલ્યા: "હેમપ્રભા! ગોળ ફળ જો ચોરસ બને તો પાર્સલની પેટીમાં બરાબર ગોઠવાઈ શકે અને તેનો વેપાર ચલાવી શકાય, તેટલા પૂરતી ય એ ચોરસ ફળની સંસારને માટે ઉપયોગિતા તો ખરી; તેવી જ ઉપયોગિતા મનુષ્યોની પણ હોઈ શકે છે."

"ભગવન્! એ સ્થૂળ મૂલ્યની દૃષ્ટિએ જોતા વેપારી સમા સંસ્થાચાલકોની વાત આપે કહી ને? પણ એ ઉપયોગિતાના ઢાળામાં ન ઢળાય તેવી વ્યક્તિઓની શક્તિઓનું તો ઇંધન જ થાય, એ વાત, સંસ્થા તો ભૂલી જાય, પણ આપ અંતરમાં નથી ભૂલ્યા, એ જ મારું અને મારા સમી ઇતર વ્યક્તિઓનું અહોભાગ્ય છે."

હેમપ્રભાના ચિત્તમાં દૃઢ થઈ ચૂકેલી એક વાત હવે વિશેષ વિવેચનથી ખસી શકે તેમ નથી, એમ જોઈને સ્વામીજીએ જરા સ્મિત પ્રસારી કહ્યું: "હેમપ્રભા! હવે મને સમજાય છે કે આશ્રમનું જીવન તને અણગમતું છે. આશ્રમ તારામાં જે પ્રકારનું વ્યક્તિત્વ ઉતારવા માંગે છે, તે ઊતરી શકશે એમ તને લાગતું નથી. બીજી રીતે કહું તો આશ્રમમાં રહીને તું મૂંઝાય છે, ખરું ને?"

"હા, એ ખરી વાત છે, સ્વામીજી! પણ હું આશ્રમ છોડી જવા માંગતી નથી. તે જે રક્ષણ અને પોષણ આપે છે, તેની મને જરૂર છે."

"તો હવે તારા ઊંડા મનોભાવની વાત કર!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રશ્ને હેમપ્રભાને થોડી વાર તો મૂગી બનાવી. પછી તેણે ઊંચું જોયું અને તેની તથા સ્વામીજીની આંખો મળી. પછી તે જરા બોલતી થઈ. તેનો થીજી ગએલો રસ વાતચીત દરમ્યાન પીગળવા લાગ્યો. તે રસ તેની આંખોમાંથી, પછી અંગોમાંથી, અને છેલ્લે આખા દેહમાંથી જાણે છલકાવા લાગ્યો; પણ વાણીને દ્વારે પહોંચતાં તે વહેતો થંભી ગયો.

સ્ત્રીના હૃદયમાંનું માધુર્ય આટલી નિકટતાથી સંવેદવાનું સ્વામી સાધનાનંદજીને જીવનમાં આ પહેલી જ વાર મળ્યું હતું. નિસર્ગે નારીહૃદયમાં ભરેલી સુકોમળતા વિષે સ્વામીજીએ પુસ્તકોમાંથી ઘણું ય વાંચેલું અને જાણેલું; પરંતુ એ હૃદયના કોમળ તારનું કંપન થતાં તેમાંથી તે ગુંજનમાધુરી વહે છે, તે આવા પ્રકારની હશે તેની એ વિરક્ત ચિત્તને કોઈ વાર અનુભૂતિ થવા પામી નહોતી. આજે એ માધુર્યના સંવેદને ચિત્તમાં ક્ષોભ જન્માવ્યો.

પુરુષના ચિત્તક્ષોભને પારખવામાં નારીની નૈસર્ગિક શક્તિ ચપળ હોય છે. હેમપ્રભાએ સ્વામીજીની આંખોમાં એ ક્ષોભ જોયો અને પહેલાં તો તે ભય પામી, પણ પછી તે ચંચળ બની અને ત્યારે વાણીને દ્વારેથી થંભી ગએલો તેનો રસસ્રોત વહન કરવા લાગ્યો.

અને જીવનભરની તૃષાતુર એ બેઉ વ્યક્તિઓએ એ એકાન્તમાં ઉત્તરોત્તર દિલની, દેહની અને આત્માની તૃષા છિપાવી.

હા, આત્માની જ એ તૃષા હતી, એમાં બેઉમાંથી એકેને શંકા નહોતી. તે તૃષા છિપાવવામાં પોતે ઈશ્વરનો અપરાધ કર્યો હતો એમ તેઓ માનતાં નહોતાં. હા, સમાજનો અપરાધ કર્યો હતો, માનવનિર્મિત નીતિનો ભંગ કર્યો હતો, એ બેઉ દૃષ્ટિએ એ પાપ પણ હતું. પરંતુ, હવે એક વ્યક્તિ પાપના બધા પ્રત્યાઘાત વેઠીને નિરાપદ બની હતી, ત્યારે બીજી વ્યક્તિ પાપહથોડાના રૂપા આઘાતો હૃદયની એરણ પર ઝીલી ઝીલીને શક્તિનો હ્રાસ કર્યે જતી હતી. એકનો પ્રાયશ્ચિત્તનો કાળ પૂરો થયો અને બીજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પાપનું પ્રાયશ્ચિત્ત કેવા પ્રકારનો દંડ માંગશે તે સમજાતું નહોતું. કલ્પનાઓ અનેક થયા કરતી હતી, પણ નિર્બળતા એક પણ કલ્પનાને સ્પષ્ટાકાર ધારણ કર્યા પૂર્વે જ હવામાં વિગલિત કરી દેતી હતી.

આજે પૂર્વપ્રસંગોનાં સંભારણાં અંતરમાં ઊમટી આવતાં હેમપ્રભા નિશ્ચેષ્ટ બની ગઈ હોય તેવી રીતે હનુમાનજીની દહેરીને પગથિયે જ બેસી રહી. કાંઈકાંઈ ભાવો ઊમટ્યા, રમ્યા અને આથમ્યા. કાંઈકાંઈ વીતક સાંભર્યાં, અને ચિત્તમાંથી પસાર થઈ ગયાં. અંતે આજના કર્તવ્યનું ભાન ઊગ્યું અને સ્વામીજીના હૃદયની વ્યથા એના પોતાના હૃદયની વ્યથા બની સાલવા લાગી. હા, સ્વામીજીના હૃદયની વ્યથા તેમની પોતાની નિર્બળતાને કારણે તીવ્ર બની રહી હતી એ તો ખરું, પણ તે વ્યથામાં પરિવ્રાજક ચારુદત્તનો ઉમેરો એવો હતો કે, જો તેને સમજાવ્યો હોય તો તેના તરફના ત્રાસમાંથી તો સ્વામીજી જરૂર મુક્ત થઈ શકે.

છ–સાત વર્ષની વયે પહોંચેલી પુનીતા તે જ વખતે સામેથી દોડતી આવી અને ભયચકિત આંખોને વિસ્ફારતી બોલી: “ બા બા ! જો, જો, પણે પેલો જક્ષ જાય ! હાથમાં કોઈક ઝાડની મોટી ડાળી લઈને જાય છે ! ”

ચડપ કરતી હેમપ્રભા ઊભી થઈ. તેણે કહ્યું: “ પુનીતા ! એ જક્ષ સાથે મારે થોડી વાત કરવી છે, તે માટે જઉં છું ! ”

“ ભલે જા, પણ તેને તું અહીં બોલાવી લાવતી નહિ ! મને એ જરા ય ગમતો નથી. ”

“ અહીં નહિ લાવું; પણ તું અહીં જ રમજે હોં, ક્યાં ય ચાલી જઈશ નહિ. હું થોડી વારમાં પાછી આવીશ. ”

હેમપ્રભા ઉતાવળે પગલે ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુદત્ત પરિવ્રાજક આંબળાના વૃક્ષની એક ઠીકઠીક મોટી ડાળી ખભે રાખી આશ્રમ તરફ ચાલ્યો જતો હતો. ડાળી ઉપર કેટલાં ય મોટાં આંબળાં લાગી રહેલાં હતાં, અને સ્વામીજી માટે તેમાંથી કોઈ ઔષધ બનાવવાને તે નજીકના કોઈના બગીચામાંથી તોડી લાવ્યો હતો.

હેમપ્રભાને પોતા તરફ ઉતાવળે પગલે ચાલી આવતી જોઈને તેને આશ્ચર્ય તો થયું હતું, પણ તેને માટે થોભ્યા વિના તે પોતાને માર્ગે સીધો ચાલ્યો જતો હતો. એવામાં હેમપ્રભાએ તેની પાસે પહોંચી જઈને કહ્યું: “ જરા થોભો તો મારે તમારી સાથે થોડી વાત કરવી છે.”

ચારુદત્ત થોભ્યો અને ચમત્કારિક મુખમુદ્રા કરીને હેમપ્રભા તરફ જોઈ રહ્યો. સાતેક વર્ષ પૂર્વે તેણે તેને ધ્યાનપૂર્વક જોયો હતો, ત્યારપછી એવા ધ્યાનપૂર્વક ફરી તેને જોવાનો આજે જ પ્રસંગ આવ્યો હતો. હેમપ્રભાએ જોયું કે ચારુદત્તની વયમાં વધારો કરી ચૂકેલાં એટલાં વર્ષોએ તેના મુખ પર કાળની કરચલીઓ તો પાડી જ છે, પણ તે ઉપરાંત કોઈ એવી રેખાઓ દોરી છે કે જેથી તેના ચહેરામાં અણધારી ભયાનકતા ઊતરી છે. એ ભયાનકતા તેના માનસના કયા ભાવનું પ્રતિબિંબ હશે એટલો પ્રશ્ન હેમપ્રભાના અંતરમાં પ્રકટ્યો અને હોલવાઈ ગયો.

“ અહોહો ! તારે મારી સાથે વાત કરવી છે ? ” પ્રશ્નમાં આશ્ચર્ય વ્યક્ત કરીને ચારુદત્તે સૌજન્ય પ્રકટ કર્યું : “ ભલે ભલે, હેમા ! બોલ, તારે શી વાત કરવી છે ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" મારે સ્વામીજી સંબંધે તમને કાંઈક કહેવું છે."

" એ......મ ? ત્યારે આશ્રમથી દૂર રહ્યા છતાં આશ્રમના કુલાધિષ્ઠાતાને માટે તારા હૈયામાં હજી સ્થાન રહેલું હોય એમ લાગે છે ખરું ! બે હૈયાંની અનેરી નિકટતાનું એ વિલક્ષણ દૃષ્ટાંત લેખાય !"

" કૃપા કરીને તમે મારી વાત જ સાંભળો : બીજી કશી વાતને વચ્ચે નહિ લાવો તો તમારો એ ઉપકાર હું નહિ ભૂલું."

" એમાં હું ક્યાં વચ્ચે બીજી વાત લાવું છું ? અને બીજી કોઈ વાત છે પણ કઈ ? મને કશી ખબર નથી. તું કહે તો ખબર પડે !"

" સાતેક વર્ષ પહેલાં આપણી વચ્ચે જે વાત થયેલી તે તમને સાંભરતી તો હશે. તે વખતે આપણા થએલા લગ્નવિધની વાત—આપણા જૂના સંબંધની વાત મારે કોઈને કહેવી નહિ એવું તમે મારી પાસેથી વચન લીધું હતું. અલબત્ત, એ વચન મેં આપ્યું હતું, પણ સ્વેચ્છાથી નહિ, તમારા દબાણથી આપ્યું હતું, અને તે વખતે તમે મને ખૂબ બ્હીવડાવી હતી."

" હેં, હેં ! આવી વાત કરવાના તારા ઈરાદાની હવે મને ગંધ આવે છે : પછી ?"

" તે વખતે તમારા ભયથી હું દબાઈ તેનું કારણ એ હતું કે સ્વામીજીનું જીવન અને પ્રતિષ્ઠા જાળવવાનાં હતાં અને તે તમારા હાથની વાત હતી. તમારી જાણમાં એ વાત કોઈ રીતે આવી ગઈ હશે એવો મને સંશય હતો. હવે તો મારી ખાતરી થઈ ચૂકી છે કે તમે એ વાત જાણો છો—કેવી રીતે, કેવાં સાધનોથી અને કેવી શક્તિથી જાણી શક્યા છો તેની મને ખબર નથી, પરંતુ તમારા વર્તન ઉપરથી તમારી પાસેની માહિતી દેખાઈ આવે છે. સ્વામીજી પ્રત્યેની મારી ફરજ તે વખતે એવી હતી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાથી તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાય નહિ, સ્વામીજીની પ્રતિષ્ઠાને જોખમમાં મૂકી શકાય નહિ."

"અને હવે તું એ વચન તોડવા તૈયાર થઈ છે, એમ ને ?" કરડી દૃષ્ટિ કરીને ચારુદત્ત બોલ્યો : "વારુ, તેનું કારણ શું છે, તે તો કહે !"

"તમે હવે સ્વામીજીના સતત સંપર્કમાં રહ્યા કરો છો અને તેમની પાછળ ને પાછળ ફર્યા કરો છો. તમે એમના હૈયાની વાતો જાણવા મથો છો અને તે માટે તમે તેમના હૈયાને કોતરી–ખોતરી રહ્યા હો એવું મને લાગે છે. તમારી દ્વેષીલી પકડમાં તમે સ્વામીજીને એવી રીતે લીધા છે કે તેમને હવે તમારા તરફથી ત્રાસનો જ અનુભવ થાય છે. તમે તમારી ચૂડ શા કારણથી તેમની આસપાસ ભેરવી છે તે હું જાણું છું. તમારો દ્વેષ તમને પ્રેરી રહ્યો છે. તમારી પરણેલી સ્ત્રીનો એક પુરુષે ઉપભોગ કર્યો તે માટેના દ્વેષે તમને ઘેરી લીધા છે, પરંતુ સ્વામીજી બિચારાને એ વાતની ખબર નથી. તમને મેં વચન આપ્યું છે, એટલે તે વિષે તેમને એકાદ સંદેશો મોકલીને કે પત્ર લખીને હું ચેતાવી પણ શકી નથી. જે એક માનવી પ્રત્યે આ જીવનમાં હું સંપૂર્ણ રીતે એકનિષ્ઠ રહી શકું તેમ છું, તે માનવી પ્રત્યેનું મારું કર્તવ્ય આથી હું બજાવી શકી નથી."

"ઓ હો હો !" આશ્ચર્ય દર્શાવતો ને ઉપાલંભ આપતો ચારુદત્ત બોલ્યો : "તો હવે તું કયું કર્તવ્ય બજાવીને એમનું કલ્યાણ કરવા ધારે છે ?"

"જો મેં તેમને વેળાસર આપણા પૂર્વ સંબંધની વાત કહી હોત તો તે તમારી દવા ન ખાત, એટલું જ નહિ, પણ ચેતી જઈને તમને તે પોતા પાસે ઢૂંકવા ય ન દેત, તમે તેમની સાથેનો સંપર્ક આટલો વધારી શકત નહિ અને એ તમારી ચૂડમાં આટલી હદ સુધી ફસાયા પણ હોત નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે હેમા!" ચારુદત્ત આંખ ફેરવીને બોલ્યો: "તું હજી મારા હાથમાંની બાજીમાં રહેલું બળ જાણી શકી નથી. હું જો ધારત તો તેમને ઘડીના છઠ્ઠા ભાગમાં કુલાધિષ્ઠાતાના પદ પરથી નીચે પછાડી દેત, પછી કાળું મોઢું લઈને તેમને આશ્રમ છોડી જવો પડત અને યમુનામાં ડૂબીને કે કાળજામાં કટાર ખાઇને આત્મઘાત કરવો પડત! તું તો બદનામ થઈને ય જીવતી રહી છે, અને મથુરામાં જ રહી જિંદગીના દિવસો ગાળી રહી છે, પણ તેમનું તો ક્યારનું એક યા બીજી રીતે મૃત્યુ થઈ ગયું હોત! મારાં ઔષધો જ તેમના મૃત્યુને ખાળી રહ્યાં છે."

"અત્યારે તે જે દશા ભોગવે છે તે કરતાં કોઈ પણ પ્રકારનું મૃત્યુ તેમને માટે વિશેષ આદરણીય થાત." હેમપ્રભા બોલી.

"પણ મેં એમની બૂરી દશા થોડી જ કરી છે! મેં તો તેમને મૃત્યુમાંથી ઉગારી લીધા છે, અને મારા વૈદકના જ્ઞાન દ્વારા જિવાડ્યા છે. જો હેમા! મેં એમને માટે થોડું નથી કર્યું. રાત ને દિવસ મેં તેમને જિવાડવાની કાળજી રાખી છે. રાજા–બાદશાહ અને હિંદના ગવર્નર જનરલની તબિયતની જેવી સંભાળ તેમના ડોકટરો રાખે છે તેવી સંભાળ મેં સ્વામીજીની રાખી છે, અને તેથી જ તે જીવી શક્યા છે. મારી સહાય જો તેમને ન મળી હોત તો તમારા પાપાચરણ પછીના બાર માસમાં જ એ પાપ-જ્વાલા તેમને ભરખી ગઈ હોત એમ તું નક્કી માનજે! તેમના હૃદયને ને એ હૃદયની નિર્બળતાને મેં જેટલા પ્રમાણમાં જાણ્યાં છે તેટલા પ્રમાણમાં તું તો શું પણ બીજું કોઈ નહિ જાણી શક્યું હોય કે ભવિષ્યમાં નહિ જાણી શકે!"

હેમપ્રભા બોલી: "રિબાઈ રિબાઈને મરવા કરતાં તત્ક્ષણ મરી જવું એ કોઈ પણ માનવ વ્યક્તિને માટે વધારે સારું હોય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારી એ વાત સાચી છે. વહેલું મૃત્યુ થયું હોત તો તેમને આજના જેટલી યાતના વેઠવી ન પડી હોત. તેમની મનોયાતનાની તીવ્રતાનો મને ખ્યાલ છે. મેં તેમને મારી ઓળખાણ નથી આપી, તો પણ તે એટલું તો જાણી ચૂક્યા છે કે હું હિતસ્વીના લેબાસમાં તેમનો કોઈ છૂપો શત્રુ છું. પણ તે લાચાર બની ગયા છે એટલે મને દૂર જવાનું કહેવાની હિંમત ભીડી શકતા નથી. ભલે મને તે મનમાં શત્રુ સમજે, પ્રકટ રીતે તે મને કશું કહી શકનાર નથી. તેમના હૈયાનું માપ મેં લીધું છે, અને એ માપમાં મારી જરા ય ભૂલ થઈ નથી. એટલે એક વાર મારા શત્રુત્વનું કારણ તે જાણી જાય તો પણ મારા સકંજામાંથી તે છૂટી શકે તેમ નથી, સમજી કે હેમા ? મને તેમણે જે અન્યાય કર્યો છે તેનું હું આવી મીઠી રીતે વૈર વાળી રહ્યો છું !"

તે વખતે ચારુદત્તના ચહેરા પર જે વિજયની—આનંદની ચમક આવી તે જોઈને હેમપ્રભાના હૈયામાં ઊંડો ચીરો પડ્યો. તે ક્ષણે ખરેખર ચારુદત્ત તેને રાક્ષસ સ્વરૂપે જ ભાસ્યો.

તે વિહ્વળ થતી બોલી: "આટઆટલું તમે કર્યું અને તેમણે અપાર યાતનાઓ વેઠી: એટલાથી શું તમારું વૈર પૂરું નથી થયું કે હજી તમે શત્રુત્વ છોડવા ઇચ્છતા નથી ?"

"તું જાણે છે હેમા, કે હું કોઈ એક સ્થળે વરસ–બે વરસ ઠરી ઠામ બેઠો નથી; જીવનમાં પહેલી જ વાર હું આટલાં વરસ–સાત–આઠ વરસ એક જ સ્થળે ઠર્યો છું, તે શા માટે ? મને થયેલા અન્યાયનું વૈર વાળવા ! એ વૈરવૃત્તિએ મને દુષ્ટ બનાવ્યો છે, એક સંન્યાસીનો શત્રુ બનાવ્યો છે, અરે કહે કે મને રાક્ષસ બનાવ્યો છે ! એવું ગાઢ વૈર શું આટલાથી પૂરું થઈ જાય હું અ ?" એટલું બોલતાં ચારુદત્ત વ્યંગમાં કરડું હસ્યો.

"પણ તમને જે અન્યાય થયો છે તે માટે એકલા સ્વામીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરાધી નથી, હું પણ અપરાધિની છું. મારા પર તમે કેમ વૈર વાળતા નથી, અને એ બિચારાની પાછળ પડચા છો ?"

"તારા પર વૈર વાળવા જેવું શું રહ્યું છે ? તું તો રસ્તાની ભિખારણ બની, અપકીર્તિત થઈ, અને અપમાનિત પણ થઈ: તારી પોતાની તાકાતથી તું બધી વિષમતાઓનું નિવારણ કરી શકી: હવે તારી ઉપર વૈર વાળવા જેવી શક્તિ મારામાં નથી. પણ હવે તું મુદ્દાની વાત પર આવ. બોલ, તારે શું કહેવું છે ?"

"મારે એ કહેવું છે કે મારો–તમારો જૂનો સંબંધ પ્રકટ થવો જોઈએ, અથવા તો એ સંબંધ સ્વામીજીની જાણમાં આવવા દેવા માટે મને તમારે પરવાનગી આપવી જોઈએ."

"અને શું તું એમ માને છે કે એથી એમની પ્રતિષ્ઠા ટકી રહેશે તથા મનોયતના શમી જશે ?"

"એમ તો હું નથી માનતી, પણ એમની પ્રત્યેનું મારું જે ઋણ છે તે મારે અદા કરવું જોઈએ. બાકી, એમની પ્રતિષ્ઠા અને એમનું જીવન બધું ય તમારા હાથમાં છે. તમે તે નષ્ટ કરી શકો તેમ છો ને જાળવી શકો તેમ પણ છો. મારી જાતની ચિંતાને તો હું ઘોળીને પી ગઈ છું, પરંતુ સ્વામીજીની જાતની ચિંતા મને રહ્યા કરે છે. બીજી રીતે જોઉં છું તો એમ લાગે છે કે એમની જાત ટકે તેથી પણ મને તેમને કે તમને કશો લાભ થવાનો નથી. સતત મનોયાતના વેઠતું શરીર જીવે તો ય શું અને જાય તોય શું!"

"વાહ હેમા ! તું વાત તો લાગણી થઈ આવે એવી કરે છે, હોં ! અને તારા કર્તવ્યભાન સામે પણ કશું કહી શકાય તેમ નથી." ક્ષણભર થોભીને ચારુદત્ત બોલ્યો : "અહો હેમા ! મને વિચાર થયા વિના રહેતો નથી કે તારા સ્વભાવમાં રહેલી આવી સમજદારી અને ચારુતાનો લાભ આપણા દાંપત્યના પ્રારંભમાં તો મને મળી શકચો નહિ, પણ જે પ્રૌઢ જીવનકાળે એક ઠામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિર થઈ બેસવાની વૃત્તિ પુરુષમાં જાગે છે, તેવે કાળે તો તું મને જરૂર હૃદયના વિસામારૂપ થઈ પડી હોત ! પણ મારો એ લાભ હવે તો ખોવાઈ જ ગયો છે, એ સ્વામીજીએ જ ખોવડાવ્યો છે, અને હવે તું મારી પાસે જાણે તેમની જ વકીલાત કરવા આવી હોય એવું લાગે છે. ”

“ હું વકીલાત કરવા નથી આવી, તેમની માનવતાને અર્થે તમારામાં માનવતા જગાડવા આવી છું. જેમ તમને મારા માટે થાય છે, તેમ તમારા માટે મને પણ થાય છે કે તમારા જેવા ચતુર કલાકાર, વિશિષ્ટ શક્તિશાળી અને વિદ્યાવાન પુરુષને એક માત્ર વૈરવૃત્તિએ કેવા હીણા બનાવી મૂકયા છે ! સ્વામીજીને ખાતર અને એટલે જ અંશે તમારા પોતાને ખાતર હું તમને વીનવું છું કે તમે આ હીણી મનોદશાનો ત્યાગ કરો; જે કાંઈ બની ગયું છે તેમાં કોઈની પ્રત્યે વૈરભાવ ન રાખો; એમ જ માની લો કે એક પરિસ્થિતિના નિર્માણમાં હું, તે અને તમે નિમિત્તરૂપ બન્યાં છીએ અને દૈવની તેવી જ ઇચ્છા હશે ! જ્યારે માનવીઓની ઇન્દ્રિયોથી અગોચર એવાં બળો એક પરિસ્થિતિ નિપજાવે છે ત્યારે તેનું પૃથક્કરણ કરીને તે નિપજાવવામાં કોનો કેટલો હિસ્સો હતો તે નક્કી કરવાને મર્યાદિત શક્તિનો માનવી સમર્થ હોતો નથી. એ દૈવાધીન વસ્તુનો તાગ લેવા માણસે વ્યર્થ શક્તિવ્યય ન કરવો જોઈએ. એવા યત્નથી કોઈનું ય કલ્યાણ થવાનું નથી; ઊલટું, વૈરવૃત્તિના ત્યાગથી તમારી માણસાઈ ઊજળી બનશે. ”

ભવાં ચડાવીને ચારુદત્ત બોલ્યો : “ તારી એ ફિલસૂફી મારા કામની નથી, હેમા ! પરિસ્થિતિના નિર્માણમાં દૈવની ઇચ્છાની વાતો કરવી નકામી છે. તેં પોતે જ પાપનું બીજ વાવ્યું, તેનાં આ ફળ ઊગી નીકળ્યાં છે, પણ એ વાત ફરીફરીને બોલવાનો હવે કશો અર્થ નથી; અને તને ઠીક લાગે એવી રીતે વર્તતાં રોકી રાખવી એનો પણ મારે માટે કશો અર્થ નથી; એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજીનું ને મારું તો જે થવાનું હોય તે ભલે થયાં કરે, પણ તને તારું કર્તવ્ય બજાવવાનો સંતોષ જોઈતો હોય તો ભલે લેજે! પણ મારો એક બોલ યાદ રાખજે કે તેથી તેના નિર્મિત ભાવિમાં તું રજ જેટલો ય ફેરફાર કરી શકવાની નથી!"

એમ કહીને ચારુદત્ત હેમપ્રભાના વળતા જવાબની કે કોઈ પ્રકારના ઉદ્ગારની રાહ જોયા વિના સીધો ચાલ્યો ગયો અને હેમા પોતાના નિવાસસ્થાન ભણી પાછી ફરી.

તેને ભય તો હતો કે આટલી વારમાં પુનીતા કુટિરની પાસે જ રમવાને બદલે ક્યાંય દૂર ભટકવા નીકળી ગઈ હશે, પણ તેનો એ ભય ખોટો પડ્યો. પુનીતા તો હનુમાનની દહેરીના આંગણામાં વાવેલા ચંપાના છોડને પાણી પાઈને તેનો ક્યારો સમો કરતી હતી, અને વેણી માટે તેણે કુટિરની પાછળની જૂઈની વેલ પરથી ફૂલ પણ ચૂંટી રાખ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૫] . . . . શક્તિ-સંચાર

હવે હેમપ્રભા ચારુદત્તનું સાચું સ્વરૂપ સ્વામીજીની જાણમાં લાવવા ઇચ્છતી હતી, પણ તે કેવી રીતે બને એ પ્રશ્ન તેને મૂંઝવતો હતો. તેમને આશ્રમને સરનામે અંગત પત્ર તો લખી શકાય, પણ પત્રમાં તો કેવું ને કેટલુંક લખાય? સ્વામીજીને કોઈ સ્થળે મળીને એ વાત કરવી જોઈએ અને તે અંગે સ્વામીજી સાથે જરૂરી વિચારોની આપ-લે પણ કરવી જોઈએ; કેવળ લખવાથી એટલું કાર્ય સરી શકે નહિ.

સ્વામીજીને ક્યાં મળવું અને કેવી રીતે મળવું એ જ મૂંઝવણનો મુખ્ય પ્રશ્ન હતો. સ્વામીજીને મુમુક્ષુ સ્ત્રીપુરુષો એકાંતમાં મળી શકતાં પણ હેમપ્રભા એવી રીતે મળવા જાય તો ચકચાર ઊભી થાય. વળી તેનો સંપર્ક ન રાખવાની રાધાદેવીની સૂચના હોવાનું તે જાણતી હતી, એટલે પ્રકટ રીતે તો સ્વામીજી પણ કદાચ તેને મળવાની ના કહેતાં વાર ન લગાડે.

ઘણી વાર સ્વામીજી વહેલા પરોઢમાં ફરવા નીકળી પડતા. કેટલીક વાર પરિવ્રાજક તે વખતે તેમની પાછળ પાછળ ફરવા નીકળતો. બહારથી તે એ રીતે સ્વામીજીના અંગરક્ષકનું કામ કરતો હતો, પરંતુ અંદરથી તે પહેરેગીરનું કામ કરતો હતો એ વાત હેમપ્રભા સમજતી હતી. પરિવ્રાજક સ્વામીજીની પાછળ જતો ન હોય એવા પણ કોઈ કોઈ દિવસો જતા, પણ તેનો કોઈ નિયમ નહોતો; એટલે સ્વામીજીને એકાંતમાં મળવાનો માર્ગ તેને સૂઝતો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે તેણે ટપાલમાં એક નાની ચિઠ્ઠી માત્ર લખી, તેમાં જણાવ્યું : "હું આપને કેટલીક અગત્યની વાતો કહેવાને મળવા ઇચ્છું છું. વધુ નહિ તો એકાદ કલાક તો વાતો માટે જોઈશે. એવી કોઈ એકાન્ત મારા ધ્યાનમાં આવતી નથી, સિવાય કે મારી કુટિર. આપને યોગ્ય લાગે તે દિવસે અને અનુકૂળતા હોય ત્યારે રાત્રિને કોઈ પણ કલાકે આપ ત્યાં આવો એવી મારી પ્રાર્થના છે."

બીજા દિવસથી રાત્રિને સમયે હેમપ્રભા સ્વામીજીના આગમનની રાહ જોવા લાગી. તે દિવસે સૂતી વખતે તેણે કુટિરના બારણાની અંદરની સાંકળ બંધ ન કરી. તુરત બિછાનામાંથી ઊઠી પુનીતાએ સાંકળ વાસી.

હેમપ્રભાએ કહ્યું : "સાંકળ ભલે ઉઘાડી રહી, પુનીતા !"

"કેમ વળી ? આપણે ઊંઘી જઈશું ત્યારે કોઈ અંદર આવીને મારાં કપડાં લઈ જશે તો ?"

"નહિ લઈ જાય. તું તારે ઊંઘી જજે. હું જાગું છું ને, એટલે કોઈ આવશે તો મને ખબર પડશે."

"હું સાંકળ ઉઘાડી નાંખું છું, પણ તું પછી વાસજે; ભૂલી જઈશ નહિ."

"વારુ."

પણ પછી તો રોજ સૂતી વખતે માતા સાંકળ ઉઘાડી જ રાખે છે એ ફેરફાર થએલો જોઈને પુનીતાનું કુતૂહલ જાગ્યું. તેણે પૂછ્યું : "બા ! તું રોજ રાત્રે બારણાની સાંકળ ખુલ્લી રાખે છે, તો દિવસે બહાર જતી વખતે કેમ વાસે છે ?"

"આપણે ત્યાં પ્રભુ આવવાના છે, એટલે સાંકળ બંધ ન થાય."

"પણ પ્રભુને બદલે ચોર આવશે તો શું કરીશ ? રાત્રે તો ચોર જરૂર આવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું જાગતી હોઉં, એટલે ચોરને કેમ આવવા દઉં?"

"તું આખી રાત જાગે છે બા?"

"હોવે!"

"પણ પ્રભુ એવા કેમ હશે? તને રાત્રે જગાડે છે, તેને બદલે તે દિવસે આવતા હોય તો?"

પહેલાં સહેલાઈથી પુનીતાને ફોસલાવી કે સમજાવી લેવાતી, પણ હવે તેટલી સહેલાઈથી કામ સરતું નહિ અને તેને પ્રશ્નો પૂછતી બંધ કરી શકાતી નહિ. એટલે હવે હેમપ્રભાને જ મૂગા બનવું પડતું અથવા પુનીતાને બીજી વાતે ચડાવવી પડતી.

દિવસો જવા લાગ્યા, પણ સ્વામીજી આવ્યા નહિ. બીજો પત્ર લખીને તેમને યાદ આપવાની જરૂર ન હોય એમ હેમપ્રભા માનતી હતી. વધુ ને વધુ રાહ જોયા કરવી એ સિવાય બીજો કોઈ જ માર્ગ નહોતો.

એક દિવસ રાત્રિનો બીજો પ્રહર વીતી ગયો હતો અને હેમપ્રભા પથારીમાં જાગતી પડી હતી, ત્યાં કુટિરનું બારણું હડસેલાયું, એટલે તે સફાળી બેઠી થઈ. "કોણ?" એ પ્રશ્ન તેના મુખમાંથી નીકળ્યો, પણ તત્ક્ષણ તે આકૃતિને ઓળખી ગઈ, અને "પધારો" શબ્દ તેના મુખમાંથી નીકળ્યો.

પથારી વાળીને હેમપ્રભાએ કોડિયામાં દીવો સળગાવ્યો, તથા આસન પાથર્યું. સ્વામીજી આસન પર બેસે તે પહેલાં તો પુનીતા બોલી: "બા, પ્રભુ આવ્યા?"

"હા, જો!"

"આ તો સ્વામીજી છે. હેં સ્વામીજી, તમે પ્રભુ છો?"

"બેટા પુનીતા! લોકો મને પ્રભુ કહે છે."

"મારી બા પણ કહે છે?"

"હા, તે પણ કહે છે. તું મને પ્રભુ કહીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના!"

સ્વામીજી જાણે એકદમ મૂંગા બની ગયા. આ છોકરી કોઈ દૈવી જીવ હોય એવો ભાસ સ્વામીજીને એની સાથેના દરેક સંપર્ક વખતે થયા કર્યો હતો. આ વખતે પણ એવો જ અનુભવ થતાં તેમનું હૃદય થથરી ઊઠ્યું. આ પોતાનું જ સંતાન કોઈ દૈવી પ્રેરણાથી જાણે પોતાની અવહેલના કરી રહ્યું હોય એમ તેમને લાગ્યું. તેમના વદન ઉપર ગમગીની છવાઈ ગઈ અને પરસેવો વળી ગયો. મ્હોં અને હૃદય કફનીના છેડા વડે લૂછતાં તેમણે હેમપ્રભા સામે અર્થસૂચક દૃષ્ટિપાત તેમજ કૃત્રિમ સ્મિત કરીને કહ્યું: "હેમા! જો, તારી પુનીતા કેવી વિચિત્ર છોકરી છે?"

હેમપ્રભા કાંઈ બોલે તે પહેલાં તો પુનીતા બોલી ઊઠી: "હું વિચિત્ર છું કે તમે? વરસાદની ઠંડી ઋતુમાં અમને ટાઢ વાય છે, ત્યારે તમને પરસેવો વળે છે!"

હેમપ્રભા બોલી: "માણસ ચાલીને આવે એટલે થાકથી પરસેવો વળે."

"પણ એમને તો બહુ પરસેવો વળે છે, બા! પેલી રાતે નદીને કાંઠે આપણે તેમને મળેલાં, ત્યારે ય તેમને પરસેવો વળ્યો હતો. પ્રભુને તો બિલકુલ પરસેવો જ ન વળે!"

હેમપ્રભા અને સ્વામીજી બેઉ ચમક્યાં અને પુનીતા ભણી જોઈ રહ્યાં. હેમપ્રભાએ તેને ઊંઘાડવાને તેનો હાથ પકડી પોતાની બાજુએ સુવાડતાં કહ્યું: "ચાલ, હવે બહુ ચાવળી ન થા, અને ઊંઘી જા જોઈએ!"

હેમપ્રભા અને સ્વામીજી બેઉને શંકા હતી કે એ ચપળ છોકરીને સુવાડી દીધી હોવા છતાં તે ખરેખર ઊંઘી જશે નહિ. પરંતુ આંખો મીંચી જતાં થોડી વારમાં જ તે ખરેખર ઊંઘી ગઈ.

"હેમા!" થોડી વાર શાંત બેસી રહીને સ્વામીજી બોલ્યા: "આ આપણું જ સંતાન; તેની વાણી ભલે સ્વાભાવિક હોય, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના એકએક બોલની અર્થસૂચકતા મારું તો જાણે કાળજું વીંધી નાંખે છે.”

હેમપ્રભા બોલી: “કોઈ કોઈ વાર એ એવું બોલી જાય છે કે હું ય સ્તબ્ધ બની જઉં છું. તેનામાં એવી ઊંડી અક્કલ ક્યાંથી આવે છે તેની મને સમજ પડતી નથી.”

“પણ મને સમજ પડે છે. તારા માનસિક સૌંદર્ય અને મારા આત્મિક સૌંદર્યે મળીને તેને ઘડી છે. મારા અંતરાત્માનું તેજ અને તારા મનની ઉદાત્તત્તા તેને મળ્યાં છે.”

“જો એમ હોય તો તમારા ઉપર તેનો ખૂબ જ પ્રેમ ઉભરાવો જોઈએ, તે કેમ દેખાતો નથી? આપણ બેઉની આત્મતૃષાની તૃપ્તિનું આવું ફળ હોઈ શકે?”

સ્વામીજી બોલ્યા: “એક વાર મારી ગણતરી પણ તારા જેવી જ હતી; પણ એ ગણતરીની ભૂલ મને સમજાઈ છે. જેને હું અને તું આત્મતૃષા માનીએ છીએ તે બહિર્મુખ મનની હતી: આંતર મુખ મનની—આંતરાત્માની એ તૃષા નહોતી; અંતરાત્માની તૃષાની તૃપ્તિ પછી માણસની આવી દશા થતી નથી. તેનું મનોબળ અપૂર્વ હોય છે, તે કદાપિ કોઈથી ભય પામતો નથી. હું ડગલે ને પગલે પાપના ભણકારા સાંભળીને થરથરતો જ રહું છું, આત્માની અવગતિ નિકટ આવતી અનુભવું છું અને વિશેષમાં પેલો પરિવ્રાજક જાણે મને રિબાવવાને ઔષધ ખવડાવીને જિવાડતો હોય એમ જ લાગે છે.”

“તે તમારી માન્યતા સાચી છે. ખરેખર તો મેં તમને તે માટે જ અહીં બોલાવ્યા છે. પણ મારો પત્ર તમને મળ્યા પછી આટલા બધા દિવસ બાદ કેમ આવ્યા? વહેલા ન આવી શક્યા? હું રોજ રાત્રે તમારી રાહ જોતી અને ઉજાગરા કરતી.”

“હું ન આવી શક્યો તે પણ એ પરિવ્રાજકને જ પ્રતાપે. કોણ જાણે શાથી, થોડા મહિનાથી તે વધુ ખબરદાર બન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી બધી હીલચાલોને પહેલાં કરતાં વધુ બારીકાઈથી તે જુએ છે, મને એકલો પડવા દેતો નથી, અને મારે તેના પાશમાંથી કોઈ વાર છટકવું હોય તો તેને ઊંઘતો વેચવો પડે છે!"

"હં અ, સમજાયું." હેમપ્રભા બોલી: "તેના એ વર્તનનો મેળ હવે મળે છે. હમણાં હું તમને એ કહેવાની જ છું. આજે તમે તેને ઊંઘતો છોડીને..."

"ના, આજે તો થોડી નિરાંતથી આવી શક્યો છું. તે શહેરમાં જઈને રાત રહ્યો છે. અયોધ્યાપ્રસાદનાં માતા બહુ માંદાં થઈ ગયાં છે, એટલે સાંજનો તે ત્યાં ગયો છે અને મને તો એમ પણ કહી ગયો છે કે પોતાને કદાચ ત્યાં એકાદ–બે દિવસ રહેવું પડશે. બે દિવસ માટેનું ઔષધ પણ તે મને આપી ગયો છે."

"ભલે ગયો, નિરાંત થઈ. પણ તમારા મનની અશાન્તિ અને ઉદ્વેગ સર્વથા શું એના ચાલુ સંપર્કથી જ રહ્યા કરે છે?"

"એમ તો ન કહી શકાય. તે મારી સાથે રહેવા લાગ્યો તે પહેલાંથી હું અશાંત અને ઉદ્વિગ્ન રહ્યા કરતો હતો. પાપ પછીના પશ્ચાત્તાપથી હૃદય જેવી બેચેની અનુભવે છે એવી બેચેની હું ક્યારનો ય અનુભવતો હતો. પેલી ટ્રસ્ટીઓની સભા, તારા પાપના ભાગીદારનું નામ જાણવાની તેમની માંગણી, તારું જાહેરમાં વિડંબન, એ બધાંથી મારા મનનો ઉદ્વેગ વધ્યો હતો. અને કેમ ન વધે? હું કોઈ જંગલી પશુ હોત, હૈયા વિનાનો કસાઈ હોત, વિવેકશૂન્ય ધનાર્થી હોત, કે ગુંડાઓનો સરદાર હોત, તો મને એવો ઉદ્વેગ ન થાત; કદાચ થોડી વાર મન અશાન્ત થયું હોત તો ઘડી–બે ઘડીમાં એ અશાન્તિ અલોપ થઈ ગઈ હોત. પરન્તુ ઈશ્વરે મારા સ્વભાવના ઘડતરમાં જે સાત્વિકતા મૂકી છે તે સાત્વિકતા માનસિક યાતનાઓની જન્મદાત્રી બની ગઈ છે, હેમા!"

"તમે મુમુક્ષુઓને જે ઉપદેશ આપો છો, તેમનાં જીવન દોરનાર અને પ્રભુશ્રદ્ધાના પ્રેરક બનો છો, તેથી તમારી સાત્વિકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સંતોષાવી જોઈએ અને તમારા ચિત્તને સાંત્વન મળવું જોઈએ. ” હેમપ્રભાએ કહ્યું.

હૃદયની વરાળ જાણે ઠાલવતા હોય તેમ સ્વામીજી કટાણું મોં કરીને અને માથું હલાવીને બોલ્યા : “ નથી મળતું સાંત્વન તેથી, હેમા ! હું પોતે જ પાપી છું, તે મુમુક્ષુઓને મોક્ષપ્રાપ્તિ કરાવનાર, બીજાઓના જીવનને દોરનાર કે પ્રભુશ્રદ્ધાનો પ્રેરક કેવી રીતે બની શકું ? મોક્ષ કે આત્માની મુક્તિ જેવી કોઈ વસ્તુ હોય, તો પણ તેમાં મને રસ નથી; માનવજીવનની સરસતા પ્રતિ મારો પક્ષપાત છે એ તો તું જાણે છે, હેમા ! લોકો મને માન આપે છે, પવિત્ર પુરુષ લેખીને પૂજે છે, મારી નબળી તબિયત જોઈને મારી પ્રત્યે લાગણી દર્શાવે છે, તે બધાને બદલે તેઓ જો મને ધિક્કારતા હોય તો ય વધારે સારું, એમ મને લાગે છે: કારણ કે જેવો તેઓ મને માને છે તેવો વસ્તુતઃ હું નથી ! અને જે માણસ અંતરમાં એક હોય, તથા બહારથી બીજો દેખાતો હોય–દેખાવા મથતો પણ હોય, તે શું દુરાત્મા ન કહેવાય ? જ્યારે જ્યારે મારા સાચા આત્મસ્વરૂપના વિચારમાં હું પડી જાઉં છું ત્યારે ત્યારે મારે મારી જાત ઉપર હસવું કે રડવું તે મને જ સૂઝતું નથી, અને હું અનેરી મૂંઝવણમાં પડવાથી કપાળ કૂટવા મંડી જઉં છું, હેમા ! ”

“ અરરરર ! પ્રભો ! શું તમે એવું કરો છો ? ” હેમપ્રભાનું હૈયું ખૂબ હલી જવાથી તે સ્વામીજીનો હાથ પોતાના હાથમાં લેતાં બોલી : “ તમારે એમ ન કરવું જોઈએ અને એવો બળાપો મનથી પણ ન કરવો જોઈએ. માની લો કે પાપ થઈ ગયું, પણ પછી પાપનો પસ્તાવો કર્યો એટલે પાપ ધોવાઈ ગયું સમજવું. પસ્તાવાને પ્રાયશ્ચિત્ત સમજનારા સામાન્ય માણસો એક ભૂલ કરે છે. તેઓ માને છે કે એમ જેટલી વાર પાપો કર્યાં હોય, તેટલી વાર પસ્તાવાના શબ્દો દેવમૂર્તિ સમક્ષ બોલીએ એટલે તે પ્રાય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્ચિત્ત થઈ ગયું અને પાપ ધોવાઈ ગયું. એવી રીતે પાપ ધોવાઈ જાય એમ હું માનતી નથી. પાપ થઈ ગયું, તેનો પસ્તાવો થયો, અને ફરી એ જ પાપને પંથે ન જવાની પ્રતિજ્ઞા લઈને તેનું પાલન કર્યું, એટલે જ એ પસ્તાવો પ્રાયશ્ચિત્તરૂપ બન્યો લેખાય અને એવા પ્રાયશ્ચિત્તથી પાપનું પ્રક્ષાલન થાય. પાપ થઈ ગયા પછી તમે શુદ્ધ ચરિત્રથી જીવનના દિવસોને ઉજાળ્યા છે. એ જીવન લોકો ઉપર ઉપકાર કરી શકે છે. લોકો માને છે એવું પૂર્ણ પવિત્ર એ જીવન આજે સાચેસાચ છે, અને તમારાં સત્કાર્યોનો પ્રકાશ એવો છે કે તેથી ભૂતકાળની અંધારી રેખાનો ધ્વંસ થયા વિના રહે જ નહિ: આટલી બધી સિદ્ધિ શું આપના ચિત્તને શાન્તિ ઉપજાવવા માટે પૂરતી ન લેખાય?"

સ્વામીજી સહેજ હસીને બોલ્યા: "હેમા! હજી તું મારા સંબંધે કાંઈક ભ્રમ સેવતી લાગે છે. મારાં જે સત્કાર્યોની, લોકો પરના ઉપકારની અને મેળવેલી સિદ્ધિની વાત તું કહે છે, તે બધાં ય મારા ભાવવિહીન પોકળ કાર્યો છે. તેની પાછળ મારા આત્માની ઉષ્મા હોતી નથી! જો સાચો પશ્ચાત્તાપ મારાથી થયો હોત તો કાં તો મેં ટ્રસ્ટીઓની સભામાં જ પાપ કબૂલ કરીને ભગવાંનો ત્યાગ કર્યો હોત, અથવા તું અને હું કોઈ ઇતર સ્થાને જઈને રહ્યાં હોત, અથવા ગલ્લાંતલ્લાં કર્યા વિના હું કાળજામાં બરછી ખાઈને મરી ગયો હોત કે યમુનામાં પડી તણાઈ ગયો હોત, અને પછી કોઈને મારું મુડદું ય હાથ લાગ્યું ન હોત!"

હેમપ્રભા બોલી: "જ્યારે મારી સ્થિતિ ખુલ્લી પડી, ત્યારે મને ય તમારા જેવા વિચારો આવ્યા હતા, પણ મેં હિંમત ગુમાવી નહિ. મારા તપની સાથે મારું પ્રાયશ્ચિત્ત થતું જાય છે એમ માની મેં શાન્તિનો અનુભવ કર્યો છે."

"મેં ય તપ તો કર્યું છે, પણ તેથી મને શાન્તિ મળી નથી, કારણ કે તપની પાછળ અંતરની ઉષ્મા હતી નહિ. તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિ મળી કારણ કે તારામાં હિંમત હતી–તાકાત હતી. હું એ તાકાત વિનાનો, દુર્બળ, દંભી, પાપી, અધમ કોટિનો માનવી છું. મારી પ્રકૃતિગત સાત્વિકતા તારા જેવી તાકાત દર્શાવી શકે તેમ નથી. તેમ છતાં હું અહીં તારી સમીપે ખૂબ જ નિરાંત અનુભવી રહ્યો છું, હેમા! તેનું કારણ તું જાણે છે? તું મને મારા સાચા સ્વરૂપમાં ઓળખે છે. તારી સમક્ષ મારે જરા ય આત્મદંશ અનુભવવો પડતો નથી, કે જેવો દંશ હું રોજ રોજ પ્રવચન કરતી વખતે આસન પર બેસતાં અનુભવતો હોઉં છું. તારી સમક્ષ અત્યારે જેવું હું કહી રહ્યો છું તેવું જ બીજા કોઈની સમક્ષ હું કહી શકું, અને તે વ્યક્તિ મારી પાસે રહ્યા કરતી હોય તો મારા હૈયામાં આટલો ડૂમો ન ભરાય ને હું કાંઈક શાન્તિ અનુભવી શકું, પણ એવું તો કોઈ છે જ નહિ."

હેમપ્રભાએ કહ્યું: "આપ અહીં નિરાંત અનુભવવાનું કહો છો, તે મને જરા નવાઈ જેવું લાગે છે. આપને મેં અહીં આવવા લખ્યું હતું, પણ મને ભય રહેતો હતો કે આપ અહીં હો અને કોઈ આવી ચડે તો આપની નિંદા થાય, એ ભયને લીધે આપ કદાચ અહીં આવવાનું પસંદ જ નહિ કરો. શું ખરેખર એવા ભયનો આપને ખ્યાલ નહોતો?"

"ખ્યાલ હતો, તેથી તો પરિવ્રાજકની ગેરહાજરીનો સમય સાધીને આવ્યો છું; છતાં ચિત્તમાં એમ પણ રહ્યા કરે છે કે જાણી જોઈને હૃદયની ઇચ્છાપૂર્વક જે ઘટસ્ફોટ કરી શકાતો નથી તે એવી રીતે થઈ જતો હોય તો ભલે થાય, એટલે એક વારની નિરાંત થઈ જાય! નિરાંતનો અભાવ એ જ મનોયાતનાનું મૂળ છે. તે રાત્રે હું તને યમુનાકિનારે મળ્યો હતો, પછી આશ્રમમાં જતાં પાપની તીવ્ર પ્રેરણાએ મને હેડવાળા ચોતરા પર ચડાવી દીધો, એટલામાં પરિવ્રાજક ત્યાં જ આવી ચડ્યો અને ઘટસ્ફોટ માટેની યોગ્ય ક્ષણ આવી પહોંચી હતી; પણ તે થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ–થઈ શક્યો નહિ ! પરિવ્રાજકને મારું રાત્રિભ્રમણ મારા સ્વભાવની એક વિલક્ષણ પ્રક્રિયા રૂપ માત્ર લાગ્યું, મારી પ્રત્યે તેની મમતા જાગી, અને મેં ખોલવાને માટે તૈયાર કરી રાખેલું હૃદય પાછું સંકેલી લીધું : એ નિર્બળતા જ મને ભ્રમણે ચડાવી રહી છે, હેમા !"

થોડી વાર રહીને હેમપ્રભા બોલી : "આપની પ્રત્યે તે વખતે પરિવ્રાજકના દિલમાં મમતા જાગી હોવાની વાત આપ કહો છો, પણ મને એ મમતા માટે શંકા છે. મમતા તો મિત્રમાં જાગે, પણ એ આપનો મિત્ર નથી. મિત્રના લેબાસમાં શત્રુરૂપે તે આપની પાસે રાત દિવસ રહ્યા કરે છે."

"ચારુદત્તની વાત તું કહે છે ને ? હા, મને તેના વર્તનથી, વાતોથી, ચેષ્ટાઓથી ત્રાસ થાય છે એ ખરું, પણ તે મારી ખૂબ કાળજી રાખે છે એટલે હું તેને શત્રુ નથી લેખતો; પણ એવા માણસ પાસે કાંઈ હૃદય ખોલાય ?"

"તમે તેને શત્રુ ન લેખો તે તમારી અધૂરી સમજ છે; બાકી, ખરેખર તે તમારો શત્રુ છે અને આજે મેં તમને તે કહેવા જ અહીં સુધી આવવાની તસ્દી આપી છે."

"એટલે ?" સ્વામીજીએ ચમત્કૃત થતાં પૂછ્યું : "તે કોણ છે ?"

તે ક્ષણની સ્વામીજીની મુખમુદ્રા જોઈને હેમપ્રભા ગભરાઈ ગઈ. જે વાત તેણે સાત વર્ષ પૂર્વે સ્વામીજીને કહી હોત તો તેમનાં કેટલાં ય કષ્ટ અને ત્રાસ ઓછાં થયાં હોત, તે વાત તે અત્યારે કહેવા ઇચ્છતી હતી. તેણે પ્રમાદ સેવ્યો હતો, કર્તવ્ય–વિમુખતા બતાવી હતી, સ્વકીય જન પ્રતિ અપરાધ આચર્યો હતો : એ અપરાધનું ભાન થતાં તે ધ્રૂજી ગઈ અને સ્વામીજીના ચરણમાં આળોટતી બોલી : "મને માફ કરો, સ્વામીજી ! એ મારો પરિણીત પતિ છે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પરિણીત પતિ ? હું !" સ્વામીજી ચમકી ગયા. તેમનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું. તેમણે હેમપ્રભાના ખભા પકડી તેને બેઠી કરતાં વિસ્ફારિત નયને પૂછ્યું : "તે તારો પરિણીત પતિ થાય ? એટલે શું તું પરણેલી છે ?"

"માત્ર અગ્નિ સમીપે ચાર ફેરા ફરી છું, એટલામાં જ મારી પરિણીતતા પૂરી થઈ છે : આશ્રમમાં આપે અખંડ બ્રહ્મચારિણી હેમપ્રભાને જ દાખલ કરી હતી."

મંત્રમુગ્ધ થતા સ્વામીજી દૃષ્ટિમાં શૂન્યતા ભરીને બેસી રહ્યા. થોડી વાર તે કશું બોલ્યા નહિ. પછી તેમણે પોતાના બેઉ હાથ વડે મુખ ઢાંકી દીધું અને કેટલીક ક્ષણો તેમણે એ જ સ્થિતિમાં મૌન સેવીને ગાળી.

કેટલીક વારે સ્વસ્થતા અનુભવી ત્યારે તે બોલ્યા : "હેમા ! તેં મને અંધકારમાં રાખ્યો તે તારો અપરાધ છે."

"હા, સ્વામીજી ! એ અપરાધ મારે કરવો પડ્યો તેનું કારણ આપની પ્રતિષ્ઠા જાળવવા માટેની ઝંખના. મારી એ ઝંખના પ્રતિ કરડી દૃષ્ટિ કરીને એ પુરુષની વૈરાંધતા ઊભી હતી."

"તારો આશય તારી દૃષ્ટિએ મારા માટે શુભ હતો, એ જ તારે કહેવું છે ને ?"

"હા, ભગવન્ ! એ જ મારે કહેવું છે, અને તે માટે હું અપરાધની ક્ષમા પ્રાર્થું છું." એમ બોલતી હેમપ્રભા પોતાના બેઉ બાહુનું વર્તુળ બનાવીને સ્વામીજીના કંઠમાં આરોપતી તેમના વદન તરફ તરસી આંખોએ જોઈ રહી.

કેટલી ય વાર સુધી હેમપ્રભા એમ ને એમ બેસી રહી. સ્વામીજીએ પોતાના કંઠની આસપાસના એ બાહુદ્રયને ખસેડવા યત્ન ન કર્યો, છતાં તેમણે ઉત્સુકતાભરી હેમપ્રભાને પોતાના બાહુપાશમાં લીધી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમપ્રભા બોલી : " આપનો રોષ હજી શમ્યો નથી; આપની આંખોના અમીવર્ષણની ઝંખના કરી રહેલી ચાતકીને ક્ષમાદાનથી કૃતાર્થ કરો, ભગવન્ ! "

" તને ક્ષમા તો આપું છું, હેમા ! પણ મને એ વિચાર થાય છે કે તે માનવીની અધમતા ય અનેરી છે ! તારી અને મારી બેઉની પ્રત્યે અધમ વર્તન ચલાવીને તેણે જેવું પાપ કર્યું છે, તેવું પાપ તો આપણે ખરેખર નથી કર્યું. "

" ખરેખર નથી કર્યું. તેણે માનવતાનો દ્રોહ કર્યો છે, આપણે તેવો દ્રોહ કર્યો નથી, પછી ભલે જગત આપણા આચરણને ગમે તેવું માને. "

" જગતની વાત ન કર; જગતનો નિર્ણય કોઈ લઈ શક્યું નથી, લઈ શકવાનું નથી; આજ તો સમાજની મર્યાદિત દૃષ્ટિએ ઘડેલી નીતિની માન્યતાઓ પ્રવર્તી રહી છે. આપણા આચરણને નીતિભ્રષ્ટ કહેનાર સમાજ તેની પવિત્રતા કોઈ વાર પિછાણશે, તો પણ તે કદાપિ પ્રકટ રીતે સ્વીકારવાનો નથી......અરરર ! શાન્તમ્ પાપમ્ ! હું પોતે જ અંતરથી જાણું છું તે બહારથી ક્યાં સ્વીકારું છું, હેમા ! પાપી માણસને સમાજના પાપ ઉપર ટીકા કરવાનો અધિકાર ન હોઈ શકે ! "

" હા...શ ! " સ્વામીજીના હૃદય પર પોતાનું માથું દબાવતી હેમપ્રભા બોલી : " મારું હૈયું અત્યારે કેવી હળવાશ અનુભવી રહ્યું છે ! "

" તારું હૈયું ભારરહિત બને એ ય મારા અંતરનું સુખ છે; પણ હેમા ! ચારુદત્ત હવે કેવો વળાંક લેશે તે તું કહી શકે છે ? "

" તે એટલા વિચિત્ર છે કે તે શું કરશે અને શું નહિ કરે એ કહેવું જ મુશ્કેલ છે. પરણીને જે થોડા દિવસ હું તેમની સાથે એક છાપરા હેઠળ રહી છું તે દરમિયાન હું તેમના સાચા સ્વભાવને ઓળખી શકી જ નથી એમ કહીએ તો ચાલે. બાકી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે પોતાના વ્યવસાયોમાં અને કામોમાં, નામોમાં અને નિવાસ-સ્થાનોમાં જે વિચિત્રતા બતાવી છે તે માત્ર હું લોકોની વાતો પરથી જાણી શકી છું. વસ્તુતઃ કોઈ એક માણસને તેમનો વધુમાં વધુ પરિચય થયો હોય કે સંપર્ક રહ્યો હોય તો તે માણસ તમે એક જ છો ! અહીં તેમનો નિવાસ લાંબામાં લાંબો સમય ટક્યો છે, એ પણ તેમની વિચિત્રતાનું જ દર્શન કરાવનારી હકીકત છે. તેમની વાતો પરથી હું માત્ર એટલું અનુમાન કરી શકું છું કે વૈર વાળવાની તેમની મનોવૃત્તિ આપણી છૂપી વાત પ્રકટ કર્યા વિના પોતાની રીતે કામ કર્યાં કરશે. ”

“ તો પછી મારે તેનો સાથ નિભાવ્યા કરવો એમાં જોખમ જ રહેલું મનાય. ”

“ જરૂર જોખમ રહેલું લેખાય; એટલે તેમના પાશમાંથી છૂટવાને તમારે તેમના સંપર્કથી છૂટવું જોઈએ. ”

“ પણ છૂટવું કેવી રીતે ? તેને દૂર રાખવા માટે પ્રકટ રીતે તો હું કોઈ જ કારણ બતાવી શકું તેમ નથી, અને ત્યાંસુધી તે મારાથી છેટે રહેવાનો નથી. ”

“ શું કોઈ પણ વાજબી બહાનું તે માટે મળી શકે તેમ નથી ? ”

“ મને તો સૂઝતું નથી, તું જ મને સુઝાડ. મારા કરતાં તારી બુદ્ધિ વધારે તેજસ્વી છે, હેમપ્રભા ! ”

“ તેમનાં ઔષધો તમને પથ્ય પડ્યાં નથી, તેથી તમને કશો લાભ થયો નથી, ઊલટું શરીર વિશેષ શોષાયું છે, એવું કારણ બતાવીને તમે તેમની સારવાર બંધ કરો અને શહેરમાંથી કોઈ સારા ડોકટરને બોલાવી તેની સારવાર શરૂ કરો, તો પછી તેમનો સંપર્ક સહેજે છૂટી જાય. ”

“ તેમ કરું તો તેનાં ઔષધોથી હું છૂટો થઉં, પણ તેના સંપર્કથી તો નહિ જ. તે કાંઈ મારો વૈદ્ય જ નથી; મારો પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારક, મારો અંગત સેવક અને અંગરક્ષક પણ છે. હું તેનાં ઔષધો બંધ કરું તોય બધા સંન્યાસીઓ અને હિતસ્વીઓ મને એમ જ કહેવાના કે પરિચર્યા તથા સેવા–શુશ્રૂષા કરવાનું કામ તો ભલે એ પરિવ્રાજક કર્યા કરે, કારણ કે એ કામમાં તે નિષ્ણાત છે; એટલે પછી એ જવાનો નહિ અને હું તેનાથી છૂટવાનો નહિ. વળી ઔષધના ફેરબદલામાં મને કાંઈ જ મહત્ત્વ લાગતું નથી. ચારુદત્ત ગમે તેવો હોય, પણ મને તે સારી વસ્તુઓ જ ખવાડે છે; તે મને ઝેર આપે તેમ નથી એ તો મારી ખાતરી છે. પણ હેમપ્રભા! મને ઝેર આપવાની બુદ્ધિ તેની વૈરવૃત્તિ તેને સુઝાડે તો બહુ સારું થાય હોં!"

"એમ તે કદાપિ નહિ કરે. તે તો તમને જિવાડવા માંગે છે અને રિબાવવા પણ માંગે છે: એમાં જ તેમને વૈરતૃપ્તિનો આનંદ મળે છે. અને વળી એવી વાત તેમણે મને સ્વમુખે કહેતાં જરાએ સંકોચ અનુભવ્યો નથી, એ શું તેમની ભયંકર વિચિત્રતા નથી?"

"તો પછી સમાજને મન જ નહિ, પણ ઈશ્વરને મન પણ મારું પાપ વસી રહ્યું છે, અને ઈશ્વર મને આવી મૂંઝવણમાં મૂકીને તે માટે જ દંડી રહ્યો છે એમ માન્યા વિના છૂટકો નથી."

"ઈશ્વરની ઘટનાનો તાગ આપણે માનવી પામી શકતાં નથી એ જ ખરું છે; એમ ન હોય તો આપણા કરતાં ય ભયંકર પાપો જેણે કર્યાં છે તેનું તમારા જેવા પુરુષ પર આવું વર્ચસ્વ કેમ જામવા પામે?"

"હેમા! ખરેખર હું મૂંઝાઉં છું, બહુ મૂંઝાઉં છું, હોં! એક વાર તેં મને યમુનાજળનો આશ્રય લેતો અટકાવ્યો છે, પણ હવે આમાંથી છૂટવાનો મને તો તે સિવાય બીજો કોઈ માર્ગ સૂઝવાનો નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મમતાભર્યા રોષથી ઉશ્કેરાઈને હેમપ્રભા બોલી : " એવું શું વિચારો છો તમે ! વિશાળ દુનિયા પડી છે, તેમાં હજારો સ્થાન છે, સેંકડો રસ્તા છે, પછી મૂંઝાવું શા માટે જોઈએ ? "

પ્રકાશના કોઈ અણધાર્યા ઝબકારાથી જાણે અંજાઈ જવાયું હોય એવી રીતે આંખો મટમટાવતા સ્વામીજીએ હેમપ્રભાના વદન ભણી દૃષ્ટિપાત કર્યો.

કેટલીક ક્ષણો સુધી બેઉ એકબીજાને મૂંગાં મૂંગાં તાકી રહ્યાં. એ દૃષ્ટિસ્થંભમાં તેજનાં વર્તુળો હતાં, તેમ પ્રશ્નોનાં તીર પણ હતાં.

" હા, હેમપ્રભા ! છેવટે તારા પ્રખર બુદ્ધિતેજે જ મારા અંતરને ફંફોસીને જાણે કાંઈક ખોળી કાઢ્યું હોય એમ મને લાગે છે. પણ......પણ તેં જે ખોળી કાઢ્યું છે તે મારા કામનું નથી... મારા જેવા તનના અશક્ત અને મનના દુર્બળ માણસથી ન બની શકે તેવું એ કામ છે. "

" તો પછી શું તમારે આ સ્થાને દર્દી અને કેદી રૂપે જ રહેવું છે ? તમે મનના દર્દી તો છો જ, પરંતુ કેદી ય છો; અંતરાત્માથી વિમુખ થઈને પણ તમારે ધર્મ અને કર્તવ્યને નામે અનેક કાર્યો રોજ કરવાં પડે છે, અનેક વચનો કહેવાં પડે છે અને અનેક લેખો–પુસ્તકો લખવાં પડે છે: તે શું તમારા તન–મનની અને આત્માની પણ કેદી અવસ્થા નથી ? "

" છે, છે, હેમપ્રભા ! જરૂર એ કેદ છે. જ્યાં હું મારા અંતરમાં જેવો હોઉં તેવો બહારથી રહી શકું નહિ, મનમાં જે માનું તે બોલી શકું નહિ કે લખી શકું નહિ, મારી પ્રકૃતિને રુચે એવું સત્કાર્ય પણ કરી શકું નહિ, તે સ્થાનને તું જ નહિ, હું પણ કેદ જ લેખું છું. પણ તું હજી નથી જાણતી કે હું પિંજરાનો પોપટ છું ! આટલી જ મારી દુનિયા છે. તે દુનિયાના વાતાવરણની બહાર અનુપમ તેજ વરસી રહ્યું છે, નીરોગી વાયુ વાઈ રહ્યો છે, અભિનવ રંગોની લહેરો લહેરાય છે, મારી દૃષ્ટિ તે જુએ છે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં ઊડી જવાની તાકાત મારી પાંખોમાં નથી, હૈયામાં હામ નથી! નવી દુનિયામાં હું કયા વૃક્ષની ડાળી પર જઈને બેસું? ત્યાં મને ચારો ક્યાંથી મળે? ત્યાં માળો બાંધવાને તરણાં તોડવાની ય મારી ચાંચમાં તાકાત નથી. એવા પોપટે તો નવી દુનિયામાં જવાનાં સ્વપ્નો છોડી દેવાં એ જ ઠીક! ભલે બંધનથી ગૂંગળાવાતું હોય, ભલે મુક્ત જીવનનો આનંદ અળપાઈ જતો હોય, ભલે પ્રકૃતિની સામે બંડ કરીને એ પ્રકૃતિનાં જ ગુણગાન ગાવાં પડતાં હોય, પણ ગજા વિનાનાં સ્વપ્નો સેવવામાં કશો સાર નથી, હેમા!"

"આટલા નિર્બળ તમે પિંજરાના પોપટ છો, છતાં તમારી પાંખોમાં ઊંચે ઊડવા માટે જોઈએ તેટલો પવન નહિ ભરાતો હોય તો હું સાથે રહીને એ પાંખોમાં પવન પૂરીશ; પછી તો ઊડવાનું બળ આવશે ને?"

"હેં!!" પુનઃ ચમકીને સ્વામીજી આંખો વિસ્ફારી રહ્યા. હેમાના અંતરમાંથી પ્રકટેલા એ નવા કિરણે સ્વામીજીની દૃષ્ટિને તેજ આપ્યું. તેમના વદન પર સ્વસ્થતા આવીને ઊભી. ઓષ્ઠ પર આછેરું સ્મિત રમી રહ્યું.

થોડી વાર વિચારીને સ્વામીજી બોલ્યા: "તારા હૃદયની ઉષ્મા આટલી બળદાયક હશે તેનો મને ખ્યાલ નહોતો, હેમા! જે કોયડા ન ઉકેલી શકાય તેવા મને લાગ્યા કરતા હતા, જે મૂંઝવણનો મહાસાગર મને દુસ્તર લાગ્યા કરતો હતો, તે બધું ય જાણે મારા દૃષ્ટિપથમાંથી અદૃશ્ય થઈ ગયું હોય એવું નિર્મળ વાતાવરણ મારી ચોપાસ જામતું હું અનુભવી રહ્યો છું."

"હા......શ! જે તાકાત તમારામાં આવેલી જોવા હું ઝંખી રહી હતી, તે જ તાકાત તમારા શબ્દોમાં ઊતરેલી સાંભળતાં મને કેટલોક આનંદ થાય છે તે હું જ જાણું છું! જુઓ, હવે હું તમને થોડું પૂછું છું, તેનો તમે મને ખુલાસો આપો."

"બોલ, તને શાનો ખુલાસો જોઈએ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પહેલું તો હું એ જાણવા ઇચ્છું છું કે તમે દેશના કયા ભાગમાં જઈને રહેવા ઇચ્છો છો?"

"એવા કોઈ અજાણ્યા પ્રદેશમાં આપણે જઈને રહીએ કે જ્યાં આત્માની આસપાસ લૌકિક બંધન અનુભવવાનો વારો આવે નહિ, જ્યાં ભય સંકોચ કે નિષ્ક્રિયતાનો બોજો અંતરને વેઠવો પડે નહિ."

"જો તમે હા કહો તો હું તમને મારા વતનના પ્રદેશમાંના કોઈ દૂરના ગામડામાં લઈ જઉં, જ્યાં મને કે તમને કોઈ ઓળખે જ નહિ." હેમપ્રભાએ સૂચન કર્યું.

"ના, ત્યાં વહેલી મોડી તું જરૂર ઓળખાઈ જવાની."

"તો તમારા વતનના પ્રદેશમાં આપણે નિરુપદ્રવે રહી શકીએ એવું કોઈ સ્થાન છે?"

"ના, કચ્છની સામે તો મારે જોવું જ નથી."

"તો કોઈ પહાડી નગરમાં જઈને રહીએ કે જ્યાં એકાંત હોય અને નિકટમાં સારી પેઠે વસતી પણ હોય!"

"એવું એક સ્થાન તો ગિરનાર–જૂનાગઢ હું જાણું છું. પણ એ આપણને બેઉને ફાવે કે નહિ એ પ્રશ્ન છે. દક્ષિણમાં નર્મદાની પેલે પાર અને ઉત્તરમાં હિમાલયનાં ગામડાં એ બે દિશાઓ આપણા માટે નિરુપદ્રવી કલ્પી શકાય. પણ એ બધી વીગત તું મારા પર જ છોડ. વિશેષ તો નહિ, પણ એટલું તો હું કરી શકીશ અને તને વેળાસર જણાવી શકીશ. એ અંગેના બધા કાર્યક્રમનો ભાર હું મારે માથે રાખી લઉં છું."

"શું બોલો છો!" હેમપ્રભા પ્રમુદિત થતી અને આંખો હસાવતી બોલી: "એ ભાર ઉપાડવાની તાકાત તમારામાં આટલી ઝડપથી પ્રકટી એ મને કૌતુક જેવું લાગે છે!"

"મને એ કૌતુક નથી લાગતું, હેમા! મારી એકલતાએ જ મને મૂંગળાવ્યો છે, અને હું એકલો નથી એવું ભાન પ્રકટતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામાં શક્તિસંચાર થઇ રહ્યા હોય, તેમાં કૌતુક જેવું શું છે ? ”

એ શબ્દોએ હેમપ્રભાના હૃદયના તંતુએ તંતુને નર્તન કરવા પ્રેર્યાં. તે ઊર્મિવશ થઈ ને સ્વામીજીના ખોળામાં મસ્તક મૂકવા ઝૂકી પડી. તેણે બેઉ બાહુને સ્વામીજીની કમરની આસપાસ વિંટાળી દીધા. સ્વામીજી વિશેષ ને વિશેષ પ્રસન્ન થતા વદને તેના મસ્તક પર હાથ ફેરવવા લાગ્યા.

તે ક્ષણે બેઉના અંતરમાં આનંદનું પૂર વહી રહ્યું હતું. બેઉના આત્માના પરિતાપ અને ચિત્તના સંતાપનો અવધિ હવે જાણે આવી રહ્યો હોય, બેઉ કોઈ સ્વર્ગીય પ્રદેશમાં **सयुजा सखा** બની જઈ રહ્યાં હોય, બેઉ પાંખોમાં પાંખો ભેરવી ઊંચા ને ઊંડા આકાશમાં સહોડ્ડયન કરી રહ્યાં હોય, એવી મધુરી એ અનુભૂતિની ક્ષણો હતી.

સ્વામીજીના હાથના સ્પર્શથી કંપિત થતી, રોમાંચ અનુભવતી હેમપ્રભાની ગરદન પાછળનો શિથિલ અંબોડો છૂટી ગયો. ગૂંથેલી કેશાવલિ તેની પીઠ પર સર્પવત લંબાઈ રહી. સ્વામીજીએ એ કેશાવલિનું ગૂંચળું વાળી પુનઃ તેનો અંબોડો બાંધી દેવા મથન કર્યું; પણ એ નિષ્ફળ જતા યત્ન પર હસી જતી હેમા તુરત બેઠી થઈ ને બોલી: “ રહેવા દો, રહેવા દો ! એ બ્રહ્મચારીની શિખા બાંધવા જેવું સરલ કામ નથી, સ્વામીજી ! એ તો સુભગા નારીનો અંબોડો છે ! ”

સ્વામીજીએ સ્મિત કર્યું.

પોતાના હાથે કેશાવલિને અંબોડામાં બાંધી લેતી હેમા તરફ સ્વામીજી પ્રસન્ન દૃષ્ટિએ જોઈ રહ્યા.

દીર્ઘ સમય સંકટો વેઠીને હેમપ્રભા પોતાના સૌંદર્યને કરમાવી ચૂકી હતી. જોનારની આંખને તેનામાં દૃષ્ટિરોચક ચારુતા દેખાતી નહોતી, ઊંડા અતરમાંથી સ્ફુરેલાં સુખ અને આનંદ તેનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ–ઓઠ પર કોઈ વાર આવ્યાં નહોતાં, પણ એ ક્ષણે તેનું સુભગ નારીત્વ પૂર બહારમાં ચમકી ઊઠ્યું.

તે સૌંદર્ય જોઈને સ્વામીજી સ્તબ્ધ થઈ ગયા. આઠ વર્ષ પૂર્વેની હેમા જાણે પોતાની સમીપે આ ક્ષણે આવી બેઠી હોય એવું જ તેમને લાગ્યું અને તેમના દેહ પરની રોમાવલિ કંપવા લાગી ગઈ. અંગોમાં વિશેષ ઉષ્મા વ્યાપે તે પહેલાં એકદમ સ્વામીજી ઊભા થઈ ગયા અને તે હેમપ્રભાથી છૂટા પડવા તૈયાર થયા.

"બસ, જશો ?"

"હા, જઈશ. ભારે હૈયે આવ્યો હતો, હળવે હૈયે પાછો ફરું છું. તારા આત્માની ઉષ્માનો એ પ્રભાવ છે, હેમા!"

"હું મને કૃતાર્થ માનું છું, ભગવન્!"

તત્ક્ષણ હેમાએ દીવો હોલવી નાંખ્યો અને કુટિરનું દ્વાર ઉઘાડ્યું. બહાર ચોમેર અંધકાર હતો. સ્વામીજી બહાર નીકળીને આંગણામાં ક્ષણભર ઊભા રહ્યા. "હું જઉં છું" એ શબ્દો મુખમાંથી ઉચ્ચાર્યા વિના તેમની અંગચેષ્ટાએ હેમાને એ શબ્દો કહી દીધા; અને "ભલે જાઓ!" એમ ઉચ્ચાર્યા વિના હેમાએ આંગણામાંના ચંપાના છોડ ઉપરથી એક મઘમઘતું પુષ્પ ચૂંટી તે સ્વામીજીના હાથમાં મૂકી મૌન વિદાયગીરી આપી.

સ્વામીજી ચાલ્યા. અંધકારમાં દૂર ને દૂર જતી એમની આકૃતિ દેખાઈ ત્યાં સુધી હેમાએ તે જોયા કરી. ત્યારપછી કેટલી-ય વાર સુધી તે આંગણામાં વિચારલીન અવસ્થામાં જ ઊભી રહી. આકાશમાં ઘેરાતાં અને વીખરાતાં વાદળાંની વર્ષાલીલાની પેઠે તેના ચિત્તાકાશમાં પણ વિચારોની લીલા ચાલી રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૬] . . . સહપ્રવાસીની કથાની પૂર્ણાહુતિ

સ્વામી સાધનાનંદજીનું હૈયું હવે નવોત્સાહથી નાચી રહ્યું હતું. તેમની દૃષ્ટિ સમક્ષ ભાવિનો અનેરો પ્રકાશપટ પથરાઈ રહ્યો હતો. ચિત્તની લોલ–વિલોલ સ્થિતિને નિશ્ચયના બળે દૂર કરી નાંખી હતી, અને તેમનાં અંગોમાં બળ આવ્યું હતું. મેઘલી રાતના પથરાઈ રહેલા પટની વચ્ચે તે ચડપ ચડપ ડગલાં ભરતા ચાલ્યા જતા હતા.

વિચારોનો પ્રવાહ વેગથી વહી જતો હતો. હેમપ્રભાની કુટિરમાં કેટલો સમય ગાળ્યો હતો તેનો તેમને ખ્યાલ નહોતો, પરન્તુ પ્રકૃતિની શાન્તતા ભાસ કરાવતી હતી કે રાત્રિનો ત્રીજો પ્રહર ચાલતો હતો. તે ચાલ્યા જતા હતા અને પગ નીચેથી ભૂમિ પસાર થયે જતી હતી. એ ભૂમિ સીધી–સપાટ છે કે ખાડા–ટેકરાવાળી, કેડીવાળી કે ઘાસ–ઝાંખરાંવાળી, તેના ખ્યાલ વિના તે ચાલ્યા જ જતા હતા. હા, તે આશ્રમ તરફ જતા હતા, પરન્તુ અંધારપટ ઓઢીને ઊભેલાં આશ્રમનાં મકાનો કાંઈ સહેજે નજરે પડે તેમ નહોતું; માત્ર મંદિરનું શિખર અંધકારને ભેદીને ઘેરા–ઊંડા આકાશની પીઠિકાને મોખરે દેખાતું હતું. મંદિરને જમણે હાથે છોડીને સ્વામીજી ચાલ્યા, પણ તે એકદમ થોભ્યાઃ “ અહીં આશ્રમ કેમ નથી ? ”

તે સ્તબ્ધ બનીને આમતેમ જોવા લાગ્યા. પૂર્વ દિશામાં અરુણ ઊગવાની તૈયારી કરતો હતો. મંદિરના શિખરને તેમણે ધારી ધારીને જોયું અને જણાયું કે તે આશ્રમની નજીકના મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળીના મંદિરનું શિખર નહોતું! એટલામાં મંદિરમાં થતો ઘંટારવ તેમને કાને પડ્યો. પ્રભાતની આરતીનો જ એ ઘંટારવ હતો, પણ એ મહાકાળીની આરતી ન હોય, વિષ્ણુના કોઈ મંદિરમાં થતી આરતી હોવી જોઈએ!

સ્વામીજી અદબ વાળીને આમતેમ જોવા લાગ્યા. ક્ષિતિજ લાલ રંગે રંગાતી જતી હતી અને તેને મોખરે મંદિરો તથા મકાનોની ઊંચી–નીચી ટોચો–શિખરોની વિવિધરંગી કતાર દૃષ્ટિએ પડતી હતી.

"ઓહો! શું વૃંદાવનના પાધર સુધી હું આવી પહોંચ્યો?"

એટલામાં બાજુએથી એક પુરુષ નીકળ્યો. તે જરા દૂર ઊભો રહીને સ્વામીજીને નિહાળી રહ્યો. થોડી ક્ષણો જોઈ રહીને તેણે ઉચ્ચાર કર્યો: "એ સાધનાનંદજી સ્વામી ઊભા છે કે શું?"

"હા, ભાઈ!"

તે પુરુષ તુરત સ્વામીજીની સામે આવીને હાથ જોડતો બોલ્યો: "અહો પ્રભુ! અત્યારમાં અહીં ક્યાંથી?"

"ભાઈ! બન્યું છે એમ કે સમયભૂલ અને દિશાભૂલ એ બેઉએ મને અહીં પહોંચાડ્યો છે!"

"હું સમજ્યો. આપ ધાર્યા કરતાં વહેલા ફરવા નીકળ્યા હશો અને પાછા પહોંચવાને બદલે આટલે દૂર આવી પહોંચ્યા હશો! બનવાજોગ છે, પ્રભુ! સર્વ ભૂતોની રાત્રિમાં જ સંયમીઓ જાગતા હોય છે અને સંયમીના ધ્યાનમાં કે ચિંતનમાં સ્થળ–કાળ તો નિર્જીવ જ હોય ને!"

એ પુરુષ વિષ્ણુભક્ત હતો, અને સ્વામીજીને જોયે ઓળખતો હતો. તે બોલ્યો: "હવે આટલે સુધી પધાર્યા છો તો વ્રજવિહારીના મંદિરમાં પધારી અમારું આતિથ્ય સ્વીકારો!"

"નહિ, ભાઈ! હવે મારે આશ્રમ તરફ જ પાછા ફરવું જોઈએ. મને નહિ જોવાથી કદાચ આશ્રમવાસીઓ ચિંતાતુર બને."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ બોલતાં જ સ્વામીજી મથુરાની દિશાએ પાછા ફરવાને વળ્યા. પેલા ભક્તે હાથ જોડી કહ્યું: "સ્વામીજી! એમ ઉતાવળ ન કરો. આપ એટલે દૂર ચાલતાં જરૂર થાકી જશો. જરા થોભો, હું ગાડી લાવી આપું. વળી તેથી આપ વહેલા આશ્રમમાં પહોંચશો. આશ્રમવાસીઓની ચિંતાનું ઉતાવળે નિવારણ થશે."

સદ્‌ભાગ્યે એ જ વખતે એક ખાલી ટાંગો સડક પરથી પસાર થતો દેખાયો. તેને હાકલ કરીને વિષ્ણુભક્તે ઊભો રખાવ્યો. તેણે સ્વામીજીને ટાંગામાં બેસી જવા વિનંતિ કરી, અને ટાંગાવાળાના હાથમાં બે રૂપિયા મૂકીને તેણે તેને સ્વામીજીને સેવાશ્રમમાં પહોંચાડવા સૂચના કરી.

સ્વામીજીને બહારથી ટાંગામાં બેસીને આવતા જોઈને આશ્રવાસીઓ વિચારમાં પડી ગયા. સ્વામીજીએ હસતાં હસતાં તેમને પોતાની સમયભૂલ તથા દિશાભૂલની વાત કહીને તેમના કુતૂહલનું શમન કર્યું. પછી તે પોતાના નિવાસખંડમાં ગયા.

એટલામાં ચારુદત્ત અયોધ્યાપ્રસાદની માતાના મૃત્યુના સમાચાર સાથે નગરમાંથી આશ્રમમાં આવી પહોંચ્યો, અને તેણે સ્વામીજીના વૃંદાવન સુધીના વિલક્ષણ પર્યટનની વાત આશ્રમવાસીઓ પાસેથી જાણી.

ભોજન પછી સ્વામીજી ટપાલ વાંચતા અને જવાબો લખતા આરામથી બેઠા હતા. એટલામાં ચારુદત્ત તેમની સમક્ષ ઉપસ્થિત થયો, અને હસીને બોલ્યો: "અહો! મારી એક જ રાતની ગેરહાજરીમાં તો આપે ભારે કામ કર્યું!"

સ્વામીજી આછું હસીને પ્રસન્ન વદને બોલ્યા: "હા, ચારુદત્ત, ખરેખર, એ સાહસ જ નીવડ્યું. સમયભૂલ અને દિશાભૂલ બેઉનો સમન્વય થઈ ગયો! તમે સાંભળી ને મારા વિચિત્ર પર્યટનની વાત?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" એ વિશે જ હું કહું છું ને! એક વાર રાત્રે હું નગરમાં ગયો હતો ત્યારે આપ પેલા હેડવાળા ચોતરા પર ચઢીને અંધારે ઊભા હતા. યાદ છે ને એ? આ બીજી વાર તો આપે નિદ્રા-ભ્રમણ કર્યું હોય એમ લાગે છે."

" ના, એ નિદ્રાભ્રમણ નહોતું."

" તો પછી હું માનું છું તે જ: પુસ્તકોના અતિવાચનથી મગજમાં જે ઓળા ઊઠે છે તે આપને ચેન પડવા દેતા નથી, તે જ આપને જાગરણ કરાવે છે અને આવું ભ્રમણ પણ કરાવે છે. જો મારું ચાલે તો હું આપનું વાચનલેખન બધું ય બંધ કરાવું!"

સ્વામીજી પુનઃ પ્રસન્નતાથી હસ્યા અને બોલ્યા: " મારા શરીર માટેની તમારી ચિંતા મારું વાચન–લેખન બંધ કરાવે, પરંતુ તેવી નિષ્ક્રિયતા તો મારું વહેલું મૃત્યુ આણે, તેની તમને ખબર નથી, ભાઈ!"

" હું આપના મનને નિષ્ક્રિય રહેવા દેવા ય ન ઇચ્છું; વાદ્યવાદન તે માટે જ મેં શરૂ કરાવેલું, પણ આપે તેમાં પૂરો રસ લીધો નહિ. હજી પણ આપ પરવાનગી આપો તો એ પ્રયોગ ચાલુ કરવાનું મને મન છે."

" એકલા વાદ્યવાદનને બદલે તે સાથે શબ્દસંગીત હોય તો?"

" અહો, એ તો વળી બહુ જ સારું, આપનામાં એવી ઇચ્છા પ્રકટી એ જ મારે મન ધન્ય ઘડી છે. કાલથી સંગીત કીર્તનો ગાનારી મંડળીની ગોઠવણ કરવા હું રાજેન્દ્ર શર્માને કહી દઈશ; આપની પરવાનગી છે ને?"

" હા, ભલે!"

ચારુદત્ત તેથી રાજી થયો; પણ તે સાથે તેને આશ્ચર્ય પણ થયું. સાંજ પડતાં સુધીમાં તો સ્વામીજીની બોલ–ચાલ, વર્તન–વિનોદ, પ્રસન્નતા–ચપળતા, એ બધાંમાં એકદમ ફેરફાર થયેલો જોઈને તેનું આશ્ચર્ય ઉત્તરોત્તર વધતું ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા દિવસના પ્રભાતમાં સ્વામીજીના વદન પરની પ્રસન્નતા અને તેજસ્વિતા જોઈને ચારુદત્તે પોતાના મનથી નિશ્ચય જ કર્યો કે જરૂર એ એક રાત્રિની અંદર કોઈ એવો બનાવ બની ગયો છે, કે જેથી સ્વામીજીમાં અસાધારણ અને ઉતાવળું પરિવર્તન થયું છે. સ્વામીજી સમયભૂલ અને દિશાભૂલથી વૃંદાવનને માર્ગે ચડી ગયા હોવાની વાત તેને સાચી લાગી નહિ. તે વૃંદાવન ઈરાદાપૂર્વક ગયા હોવાનો તેને વહેમ પડ્યો.

એ વહેમના અનુસંધાનમાં ચારુદત્તની દૃષ્ટિ વધારે સાવધ બની. સ્વામીજીમાં થયેલા પરિવર્તનનું કોઈ કારણ હોવું જોઈએ, એમ માનીને તે એ કારણની શોધમાં મચ્યો. ટપાલમાં કોઈ કાગળ આવ્યો હોય અને તેથી તેમનામાં પરિવર્તન થયું હોય એવી તેને કલ્પના આવી, પરંતુ એવા કોઈ કાગળોએ ભૂતકાળમાં સ્વામીજી પર અસર કરી હોય, એવું તેની જાણમાં નહોતું. છતાં તેણે ટપાલના કાગળો તપાસી જોયા. સ્વામીજીની ટપાલ કોઈ દિવસ ખાનગી રહેતી જ નહિ. તેમના પર મુમુક્ષુઓના પત્રો બહુ આવતા અને સ્વામીજી તેમની જિજ્ઞાસા સંતોષનારા વળતા પત્રો નિયમિત રીતે લખતા. છેક મોડી રાત્રે જયારે સ્વામીજી નિદ્રાવશ થયા ત્યારે ચારુદત્તે તેમની કફનીનું ગજવું તપાસ્યું, તો તેમાંથી અર્ધસુકાયેલું ચંપાનું ફૂલ નીકળ્યું! તે જોઈને ચારુદત્ત વિચારમાં પડી ગયો. આશ્રમના બગીચામાં ચંપાનો એકે રોપ નહોતો, તો પછી એ ફૂલ તેમની પાસે આવ્યું ક્યાંથી? અને તે તેમણે ગજવામાં મૂક્યું તે માત્ર શોખથી કે કોઈ લાગણીશીલતાથી? ચારુદત્તને માટે હવે એ સંશોધનના પ્રશ્નો બની ગયા.

વળતે દિવસે સ્વામીજીને કફનીના ગજવામાં નાંખેલું ચંપાનું ફૂલ સાંભર્યું, એટલે તેમણે ગજવામાં હાથ નાંખ્યો, તો ફૂલ અદૃશ્ય થએલું જણાયું. તે સમજી ગયા કે ચારુદત્તના કબજામાં તે જઈ પહોંચ્યું છે અને ચારુદત્તની સંશોધકતા તીવ્ર બની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઉપરથી તેમને એવો પણ ખ્યાલ આવ્યો કે પોતામાં થએલું પરિવર્તન, પોતાની નિશ્ચિંતતા અને પ્રસન્નતા, પોતાનો ઉત્સાહ અને આનંદ ચારુદત્તના ખ્યાલમાં જરૂર આવ્યાં હશે, અને તેનું કારણ શોધવા જતાં તેણે કફનીના ગજવામાં હાથ ઘાલ્યો હશે. હવે ચિત્તની પ્રસન્નતા ચારુદત્તથી છુપાવવાનો તેમણે પ્રયત્ન આદર્યો.

પણ તે સાથે સ્વામીજીએ આશ્રમ છોડવાની ય તૈયારી કરવા માંડી. એ તૈયારી કાંઈ ગંજાવર નહોતી, કોઈનું ધ્યાન ખેંચાય તેવી પણ નહોતી. થોડાં અધૂરાં લખાણો પૂરાં કરવાનાં હતાં. તત્ત્વજ્ઞાન વિષેનું એક પુસ્તક લખાતું હતું તે પૂરું થવા આવ્યું હતું, પણ તેનો ઉપસંહાર લખવાનો બાકી હતો. કેટલાક પત્રોના ફુરસદ પર મુલતવી રાખેલા જવાબો લખવાના હતા. એ બધું કામ તેમણે હાથમાં લીધું.

તે વખતે તેમણે મને એક પત્ર લખ્યો.

સાત વર્ષ પૂર્વે ટ્રસ્ટીઓની સભામાં ભાગ લેવા માટે મારા કાકા લક્ષ્મણસિંહજી આવેલા તેમની સાથે હું પણ આવેલો. મને તે વખતે સ્વામીજીનો પરિચય પહેલી વાર થયેલો. થોડા કલાક હું તેમના સંપર્કમાં રહી તેમના જ્ઞાનપ્રકાશથી પ્રભાવિત થએલો. તેમણે મને મારા તત્ત્વજ્ઞાનના વાચનમાં મદદ કરવા વચન આપેલું અને શંકાઓના સમાધાન તથા પ્રશ્નોના જવાબ ટપાલદ્વારા લખી મોકલવાની ખાતરી આપેલી, એટલે એ કાળમાં પત્રવ્યવહાર દ્વારા અમારો ગાઢ સંબંધ બંધાવા પામ્યો હતો. હું તેમને ગુરુ માનતો ને ગુરુના નામે સંબોધતો, પણ તે મને બંધુ કે મિત્રને નામે સંબોધતા. મારા પ્રશ્નોના જવાબો પણ મૈત્રીની રાહે આપતા. તાત્ત્વિક વિચારોમાં અમારો મેળ સારો મળતો હતો, એટલે નાના ને મોટા વચ્ચે ઉપચારનું આવરણ રહે છે તે પણ વિશેષ પરિચયથી ઘસાઈ જવા પામ્યું હતું. દેહે પરસ્પર દૂર રહ્યા છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતરિક નિકટતા એટલી જામી હતી કે અમે એક બીજાને સ્વજનતુલ્ય માનતા. એ જ ગણતરીએ તેમણે મને આશ્રમ છોડતાં અગાઉ એક પત્ર લખ્યો, જેમાં તેમણે પોતાને કોઈ અજ્ઞાત આંતરિક વ્યથા થતી હોય એવો ખ્યાલ આપ્યો હતો; અને એ વ્યથામાંથી મુક્ત થવાને માર્ગે પ્રયાણ કરવાની પોતે તૈયારી કરે છે એમ કહીને મારી પાસેથી કાયમની વિદાયગીરી માંગી હતી, પોતાને હમેશને માટે ભૂલી જવાની તેમણે આશા વ્યક્ત કરી હતી.

એ પત્ર મળતાં જ હું ચમકી ગયો, અને ગભરાઈ પણ ગયો. કયું ગંભીર પ્રકરણ ઉપસ્થિત થયું હશે તેનો તે વખતે મને કશો ખ્યાલ નહોતો. તેમની સાથે મિત્રતા જામી હોવા છતાં તેમના આંતરિક દુઃખની હું કલ્પના કરી શકતો નહોતો. હું પત્ર લખું કે તાર કરું પણ તેથી કાંઈ દિલની સમજૂતી થઈ શકે નહિ. મને શંકા પણ હતી કે મારો પત્ર પહોંચે તે પહેલાં જે કાંઈ બનવાનું હોય તે કદાચ બની ગયું હોય. એટલે જરા ય વિલંબ કર્યા વિના હું ગાડીમાં બેસી ગયો.

હું મથુરા જઈ પહોંચ્યો અને સ્વામીજીને મળ્યો. તેમની આંખોમાંથી સ્નેહ દ્રવતો મેં જોયો, પરંતુ તેમના વદન ઉપર કાલિમા છવાઈ ગઈ હતી. એ કાલિમા અંતરના અવ્યક્ત દુઃખની હતી.

મેં તેમની પાસે એકાંતની માંગણી કરી અને તે વિચારમાં પડી ગયા. એવી એકાંત પણ પરિવ્રાજક ચારુદત્તની શંકાને ઉશ્કેરનારી બની જાય એવી શંકા તેમને પડી હશે.

અને રાત્રિના દસ વાગ્યે અમે તેમના શય્યાખંડમાં એકાંતની સાધના કરી. પહેલાં સ્વામીજીએ ખાતરી કરી કે નજીકમાં છુપાઈ–ભરાઈને પરિવ્રાજક કશું સાંભળતો નથી. પછી તેમણે મને જે હૃદયકથા કહી તે પરોઢના પાંચ વાગતાં સુધી મેં સાંભળી. પૂરી સ્વસ્થતાથી તેમણે એ કથા કહી. ધગધગતો લોહરસ ભઠ્ઠી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી બહાર પડે ત્યારે ચોમેર એવી ઉષ્ણુતા વ્યાપી જાય છે, કે દૂર ઊભેલાઓ પણ તપી ઊઠે છે; પરંતુ એ ભઠ્ઠીસમા હૃદયમાંથી વહેલા ધગધગતા રસના પ્રવાહથી તે જરા ય તપ્ત થયા નહિ. તેમનો તપ્ત થવાનો કાળ જાણે વીતી ગયો હતો, અને હવે સાંત્વનનો કાળ નજીક આવ્યો છે એવી એમને આત્મપ્રતીતિ થઈ હોવાનો ભાસ થતો હતો. એ કહેતાં તેમણે માત્ર હૃદયકથા જ મને કહી, ન મારો અભિપ્રાય પૂછ્યો, ન મને બીજો કોઈ માર્ગ પૂછ્યો, ન મારા આશ્વાસનની ઇચ્છા દર્શાવી, ન ચિત્તનો સંતાપ વ્યક્ત કર્યો, ન વિધિનો દોષ કાઢ્યો: માત્ર નિશ્ચયના બળે જ તેમના હૃદયને વજ્ર સમું મજબૂત બનાવ્યું હોય તેમ મને લાગ્યું. તેમણે મને ખરેખર સ્વજન લેખીને આત્મીયતા દાખવી, પરન્તુ મારા હૃદયમાં એનો પડેલો આઘાત જાણવાની કે સાંભળવાની તેમણે મને સાફ ના કહી. તેથી હું તેમની સમીપે કશું બોલી શક્યો નહિ; માત્ર એ મહાપુરુષની હૃદયવ્યથાની એ કથા સાંભળીને અને તેના આવા અંતની વાત જાણીને મારી આંખો આંસુથી છલાછલ થઈ ગઈ. સ્વામીજીએ એ આંસુ પોતાની કફનીની ચાળથી લૂછ્યાં અને પછી તુરત ઊઠી ગયા. મારો વળતો એક બોલ પણ સાંભળવાની તેમની ઇચ્છા નહોતી.

તે વખતે અમે છૂટા પડ્યા તે કાયમને માટે છૂટા પડ્યા છીએ.

એ મહાપુરુષની હૃદયવ્યથાની કથા એવી હતી કે જે મને દિગ્મૂઢ બનાવી મૂક્યા વિના રહે નહિ, એટલું જ નહિ પણ એ કથાનો ભાર મારું હૃદય ઉપાડી પણ શકે નહિ. કોઈને એ કથા કહું એમ મારા હૃદયમાં થયા કરતું હતું. કોઈ સંવેદનશીલ વ્યક્તિ મળી જાય અને તેને એ કથા કહું તો હૃદય હળવું થાય, એમ મારા મનમાં થતું હતું: પણ એવી વ્યક્તિ મળે ક્યાંથી? મથુરામાં એ કોઈને કહેવાય તેમ નહોતું, એટલે આપ મને એ કથા કહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય પુરુષ લાગ્યા અને મેં એ આપને કહી. એ કથા સાંભળીને મારી સાથે આપ પણ મારા એ સ્વજન સમા ગુરુદેવની વ્યથા ઉપર સમભાવ વ્યક્ત કરો તો મને સાંત્વન મળે એવી આશા સાથે મેં આપને આટલો શ્રમ આપ્યો છે, તે માટે ક્ષમા કરજો !

એ પ્રમાણે મારા સહપ્રવાસીએ કથા પૂરી કરી અને ઉત્સુક ભાવે તે મારા વદન ભણી તાકી રહ્યો.

સ્વામીજીના વ્યક્તિત્વ અને વર્તન વિષે મારી સાથે વિચાર-વિનિમય કરવાનો સહપ્રવાસીનો મનોભાવ તેના મારા ઉપરના જિજ્ઞાસુ દૃષ્ટિપાત ઉપરથી વર્તાઈ આવતો હતો. મારી જિજ્ઞાસાને સંતોષવા હું કાંઈ વધુ જાણવા કે તેને પૂછવા ઇચ્છું તો તે માટે પણ તે તૈયાર હતો એમ મને લાગ્યું. એક રીતે જોઈએ તો બનેલા બનાવનો વૃત્તાંત પૂરો થયો હતો, છતાં તેના કેટલાક અપૂર્ણ અંશો જિજ્ઞાસાને જગાડતા હતા.

મેં પૂછ્યું: "શું ખરેખર સ્વામીજી અને હેમપ્રભા સાથે ચાલ્યાં ગયાં ?"

તેણે કહ્યું: "હા, તે એક દિશામાં ગયાં, અને હું બીજી દિશામાં જવા નીકળ્યો."

"તે ક્યાં ગયાં અને ક્યાં સ્થિર નિવાસ કરવાનો તેમનો મનોભાવ છે ?"

"તે કશું તેમણે મને કહ્યું નથી; હું અનુમાન કરું છું કે હિમાલયની દિશાએ કોઈ દૂરના ગામડામાં તેઓ અજ્ઞાતવાસ કરશે. તે રાત્રે અમે છૂટા પડ્યા પછી તે મને મળ્યા નહિ; પણ તે કોઈને કહ્યા વિના આશ્રમ છોડી ગયા છે તે તો હું જાણું છું. તેમનો અને હેમપ્રભાનો કેવો સંકેત હતો તે ય તેમણે મારા જાણવામાં આવવા દીધું નથી."

મેં કહ્યું: "પોતે આશ્રમ છોડીને ક્યાં જાય છે એ તેમણે કોઈને ન કહ્યું હોય, એ તો સ્વાભાવિક છે; પણ પોતે કોઈ જ્ઞાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે અજ્ઞાત કારણસર આશ્રમ છોડી જાય છે, પોતાના ગમનથી કોઈએ દિલગીર ન થવું કે કોઈએ પોતાની શોધ ન કરવી, એવી મતલબનો પત્ર તો તે જરૂર મૂકી ગયા હશે.”

“ના, એમ પણ તેમણે કર્યું નથી, તેની મને ખબર છે. એવું કશું કરવાની પોતાની ઇચ્છા નથી એમ તેમણે મને સાફ કહેલું. કેવળ એકાએક અંધકારમાં ડૂબીને કાયમને માટે અદૃશ્ય થઈ જવાનો તેમનો મનોભાવ હતો તે હું જાણું છું.”

“એટલે આશ્રમવાસીઓએ, ટ્રસ્ટીઓએ કે મિશનના સંતપુરુષોએ તેમના નિવાસ વિષે તથા ભાવિ જીવન વિષે માત્ર કલ્પના જ કરવી રહી.”

“હા, ખરેખર, એમ જ.”

“હેમપ્રભા એમની સાથે ગઈ હોવાનો ખ્યાલ લોકોને તુરત આવવાનો નહિ. કેટલાક સમયે લોકો તે ચાલી ગઈ હોવાનું જાણવાના. તેમાં કદાચ પરિવ્રાજક સૌથી પહેલો જાણવાનો.”

“સંભવિત તો એ જ છે.”

“પણ જેઓ સ્વામીજીના જીવનની પવિત્રતા, તેમની તપશ્ચર્યા અને તેમની નબળી તબિયતથી માહિતગાર હોય તેઓ તો કદાપિ એમ માનવાનાં જ નહિ કે સ્વામીજી હેમપ્રભાની સાથે જઈને રહ્યા હોય.”

“સાચી વાત. તેઓ બધાં એમ જ સમજવાનાં કે પોતાના અનારોગ્યથી કંટાળીને સ્વામીજી હિમાલયમાં ચાલ્યા ગયા હોવા જોઈએ, જ્યાં તે અજ્ઞાતપણે યોગસાધનામાં પોતાનું જીવન પૂરું કરશે.”

“હા, લોકો એમ જ માનશે. સાચી વાતની ગંધ લોકોને—કોઈને પણ આવે એવો સંભવ નથી. પરિવ્રાજક કદાચ સાચી વાત કહેવા માંગે તો પણ શ્રદ્ધાળુ લોકો તેની વાત માનવા તૈયાર ન થાય.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારી ગણતરી બરાબર લાગે છે."

એટલી વાતચીત કરીને તે અને હું બેઉ ચુપ બની ગયા. તેને કશું વધારે કહેવાનું નહોતું અને હું તો ઊંડા વિચારમાં પડી ગયો હતો. મધરાત થઈ ગઈ હતી અને વડોદરાનું સ્ટેશન આવવાને હવે બહુ વાર નહોતી.

હું આંખો મીંચીને બેસી રહ્યો અને સહપ્રવાસી મારા ભણી ખુલ્લી આંખે તાકી રહેતો હોય એવી રીતે બાજુ મરડીને બેઠો. સાધનાનંદજીની કથા મને સંભળાવ્યા પછી મારા મનના પ્રત્યાઘાતો જાણવાની તેની ઇચ્છા હતી અને મારા વદન પરના ભાવો ઉપરથી તે કળી લેવાનો તેનો મનોભાવ હશે.

વસ્તુતઃ હું જાણે ચિત્તના ચકરાવામાં પડી ગયો હતો. સ્વામીજીના હૃદયના તંતુએ તંતુને વીંખી–પીંખીને જોવાનું મન થાય એવો એ બનાવ હતો. જો સહપ્રવાસીની જગ્યાએ હું હોત તો સ્વામીજીના વ્યક્તિત્વનું પૂરું પૃથક્કરણ કરી શકાય એટલી વીગતો મેળવ્યા વિના હું કદાપિ જંપત નહિ. સ્વામીજી સાથે જ્યારે તેને આટલી લાંબી ચર્ચા થઈ, પરસ્પર વાતો ચાલી, કોઈની પાસે નહિ ખોલેલું હૃદય સ્વામીજીએ એની પાસે જ ખોલ્યું ત્યારે પછી એ વ્યક્તિત્વને પૂરું પિછાણી શકાય તેવા સામા પ્રશ્નો પૂછીને એનો તાગ કેમ ન મેળવવો ? તેણે એ ભૂલ કરી, હું એવી ભૂલ ન કરું. પણ હવે તો જે કાંઈ સહપ્રવાસીએ જાણ્યું હતું અને મને કહી સંભળાવ્યું હતું તે ઉપરથી જ અભિપ્રાય બાંધવાનો રહ્યો હતો.

કેટલીક વાર પછી ચિત્તના લાંબા ચિંતને ઊભરો ચડાવ્યો, અને મારા ભણી જોઈ રહેલા સહપ્રવાસીને સંબોધીને મેં કહ્યું : "ભાઈ ! સ્વામીજી સંબંધે, તેમના આત્માની પવિત્રતા સંબંધે તમારો ગમે તેવો અભિપ્રાય હોય, પણ મને તો એક રીતે જોતાં તેમની દયા આવે છે અને બીજી રીતે જોતાં રોષ ચડે છે."

સહપ્રવાસી ઉત્સુકતાથી મારું કથન મૂંગો મૂંગો સાંભળી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં આગળ કહ્યું : " એ એક પામર આત્મા હતો એમાં મને શંકા નથી. એક ધાર્મિક મઠ કે આશ્રમના કુલાધિષ્ઠાતાને પદે રહીને અંતરને દાંભિક લાગતું આચરણ આચરવું પડતું હતું એ એમના આત્માને રુચતું નહોતું, પણ એમની પામરતા એ હતી કે એ સ્થાનને અને એ જીવનને હિંમતપૂર્વક છોડવાનું કાર્ય પણ એમનાથી થઈ શકતું નહોતું. તેમાંથી મુક્ત થવાનો એ સીધો માર્ગ એમનાથી લઈ ન શકાયો ત્યારે તેમણે યમુનામાં ડૂબી આત્મઘાત કરવાનો વિચાર કર્યો હતો, તે જ ઉચિત હતો. પણ એમ કરવાનું ધૈર્ય–હિંમત તેમનામાં નહોતી. હવે એમણે ખરું જોઈએ તો આત્મઘાત જ કર્યો છે. તેમનું અદશ્યીભવન એવા જ પ્રકારનું છે. યમુનામાં ડૂબીને મરી જવાથી તેમનું મુડદું કોઈને હાથ ન પડત અને કોઈ દૂરને સ્થાને ઘસડાઈ જઈને તે બહાર નીકળત તો લોકો તેમને ઓળખી શકત નહિ, એવી એમની માન્યતા હતી. એ તેમના મનનું સાંત્વન પણ હતું. આ તેમનો અજ્ઞાતવાસ પણ એવો જ છે. તે ક્યાં છે, શું કરે છે, જીવંત છે કે નહિ, તે કશું લોકો જાણતા નથી, અને જાણવાના નથી. તે નૈસર્ગિક મૃત્યુ પામશે તો પણ તે અજ્ઞાત જ રહેવાનું છે. તેમનું શું થયું એ નાહ જાણનારા લોકોને મન તો તે જ્યારથી અદશ્ય થયા ત્યારથી તેમનું મૃત્યુ જ થયું છે, અર્થાત્ એ અજ્ઞાતવાસ સ્વામીજીનો સ્વયંકૃત ઘાત જ છે. એ બેઉ પ્રકારના મૃત્યુ દ્વારા તેમના મનનું એક જ વસ્તુથી સમાધાન થયું લેખાય અને તે વસ્તુ છે પ્રકટ અપમાનમાંથી બચી જવાનું. આ એક નિર્બળતાએ તેમના આત્માને જે અધમતાની વિષ્ટામાં રગદોળ્યો છે, તે કરતાં તો તેમણે ખરેખર જો આત્મઘાત કર્યો હોત તો તે વધુ ઉપકારક નીવડત. લોકદૃષ્ટિએ મહાન લેખાતો એક આત્મા વસ્તુતઃ આટલો અલ્પ અને અધમ છે, એ સત્ય લોકોની દૃષ્ટિથી અગોચર રાખીને જ તમારા સ્વામીજીએ–તમારા સ્વજને–તમારા ગુરુદેવે મહાપાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું છે, ભાઈ! હેમપ્રભા અને સ્વામીજીના પરસ્પર થએલા આકર્ષણને, અરે તેમના ભવિષ્યના સહજીવનને પણ હું એટલું પાપરૂપ નથી લેખતો કે જેટલું પાપરૂપ તેમનું આ વર્તન છે. એવા સંન્યાસીઓ, એવા ઉપદેશકો, એવા પંડિતો, કે તત્ત્વજ્ઞાનીઓ જીવતા હોય તો પણ સમષ્ટિને માટે તો તેઓ મૃતવત જ છે. એ જ કારણે મને એમના જીવન પર રોષ ચડે છે અને એમની પામરતા પર કરુણા પ્રકટે છે. ”

એક માનનીય સ્વજનના દોષ સાંભળવાનું મારા સહપ્રવાસીને નહિ ગમે એ હું જાણતો હતો. વળી એ સ્વામીજીને પોતાના ગુરુ લેખતો હતો, એટલે મારો અભિપ્રાય સાંભળવાથી તેનું મ્હોં પડી ગએલું જોઈ મને આશ્ચર્ય થયું નહિ. તેણે સાચા દિલથી બધી વાત કહી હતી અને મારા મનના પ્રત્યાઘાતો જાણવાની તેની ઇચ્છા પણ સાચા મનની હતી એ હું જાણતો હતો. પણ ખરેખર, મારા મનને જે કાંઈ લાગ્યું તે મારે તેને કહેવું એ મારી ફરજ હતી; અને ફરજ તો મીઠી હોય અને કડવી પણ હોય.

વરસાદને લીધે ભેજવાળી બનેલી હવામાં મેં કરેલી આ મુસાફરી કંટાળો ઉપજાવનારી જ બની હોત, પરંતુ સહપ્રવાસીની કથાએ કંટાળાને આવતો અટકાવ્યો હતો, છતાં મને મુસાફરીનો થાક તો લાગેલો જ હતો. અમદાવાદ જવું હતું અને વડોદરે જ મધરાત થતી હતી, એટલે વિચાર થયો કે વડોદરે ઊતરી જઉં અને પછી વહેલી સવારની ગાડી પકડીને અમદાવાદ જઉં. મારા સહપ્રવાસીને સૌરાષ્ટ્ર તરફ જવાનું હતું એટલે તેને અમદાવાદ તરફ મુસાફરી લંબાવવાની હતી.

વડોદરાનું સ્ટેશન આવ્યું એટલે હું બોલ્યો: “ત્યારે હવે, સાહેબજી! આપણે અહીંથી છૂટા પડીએ છીએ. હું વડોદરે ઊતરી જવા ધારું છું. ત્યાં રાત્રે આરામ લીધા પછી સવારે અમદાવાદ તરફ જઈશ.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે "વારુ" એવો મંદ ઉત્તર વાળ્યો. મેં તે શબ્દ સાંભળ્યો નહિ, પણ તેના હોઠ ફફડતા મેં જોયા.

છૂટા પડતી વખતે મેં તેનો આભાર માન્યો. એનો સાથ મારે માટે રસિક બન્યો હતો એમ કહી શકાય. મેં તેનો હાથ મારા હાથમાં લીધો અને કહ્યું: "સાથે મળેલાં પંખીઓ છૂટાં પડે તેવી રીતે આપણે છૂટા પડીએ છીએ અને પોતપોતાની દિશાઓમાં વિલીન થઈએ છીએ. પણ સંભારણાં તો મગજના ખૂણામાં ભરાઇને ય આપણી સાથે જ આવે છે, નહિ વારુ? એ રીતે ખરેખર આપણે મિત્રો લેખાઈએ."

મારા હાથમાંથી પોતાનો હાથ છોડાવીને, બેઉ હાથ જોડીને તેણે નમસ્કાર કર્યા. તે વખતે મેં તેના મફલરથી વીંટેલા ચહેરા પર ઉદાસી તથા આંખોમાં આર્દ્રતા જોઈ. મારા દિલમાં પણ એક સૃજન અને સહૃદયી સહપ્રવાસી પ્રત્યે ઘટતી દિલસોજી ઊપજી અને હું વળતા નમસ્કાર કરી છૂટો પડ્યો.

અહીંથી હવે તેને ગાડી બદલવાની હતી, એટલે તે બીજા પ્લેટફૉર્મ તરફ ચાલ્યો ગયો. હું પ્લેટફૉર્મ ઉપરથી બહાર નીકળવાના દરવાજા તરફ વળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૭] . . . . . . એ ભયંકર બનાવ !

વડોદરામાં મારા મિત્ર મંજુલાલને ઘેર સૂઈ રહીને રાત ગાળ્યા બાદ સવારમાં હું પાછો અમદાવાદ જવાને રેલવેટ્રેઈનમાં બેઠો. આણુંદ અને વડોદરા વચ્ચેના એક નાના સ્ટેશને મારા સાંભળવામાં આવ્યું કે રાત્રે અમદાવાદ તરફ પસાર થયેલી ગાડીના બીજા વર્ગના ડબામાં કોઈ હરામખોર ઘૂસી ગયો હતો અને એ ડબામાંના એકલા ઉતારુનું કોઈ હથિયારથી ખૂન કરી, તેની બેગ-માંથી કિંમતી જણસો લૂંટી નાસી ગયો હતો. અત્યારે ગાડીના બીજા વર્ગના ડબામાં હું એકલો બેઠો હતો એટલે એ બનાવથી હું જરા કમકમ્યો, પરન્તુ મારી તો દિવસની મુસાફરી હતી. રાતની બીજા વર્ગની મુસાફરી આ રીતે કોઈ વાર જોખમભરી નીવડે છે, એટલો જ ખ્યાલ મારા મનમાં ઉપસ્થિત થઈને શમી ગયો.

પણ આણુંદને સ્ટેશને પહોંચતાં મેં જે વધુ વીગત જાણી તે ઉપરથી હું ચમકી ગયો. જેની સાથે મેં મથુરાથી વડોદરા સુધીની મુસાફરી કરી હતી તે મારા સહપ્રવાસીનું જ ખૂન થયું હતું, અને મુડદાને પોલીસે હોસ્પિટલમાં પહોંચાડ્યું હતું ! કેવો ભયંકર બનાવ !

હું સ્તબ્ધ બની ગયો. એક ડબામાં સાથે બેસીને મુસાફરી કરી હતી તેથી, અને તેણે કરેલી સાધનાનંદજીવાળી વાત મેં રસપૂર્વક સાંભળી હતી તેથી અમારી વચ્ચે જે મર્યાદિત સમયની આત્મીયતા જાગી હતી, તેણે મારામાં સહાનુભૂતિ પેદા કરી. પોલીસ કદાચ એ અજાણ્યા અને એકલા મુસાફર વિશે વીગત ન જાણતી હોય તો તેના વિષે કાંઈક વધુ માહિતી આપવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિમાં હું હતો, એટલે હું મારા સામાનને સ્ટેશનની વેઈટિંગ રૂમમાં મુકાવીને સીધો હોસ્પિટલમાં ગયો.

તે વખતે હોસ્પિટલના એક રૂમમાં પંચને બોલાવી પોલીસ રિપોર્ટ લખી રહી હતી.

હું ત્યાં જઈને ઊભો રહ્યો. ડાકટરની અને પોલીસ અમલદારની નજર મારી ભણી ખેંચાઈ. મને કોઈ સારો ગૃહસ્થ સમજીને તેમણે ત્યાંથી ચાલ્યા જવાનું ન કહ્યું, તેમ જ હું અહીં કેમ આવ્યો છું એ ન પૂછ્યું, એટલે હું અદબ વાળીને કેવળ મૂંગો જ ઊભો રહ્યો.

પોલીસ અમલદાર પંચની રૂબરુ કારકુન પાસે રિપોર્ટ લખાવતો હતો. પોતે બોલતો હતો અને કારકુન લખતો હતો. તે રિપોર્ટ સાંભળવાથી બનાવ કેવી રીતે બન્યો હોવાનું પોલીસ માનતી હતી તે મારા જાણવામાં આવ્યું.

વડોદરાથી છૂટેલી ટ્રેઈનના બીજા વર્ગના આખા ડબામાં આ એકલો જ મુસાફર હતો. તેની પાસે મથુરાથી લેવામાં આવેલી જૂનાગઢની ટિકિટ હતી. ગાડી જ્યારે આણંદ સ્ટેશને આવી ત્યારે કોઈ બીજા વર્ગના ઉતારુએ ડબામાં બેસવા માટે તેનું બારણું ખોલતાં કમકમાટી ઉપજાવે તેવો દેખાવ તેની નજરે પડચો, તેથી ડબામાં ન ચડતાં તેણે પોલીસને બનાવની ખબર આપી.

તે વખતે મરનારનું મુડદું બેઠક પર જ સૂતેલું પડચું હતું. કમરથી ઉપરનો ભાગ બેઠક પર હતો અને નીચેનો ભાગ બેઠકની બાજુએ નીચે ઝૂકી પડચો હતો. તેના કાળજાના ઊંડા ઘામાંથી લોહી વહી ગયેલું હતું. બેઠકની નીચે એક રૂપાના હાથાવાળી તથા કટાયેલી લોહિયાળ કટાર પડી હતી. એ કટારથી કાળજામાં મારવામાં આવેલા ઘાને પરિણામે ઉતારુનું તાજેતરમાં જ મરણ થયેલું હોય એમ સાફ જણાતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારુની બૅગ બેઠકની પાસે નીચે જમીન પર પડી હતી. તે ખુલ્લી હતી. તેમાં નવાં સીવેલાં બે ખમીસ, બે ઝભા, અને એક સફેદ ફેંટો એટલાં વાનાં માત્ર હતાં. કોઈ કિંમતી વસ્તુઓ બૅગમાંથી હાથ લાગી નહોતી. ઉતારુના શરીર પરથી પચાસ રૂપિયાની નોટો અને સાડા ત્રણ રૂપિયા છૂટા એટલું હાથ લાગ્યું હતું.

રિપોર્ટ પૂરો લખાઈ રહ્યો એટલે પોલીસ અમલદારે ડોકટરને સહજ પૂછ્યું: "કેમ ડોકટર! તમે શું ધારો છો? કોઈ હરામખોરનું કામ છે, નહિ? બૅગમાં નાણું તો હશે જ તે ઉપાડીને હરામખોર નાસી ગયો છે. પહેલે તડાકે જ મુસાફરને મારી નાંખ્યો ખરો, પણ બૅગમાંથી રોકડ કે કિંમતી વસ્તુઓ હાથ કર્યા પછી મરનારનાં ખીસ્સાં તપાસવા તે થોભ્યો નથી. કદાચ જાણભેદુ ય હોય."

ડોકટર બોલ્યો: "ફોજદાર સાહેબ, કોઈ હરામખોરનું કામ તો છે જ, પણ જાણભેદુ નહિ હોય. બીજા વર્ગના ડબા કેટલા બિનસલામત છે તે હવે જાણ્યું ને? બારણું ઉઘાડ્યા વિના કોઈ પણ હરામખોર અંદર પેસી શકે એવડી તેની ખુલ્લી બારીઓ હોય છે. હમણાં હમણાં આવો આ બીજો કેસ થયો છે. પણ રેલવે ખાતાની આંખ ઊઘડતી નથી. બાકી, ચોરી માટે જ ખૂન થયું છે, એ તો ઉઘાડું જણાઈ આવે છે. ઉતારુને કોઈ ઓળખી શક્યું નથી, ખરું?"

"કોઈ ઓળખીતું માલૂમ પડ્યું નથી. ગજવાસાંથી કોઈ કાગળ પણ હાથ લાગ્યો નથી કે જેથી નામઠામની માહિતી મળે. કટાયેલી કટાર રૂપાના હાથાવાળી છે એ ઉપરથી હું એવું અનુમાન કરું છું કે કોઈ ઘસાઈ ગયેલા રાજપૂત–ગરાસીઆનું આ કામ હશે. અમે તપાસ કરીશું, પણ ગુનેગાર હાથ લાગવો મુશ્કેલ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા કાન ડૉક્ટર તથા પોલીસ ઈન્સ્પેકટરની વાતો સાંભળતા હતા, પણ મારી આંખો તથા મગજ કાંઈ જુદું જ કામ કરી રહ્યાં હતાં.

આંખો જોતી હતી કે મારા એ સહપ્રવાસીએ બે રાત તથા એક દિવસ એમ સળંગ ત્રીસ–બત્રીસ કલાક સુધી પોતાના મસ્તક–કાન–ગળાની ઉપર જે મફલર વીંટાળી રાખ્યું હતું તે અત્યારે મુડદાની બાજુએ પડ્યું હતું, પણ એ મફલર હેઠળ છુપાએલું મસ્તક કેવળ મુંડિત હતું ! અને મારું મગજ કહેતું હતું કે એ પોતે જ સ્વામી સાધનાનંદજી હોવા જોઈએ !

હવે કાંઈક બોલવાની જરૂર જણાઈ. મેં પોલીસ અમલદારને પૂછ્યું : “ આ પુરુષની ઓળખાણવાળું કોઈ માલૂમ પડી આવ્યું નથી ? ”

અમલદારે જવાબ આપ્યો : “ કોઈ પોતાની મેળે આગળ આવીને કહે તો જ અમને ખબર પડે. વારુ, તમે કોણ છો ? ”

મેં કહ્યું : “ મથુરાથી વડોદરા સુધી આ માણસની સાથે મેં બીજા વર્ગના ડબ્બામાં મુસાફરી કરી હતી. હું વડોદરે રાત રોકાયો અને તે સીધો આવ્યો, એટલો માત્ર મને એનો પરિચય થએલો. એનું નામ તો હું પણ જાણતો નથી. પોતે સૌરાષ્ટ્ર તરફ જાય છે, એમ તેણે મને કહેલું. જે ટ્રેનમાં તે મુસાફરી કરતો હતો તે ટ્રેનમાંથી તેનું ઓળખીતું શું કોઈ જ નીકળી આવ્યું નથી ? ”

પોલીસ ઈન્સ્પેકટર બોલ્યો : “ નીકળી આવ્યું હોત તો અમારો તો ભાર ઓછો થાત; આ બિનવારસી મુડદાને સરકારી ખર્ચે બાળવાનો ભાર અમારે ઉપાડવાનો મટી જાત. ”

મારા મનમાં થતું હતું કે, મારી ગણતરી મુજબ જો એ સ્વામી સાધનાનંદજી જ હોય; અને સાધનાનંદજી સિવાય આટલી વીગતવાર લાંબી કથા બીજું કોઈ ન કહી શકે : તેનો હવે મને ખ્યાલ આવતો હતો; તો તેની સાથે જ નીકળેલી હેમપ્રભા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પુત્રી પુનીતા પણ એ જ ટ્રેનમાં મુસાફરી કરતાં હોવાં જોઈએ. તે આ બનાવની વાત જાણીને કેમ બહાર નીકળી ન આવે ?

મારા મગજનો આ પ્રશ્નોદ્‌ગાર સાંભળતાં જ જાણે તેનો પ્રત્યુત્તર આપવાનો હોય, તેમ એ જ ક્ષણે આંગળીએ વળગાડેલી સાતેક વર્ષની પુત્રીની સાથે એક કૃષદેહી યુવતી એ ખંડમાં આવીને ઊભી.

પોલીસ ઈન્સ્પેક્ટર અને ડૉકટરનું ધ્યાન તેમની તરફ આકર્ષાયું. ઈન્સ્પેક્ટરે પૂછ્યું : " તમે કોણ છો બાઈ ? "

હવે હું સમજી ગયો હતો કે તે હેમપ્રભા છે. તે હિંદી જબાનમાં બોલી : " એમનું મૃત્યુ થયું છે એ વાતની મને બહુ મોડી ખબર પડી; નહિ તો હું એમની ટ્રેનમાં જ હતી. "

" આ મરનાર માણસની સાથે તમે હતાં ? "

" હા, તે બીજા વર્ગમાં બેઠા હતા, હું ત્રીજા વર્ગમાં–સ્ત્રીઓના ડબ્બામાં બેઠી હતી. આણંદને સ્ટેશને ગાડી આવી ત્યારે અંધારું હતું અને વળી વરસાદ વરસતો હતો એટલે મને શું બન્યું છે તેની કશી ખબર પડવા પામી નહોતી. મને તો નડિયાદના સ્ટેશને ગાડી પહોંચી ત્યારે આ વાતની ખબર પડી એટલે હું તે સ્ટેશનેથી પાછી ફરી છું. "

" તમે એમના સંબંધી છો ? "

" હા, ભાઈ ! જે બનવાનું હતું તે બની ગયું છે, પણ હવે તેમનું મડદું રઝળવું ન જોઈએ; મને તે સોંપો એટલે હું તેની બધી ક્રિયા કરીશ. "

અહો ! સાબાશ છે હેમા ! જે વખતે આ કારમા બનાવથી તારું હૃદય તૂટી પડવું જોઈએ, અંધકાર–વ્યાપ્ત દિશાઓ તારી સામે બિહામણા ડોળા ઘુરકાવતી હોવી જોઈએ, તારા કંઠમાં રુદન અને આંખમાં આંસુ હોવાં જોઈએ, તે વખતે ગાઢ અંધકારને છેદી–ભેદીને તું બહાર નીકળી આવી અને એ દુર્ભાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસીની અંતિમ ક્રિયા કરવા તૈયાર થઈ, તે માટે તારા ધૈર્યને કેવો ધન્યવાદ આપું !

પુનીતા મને વિષાદગ્રસ્ત લાગી, પણ તે ભયગ્રસ્ત નહોતી. તેના વદન પર એવી ઉદાસીનતા હતી કે જેમાં બેફિકરાઈ ભળેલી હોય. તેની ચોમેર ફરતી આંખો બધું જોતી હતી, સમજતી હતી; માતાને કશું પૂછવાની તેને જરૂર જણાતી નહોતી. મેં જોયું કે પ્રવાસીની છત્રીની બાજુએ પડેલી પેલી લોહિયાળ કટાર ભણી જ પુનીતા ફરીફરીને ફાટી આંખે તાકી રહેતી હતી.

પોલીસ ઈન્સ્પેકટરે હેમપ્રભાને પૂછ્યું : " એમનું ખૂન થયું તે અંગે તમે કાંઈ કહી શકો તેમ છો ? તમને કોઈ પર શંકા છે ? "

" ના, ના, એમનું કોઈ શા માટે ખૂન કરે તે જ મને સમજાતું નથી. "

" પણ જુઓ, આ કટાયેલી કટારથી કોઈએ તેમનું ખૂન કર્યું જ છે ને ? "

એ કટાર જોઈને હેમપ્રભાની આંખ ફાટી રહી. પુનીતાએ મૂંગાં મૂંગાં માતાના વદન સામે ઊંચું જોઈ અર્થસૂચક દષ્ટિપાત કર્યો. હેમપ્રભા કશું બોલી નહિ, પરંતુ તેની વદનચર્યા પરથી મને લાગ્યું કે તે એ કટારને ઓળખી ગઈ હોવી જોઈએ.

અત્યારસુધી હૃદયને દઢ રાખી રહેલી હેમપ્રભાની આંખોમાંથી તે વખતે આંસુની ધારાઓ સરી પડી. પોલીસ ઈન્સ્પેકટરે ફરીફરીને બે વાર તેને એ જ પ્રશ્ન પૂછ્યો, પણ તે કશું જ બોલી નહિ. વધારે રડવાને તે ખંડની બહાર વરંડામાં ચાલી ગઈ.

હેમપ્રભાના હૃદયદુઃખના એ આવિષ્કારે મારી આંખોને પણ ભીની કરી. પા એક કલાક એમ ને એમ વીતી ગઈ. હેમપ્રભા જરા સ્વસ્થ થઈ એટલે તે પાછી અંદર આવી. ઈન્સ્પેકટરે તેને કહ્યું : " મુડદાની અંતિમ ક્રિયા કરવાને તમે હવે અહીંથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપડાવી જઈ શકો છો. આ ફોર્મમાં તમારે તમારા નામની સહી કરવી જોઈશે."

હેમપ્રભાએ તુરત ફોર્મ ઉપર સહી કરી આપી. પછી તેણે ઈન્સ્પેક્ટરને કહ્યું: "હું આ ગામથી અજાણી છું. મને કોઈની મદદ જોઈશે. તે માટે ખર્ચ હું આપીશ."

ઈન્સ્પેક્ટરની પહેલાં મેં જવાબ આપ્યો: "તમે મૂંઝાશો નહિ. એ કામમાં હું તમને મદદ કરીશ." હેમાએ મારા ભણી પૃચ્છક દૃષ્ટિથી જોયું, એટલે મેં ખુલાસો કર્યો: "આ સજ્જન પુરુષ મથુરાથી વડોદરા સુધી એક જ ડબામાં મારા સહપ્રવાસી હતા; એટલે આ અજાણ્યે સ્થળે હું તમારી તથા તેમની પ્રત્યેની મારી આટલી ફરજ સમજું છું."

"આપનો આભાર માનું છું."

એટલું કહી તે મુડદાના મુખ પર ચાદર ઢાંકવા જતી હતી એવામાં એક પુરુષ હાંફતો હાંફતો અંદર ધસી આવ્યો. તેને જોતાં જ હેમપ્રભા ધ્રૂજી ગઈ. તેની ભયત્રસ્ત આંખો તેને તાકી રહી. તેના હાથમાં પહોળી કરેલી ચાદર સ્થિર બની ગઈ. તેણે પેલાને બંગાળી જબાનમાં પૂછ્યું: "તમે અહીં ક્યાંથી?"

"હું ટ્રેઈનમાં જ હતો." તેણે પણ બંગાળીમાં જવાબ આપ્યો: "મને મહેમદાવાદ સ્ટેશને ખબર પડી."

અડતાળીસ–પચાસ વર્ષની તેની ઉંમર હતી. બંગાળી ભાષા હું બોલી શકતો નહિ, પણ બંગાળી સાહિત્યના કેટલાક પરિચયને લીધે હું તે ભાષા સમજી શકતો હતો, એટલે તેમની પ્રશ્નોત્તરી હું સમજી શક્યો હતો. પૂર્વાપર સંબંધથી, એ પુરુષના પણ મુંડિત મસ્તક પરથી અને વદન પરની સખ્તાઈભરી રેખાઓ પરથી હું જાણી શક્યો કે એ જ પરિવ્રાજક ચારુદત્ત છે, હેમપ્રભાનો પરિણીત પતિ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમપ્રભાની પાસે જઈને ચારુદત્તે તેને ધીમે સ્વરે કેટલુંક પૂછ્યું, પણ હેમપ્રભાએ તેનો કશો જવાબ આપ્યો નહિ. તે તેના પર રુષ્ટ હતી એમ હું જોઈ શકતો હતો.

મેં હેમપ્રભાને કહ્યું: "બાઈ, તમે હવે અહીં જ રહેજો. હું મૃતદેહની અંતિમ ક્રિયા માટેની વ્યવસ્થા કરું છું, અને સામગ્રી પણ લાવું છું."

હેમપ્રભાએ હાથ જોડી નમસ્કાર કરી મારો આભાર માન્યો. ચારુદત્ત મને તીવ્ર દૃષ્ટિથી જોઈ રહ્યો હતો.

હું ત્યાંથી નીકળ્યો અને આર્યસમાજના મંત્રી તથા સભ્યોની મદદ મેળવી દસ-બાર માણસોને લઈને પાછો ફર્યો. મૃતદેહને ઓઢાડવાનું કાપડ તથા નનામી બાંધવાની સામગ્રી પણ હું સાથે લાવ્યો હતો.

અગાઉથી કરેલા પ્રબંધ મુજબ કાઠી સ્મશાનમાં પહોંચી ગઈ હતી. તુરત ચિતા ખડકીને તેમાં મૃતદેહને સુવાડવામાં આવ્યો.

હેમપ્રભા, પુનીતા અને ચારુદત્ત અમારી સાથે જ સ્મશાનમાં આવ્યાં હતાં. હું ચિતાને અગ્નિ સમર્પવા જતો હતો, તે ક્ષણે હેમપ્રભા બોલી: "થોભો!"

હેમપ્રભાએ પુનીતાને ધીરેથી કાંઈ કહ્યું, એટલે તે ઊભી થઈ. હું સમજી ગયો કે હેમપ્રભા એ છોકરીને હાથે અગ્નિ સમર્પાએલો જોવા ઇચ્છે છે; અને એમાં રહેલું ઔચિત્ય હેમપ્રભા તથા ચારુદત્તના જેટલું જ હું પણ સમજતો હતો. મેં ચિતા પર ઘી રેડી, પુનીતાના હાથમાં આગકાઠી આપી, તેની પાસે અગ્નિ-સંસ્કારનો વિધિ કરાવ્યો, અને પછી જોતજોતાંમાં ચિતા સળગી ઊઠી.

અગ્નિ ચિતાને વધુ ને વધુ લપેટતો જતો હતો, તેમ સ્વામી સાધનાનંદજીની જીવનચર્યાનું ચિત્રપટ મારી દૃષ્ટિની સમીપે ક્રમશઃ ઉકેલાતું જતું હતું. ક્યાં એમનું જ્ઞાન, ક્યાં એમનું તપ, ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની સાધના અને કયાં એમની નિર્બળતા : કેવળ નિર્બળતાએ જ આ અંજામ આણ્યો હતો. અપકીર્તિના ભયે—એટલી નિર્બળતાએ એમની પાસે તરેહવાર રમતો કરાવી હતી. છેલ્લે આશ્રમ છોડવાના નિશ્ચયને અંતે તેમનામાં જે હિંમત પ્રકટી હતી, તે હિંમતની હેઠળ પણ એ જ નિર્બળતા છુપાઈ હતી. તેમને લોક સમક્ષ પોતાનું પતન પ્રકટ કરવું નહોતું, પણ ગુપ્તવાસ કરવો હતો, પોતાનું ભાવિ જીવન લોકદૃષ્ટિથી અગોચર રહે એવી એમની ઇચ્છા હતી. સ્વામીજી હિમાલય તરફ ચાલ્યા ગયા હશે એવી લોકમાન્યતા જન્મવા દેવાનું તેમને ગમતું હતું. કોઈ વાર મનમાં મરવાની ઇચ્છા જાગતી હતી, પણ મરવાનું બળ આવતું નહોતું. એ બળ છેવટે આવ્યું. પોતાના હાથે જ કાળજામાં કટાર ખાઈને તેમણે આપઘાત કર્યો હતો. પાપાચારે જન્માવેલો કાળજાનો સૂક્ષ્મ ઘા અંતે સ્થૂળ ઘાથી જ વિરામ પામ્યો હતો.

મારું ઊંડું અંતર જાગી ઊઠયું. અપકીર્તિત થવાના ભયની નિર્બળતા આટલે સુધી સેવનાર સ્વામીજીને પોતાનો બધો વૃત્તાંત મારી સમક્ષ કહેવાની ઇચ્છા શાથી પ્રકટી હશે? નામ બદલવાની પાછળ તો એ નિર્બળતા હતી જ, પરંતુ છેવટે તેમના હૈયામાં પોતાના બધા વર્તન પ્રત્યે કોઈ સમજદાર વ્યક્તિની સહાનુભૂતિની ક્ષુધા જરૂર જાગી હોવી જોઈએ. સાપેક્ષ દૃષ્ટિએ જોનાર કોઈ વિદ્વાન તરફથી પોતાને દિલસોજી પ્રાપ્ત થાય એવી ઇચ્છા તેમના અંતરમાં જરૂર પ્રકટી હોવી જોઈએ. અહો માનવી મનની નિર્બળતા! પતનનું પ્રકાશન ન થવા દેવા માટે એ નિર્બળતાએ એક તત્ત્વવેત્તા ત્યાગી પુરુષ પાસે પણ કેવા ખેલ ખેલાવ્યા! છેવટે હૈયું હળવું કરવાને એ પ્રકાશન સ્વમુખે કર્યું, ત્યારે પણ એ નિર્બળતાએ જ એક કલ્પિત વ્યક્તિનો મુખવટો પહેરીને શ્રોતા તરીકે મારા જેવા કેવળ અજાણ્યાને પસંદ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે આકાંક્ષા મુજબની દિલસોજી તેમને મારી તરફથી પ્રાપ્ત થવા પામી નહોતી અને તેમનું હૈયું હળવું થવા પામ્યું નહોતું. તેમને છેવટે મેં કહેલું કે એવા સંન્યાસીઓ જીવતા હોય તોપણ સમષ્ટિને માટે મૃતવત્ છે અને એ જ કારણે મને તેમના જીવન પર રોષ તથા પામરતા પર કરુણા પ્રકટે છે. ત્યારપછી સ્વામીજી ઉદાસ બની ગયા હતા, કશું બોલતા નહોતા. એ વિષાદ મારા કથનને આભારી તો નહિ હોય ? મૃતવત્ જીવવા કરતાં આપઘાત કરીને મરવું એ જ ઠીક છે, એ તેમનો છેવટનો નિશ્ચય મારા અભિપ્રાયને કારણે બંધાયો હશે ખરો ? એમ હોવાનો સંભવ તો ખરો. એમની આખી કથા સહૃદયતાપૂર્વક સાંભળ્યા પછી મેં મારો જે અભિપ્રાય દર્શાવ્યો હતો તે તેમને ઉચિત લાગ્યો હશે અને તેનું જ આ પરિણામ હશે, એમ મનમાં ઊગી આવતાં હું ગમગીન બની ગયો. ચિતામાંથી ઊઠતા ભડકામાં મને સ્વામીજીના સંતપ્ત ચહેરાનો ભાસ થવા લાગ્યો. અજ્ઞાતવાસ હેઠળ પોતાની નિર્બળતા છુપાવી રાખવાની તેમની ઇચ્છા હતી, તેમ આ મૃત્યુ પણ અજ્ઞાત જ રહે એવી તેમની ઇચ્છાના મને ભણકારા સંભળાવા લાગ્યા.

અગ્નિ-સંસ્કારના કામમાં મદદ આપવા માટે જેઓ નગરમાંથી આવ્યા હતા તેઓ હવે અહીં પોતાની વધુ વખત જરૂર નથી એમ માનીને એક પછી એક ઊઠી ચાલવા લાગ્યા હતા. મૃતદેહ પૂરો બળી રહેવા આવ્યો ત્યારે તો ત્યાં હું અને પેલાં ત્રણ એમ ચાર જણાં જ બેઠેલાં રહ્યાં.

મારી પીઠ પાછળ હેમા અને પુનીતા બેઠાં હતાં અને સામે ચારુદત્ત જાણે ચિતાનું ધ્યાન ધરી રહ્યો હોય એમ મૂંગો બેઠો હતો. ચિતાનાં અર્ધાં બળેલાં થોડાં લાકડાંને સંકોરીને હું પાછો નીચે બેઠો, એટલે તે ઊઠીને હેમા પાસે આવી બેઠો. હેમા કશું બોલી નહિ. તેણે ચારુદત્તના વદન ભણી પૃચ્છક દૃષ્ટિ પણ કરી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુદત્તે ધીરે સ્વરે બંગાળી બોલીમાં હેમાને પૂછ્યું : "હેમા! હવે આપણે શું કરીશું? ક્યાં જઈશું?"

હું ન સમજું તે માટે તેણે હેમા સાથે માતૃભાષામાં વાતચીત કરવાનો ઈરાદો રાખ્યો હોય એ હું સમજતો હતો. હું બંગાળી સમજતો હતો, પણ તે વાત તેમના જાણવામાં ન આવે તે જ ઠીક છે એમ માનીને હું મારું કુતૂહલ જણાવા દીધા વિના તેમની વાતો નિર્વિકાર વદને સાંભળવા લાગ્યો.

હેમાએ ચારુદત્તના પ્રશ્નનો કશો જવાબ આપ્યો નહિ, એટલે તેણે એ જ પ્રશ્નો ફરી પૂછ્યા.

હેમા બોલી : "તમારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો અને જે કરવું હોય તે કરી શકો છો; હું મને ફાવશે ત્યાં જઈશ."

ક્ષણભર મૌન સેવીને ચારુદત્ત બોલ્યો : "હું ધારું છું કે તું હવે મથુરામાં તો જઈ રહેવાનું નહિ પસંદ કરે."

હેમાએ કાંઈક ઉગ્ર બનીને જવાબ આપ્યો : "કૃપા કરીને તમે હવે મારો પીછો છોડો! હવે હદ થઈ છે. સ્વામીજીનો પીછો પકડીને તમે આટલે દૂર સુધી આવશો તે હું કે સ્વામીજી પણ ધારતાં નહોતાં."

"નહિ ધારતાં હો; પણ તેં સ્વામીજીને આપેલા ચંપાના ફૂલે મારી પાસે ચાડી ખાઈને જે કાંઈ કહ્યું હતું તે ઉપરથી મારી આંખો સાવધ થઈ ગઈ હતી. હું બધું ય જોતો આવ્યો છું, પણ તમને એકેને ભય ન પમાડવા માટે હું તમારી નજરે ન પડવાની સાવધાનીથી વર્ત્યો છું. ખેર! હવે એ પ્રકરણ પૂરું થયું. હું તારો બધો ભૂતકાળ ભૂલી જવા ઇચ્છું છું અને સાથે એમ પણ ઇચ્છું છું કે તું મારો ભૂતકાળ ભૂલી જાય."

હેમાએ તેનો કશો જવાબ વાળ્યો નહિ.

ચારુદત્ત પુનઃ બોલ્યો: "મેં કહ્યું તે તેં સાંભળ્યું ને હેમા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, આ જીવનના કરુણ અંતે અને સ્મશાનભૂમિમાં બળતી ચિતા સમક્ષ તમને એવું વૈરાગ્ય પ્રકટ્યું હશે."

"એ સ્મશાન–વૈરાગ્ય નથી, અંતરનો અવાજ છે, માન કે પશ્ચાત્તાપ છે."

"એમ હશે તો તમારું ઉત્તર જીવન શાંતિમાં જશે."

"અને તારું પણ અવશિષ્ટ જીવન મારી સાથે શાંતિમાં જાય એવું હું ઇચ્છું છું."

તત્ક્ષણ હેમા તાડૂકી ઊઠી: "નહિ બને એ !"

તે ઋજુ સ્વરે બોલ્યો: "જો હેમા ! હવે તો સ્થિર નિવાસ કરીને એક સ્થળે રહેવા જેટલી મારી ઉંમર પણ થઈ છે, અને તારે તારા જીવન ઉપરાંત પુનીતાનો વિકાસ કરવાનો છે. એ બધું તું મારી હૂંફ હેઠળ સાધી શકીશ."

"તમારી કોઈ લાલચ મને લલચાવી નહિ શકે. જીવનમાં એક અકસ્માતથી મેં આંખો મીંચીને ભૂલ કરી હતી. હવે ખુલ્લી આંખે ભૂલ કરવા હું ઇચ્છતી નથી. તમે તમારે માર્ગે, હું મારે માર્ગે; ફરીથી તમે મને એ વિષે કશું કહેશો નહિ."

એ સાફસાફ જવાબે ચારુદત્તને મૂંગો બનાવી મૂક્યો. તેના વદન પર નાસીપાસી પ્રસરેલી પણ મેં આડી દૃષ્ટિએ જોઈ લીધી.

મુડદું સંપૂર્ણ બળી રહેવા આવ્યું એટલે ચારુદત્ત ઊઠીને ઊભો થયો અને હેમાને સંબોધીને બોલ્યો: "તો હવે હું મારે માર્ગે જઉં છું. તને મારા પર રોષ ચડે એ સ્વાભાવિક છે, એટલે હવે આપણે પોતપોતાને અલગ માર્ગે વિદાય થઈએ એ જ ઠીક છે. હું જઉં છું, હેમા ! ભુલાઈ જવા સર્જાએલા ભૂતકાળના અનુસંધાનમાં તારે મને કશું કહેવું છે ?"

"હા, તમને એક વાત કહેવી છે. સ્વામીજીની અવહેલના થાય એવી જે વાત તમે તમારા દિલમાં ભારી રાખી છે તેને તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જ દાટી રાખશો તો એ મૃત માનવી ઉપર અને મારા ઉપર પણ તમારો ઉપકાર થશે."

"ભલે, તારી એ ઇચ્છાને હું માન આપીશ."

"તો કહો, તમારે મને કાંઈ છેલ્લેછેલ્લું કહેવું છે?"

"હા, એક વાત કહેવી છે. જે કાંઈ ધન–મિલકત મારા મૃત્યુ પછી રહે, તે તને નહિ પણ પુનીતાને મળે એવી જો હું ઇચ્છા રાખું અને વસિયત કરું, તો તું તેની આડે ન આવીશ, એવી મારી માંગણી છે."

હેમપ્રભા એ સાંભળીને ચમકી. પછી સ્વસ્થ થતાં તેણે જવાબ આપ્યો: "ભલે, તમારી એ માંગણી માન્ય રાખું છું."

એમ બોલી હેમા નીચું જોઈ ગઈ. કદાચ તેની આંખોમાં ધસી આવતું જળ ચારુદત્તના જોવામાં નહિ આવવા દેવાને તેમ કર્યું હશે; પરંતુ ચારુદત્ત તો પૂંઠ વાળીને ચાલતો થઈ ગયો હતો.

મૃતદેહ બળી ગયા પછી તે ઉપર પાણી છાંટીને આગ ઠારવામાં આવી અને તેનાં રાખ તથા અસ્થિ હેમાએ એક થેલીમાં ભરી લીધાં.

તેને અને મારે હવે સ્ટેશન પર જવું હતું, પણ અમારી દિશાઓ સામસામી હતી. મારે અમદાવાદ જવું હતું, તેને વડોદરા થઈને ઉત્તર હિંદ તરફ જવું હતું, એટલે અમે સ્ટેશન પરથી છૂટાં પડ્યાં.

હેમાએ તે વખતે મારો ખૂબખૂબ આભાર માન્યો. માત્ર એક સહપ્રવાસી તરીકે મેં જે સેવા આપી હતી તે અસાધારણ હતી, એમ કહીને તેણે મારા પગે પડી વંદન કર્યું.

હાથ ઝાલી તેને ઊભી કરતાં મારા હૃદયમાં તો લાગણીઓનું પૂર ઊભરાઈ રહ્યું હતું, પણ મારાથી એવી રીતે લાગણીને પ્રકટ કરી શકાય તેમ નહોતું, કે જેથી તે જાણી જાય કે સ્વામીજીએ જ સ્વમુખે મને બધી કથા કહી છે અને આદિથી અંત સુધીની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જાણું છું; છતાં તેને આશીર્વાદ આપીને વિદાય આપતાં મારી આંખોમાં આંસુ આવ્યા વિના રહ્યાં નહિ.

રાત્રે હું અમદાવાદ પહોંચ્યો.

સવારનાં વર્તમાનપત્રોમાં વડોદરા તથા આણંદ સ્ટેશનોની વચ્ચે ચાલતી ગાડીએ બીજા વર્ગના ડબામાં ચડી જઈ કોઈ લૂંટારાએ એક ઉતારુનું ખૂન કર્યું હોવાના સમાચાર પ્રસિદ્ધ થયા. તેમાં વિશેષ એવું પણ જણાવ્યું હતું કે ખૂન કટારથી કરવામાં આવ્યું હતું. લૂંટારો લોહિયાળ કટાર ડબામાં જ છોડી ગયો હતો. ઉતારુની ઉઘાડી પડેલી બેગમાંથી કિંમતી વસ્તુઓ ગુમ થઈ હતી. માત્ર મરનારના શરીર પર પચાસેક રૂપિયાની નોટો આબાદ રહી હતી. મરનાર પાસે જૂનાગઢની ટિકિટ હતી એ ઉપરથી માનવામાં આવે છે કે ઉત્તર હિંદ તરફથી સૌરાષ્ટ્રમાં યાત્રાએ જનાર એ કોઈ ધનિક ગૃહસ્થ હશે. મુડદું આણંદ સ્ટેશનેથી ઉતારી નાંખવામાં આવ્યું હતું અને આર્ય સમાજ તરફથી તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

આગળ જતાં એ જ ખબરમાં ટીકા કરવામાં આવી હતી કે ગાડીઓ બહુ જ ધીમી ગતિએ પ્રવાસ કરે છે, તેથી ચાલતી ગાડીએ હરામખોરો તેમજ મફતિયા ઉતારુઓ ચડી–ઊતરી શકે છે. વળી પહેલા–બીજા વર્ગના અને સ્ત્રીઓના ડબામાં ઉતારુઓ ઓછા રહેતા હોવાથી હરામખોરો તેની ઉપર સહેલાઈથી દાખલ ન થઈ શકે તે માટે ડબાને સંરક્ષણવાળા બનાવવા જોઈએ. આ વિલક્ષણ અને ભયંકર બનાવનો બોધપાઠ એ છે કે રેલવે પોલીસે વધુ સાવધ બનવાની જરૂર છે અને રેલવે ખાતાએ ડબાઓની બાંધણી સુધારવાની જરૂર છે.

બે ત્રણ દિવસ પછી દિલ્હીનાં વર્તમાનપત્રોમાં મથુરાની એક ખબર આ પ્રમાણે છપાએલી મારા વાંચવામાં આવી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મથુરાના મહાકાળીના મંદિર સાથે સંયુક્ત રીતે ચાલતા સેવાશ્રમના કુલાધિષ્ઠાતા સ્વામી શ્રી સાધનાનંદજી ગઈ કાલે ઘણું કરીને રાત્રિને સમયે ધોધમાર પડતા વરસાદની વચ્ચે આશ્રમ છોડીને હિમાલય તરફ ચાલ્યા ગયા છે. થોડાં વર્ષથી સ્વામીજીની તબિયત નબળી રહેતી હતી. એક પરિવ્રાજક વૈદ્ય ઉત્તમ રીતે તેમની સેવાચાકરી તેમજ ઉપચાર પણ કરતો હતો, પરંતુ તેથી તેમને આરામ જણાતો નહોતો. કેટલાક વખતથી તે યોગસાધના માટે આશ્રમમાંથી મુક્ત થવાની ઇચ્છા રાખતા હતા, પરંતુ ભક્તો તથા આશ્રમવાસીઓનો પ્રેમ અને ભક્તિભાવ તેમને જવા દે તેમ નહોતું. તેથી જ સ્વામીજી કોઈની જાણમાં આવવા દીધા વિના ચાલ્યા ગયા છે અને ચારુદત્ત નામના પરિવ્રાજક વૈદ્યને પણ સાથે લેતા ગયા છે. સ્વામી સાધનાનંદજી ચાલ્યા જવાથી આશ્રમ નિસ્તેજ બની ગયો હોય અને આશ્રમવાસીઓ ઉદાસ બની ગયા હોય એવું કરુણ દૃશ્ય નજરે પડે છે. આ બનાવ વિશે આશ્રમના મંત્રીએ ટ્રસ્ટીઓને તારથી ખબર પહોંચાડી છે."

એ જ પત્રમાં એક ખૂણે એક નાની ખબર છાપવામાં આવી હતી: "મથુરાના મહાકાળીના મંદિરમાંની મહાકાળીની મૂર્તિના એક હાથમાંની રૂપાના હાથાવાળી કટાર કોઈ ઈસમ ચોરી ગયો છે."

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુનીલાલ વર્ધમાન શાહ કૃત નવલકથાઓ

[ઐતિહાસિક]

કર્મયોગી રાજેશ્વર : ગુજરાતના સોલંકી વંશના આદિ રાજવી મૂળરાજ સોલંકીના જીવનની પ્રેરક અને રસિક નવલકથા, (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪ાા.

નીલકંઠનું બાણ : મૂળરાજના પુત્ર ચામુંડના જીવનની રોમાંચક ઘટનાઓથી ભરપૂર કથા, (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૩ાા.

ગુર્જરેશ્વર : ગુજરાતના રાજવી કુમારપાળના પૂર્વાર્ધ જીવનની રસીલી નવલકથા. (નવીન સંસ્કરણ) મૂલ્ય રૂ. ૪.

પરમ આર્હત : કુમારપાળના ઉત્તર જીવનની આ રસભરી નવલકથા સર્વત્ર પ્રશંસા પામી છે. મૂલ્ય રૂ. ૪ાા.

રાજહત્યા : કુમારપાળ પછી ગુર્જરેશ્વર થએલા અજયપાળના ટૂંકા રાજત્વકાળની રોમાંચક નવલકથા. (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪.

એકલ વીર : અજયપાળ પછી ગુર્જરેશ્વર થએલા ભોળાભીમદેવના રાજત્વકાળમાં થએલા એક બહાદુર બંડખોરની રોમાંચક આત્મકથા, (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૩ાા.

અવંતીનાથ : માલવનરેશ ભોજરાજાના વિદ્વત્તા તથા ઉદારતાથી ભરપૂર જીવનની સર્વથા પ્રશંસા પામેલી કથા. (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪ાા

રૂપમતી : માળવામાં થઈ ગએલા સુલતાન બાજબહાદુર અને તેની રાણી રૂપમતીની રોમાંચક પ્રણયકથા. (ત્રીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૫

સિંધ, તારા શૌર્યનાં સંભારણાં : (નવીન સંસ્કરણ) સિંધ ઉપર અરબ સરદાર મહમદ કાસીમે કરેલી ચડાઈમાં હિંદુ વીરોએ બતાવેલા અદ્‌ભુત શૌર્યની કથા. મૂલ્ય રૂ. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિગર અને અમી : [બે ભાગ] સુપ્રસિદ્ધ સત્ય ઘટનાત્મક પ્રેમકથા. (આઠમી આવૃત્તિ) મૂલ્ય રૂ. પાા

ભસ્મરેખા : સત્ય ઘટનાત્મક હૃદયવિદારક નવલકથા (ત્રીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪

જ્યોત અને જ્વાળા : [બે ગ્રંથ] અદ્‌ભુત રસથી ભરેલી પ્રણયકથા, (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૭ાા

પ્રણય અને પરિણય : લગ્નના બહુવિધ પ્રશ્નોને વણી લેતી ખૂબ પ્રશંસાએલી નવલકથા. (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૪ાા

તપોવન : સંયુક્ત કુટુંબનો ચિતાર આપતી અને ગૃહસ્વામીના ધર્મનું સુરેખ દર્શન કરાવતી લોકપ્રિય કથા. (ત્રીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૩ાા

વિષચક્ર : 'તપોવન'ના અનુસંધાનરૂપ, છતાં યુદ્ધકાળના સંસાર–જીવનનો સુરેખ–સ્વતંત્ર ચિતાર આપતી કથા. મૂલ્ય રૂ. ૪ાા

વર કે પર ? : (નવીન સંસ્કરણ) પ્રત્યેક પ્રકરણે રસ અને જિજ્ઞાસા જમાવતી લાંબી નવલકથા. મૂલ્ય રૂ. પાા

નગ્ન સત્ય : [બે ગ્રંથ] 'નગ્ન સત્ય' જોવાની શક્તિ મેળવ્યા પછી એક જુવાન રાજા કેવા અનુભવો કરે છે તે દર્શાવનારી રોમાંચક અને અદ્‌ભુત રસથી ભરપૂર નવલકથા. મૂલ્ય રૂ. ૧૦

વિકાસ : જીવનના વિકાસનો મહામંત્ર જપતી એક ભણેલી અને તેજસ્વી યુવતીના સંઘર્ષો અને અનુભવોની પ્રેરક કથા. (બીજી આવૃત્તિ) મૂલ્ય રૂ. ૫

છાશ અને માખણ : [બે ભાગ] ઉત્કૃષ્ટ સામાજિક નવલકથા જે રસ અને મંગલ પ્રેરણાને સરખી રીતે વહન કરે છે. મૂલ્ય રૂ. ૭

[**નવલિકાઓ**]

એકદંડિયો મહેલ અને બીજી વાતો. મૂલ્ય રૂ. ૩

નાગવેણી અને બીજી વાતો. મૂલ્ય રૂ. ૩ાા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए अन्यथा ६ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

22 DEC 1961
6 DEC 1987

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी, हरिद्वार

Date	No.	Date	No.
22 DEC 1961			
6 DEC 1967			

पुस्तकालय, गुरुकुल कांगड़ी हरिद्वार

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહના

નવા નવલિકા-સંગ્રહો

વર્ષા અને બીજી વાતો

જીવનનાં અનેક પાસાંને સ્પર્શતી સામાજિક, સાંસારિક, મનોવૈજ્ઞાનિક અને વિવિધ રસોથી ભરપૂર પ્રેરણાદાયી બાવીસ વાર્તાઓનો સંગ્રહ : મૂલ્ય રૂ. ૪

•

કાળની કલમે

મગધ, દિલ્હી, મેવાડ, મારવાડ, ગુજરાત, બુંદેલખંડ, માળવા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દ્રવિડ પ્રદેશ ઇત્યાદિના ઇતિહાસ-પ્રસંગોને ગૂંથી લેતી ગુપ્તકાળથી માંડી વર્તમાન સમય સુધીની રસભરિત ઐતિહાસિક નવલિકાઓનો સંગ્રહ : મૂલ્ય રૂ. ૩.

પ્રકાશક

ગાંડીવ સાહિત્ય મંદિર

હવાડિયો ચકલો-સૂરત · પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ

જૅકેટ · દીપક પ્રિન્ટરી · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar